# શ્રી શત્રુંજય તીર્થ સોહામણું



॥ ધરણેંદ્ર-પદ્માવતી સંપૂજિતાય ॥
॥ ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

# શ્રી શત્રુંજય તીર્થ સોહામણું


સંકલનકાર

સિદ્ધાંત મહોદધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર
પરમગીતાર્થ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હીરસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર
વર્ધમાનતપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
**લલિતશેખરસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**રાજશેખરસૂરીશ્વરજી મહારાજ**

સંપાદક

**પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

સહયોગ

**પૂજ્ય મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

પ્રકાશક / પ્રાપ્તિસ્થાન

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ

૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની પાસે,

મુંબઈ–આગ્રા રોડ, ભિવંડી–૪૨૧ ૩૦૫.

ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪

- વિક્રમ સંવત્ ૨૦૬૯
- વીર સંવત ૨૫૩૯
- બીજી આવૃત્તિ - ૧૫૦૦

**મૂલ્ય : પઠન-પાઠન**

લાભાર્થી

હાલારની ધન્યધરાના નાનામાંઢા ગામથી

શ્રી શંખેશ્વર તીર્થના

છ'રી પાલક યાત્રાસંઘના આયોજક

**પૂજ્ય માતુશ્રી વીરાબેન તથા**

**પૂજ્ય માતુશ્રી ડાહીબેન**

**જેઠાલાલ સામત બીદ પરિવાર**

ગામ-નાનામાંઢા (હાલ-મુંબઈ, મુલુન્ડ)

ગં.સ્વ. અમૃતબેન સોમચંદ બીદ

શ્રીમાન રમણીકલાલ જેઠાલાલ બીદ

શ્રીમતી રંજનબેન રમણીકલાલ બીદ

ઋષભ રમણીકલાલ બીદ પરિવાર

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદીશ્વર પરમાત્મને નમઃ



# हे
परमात्मा !
देवाधिदेव !
त्रिलोकनाथ !
विश्वकल्याणकर्ता विश्वोद्धारक
# विश्वेश्वर



ગચ્છસ્થવિર પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજા**

| | |
|---|---|
| જન્મ | : વિ. સં. ૧૯૯૦, ભાદરવા વદ-૧૨, હાલાર, રાસંગપર |
| દીક્ષા | : વિ. સં. ૨૦૧૦, માગશર સુદ-૩, દાદર જ્ઞાનમંદિર, મુંબઈ |
| ગણીપદ | : વિ. સં. ૨૦૩૪, કારતક વદ-૫, નાસિક |
| પંન્યાસપદ | : વિ. સં. ૨૦૪૪, ફાગણ વદ-૩, શ્રીપાલનગર, મુંબઈ |
| આચાર્યપદ | : વિ. સં. ૨૦૪૪, નિજ-જેઠ સુદ-૧૦, રણછોડનગર, રાજકોટ |
| સંસારી નામ | : લાલજીભાઈ, માતા : વેજીબેન, પિતા : મેઘજી કચરા પેથડ |



## પરમ તારક પૂજ્યપાદ આચાર્યદેવ
## શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| જન્મ | : | વિ.સં. ૧૯૯૩, ભાદરવા સુદ-૫, હાલાર, રાસંગપર |
| દીક્ષા | : | વિ.સં. ૨૦૧૦, માગસર સુદ-૩, દાદર જ્ઞાનમંદિર, મુંબઈ |
| ગણિપદ | : | વિ.સં. ૨૦૪૧ વૈશાખ વદ-૧૧, ચંદનબાળા, મુંબઈ |
| પંન્યાસપદ | : | વિ.સં. ૨૦૪૪, ફાગણ વદ-૩, શ્રીપાલનગર, મુંબઈ |
| આચાર્યપદ | : | વિ.સં. ૨૦૪૪, નિજ-જેઠ સુદ-૧૦, રણછોડનગર, રાજકોટ |
| કાળધર્મ | : | વિ.સં. ૨૦૬૭, ચૈત્ર વદ-૪, ઓશવાળ યાત્રિક ગૃહ,પાલિતાણા |
| અગ્નિસંસ્કાર | : | વિ.સં. ૨૦૬૭, ચૈત્ર વદ-૫, નિલમવિહાર, પાલિતાણા |
| સંસારી નામ | : | રાયશીભાઈ, માતા : વેજીબેન, પિતા : મેઘજી કચરા પેથડ |



પૂ. પિતાશ્રી જેઠાલાલ સામત બીદ



પૂ. માતુશ્રી ડાહીબેન જેઠાલાલ બીદ



શ્રી સોમચંદ
જેઠાલાલ બીદ



શ્રી અમૃતબેન
સોમચંદ બીદ



રમણીકલાલ જેઠાલાલ બીદ



શ્રી રંજનબેન રમણીકલાલ બીદ



ઋષભ રમણીકલાલ બીદ

# સંકલનકારનું સંવેદન

વિ.સં. ૨૦૫૮ માં પાંથાવાડાના શાહ પ્રતાપચંદ લક્ષ્મીચંદ પરિવાર તથા ખંભાતના શાહ રસિકલાલ હિંમતલાલ પરિવાર તરફથી થયેલી ચૈત્રમાસની શાશ્વતી ઓળીની સામુદાયિક આરાધના પ્રસંગે આરાધનામાં નિશ્રા પ્રદાન કરવા માટે મારે ખંભાત જવાનું થયું. ત્યાં સુશ્રાવક નિપુણભાઈ રસિકલાલે મને વિનંતિ કરી કે શત્રુંજયના માહાત્મ્યને દર્શાવતું પુસ્તક આપ લખી આપો તો મારે તેના પ્રકાશનમાં આર્થિક લાભ લેવાની ભાવના છે. મેં તેમની વિનંતિનો સ્વીકાર કર્યો. પછી વિચાર કર્યો કે અત્યાર સુધીમાં શત્રુંજય સંબંધી અનેક નાના-મોટા પુસ્તકો પ્રકાશત થઈ ગયા છે. આથી આ પુસ્તક એવું હોવું જોઈએ કે જેમાં શત્રુંજય સંબંધી બધી જ માહિતી હોય, એટલું જ નહિ, પણ આ પુસ્તક વાંચનારને શત્રુંજયની વિશેષ આરાધના કરવાનું મન થાય. આવો વિચાર કર્યા પછી મેં અત્યાર સુધીમાં છપાયેલાં અનેક પુસ્તકોનું અવલોકન કર્યું. પછી શત્રુંજય તીર્થમાં જ લખવાનો પ્રારંભ કર્યો. તેમાં પ્રારંભમાં શત્રુંજયના મહિમાનું વિવિધ રીતે વર્ણન કર્યું. પછી શત્રુંજયના સત્તર ઉદ્ધારોનું વર્ણન લખ્યું. "શત્રુંજય માહાત્મ્ય" નામના ગ્રંથમાં વિસ્તારથી શત્રુંજયના ઉદ્ધારોનું વર્ણન કર્યું છે. પણ આજના ધમાલિયા જીવનમાં આટલું મોટું પુસ્તક વાંચવાની ફુરસદ મળવી એ અશક્ય તો નથી જ, પણ દુર્લભ તો જરૂર છે. આથી મેં એમાંથી મુખ્ય હકીકતો રહી ન જાય તે રીતે સંક્ષેપથી ઉદ્ધારોનું વર્ણન લખ્યું છે. બીજાપણ અનેક પુસ્તકોના આધારે આ પુસ્તકમાં શત્રુંજય સંબંધી અનેક વિષયોનું વર્ણન કર્યું છે. આ પુસ્તકના પ્રારંભમાં આપેલી અનુક્રમણિકા જોવાથી આ પુસ્તકમાં શત્રુંજય સંબંધી કેટલા બધા વિષયોનું વર્ણન કર્યું છે તેનો ખ્યાલ આવી જશે. તેથી દરેક શ્રાવકના ઘરમાં આ પુસ્તક હોવું જરૂરી છે. જેથી કોઈ લઘુકર્મી જીવ આ પુસ્તકના વાંચનથી શત્રુંજયતીર્થની વિશેષ આરાધના કરનારો બને એ સુસંભવિત છે.

આ પુસ્તકમાં મેં જે કંઈ લખ્યું છે તે બધું આ પૂર્વે પ્રકાશિત થયેલા વિવિધ પુસ્તકોના આધારે લખ્યું છે. આથી એમ કહી શકાય કે આ પુસ્તક મેં સ્વતંત્રરૂપે લખ્યું નથી, કિંતુ જુદા જુદા પુસ્તકોના આધારે સંકલન કર્યું છે. આથી તે તે પુસ્તકના લેખક-સંપાદકનો આભાર માનવાનું મારા માટે અનિવાર્ય બની જાય છે.

અમદાવાદ-ભરત ગ્રાફિક્સવાળા ભરતભાઈ અને મહેન્દ્રભાઈએ દિલ દઈને કરેલી મહેનત તથા સહકાર ચિરસ્મરણીય બની રહેશે.

આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય અગર તો કોઈપણ માહિતી અસત્ય લખાઈ ગઈ હોય તો તે અંગે મિચ્છા મિ દુક્કડં.

**આચાર્ય રાજશેખરસૂરિ**

# પવિત્ર શત્રુંજયની આશાતનાથી બચો

(૧) ગિરિરાજના નીચેથી માંડી ઠેઠ ઉપર સુધીના કોઈપણ ભાગમાં થુંક, બળખો, લીંટ વગેરે અશુદ્ધ કંઈપણ નાખવું નહિ. તેમજ ઝાડો-પેશાબ પણ કરવા નહિ.

(૨) ગિરિરાજ ઉપર ચઢતાં કે ઉતરતાં દહીં, ચવાણું, બિસ્કીટ વગેરે કંઈ પણ ખાવું નહિ.

(૩) બીડી-સિગારેટ વગેરે પીવું નહિ.

(૪) બહેનોએ પોતાના ઋતુકાળના નજીકના દિવસોમાં ગિરિરાજની આશાતના ન થાય તેની ખાસ કાળજી રાખવી. છતાં આશાતના થઈ જાય તો પૂ. ગુરુદેવશ્રી પાસે પ્રાયશ્ચિત લઈ લેવું.

આપણે એ ખાસ સમજવું જરૂરી છે કે અન્ય કોઈપણ સ્થળે કરેલું પાપ શત્રુંજય તીર્થમાં ખપી જાય છે, પણ શત્રુંજય તીર્થમાં કરેલું પાપ ક્યાંય ન ખપે. આ તીર્થમાં કરેલું પાપ વજ્રના લેપ સમાન ગાઢ બની જાય છે.

માટે ગિરિરાજ ઉપર તો અભક્ષ્ય ભક્ષણ વગેરે પાપ ન કરવું, કિંતુ ધર્મશાળામાં પણ અભક્ષ્યનું ભક્ષણ, અબ્રહ્મસેવન, પરસ્ત્રી પ્રત્યે વિકાર દૃષ્ટિ, પરનિંદા, ગંજીપાનાની રમત, રાત્રિભોજન વગેરે પાપ ન કરવું.



# તારે તે તીર્થ

સંસારસાગરથી તારે એ તીર્થ... શત્રુંજય, ગિરનાર, સમ્મેતશિખર, શંખેશ્વર આ બધા સ્થાવરતીર્થ કહેવાય, જયારે જિનશાસનના શણગાર, જિનાજ્ઞારત પૂજ્ય ગુરુભગવંતો હાલતું ચાલતું તીર્થ કહેવાય. આ બન્ને પ્રકારના તીર્થોની ઉપાસનાથી આત્મા સંસારસાગરથી તરી શકે છે. બન્ને પ્રકારના તીર્થની ઉપાસનાનો ઉદ્દેશ્ય એ છે કે સાધક પોતાના આત્માને ભાવતીર્થ બનાવે. આત્મા પોતાને તીર્થસ્વરૂપ બનાવે. આત્માને ભાવતીર્થ બનાવવા માટે સ્થાવર અને જંગમ આ બન્ને તીર્થો ખૂબજ ઉપકારક આલંબનભૂત છે. સ્થાવરતીર્થમાં બિરાજમાન તે તે તીર્થપતિ સ્વયં આત્માના ભાવશત્રુ જેવા રાગાદિ કષાયોને સંપૂર્ણ જીતીને સ્વયં તીર્થસ્વરૂપ બને છે તેથી તીર્થયાત્રા કરનાર સાધક પણ પોતાના આત્મામાં રહેલા રાગાદિ શત્રુઓને શત્રુરૂપે ઓળખે, અને તેની સામે શત્રુતાની બુદ્ધિ કેળવી શત્રુ સામે યુદ્ધે ચઢે. જેમ જેમ તીર્થની, તીર્થપતિની ઉપાસના થતી જાય તેમ તેમ રાગાદિ શત્રુઓ કાબુમાં આવતા જાય. શ્રમણ ભગવંતો પણ સ્વયં પોતાના આત્માને તીર્થ બનાવવાની આરાધનામાં ઉજમાળ રહે છે. જેમ જેમ રાગાદિ કષાયો ઉપર વિજય મેળવાતો જાય તેમ તેમ પોતાનો આત્મા તીર્થ બનવાની લાયકાત ધરાવતો જાય. તેમનું આલંબન મેળવીને સંસારી જીવો પણ આત્માને તીર્થરૂપ બનાવે તેવી આરાધનામાં ઉજમાળ બને. ભગવાને કહ્યા મુજબની પરિપૂર્ણ આરાધના તો સર્વવિરતિ (દીક્ષા) અંગીકાર કર્યા વિના થઈ શકે નહીં. તેથી શ્રાવકો પણ સ્થાવર કે જંગમ તીર્થની સ્પર્શના, ઉપાસના કરે તો તેનો ઉદ્દેશ્ય પણ સર્વવિરતિ તરફનો કેળવાય. પ્રભુના શાસનનું હરકોઈ અનુષ્ઠાન આત્માને વિરતિ (પાપત્યાગની પ્રતિજ્ઞા) તરફ લઈ જનારું હોય તો એ અનુષ્ઠાન સફળ છે. દેશ કે સર્વ વિરતિના લક્ષ્ય વિનાનું જે કોઈપણ અનુષ્ઠાન થાય તે હકિકતમાં અનુષ્ઠાન તરીકે ગણાતું નથી.

અનાદિકાળથી સંસારની ચાર ગતિમાં કર્મપરવશ પરિભ્રમણ કરતા આપણા આત્માને સ્થાવર અને જંગમ એમ બન્ને પ્રકારના તીર્થની આરાધના-ઉપાસના કરવા-કરાવવાનો પુણ્ય અવસર પૂજ્ય માતુશ્રી વીરાબેન તથા પૂજ્ય માતુશ્રી ડાહીબેન





જેઠાલાલ બીદ (નાનામાંઢા)ના સુપુત્ર રમણીકભાઈને આવ્યો છે. જન્મભૂમિ હાલાર-નાનામાંઢાથી શ્રી શંખેશ્વર તીર્થનો છ'રી પાલક પદયાત્રા સંઘ કઢાવવાના સ્વપ્નને સાકાર કરવાનો અવસર તેમના રોમેરોમે વસેલા, તારણહારા પૂજ્ય ગુરુદેવ ગચ્છસ્થવિર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજા તથા સદૈવ સમતારસનિમગ્ન પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રી આદિ પૂજ્યોના સાનિધ્યે શુભનિશ્રા મળતાં થઈ રહ્યો છે.

રમણીકભાઈએ હૈયાની ઉદારતાથી નાણાકોથળી એટલી વિશાળતાએ ખૂલ્લી મૂકી દીધી છે કે હાલારના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત નીકળતા શ્રી શંખેશ્વરતીર્થની યાત્રા જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ જિનાલયોની ભક્તિ, ઉપાશ્રયોમાં જરૂરી દાનનો પ્રવાહ, શ્રીસંઘના આયંબિલખાતાઓમાં, પાઠશાળાઓમાં દાનની સરવાણી વહેતી થશે. જૈન જૈનેતરના હૈયે સુકૃત અંકિત થશે.

ગચ્છસ્થવિર પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ આશિષ અને અનુમતિ મેળવીને કાર્યકુશળ સંઘયાત્રા સફળતાના શિલ્પિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા આ અનુષ્ઠાન શાસન પ્રભાવક બને, સફળ બને તેના માટે ખૂબ ખૂબ પ્રયત્નશીલ રહ્યા છે, રમણીકભાઈનું હૈયાનું ઔદાર્ય પૂજ્યશ્રીની રમણીકભાઈને હિતકર ભાવનાઓને સાકાર કરી રહી છે. પુણ્યસંયોગે મળેલી સંપત્તિનો સદુપયોગ યોગ્ય સ્થળે, યોગ્ય અવસરે અને યોગ્ય માર્ગદર્શન મુજબ થાય તો એ સંપત્તિ નાશવંત હોવા છતાં તેના નિમિત્તે શાશ્વત સંપત્તિ (આત્માના ક્ષમા, નમ્રતા, વિરાગતા વગેરે ગુણો)નું સ્થાયિત્વ કરાવી આપે છે.

પૂજ્ય માતુશ્રી ડાહીમાની ડાહી ડાહી શિખામણો મેળવીને રમણીકભાઈએ ઘણા સુકૃતો કર્યા છે. દિકરો જેમ જેમ ધર્મમાર્ગે સંપત્તિનું વાવેતર કરે તેમ તેમ આ ડાહીમાનું હૈયું પ્રફુલિત બને અને જ્યારે જ્યારે દિકરો આશિષ મેળવે ત્યારે ડાહીમાનો એક જ નાદ હોય કે '(બેટા) હજુવધુ ને વધુ સારા કાર્યો કરતો રહેશે.'

વ્યવસાય ક્ષેત્ર તરીકે થાણા જિલ્લાના કાલ્હેર ગામમાં રમણીકભાઈએ વેપાર કરીને જેમ જેમ સંપત્તિ મેળવી તેમ તેમ તે ભૂમિમાં પણ સંગેમરમરી સ્વદ્રવ્યથી સુંદર 'શ્રી શંખેશ્વર પાર્શ્વજિનાલય' અને વિહારનો માર્ગ હોવાથી ખૂબ વિશાળ બે ઉપાશ્રયોનું પણ નિર્માણ કર્યું છે. શેષકાળના આઠ મહિના પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોનું સતત સાન્નિધ્ય મળતું રહે છે. કાલ્હેરના જય ગુરુદેવ કોમ્પ્લેક્ષ મધ્યે આર્થિક રીતે નબળા સાધર્મિકોને રહેવા માટે પોતાની ભૂમિમાં આવાસો નિર્માણ કરાવીને ભૂમિદાનનો લાભ મેળવ્યો. કાલ્હેરમાં પોતાના તારક પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં ઉપધાનતપ કરાવ્યા.

દર વર્ષે પૂજ્ય સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ પણ થતા રહે છે. ધર્મપત્ની રંજનબેન પણ ધર્મમાર્ગના સુકૃતોમાં સદાય સહાયક પ્રેરક પ્રોત્સાહક બને છે. સુપુત્ર ઋષભ પણ હોંશે હોંશે સુકૃતનો સહભાગી બને છે વડિલબંધુ સ્વ. સોમચંદભાઈનું પોતાના સુકૃતોમાં અવશ્ય સ્મરણ કરે છે. ભાભી અમૃતબેનને દરેક જગ્યાએ અગ્રીમ સ્થાને રાખી લાભ અપાવે છે.

સદ્‌ગુરુવરના સાન્નિધ્યે રહીને દેવ અને ગુરુની છાયા ઝીલવા માટેના ઉત્તમ અનુષ્ઠાનની સ્મૃતિરૂપે 'શ્રી શત્રુંજય તીર્થ સોહામણું' પુસ્તકના પ્રકાશનનો લાભ મેળવી દરેક યાત્રાળુઓના કરકમલે સમર્પિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આ પુસ્તકના માધ્યમથી પ્રભુની પ્રભુતા, પ્રાચીનતા અને સાધકની સાધના અને સાધ્યની દિશા મળી જાય તો સુકૃત સ્વ-પરને ઉપકારક બને.



# પૂજ્યશ્રીએ લખેલું, સંકલિત કરેલું લોકોપયોગી સાહિત્ય



પ્રભુભક્તિ
મૈત્રીસાધના
સાધનાસંગ્રહ
શંકા-સમાધાન
નવકાર મહામંત્ર
સત્સંગની સુવાસ
પ્રમોદપુષ્પ પરિમલ
માતા-પિતાની સેવા
શ્રાવકના બાર વ્રતો
ભાવના ભવનાશિની
જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
પરોપકાર કરે ભવપાર
ચોવિસ જિન જુહારીએ
મમતા મારે સમતા તારે
પ્રભુભક્તિ મુક્તિની દૂતી
આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ
સાધુ સેવા આપે મુક્તિમેવા
શ્રી શત્રુંજય તીર્થ સોહામણું
તપ કરીએ ભવજલ તરીએ
ચિત્તપ્રસન્નતાની જડીબુટ્ટીઓ
જીવન જીતવાની જડીબુટ્ટીઓ
નવકારનો જાપ મિટાવે સંતાપ
પ્રેમગુણ ગંગામાં સ્નાન કરીએ
અણગારના શણગાર સાત સકાર
આધ્યાત્મિક વિકાસના ત્રણ પગથિયા
આધ્યાત્મિક વિકાસના પાંચ પગથિયા
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ
જૈનધર્મની પ્રાચિનતા અને શાસનપ્રભાવક સંપ્રતિ મહારાજા

## પૂજ્યશ્રીએ કરેલા સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા ગ્રંથો

પંચસૂત્ર
પંચાશક
ધર્મબિંદુ
પંચવસ્તુ
યોગબિંદુ
ઉપદેશપદ
શ્રાદ્ધદિનકૃત્ય
શ્રાવકપ્રજ્ઞપ્તિ
અષ્ટક પ્રકરણ
વીતરાગસ્તોત્ર
નવપદ પ્રકરણ
શીલોપદેશમાલા
પ્રશમરતિ પ્રકરણ
ગુરુતત્ત્વવિનિશ્ચય
યોગદષ્ટિસમુચ્ચય
તત્ત્વાર્થાધિગમ સૂત્ર
(શ્રી હરિભદ્રસૂરિ ટીકા)
શ્રાવકધર્મવિધિ પ્રકરણ
ઉપદેશમાલા (પુષ્પમાલા)

## પૂજ્યશ્રીએ કરેલા સૂત્રના અનુવાદવાળા ગ્રંથો

પંચસૂત્ર
ધર્મબિંદુ
જ્ઞાનસાર
ભવભાવના
અષ્ટકપ્રકરણ
સંબોધપ્રકરણ
વીતરાગસ્તોત્ર
પ્રશમરતિ પ્રકરણ
તત્ત્વાર્થાધિગમ સૂત્ર
યતિલક્ષણ સમુચ્ચય
ચૈત્યવંદન મહાભાષ્ય



# અનુક્રમણિકા

અરિહંતથી શ્રેષ્ઠ કોઈ દેવ નથી . . . . . . . . . . . . . . . . . . . . ૧
અરિહંતની સાથે આપણો સંબંધ ક્યારે ? . . . . . . . . . . . . . . . . ૨
મુક્તિપદ સમાન અન્ય કોઈ પદ નથી . . . . . . . . . . . . . . . . . ૩
શત્રુંજય સમાન અન્ય કોઈ તીર્થ નથી . . . . . . . . . . . . . . . . . ૪
શત્રુંજયની ઉત્તમતાના કારણો . . . . . . . . . . . . . . . . . . . . . ૫
કોની સાથે કેટલા મોક્ષે ગયા ? . . . . . . . . . . . . . . . . . . . . ૬
શત્રુંજયનો પ્રભાવ-ત્રિવિક્રમરાજાની કથા . . . . . . . . . . . . . . . ૮
શત્રુંજયનો પ્રભાવ-સિંહનું કલ્યાણ . . . . . . . . . . . . . . . . . . ૧૪
શત્રુંજયનો પ્રભાવ-મોરે હિત સાધ્યું . . . . . . . . . . . . . . . . . ૧૫
આરા પ્રમાણે શત્રુંજયનું માપ . . . . . . . . . . . . . . . . . . . . ૧૭
આત્મા ઉપર દ્રવ્યાદિની અસર . . . . . . . . . . . . . . . . . . . . ૧૮
આત્મપ્રબોધ ગ્રંથમાં શત્રુંજયનો મહિમા . . . . . . . . . . . . . . . ૨૨
શ્રી શત્રુંજય માહાત્મ્યગ્રંથમાં શત્રુંજયનો મહિમા . . . . . . . . . . ૨૪
શ્રી શત્રુંજય પર્વતનું મનોહર દશ્ય . . . . . . . . . . . . . . . . . ૨૫
રાયણવૃક્ષનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૮
શત્રુંજય સંબંધિ કથાઓ . . . . . . . . . . . . . . . . . . . . . . ૩૦
બારોટના બલિદાન અપાયા . . . . . . . . . . . . . . . . . . . . . ૩૦
આઠ ઉપવાસે પ્રભુદર્શન થયા . . . . . . . . . . . . . . . . . . . . ૩૧
પુણ્યશાળીઓના પગલે પ્રભાવ . . . . . . . . . . . . . . . . . . . ૩૧
તીર્થની આશાતના બંધ થઈ . . . . . . . . . . . . . . . . . . . . . ૩૨
આજે ભક્તિ કરી લઉં-કાલ કોણે દીઠી છે . . . . . . . . . . . . . . ૩૪
શું આ ચમત્કાર નથી ? . . . . . . . . . . . . . . . . . . . . . . . ૩૪
ટીલાના હાથે સંઘમાળ . . . . . . . . . . . . . . . . . . . . . . . ૩૫
આંખે દેખી હૈયું હરખ્યું . . . . . . . . . . . . . . . . . . . . . . ૩૬

કરસન ચોપદાર ! તારી નિષ્ઠાને ધન્ય છે . . . . . . . . . . . . . . . . ૪૧
શત્રુંજયતીર્થ સ્પર્શનાનું ફળ . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૩
શત્રુંજયનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૫
ગિરિરાજ પર આવેલ ઐતિહાસિક મહાસંઘો . . . . . . . . . . . . . . . ૪૭
હમણાનાં ઈતિહાસમાં . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૮
સંઘપતિઓ અને સંઘનું વર્ણન . . . . . . . . . . . . . . . . . . . . . ૪૯
ભરત ચક્રવર્તીનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૯
આમરાજાનો એક પ્રસંગ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૯
વિક્રમરાજાનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૯
પાંચ પાંડવોનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૯
કૃષ્ણ મહારાજાનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૦
દશરથ રાજાનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૦
રામચંદ્રજીનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૦
ગુણરાજ શ્રાવકનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૦
સંઘવી હેમરાજનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૦
ઝાંઝણ મંત્રીનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૧
કુમારપાળ રાજાનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૧
વસ્તુપાલ-તેજપાલનો સંઘ . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૨
ગિરિરાજની ગરિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૩
ગિરિરાજ ઉપર કુલ ભગવાન કેટલા ? . . . . . . . . . . . . . . . . . . ૫૪
આટલું પણ જાણી લ્યો . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૫
મારા મનોરથ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૫૬
શ્રી શત્રુંજયના ઉદ્ધારો . . . . . . . . . . . . . . . . . . . . ૫૭ થી ૧૧૪
શ્રી શત્રુંજયના ઉદ્ધારો સંક્ષેપમાં . . . . . . . . . . . . . . . . . . . ૧૧૫
પૂર્વ નવાણુંની સમજ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૧૮
૨૦ ક્રોડ કેવી રીતે સમાયા ? . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૨૧
શ્રી શત્રુંજયની યાત્રા પરિચય . . . . . . . . . . . . . . . . . . . . . ૧૨૩
નવટૂકોનો પરિચય . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૪૮
ઘેટીપાગ યાત્રા પરિચય . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૫૫

ગિરિરાજની પરિક્રમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૫૬
ગિરિરાજની બાર ગાઉની પ્રદક્ષિણા . . . . . . . . . . . . . . . . . . . ૧૫૮
ગિરિરાજની નવાણું યાત્રા તથા વિધિ. . . . . . . . . . . . . . . . . . ૧૫૯
શ્રી સિદ્ધાચલની ભાવયાત્રા . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૬૫
ગિરિરાજના પાંચ ચૈત્યવંદનો . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૭૪
શ્રી શત્રુંજયના ૨૧ ખમાસમણાં . . . . . . . . . . . . . . . . . . . . ૧૮૧
શ્રી શત્રુંજયના ૨૧ ખમાસમણાંના અર્થ . . . . . . . . . . . . . . . ૧૮૪
શ્રી શત્રુંજય લઘુકલ્પ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૯૫
શ્રી શત્રુંજય મહાતીર્થકલ્પ . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૦૧
કાર્તિકી પૂનમનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૦૯
ચૈત્રીપૂનમનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૧૩
આસો પૂનમનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૧૪
પાલિતાણાનગરની ઉત્પત્તિ . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૧૫
શ્રી મોતીશા ટૂકની વિગત . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૦
સંઘજમણ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૩
સવા-સોમાની ટૂકની વિગત . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૪
રામજી ગંધારિયા મંદિર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૬
સૂરજકુંડનો પ્રભાવ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૮
આણંદજી કલ્યાણજીની પેઢી . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૨૯
ભાતાખાતું. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૩
વીર વિક્રમશી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૩
હિંગળાજનો હડો . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૪
અંગારશા પીરની કથા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૫
પુણ્ય-પાપની બારી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૭
કવડયક્ષ. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૩૯
અંબિકાદેવી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૪૧
શત્રુંજયા નદીનો મહિમા . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૨૪૩

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રીદાન-પ્રેમ-રામચન્દ્ર-હીર-રાજતિલક-મહોદયસૂરિભ્યો નમઃ
ऐं नमः

# શ્રી શત્રુંજય તીર્થ સોહામણું

**नार्हतो परमो देवो, न मुक्तेः परमं पदम् ।**
**न श्री शत्रुञ्जयात्तीर्थं, श्रीकल्पाद् न परं श्रुतम् ॥**

અરિહંતથી શ્રેષ્ઠ કોઈ દેવ નથી. મુક્તિથી ઉત્તમ કોઇ પદ નથી. શ્રીશત્રુંજયથી ઉત્તમ કોઈ તીર્થ નથી. શ્રીકલ્પસૂત્રથી ઉત્તમ કોઈ શાસ્ત્ર નથી.

## અરિહંતથી શ્રેષ્ઠ કોઈ દેવ નથી

દુનિયામાં અનેક દેવો દેવ તરીકે પૂજાઈ રહ્યા છે. પણ એ દેવો સાચા દેવો નથી. કારણ કે જે રાગ-દ્વેષથી અને અજ્ઞાનતાથી સર્વથા રહિત હોય તે જ દેવ કહેવાય. જે રાગ-દ્વેષથી સર્વથા રહિત હોય તે વીતરાગ કહેવાય. જે અજ્ઞાનતાથી સર્વથા રહિત હોય તે સર્વજ્ઞ કહેવાય. સર્વજ્ઞ એટલે બધું જ જાણનાર. સર્વજ્ઞ ત્રણે કાળનું બધું જ જાણે. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે એવો કોઈ પ્રસંગ નથી કે જેને સર્વજ્ઞ ન જાણે. જે વીતરાગ બને તે જ સર્વજ્ઞ બને. જે વીતરાગ હોય અને સર્વજ્ઞ હોય તે જ દેવ સાચા દેવ કહેવાય. જગતના જીવોને સાચો ધર્મ બતાવવો એ દેવનું મુખ્ય કામ છે. જે દેવ અસત્ય ન બોલે તે જ સાચો ધર્મ બતાવી શકે. અસત્ય બોલવાના રાગ, દ્વેષ અને અજ્ઞાનતા એ ત્રણ કારણો છે. જીવ ક્યારેક રાગથી અસત્ય બોલે, ક્યારેક દ્વેષથી અસત્ય બોલે, ક્યારેક અજ્ઞાનતાથી અસત્ય બોલે. જે વીતરાગ હોય તેનામાં રાગ-દ્વેષ ન હોવાથી

અસત્ય ન બોલે. વીતરાગ હોય, પણ સર્વજ્ઞ ન હોય તો અજ્ઞાનતાના કારણે અસત્ય બોલાઈ જવાય એવું બને. માટે દેવ જેમ વીતરાગ હોવા જોઈએ તેમ સર્વજ્ઞ પણ હોવા જોઈએ. અરિહંત દેવ વીતરાગ હોવા સાથે સર્વજ્ઞ પણ હોય છે. આથી તેમનામાં અસત્ય બોલવાનું કોઈ કારણ ન હોવાથી તે સત્ય જ બોલે. આથી અરિહંત દેવ જ સાચો ધર્મ બતાવી શકે. અરિહંત સિવાયના બધા દેવો રાગ-દ્વેષથી અને અજ્ઞાનતાથી ભરેલા છે. માટે અરિહંત સમાન અન્ય કોઈ ઉત્તમ દેવ નથી.

**આજ્ઞાના સ્વીકારથી જ અરિહંતની સાથે આપણો સંબંધ થાય -**

અરિહંત દેવ ઉત્તમ હોવા છતાં જો આપણો તેમની સાથે સંબંધ થાય તો જ આપણને તેમનાથી લાભ થાય. દુનિયામાં કોઈ વ્યક્તિ ગમે તેટલી મોટી ગણાતી હોય તો પણ જો આપણો એની સાથે સંબંધ ન હોય તો આપણને એનાથી કોઈ લાભ ન થાય. જેમ કે, ભારતમાં વડાપ્રધાન સર્વથી મહાન ગણાય છે. પણ તમને તેનાથી શો લાભ ? હા, તમે તેમના જમાઈ હો, તેમના પુત્ર હો, અથવા ભત્રીજા વગેરે હો તો તમને તેમનાથી લાભ થાય. તેવી રીતે અરિહંત મહાન હોવા છતાં તેમનાથી આપણને લાભ તો જ થાય કે જો આપણો એમની સાથે સંબંધ થાય. દુનિયામાં જમાઈ, પુત્ર, ભત્રીજો વગેરે પ્રકારના સંબંધથી એક-બીજાની સાથે સંબંધ થાય. પણ અરિહંત દેવની સાથે સાંસારિક કોઈ સંબંધથી સંબંધ થઈ શકતો નથી. તો પછી અરિહંતની સાથે સંબંધ કેવી રીતે થાય ? અરિહંતની આજ્ઞાનો સ્વીકાર કરવાથી જ અરિહંતની સાથે આપણો સંબંધ થાય. અરિહંતની આજ્ઞાનો સ્વીકાર એટલે "અરિહંતે જે કહ્યું છે તે જ સત્ય છે" એવી અટલ શ્રદ્ધા. અરિહંતનાં દર્શન કરીએ, અરિહંતની પૂજા-ભક્તિ કરીએ તો પણ જો અરિહંતની આજ્ઞાનો સ્વીકાર ન કરીએ તો અરિહંતની સાથે આપણો સંબંધ ન થાય. સંસારમાં પરિભ્રમણ કરતાં આપણે અનેકવાર અરિહંતનાં દર્શન કર્યાં, અનેકવાર અરિહંતની પૂજા કરી, અરે ! અનેક વાર તેમની દેશના પણ સાંભળી, આમ છતાં તેમની

આજ્ઞાનો સ્વીકાર ન કર્યો, અને તેથી આપણો એમની સાથે સંબંધ ન થયો. આ જ વાતને એક કવિએ ગુજરાતી કાવ્યમાં જણાવી છે. તે આ પ્રમાણે–

**સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે,**
**હે જગતબંધુ ! ચિત્તમાં ધાર્યા નહિ ભક્તિ પણે;**
**જન્મ્યો પ્રભુ તે કારણે, દુઃખપાત્ર આ સંસારમાં,**
**હા ! ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શૂન્યાચારમાં ॥**

અહીં કવિએ કહ્યું કે આપને મેં સાંભળ્યા હશે એટલે કે આપની દેશના સાંભળી હશે, આપને નિરખ્યા હશે, એટલે કે આપનાં દર્શન કર્યા હશે, આપને પૂજ્યા હશે, એટલે કે આપની પૂજા કરી હશે, પણ ભક્તિપણે ચિત્તમાં ધાર્યા નહિ. અરિહંતને ભક્તિપણે ચિત્તમાં ધાર્યા તો જ કહેવાય કે જો તેમની આજ્ઞાનો સ્વીકાર કરવામાં આવે. તેમની આજ્ઞાનો સ્વીકાર કર્યા વિના તેમને ભક્તિપણે ચિત્તમાં ધારણ કરી શકાય જ નહિ. માટે હવે જો આપણે તેમની સાથે સંબંધ કરવો હોય તો તેમની આજ્ઞાનો સ્વીકાર કરવો જ રહ્યો. એમની આજ્ઞાનો સ્વીકાર કરવા દ્વારા તેમની સાથે આપણો સંબંધ થશે તો જ તેમનાથી આપણને લાભ થશે.

## મુક્તિપદ સમાન અન્ય કોઈ પદ નથી

દુનિયાના પ્રમુખપદ, મંત્રીપદ, વડાપ્રધાનપદ, રાજપદ, શ્રેષ્ઠિપદ વગેરે પદો ચિંતા, સંતાપ અને અનેક તકલીફોથી ભરેલાં છે. જ્યારે મુક્તિપદમાં કોઈ ચિંતા નહિ, કોઈ સંતાપ નહિ, અને કોઈ તકલીફ નહિ. પ્રમુખપદ વગેરે પદો અનિત્યજ છે= અવશ્ય ચાલ્યા જનારાં છે, જ્યારે મુક્તિપદ નિત્ય છે, પ્રાપ્ત થયા પછી સદા રહે તેવું છે. મુક્તિપદ એટલે મોક્ષગતિ. વિશ્વમાં મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ, નરકગતિ અને મોક્ષગતિ એમ પાંચ ગતિ છે. તેમાં મનુષ્યગતિ વગેરે ચાર ગતિઓ દુઃખથી ભરેલી છે. એક મોક્ષગતિ જ દુઃખથી રહિત છે. મનુષ્યગતિ વગેરે

સાંસારિક ગતિઓમાં મળતું સુખ દુઃખમિશ્રિત, આંતરાવાળું, અનિત્ય, અપૂર્ણ અને પરાધીન છે. જ્યારે મોક્ષગતિમાં મળતું સુખ દુઃખથી તદ્દન રહિત, ક્યારે ય ન જાય તેવું, સંપૂર્ણ, સતત અનુભવી શકાય તેવું, અને સ્વાધીન છે. આવી મોક્ષગતિને પામવાનાં અનેક સાધનોમાં શત્રુંજય તીર્થની આરાધના ઉત્તમ ઉપાય છે.

## શત્રુંજય સમાન અન્ય કોઈ તીર્થ નથી.

વિશ્વમાં તીર્થો ઘણાં છે, પણ શત્રુંજય સમાન અન્ય કોઈ તીર્થ નથી. જે તારે તે તીર્થ. કોને તારે ? આત્માને તારે. કોનાથી તારે? સંસારરૂપ સમુદ્રથી તારે. અર્થાત્ આત્માને સંસારરૂપ સમુદ્રથી તારે તે તીર્થ. તીર્થના જંગમ અને સ્થાવર એવા બે ભેદ છે. જે તીર્થ એક સ્થળેથી બીજા સ્થળે જાય તે જંગમતીર્થ. જે તીર્થ એક સ્થળેથી બીજા સ્થળે ન જાય, કિંતુ એક જ સ્થળે સ્થિર રહે તે સ્થાવર તીર્થ. વિચરી રહેલા અરિહંતો અને સાધુઓ વગેરે જંગમ તીર્થ છે. આબૂ, ગિરનાર, સમ્મેતશીખર અને શત્રુંજય વગેરે સ્થાવર તીર્થ છે. સ્થાવર તીર્થના શાશ્વત અને અશાશ્વત એમ બે ભેદ છે. જે તીર્થનો સમય જતાં નાશ થાય તે અશાશ્વત કહેવાય. જેનો ક્યારે પણ નાશ ન થાય, સદા રહે, તે શાશ્વત કહેવાય. આબૂ, સમ્મેતશીખર વગેરે તીર્થો અશાશ્વત છે. શત્રુંજય વગેરે તીર્થ શાશ્વત છે. આ વિશ્વના ઊર્ધ્વલોક, તિર્ચ્છાલોક અને અધોલોક એમ ત્રણ વિભાગમાં શાશ્વતાં જિનમંદિરો છે. તે આ પ્રમાણે– ઊર્ધ્વલોકમાં બાર વૈમાનિક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવલોકમાં શાશ્વત જિનમંદિરો છે. તિર્ચ્છાલોકમાં શત્રુંજય, આઠમો નંદીશ્વરદ્વીપ, ૧૧મો કુંડલદ્વીપ, ૧૩મો રુચકદ્વીપ, મેરુપર્વત, વૈતાઢ્યપર્વત, જ્યોતિષ્ક દેવલોકનાં વિમાનો વગેરે **અનેક સ્થળે શાશ્વત જિનમંદિરો છે.** અધોલોકમાં ભવનપતિ દેવોનાં ભવનોમાં અને વ્યંતર દેવોના આવાસોમાં શાશ્વત જિનમંદિરો છે. આ સર્વ તીર્થોમાં શત્રુંજય ઉત્તમ તીર્થ છે. તેનાં કારણો આ પ્રમાણે છે–

## શત્રુંજયની ઉત્તમતાનાં કારણો

સમ્મેતશીખર વગેરે અન્ય સર્વ તીર્થોથી જેટલા આત્માઓ મોક્ષને પામ્યા છે તેનાથી શત્રુંજયતીર્થથી અધિક આત્માઓ મોક્ષને પામ્યા છે. શત્રુંજય તીર્થના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધ થયા છે. આથી જ શત્રુંજયનો મહિમા ગાતાં એક કવિએ કહ્યું છે કે–

''કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે વાલા મારા, સાધુ અનંતા સિધ્યા રે।
તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે ॥''

**પ્રશ્ન–** [1]મનુષ્યલોકનો સોયની અણી જેટલો પણ કોઈ ભાગ બાકી નથી કે જ્યાંથી અનંત જીવો મોક્ષમાં ન ગયા હોય. આથી શત્રુંજયતીર્થની જેમ મનુષ્યલોકના દરેક સ્થાનેથી અનંત જીવો મોક્ષમાં ગયા હોવાથી શત્રુંજય તીર્થની વિશેષતા શી ?

---

૧. જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદધિ સમુદ્ર અને અર્ધ પુષ્કરવરદ્વીપ આટલા (અઢી દ્વીપ અને બે સમુદ્ર) ક્ષેત્રને મનુષ્યક્ષેત્ર કહેવામાં આવે છે. તેનો વિસ્તાર ૪૫લાખ યોજન જેટલો છે. મોક્ષગતિ પણ ૪૫ લાખ યોજન પ્રમાણ છે. ૪૫લાખ યોજન પ્રમાણ મોક્ષગતિનો એક સોયની અણી જેટલો પણ ભાગ બાકી નથી કે જ્યાં અનંતા સિદ્ધ જીવો ન હોય. મનુષ્યલોકમાં જીવ જે સ્થાનમાં -સર્વકર્મોથી મુક્ત થાય તે જ સ્થાનથી સીધો મોક્ષગતિમાં જાય છે. આથી એ નક્કી થયું કે મનુષ્યલોકનો એક સોયની અણી જેટલો પણ ભાગ નથી કે જ્યાંથી અનંતજીવો મોક્ષમાં ન ગયા હોય. અહીં એ પ્રશ્ન જરૂર થાય કે સાધુઓ મોક્ષમાં જાય. સાધુઓ તો માત્ર પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ એ પંદર કર્મભૂમિમાં હોય. તો પછી સમુદ્ર વગેરે સ્થળેથી મોક્ષમાં કેવી રીતે જાય અને તેમાં પણ અનંત સાધુઓ મોક્ષમાં કેવી રીતે જાય ? આનું સમાધાન એ છે કે- દેવો દ્વેષ આદિથી સાધુને લવણસમુદ્ર વગેરેમાં નાખી દે. ત્યાં તે સાધુ સમાધિથી શુભધ્યાનમાં રહીને કેવલજ્ઞાન પામે અને અંતર્મુહૂર્તમાં આયુષ્ય પૂર્ણ થવાથી મોક્ષમાં જાય. અનંત ભૂતકાળની અપેક્ષાએ આ રીતે મનુષ્યલોકના દરેક સ્થળેથી અનંતા સાધુઓ મોક્ષમાં ગયા છે, અને ભવિષ્યમાં પણ જશે.

ઉત્તર– મનુષ્યલોકના દરેક સ્થાનથી જેટલા અનંતજીવો મોક્ષમાં ગયા છે, તેનાથી અનંતગણા જીવો શત્રુંજયતીર્થના દરેક સ્થાનથી મોક્ષમાં ગયા છે, અર્થાત્ મનુષ્ય લોકના દરેક સ્થાનથી અનંત જીવો મોક્ષમાં ગયા છે તો શત્રુંજય તીર્થના દરેક સ્થાનથી અનંતાનંત જીવો મોક્ષમાં ગયા છે.

બીજી વાત. મનુષ્યલોકના શત્રુંજય સિવાયના સ્થાનમાં એકી સાથે એક, બે કે ત્રણ વગેરે અલ્પ સંખ્યામાં જીવો મોક્ષે ગયા છે. જ્યારે શત્રુંજયમાં એકી સાથે ક્રોડોની સંખ્યામાં જીવો મોક્ષે ગયા છે. તે આ પ્રમાણે–

## કોની સાથે કેટલા મોક્ષ ગયા ?

| | | | | | |
|---|---|---|---|---|---|
| [1]પાંચ પાંડવો | ૨૦ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે. | | | | |
| આદિનાથના તીર્થમાં | | | | | |
| અજિતસેનમુનિ | ૧૭ | ” | ” | ” | ” |
| બાહુબલિનાપુત્ર સોમયશા | ૧૩ | ” | ” | ” | ” |
| [2]દ્રાવિડ વારિખિલ્લજી | ૧૦ | ” | ” | ” | ” |
| [3]શાંબ-પ્રદ્યુમ્ન | ૮॥ | ” | ” | ” | ” |
| [4]પુંડરીક ગણધર | ૫ | ” | ” | ” | ” |
| [5]ભરતમુનિ | ૫ | ” | ” | ” | ” |
| [6]રામ-ભરત | ૩ | ” | ” | ” | ” |
| [7]નમિ-વિનમિ | ૨ | ” | ” | ” | ” |

૧. આ.સુ.૧૫, ૨. કા.સુ.૧૫, ૩. ફા.સુ.૧૩, ૪. આદિનાથ ભગવાનના ગણધર ચૈ.સુ.૧૫, ૫. આ ભરતમુનિ રામ-ભરત સિવાયના બીજા સમજવા.

૬. શત્રુંજય કલ્પવૃત્તિ ગુજરાતી પુસ્તક ભાગ ૧ પૃ. ૨૬૮માં ભરત કેટલાક રાજાઓની સાથે મોક્ષમાં ગયા એવો ઉલ્લેખ છે. ત્રણ ક્રોડની સાથે ગયા એવો ઉલ્લેખ નથી. તે જ પુસ્તકમાં પૃ. ૨૯૪માં રામમુનિ ત્રણ ક્રોડ સાથે મુક્તિમાં ગયા એવો ઉલ્લેખ છે. આનાથી એ સિદ્ધ થાય છે કે બંને મળીને ત્રણ ક્રોડ હોવા જોઈએ.

૭. ફા. સુ. ૧૦.

| | | | | | |
|---|---|---|---|---|---|
| [1]કદંબગણધર | ૧ | ” | ” | ” | ” |
| સારમુનિ | ૧ | ” | ” | ” | ” |
| સાગરમુનિ | ૧ | ” | ” | ” | ” |
| નારદમુનિ | ૯૧ લાખ | ” | ” | ” | ” |
| આદિત્યયશા (ભ.ચ.ના પુત્ર) | ૧ લાખ | ” | ” | ” | ” |
| દમિતારિમુનિ | ૧૪ હજાર | ” | ” | ” | ” |
| શ્રીનંદિષેણસૂરિ | ૪૪૦૦ | ” | ” | ” | ” |
| વૈદર્ભી | ૧૦૦૮ | ” | ” | ” | ” |
| બાહુબલિ | ૧૦૦૦ | ” | ” | ” | ” |
| થાવચ્ચાપુત્ર | ૧૦૦૦ | ” | ” | ” | ” |
| શુકપરિવ્રાજક(શુકસૂરિ) | ૧૦૦૦ | ” | ” | ” | ” |
| કાલિકમુનિ | ૧૦૦૦ | ” | ” | ” | ” |
| ભરતચક્રવર્તી | ૧૦૦૦ | ” | ” | ” | ” |
| સુભદ્રમુનિ | ૭૦૦ | ” | ” | ” | ” |
| શૈલકાચાર્ય | ૫૦૦ | ” | ” | ” | ” |

આ સિવાય બીજા પણ જીવો કરોડો, લાખો, હજારો, સેંકડો વગેરે સંખ્યામાં એકીસાથે મોક્ષમાં ગયા હોય તે તો જુદા.

આ સિવાય ઋષભસેન જિન વગેરે અનંત તીર્થંકરો, દેવકીના છ પુત્રો, જાલી, મયાલી અને ઉવયાલી, મંડકમુનિ, સુકોશલમુનિ તેમજ અઈમુત્તા મુનિ વગેરે અનંત મહાત્માઓ અત્રે સિદ્ધિપદને પામ્યા છે.

આદિનાથ ભગવાન આ તીર્થમાં નવાણું પૂર્વવાર પધાર્યા છે. ૮૪ લાખને ૮૪ લાખથી ગુણવાથી એક પૂર્વ થાય. ૮૪ લાખને ૮૪ લાખથી ગુણવાથી ૭૦૫૬૦ અબજ વર્ષ થાય. આથી ૭૦૫૬૦ અબજ વર્ષનો એક પૂર્વ થાય. આવા નવાણું પૂર્વની જેટલી સંખ્યા થાય તેટલી વાર આદિનાથ ભગવાન શત્રુંજય તીર્થ ઉપર પધાર્યા હતા. અહીં કોઈને એ

૧. ગત ચોવીસીમાં બીજા તીર્થંકરના.

પ્રશ્ન થાય કે મનુષ્ય જીવનમાં આટલી વખત સુધી શત્રુંજય ઉપર કેવી રીતે જવાય ? આના સમાધાનમાં જણાવવાનું કે તે વખતે આયુષ્યો ઘણાં લાંબાં હતાં. આદિનાથ ભગવાનનું ૮૪ લાખપૂર્વનું આયુષ્ય હતું. તેમાં ૮૩ લાખ પૂર્વ સંસાર અવસ્થામાં પસાર થયા, અને એક લાખ પૂર્વ દીક્ષા અવસ્થામાં પસાર થયા. આથી એક લાખ પૂર્વ વર્ષની અપેક્ષાએ નવાણું પૂર્વ અતિશય અલ્પ સંખ્યા ગણાય.

આદિનાથ ભગવાને નવાણું પૂર્વવાર પધારીને આપણને શત્રુંજય તીર્થનો મહિમા બતાવ્યો છે. અહીં ઉલ્લેખનીય બાબત એ છે કે આદિનાથ ભગવાન ફાગણ સુદ આઠમે જ પૂર્વ નવાણું વાર પધાર્યા છે.

૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ એ ૧૫ ક્ષેત્રોમાં જ તીર્થંકરો થાય છે. તેથી એ ૧૫ ક્ષેત્રોમાં જ ધર્મ હોય છે. આ ૧૫ ક્ષેત્રોમાંથી એક ભરત ક્ષેત્રમાં જ આ તીર્થ છે. આનો અર્થ એ થયો કે ૫ ઐરવત, ૫ મહાવિદેહ અને આ ભરત સિવાય બાકીના ૪ ભરત એમ ૧૪ ક્ષેત્રોમાં આવું તીર્થ નથી. આ અપેક્ષાએ આ ભરતક્ષેત્રમાં આપણો જન્મ થયો અને આ શત્રુંજય તીર્થની પ્રાપ્તિ થઈ એ આપણો મહાન પુણ્યોદય ગણાય. આ પુણ્યોદય સફળ તો જ બને કે જો આપણે ભાવથી શત્રુંજય તીર્થની આરાધના કરીએ.

ઘોર હત્યા, બેફામ લૂંટ-ફાટ, મહાચોરી, પરદારા સેવન વગેરે પ્રચંડ પાપો કરનારાઓ પણ આ શત્રુંજય તીર્થની આરાધના કરીને પાપથી મુક્ત બની ગયા છે. આ વિષે શત્રુંજય માહાત્મ્યમાં જણાવેલું ત્રિવિક્રમ રાજાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે–

## શત્રુંજયના પ્રભાવ વિષે ત્રિવિક્રમરાજાની કથા

આ ભરતક્ષેત્રમાં શ્રાવસ્તી નગરીમાં ત્રિવિક્રમ નામે એક રાજા હતો. તે એક વખત ઉદ્યાનમાં જતાં માર્ગમાં આવેલા વડના વૃક્ષની નીચે આરામ કરવા બેઠો હતો. ત્યાં પોતાના મસ્તકના ઉપરના ભાગે એક ક્રૂર

શબ્દ કરતું પક્ષી તેણે જોયું. તેના કઠોર શબ્દોથી કંટાળેલા રાજાએ તેને ઊડાડવા માંડ્યું. પણ તે ઊડ્યું નહિ. ત્યારે ક્રોધ પામીને તે પક્ષીને બાણથી તે રાજાએ વીંધી નાખ્યું. પછી પૃથ્વી ઉપર પડેલા અને શિથિલ થઈ તરફડતા તે પક્ષીને જોઈને રાજાને કાંઈક પશ્ચાત્તાપ થયો, અને ત્યાંથી પાછા ફરીને તે પોતાના નગરમાં આવ્યો. તે પક્ષીનો જીવ આર્ત્તધ્યાનથી મૃત્યુ પામીને કોઈ વનમાં ભીલના કુળમાં ઉત્પન્ન થયો, અને તે ભીલકુમાર બાળપણથી જ શિકાર કરવા લાગ્યો.

એક વખત કોમલ ભાવવાળા ત્રિવિક્રમરાજાએ ધર્મરુચિ નામના મુનિની પાસેથી ભાવસહિત દયામય ધર્મ આ પ્રમાણે સાંભળ્યો: "દયા જ પરમ ધર્મ છે, દયા જ પરમ ક્રિયા છે, અને દયા જ પરમ તત્ત્વ છે, માટે હે ભદ્ર ! દયાને ભજ ! જો દયા ન હોય તો તે વિના દાન, જ્ઞાન વગેરે વ્યર્થ છે, અને યોગચર્યા પણ અયોગ્ય છે." આવા કાનને અમૃતસમાન ધર્મને સાંભળીને ત્રિવિક્રમરાજાના મનમાં દયાનો ઉદય થયો. તેથી પૂર્વે પોતે ક્રૂરતાપૂર્વક મારી નાખેલા પ્રાણીઓને પણ તે પશ્ચાત્તાપ સાથે સંભારવા લાગ્યો; અને તેને આ પ્રમાણે પશ્ચાત્તાપ થયો: 'અહો ! અજ્ઞાનને વશ થઈને મેં પૂર્વે એવું દુરાચરણ કરેલું છે કે, જેથી દુઃસહ એવા વિવિધ પ્રકારના અતિશય દુઃખ આપનારાં કષ્ટો મારે ભવોના ભવો સુધી સહન કરવા પડશે. જ્યાં સુધી મને આ લોકમાં સંતાપ અને પરલોકમાં નરક ગતિ છે, ત્યાં સુધી આ જીવિત અને રાજ્યવડે મને શું લાભ છે ? માટે કાદવમાંથી કમલ અને માટીમાંથી સુવર્ણની જેમ આ અસાર દેહમાંથી સારરૂપ વ્રતને હું ગ્રહણ કરીશ.' એમ વિચારીને તે ત્રિવિક્રમ રાજાએ મુનિરાજને નમસ્કાર કરીને આદરથી વ્રત લેવાને માટે મહર્ષિની પાસે પ્રાર્થના કરી. મુનિએ પણ હર્ષથી તેને દીક્ષા આપી.

અનુક્રમે ત્રિવિક્રમ મુનિ સર્વ સિદ્ધાંતોનું અધ્યયન કરી, વિધિથી વ્રત પાળવા લાગ્યા. એકદા ગુરુની આજ્ઞા લઈ એક સ્થળેથી બીજા સ્થળે એકાકી વિહાર કરતા તેઓ એક અટવીમાં આવી ચડ્યા. આ અટવીમાં

પૂર્વ ભવનો પક્ષીનો જીવ જે હાલ ભીલ થયેલો છે, તેણે પ્રતિમાને ધારણ કરીને રહેલા અને અનુપમ સંયમવાળા તે મહર્ષિને જોયા, જોતાં જ પૂર્વના વૈરથી તેને ક્રોધ ઉત્પન્ન થયો. તેથી અલ્પબુદ્ધિવાળો તે એ મુનિને લાકડી અને મુષ્ટિ વગેરેથી ખૂબ મારવા લાગ્યો. તેણે કરેલી આ ઘોર યાતનાથી પીડા પામેલા મુનિ જો કે શાંતહૃદયવાળા હતા, તો પણ કાષ્ઠ સાથે કાષ્ઠ ઘસવાથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ તેમનામાં ક્રોધરૂપી અગ્નિ પ્રગટ થયો. જેથી તરત જ સામો ઘાત કરવાની ઇચ્છાથી તેમણે તે ભીલની ઉપર તેજોલેશ્યા મૂકી, જેનાથી તે જંગલી ભીલ અગ્નિથી જેમ કાષ્ઠ બળે તેમ બળી ગયો. ત્યાંથી મૃત્યુ પામીને તે જ વનમાં તેનો જીવ કેશરીસિંહ થઈને અવતર્યો. આ બાજુ વિહાર કરતાં કરતાં ત્રિવિક્રમમુનિ તે જ વનમાં ફરી આવી ચડ્યા. મુનિને જોયા કે તરત જ પૂર્વના વૈરથી તે કેશરીસિંહ તેમની સામો મારવા દોડ્યો. તેને આવતો જોઈ, ધર્મના એક સાધનરૂપ પોતાના દેહને બચાવવા તે મુનિરાજ ત્યાંથી ભાગ્યા. જ્યાં જ્યાં તે યતિવર્ય નાસતા જાય છે, ત્યાં ત્યાં તે કેશરીસિંહ તે રાજર્ષિની પાછળ પાછળ જવા લાગ્યો. ભયંકર ક્રોધવાળા એ સિંહે જ્યારે તે મહાત્માને ઘણો ત્રાસ આપ્યો, ત્યારે છેવટે દારુણ ક્રોધને વશ થઈને તેમણે તે સિંહ ઉપર તેજોલેશ્યા મૂકી. તે લેશ્યાથી કેશરીસિંહ તત્કાળ મૃત્યુ પામ્યો. તે પાછો તે વનમાં દીપડા તરીકે ઉત્પન્ન થયો. ફરીથી તે રાજર્ષિ પણ તે વનમાં આવી સ્થિરતાપૂર્વક કાયોત્સર્ગ કરી ઊભા રહ્યા. તે ઠેકાણે તે દીપડો આવ્યો, અને પૂર્વના વૈરથી તેમને મારવા ધસ્યો. કષાયોનો વિપાક અતિ દારુણ છે એ જાણવા છતાં પણ કર્મનું બલ દુર્જય છે, એટલે તેને આધીન બનેલા તે ત્રિવિક્રમ રાજર્ષિ કોપને વશ થયા. અખંડ જ્ઞાન સંપત્તિના સ્વામી સાધુ ભગવંતો પણ પોતાના ચિત્તમાં અત્યંત ક્રોધને પામે છે તો અન્ય સામાન્ય જીવોની વાત જ શી કરવી ? કષાયોનો પરાભવ કરવો એ ખરેખર વિકટ કાર્ય છે. એ વખતે પણ મુનિએ તે દીપડા પર તેજોલેશ્યા મૂકી તેથી તે મૃત્યુ પામી કોઈ ભયંકર વનમાં સાંઢ થયો. દૈવયોગે તે જ વનમાં આવીને મુનિએ કાયોત્સર્ગ કર્યો. તેમને જોઈ પૂર્વના વૈરથી તે સાંઢે અત્યંત ઉપદ્રવ કરવા માંડ્યો. છેવટે જ્યારે મુનિરાજને પોતાની જિંદગી

માટે પણ સંશય પડવા લાગ્યો, ત્યારે તેમણે પૂર્વની પેઠે એ સાંઢને પણ યમરાજનો અતિથિ કર્યો. ત્યારબાદ એ સાંઢનો જીવ ત્યાંથી મરણ પામીને અવંતિ દેશમાં ઉજ્જયિની નગરીની પાસે રહેલા સિદ્ધવડની બખોલમાં મહાઝેરી સર્પ થયો. અનુક્રમે વિહાર કરતાં કરતાં ત્રિવિક્રમમુનિ ત્યાં આવી તે વડ નીચે જ્યારે કાયોત્સર્ગ ધ્યાને રહ્યા, તે અવસરે પૂર્વના વૈરથી મુનિને જોતાં જ તેમના ઉપર સર્પને ઘણો દ્વેષ ઉત્પન્ન થયો. એટલે તત્કાળ એ દુષ્ટ હૃદયવાળો સર્પ ફણા ચડાવી પોતાના પૂર્વના અપકારી મુનિને ડસવા આવ્યો. તેને આવતો જોઈ કોપ પામેલા મુનિએ તે સર્પ પર તેજોલેશ્યા મૂકી. આથી બળીને તે મૃત્યુ પામ્યો. ત્યાંથી અકામનિર્જરાના યોગે કેટલાક કર્મને ખપાવીને સર્પનો જીવ કોઈ ગરીબ બ્રાહ્મણને ઘેર પુત્રરૂપે અવતર્યો. જે ગામમાં સર્પનો જીવ બ્રાહ્મણનો પુત્ર થયો હતો તે જ ગામમાં વિહાર કરતાં કરતાં ત્રિવિક્રમરાજર્ષિ પણ આવી ચડ્યા. ગામની પાસે યોગાભ્યાસમાં તત્પર રહેલા મુનિને જોઈ ત્યાં ફરતો ફરતો આવી ચડેલો પેલો અધમ બ્રાહ્મણ તે મુનિને મારવા દોડ્યો. મુનિને નિર્દયપણે મુષ્ટિઓ અને લાકડીઓના પ્રહારથી મારતા તે બ્રાહ્મણને કોપના આવેશથી પૂર્વની પેઠે તે રાજર્ષિએ તેજોલેશ્યા મૂકી હણી નાંખ્યો. કાંઈક શુભના ઉદયથી અકામ નિર્જરાવડે કર્મને ખપાવીને એ બ્રાહ્મણનો જીવ વારાણસી નગરીમાં મહાબાહુ નામે રાજા થયો. વિવિધ પ્રકારના ભૌતિક સુખોમાં હંમેશા આસક્ત ચિત્તવાળા તે રાજાને રાજસુખ ભોગવતાં ઘણો કાલ વ્યતીત થયો.

## મુનિને જોતાં મહાબાહુ રાજાને થયેલ જાતિસ્મરણ

એક વખત તે મહાબાહુ રાજા પોતાના મહેલના ગોખ ઉપર બેઠો હતો, તે સમયે રાજરસ્તેથી જતા કોઈ પવિત્ર નિર્ગ્રન્થ સાધુને તેણે જોયા. તેથી તરત તેના મનમાં વિચાર થયો કે, 'અહો ! આ કોઈ મહાત્મા વિદ્વાનોને પણ પૂજવા યોગ્ય છે, તથાપિ જાણે મારું હૃદય તેમના ઉપર કંઈક દ્વેષ કરતું હોય તેમ જણાય છે. છતાં પૂર્વે પણ કોઈ ઠેકાણે આ અથવા આવા કોઈ મહાત્મા મારા જોવામાં આવ્યા છે. એમ ઘણો વખત વિચાર કરતાં રાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે ત્રિવિક્રમ

રાજર્ષિના કોપરૂપી અગ્નિની જ્વાળામાં જેનું શરીર બળી ગયેલું છે, એવા પોતાના પૂર્વના સાત ભવો તેને સાંભરી આવ્યા. તત્કાળ તે ઉપરથી એક અર્ધો શ્લોક બનાવીને તે અવસરે બોલ્યોઃ **विहगः शबरः सिंहो, द्वीपी षण्ढः फणी द्विजः ।** (અર્થ- પક્ષી, ભીલ, સિંહ, દીપડો, સાંઢ, સર્પ અને બ્રાહ્મણ) આ અર્ધા શ્લોકને બનાવીને, તે મુનિને મળવા માટે મહાબાહુ રાજાએ તે અવસરે પોતાના રાજ્યમાં જાહેર કર્યું કે, 'આ અર્ધા શ્લોકની સમસ્યા જે કોઈ વિદ્વાન પૂરશે તે ચતુરશિરોમણી પુરુષને હું લાખ સોનામહોર આપીશ.' રાજાનું એ વચન સાંભળીને સર્વ લોકો ધનની ઈચ્છાથી તે ગૂઢ અને પ્રૌઢ રહસ્યવાળી સમસ્યાનો પાઠ કરવા લાગ્યા. એ અવસરે સર્વ દિશામાં વિહાર કરતાં કરતાં ત્રિવિક્રમ મુનિ ત્યાં આવ્યા. તેવામાં કોઈ પામર પુરુષના મુખમાંથી તે સમસ્યા તેમના સાંભળવામાં આવી, એટલે તત્કાળ ઉત્સુક મન કરી તે સમસ્યાનો સંબંધ જાણી તે શ્લોકનો ઉત્તરાર્ધ તેઓ આ પ્રમાણે બોલ્યાઃ '**येनामी निहताः कोपात् स कथं भविता हहा !**' (જેણે આ બધાયને કોપથી માર્યા છે, અહો! તેનું શું થશે ?) મુનિએ પૂર્ણ કરેલી એ સમસ્યા સત્ય જાણીને તે પામર પુરુષે રાજાની પાસે જઈને કહી બતાવી. તે સમસ્યાની પૂર્તિ આ પુરુષથી ઘટતી નથી એમ જાણી રાજાએ તેને કહ્યુંઃ 'હે બુદ્ધિમાન! જેણે આ સમસ્યા પૂર્ણ કરી છે તે કોણ છે ? તે તું મને કહે, પછી રાજાના ઘણા આગ્રહથી 'પાપને નાશ કરનાર એક મુનિ વનમાં આવેલા છે, તેમણે આ સમસ્યા પૂરી છે એમ તેણે કહ્યું. એ સાંભળતાં જ તે મુનિને મળવાની અત્યંત ઉત્કંઠાથી પરાક્રમી રાજા પોતાના વિસ્તારવાળા રસાલાની સાથે વનમાં મુનિની પાસે આવ્યો. રાજાએ જાતિસ્મરણથી એ મુનિને ઓળખીને કહ્યું કે, 'હે મુનિરાજ ! મારા તે સર્વ અપરાધોની આપ ક્ષમા કરો. અહો મને ધિક્કાર છે, કે જેથી તે તે ભવોમાં, દર્શનમાત્રથી આવા રાજ્યને આપવાનું સામર્થ્ય ધરાવનારા મહાઉપકારી એવા આપને મેં પીડિત કર્યા. હે યતિવર્ય ! અજ્ઞાનતાના કારણે પોતાની જાતને નહિ જાણતા એવા મેં વારંવાર આપના તપનો નાશ કર્યો છે, પરંતુ હવે મારે લીધે પ્રાપ્ત થયેલા એ

ક્રોધરૂપી ચંડાળને તમે છોડી દો.' રાજાના આવા વચનરૂપ અંકુશથી જાગૃત થયેલા તે મુનિએ ક્રોધને દૂર કર્યો અને પછી તેઓ બોલ્યા કે 'રાજન્ ! મને ધિક્કાર છે, જે હું ક્ષમાશ્રમણ થયો છું, છતાં પાપી એવા મેં તે તે જન્મમાં તને મારી નાખ્યો. અજ્ઞાનથી કરેલા મારા તે અતિદુસહ અપરાધની તું ક્ષમા કર ! ખરેખર એવા પાપકાર્યથી મારું બોધરૂપી વૃક્ષ મેં પોતે જ ઉખેડી નાખ્યું છે.'

આ રીતે તે બન્ને પરસ્પર આલાપ-સંલાપ કરતા હતા, તે સમયે આકાશમાં દુંદુભિનો શબ્દ તેઓના સાંભળવામાં આવ્યો. 'આ દુંદુભિ કેમ વાગે છે ?' એમ વિચારી તેઓએ આકાશ સામે જોયું. એટલે દેવોના કહેવાથી 'વનમાં એક કેવળજ્ઞાની મુનિ પધાર્યા છે' એમ તેઓનાં જાણવામાં આવ્યું. તત્કાળ તેમના દર્શનની ઇચ્છાથી આદર સહિત ત્રિવિક્રમ રાજર્ષિ તથા મહાબાહુ રાજાએ વનમાં જઈ, મનના સંશયને નાશ કરનારા અને દેવતાઓએ પૂજેલા તે કેવલીમુનિને પ્રણામ કર્યો. કેવલીમુનિ તે બન્નેના હૃદયના ભાવને જાણીને પાપનો નાશ કરનાર એવા જીવદયામય શ્રી અરિહંતપ્રભુના ધર્મનો તેમને ઉપદેશ આપવા લાગ્યા: 'આ સંસારમાં દેવપણાના પદથી પણ શ્રેષ્ઠ એવું ધર્મરૂપી નિર્મળ જળ ક્રોધના સંબંધથી ઉત્પન્ન થયેલી હિંસાની કાળાશથી ખરેખર દૂષિત થાય છે. આત્મારૂપ ભીંત પર રચેલી ચારિત્રરૂપ ચિત્રની રચના, ક્રોધરૂપ કૂચડાદ્વારા હિંસારૂપ કાજળ લાગવાથી મલિન થાય છે. જે જીવ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અવિવેકને આધીન બની મુનિને પીડા કરે છે, તેના કરતાં અન્ય કોઈ પાપી નથી. તીવ્ર તપસ્યા કરતો એવો પણ મુનિ જો મૂર્ખ થઈને ક્રોધ કરે છે, તો તે ચારિત્રરૂપ વૃક્ષને બાળીને તેની ભસ્મ પોતાના આત્મા ઉપર નાખે છે. માટે હે રાજન્ ! તેં પૂર્વભવમાં આ મુનિને કોપ કરાવ્યો છે, અને પૂર્વકાલીન શુભકર્મને નહિ જાણતા એવા તેં આ મુનિનો અને તારા આત્માનો ઘાત કર્યો છે. ઘણું કરીને જે આક્રોશ કરનાર કે વધ કરનાર હોય છે, તે પોતાનાં હિતકારી કર્મોનો નાશ કરે છે. માટે સર્વ પાપનો

નાશ કરનાર શત્રુંજય તીર્થે તું જા; ત્યાં તપશ્ચર્યા કરવાથી અને શ્રી અરિહંત પરમાત્માના ધ્યાનથી તને જ્ઞાન અને સિદ્ધિ પ્રાપ્ત થશે. આ મુનિના ઘાતથી બાંધેલું ગાઢ કર્મ, કષ્ટને કાપનારા શીલ પ્રમુખ ધર્મને સેવ્યા છતાં પણ શત્રુંજય તીર્થની સ્પર્શના વિના નિર્જરા પામશે નહિ. માટે હે રાજન્ ! આ ત્રિવિક્રમરાજર્ષિને આગળ કરી અનેક લોકોની સાથે શત્રુંજયાદિ તીર્થોની સમાધિપૂર્વક તું યાત્રા કર. યાત્રા કર્યા પછી સર્વવિરતિ અંગીકાર કરી આત્મસ્વરૂપમાં લીન એ મુનિ સાથે તું ત્યાં ઉત્તમ તપ કરજે. હે રાજન્ ! જેમ ટંકણખારથી સુવર્ણ અને જળથી લૂણ ઓગળી જાય છે, તેમ શત્રુંજય તીર્થના સ્મરણમાત્રથી કર્મરૂપી કાદવ ગળી જાય છે. જેમ સૂર્યથી અંધકાર અને પુણ્યથી દારિદ્રય નાશ પામે છે, તેમ શત્રુંજયના સ્મરણથી કર્મ ભેદાય છે.'

'આ રીતે કેવલીભગવંતે કહેલો ઉપદેશ હૃદયમાં ધારણ કરીને તે ત્રિવિક્રમ મુનિ અને મહાબાહુ રાજા પ્રસન્ન થઈ, ભક્તિથી તેમને નમસ્કાર કરી, સંઘ કાઢી, અનેક લોકોને સાથે લઈ શત્રુંજય તીર્થની યાત્રા કરવા ગયા. ત્યાં વિસ્તારથી જિનપૂજા કરતાં રાજાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, અને અનુક્રમે મોક્ષ પણ થયો. ત્રિવિક્રમ મુનિવર પણ શત્રુંજયનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામ્યા, અને સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષસુખને પામ્યા. આ પ્રમાણે મહાપાપી પણ આત્માઓ આ શત્રુંજયતીર્થને પામીને કલ્યાણ સાધી લે છે.'

## શત્રુંજયના પ્રભાવથી સિંહનું કલ્યાણ થયું

અજ્ઞાન અને ક્રૂર ગણાતા પશુઓ પણ શત્રુંજયતીર્થની સ્પર્શનાથી આત્મકલ્યાણ કરનારા બની જાય છે. આ વિષે એક સિંહનો વૃત્તાંત આ પ્રમાણે છે– શત્રુંજય પાસેના સિંહગિરિ નામના ઉદ્યાનમાં એક સિંહ હતો. એકવાર શ્રી શાંતિનાથ ભગવાન તે ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં ધ્યાનારૂઢ શ્રી શાંતિનાથ ભગવાનને જોઈને સિંહ ગુસ્સાથી પંજો ઉપાડીને પ્રભુની સામે દોડ્યો. પ્રભુની આગળ પાંચ હાથ નજીક આવતાં ભીંત સાથે

અફડાયેલા ઢેફાની જેમ સ્વયમેવ સાત ધનુષ જેટલો પાછો પડ્યો. ફરી પ્રભુની સામે દોડ્યો. વળી પાછો પડ્યો. આમ અનેકવાર બન્યું. આથી સિંહે વિચાર્યું: મને આડું આવે તેવું કંઈ જોવામાં આવતું નથી. છતાં ફાળ નિષ્ફળ કેમ? આ કોઈ અસાધારણ પુરુષ લાગે છે. આવું વિચારી વારંવાર પ્રભુની સન્મુખ જોવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી તેણે વિચાર્યું: અહો ? પૂર્વે હું પ્રતિષ્ઠાનપુરમાં બ્રાહ્મણ હતો, અને પ્રતિદિન યજ્ઞ કરતો હતો. જૈન મુનિએ મને હિતોપદેશ આપ્યો કે પૂર્વે ભરતચક્રવર્તીએ અહિંસક ચાર વેદો રચેલા. પાછળથી સ્વાર્થીબ્રાહ્મણોએ તેમાં ફેરફાર કરીને વેદોને હિંસક બનાવી દીધા..... આ ઉપદેશથી હું ગુસ્સે થઈને મુનિને મારવા દોડ્યો. યજ્ઞસ્તંભ સાથે અથડાઇને મૃત્યુ પામીને અહીં સિંહ થયો છું. આવી વિચારણા પછી તે શાંત થયો. તેને શાંત થયેલો જાણીને પ્રભુએ કહ્યું: મુનિનો ઘાત કરવાના પરિણામથી તું સિંહ થયો છે. માટે હવે હિંસાને છોડી દે, દયા કર. ધર્મ કર. આ તીર્થની આરાધના કર. આમ કહી પ્રભુ ત્યાંથી ચાલ્યા. સિંહ પ્રભુની પાછળ પાછળ ચાલવા લાગ્યો. શત્રુંજયના સ્વર્ગગિરિ શિખર ઉપર ચઢતાં પ્રભુએ પાછળ આવતા સિંહને કહ્યું: સર્વ જીવો ઉપર સમભાવ રાખીને તું અહીં રહે. આ ક્ષેત્રના પ્રભાવથી તારું કલ્યાણ થશે. પ્રભુનું જ ધ્યાન ધરતો સિંહ ત્યાં રહ્યો. સમય જતાં શુભ ધ્યાનમાં મરીને દેવ થયો. શાંતિનાથ ભગવાને મરુદેવા શિખર ઉપર ચોમાસું કર્યું. પછી ત્યાંથી વિહાર કર્યો. સિંહમાંથી દેવ થયેલા તે જીવે સ્વર્ગમાંથી આવીને શાંતિનાથ ભગવાને જ્યાં ચાતુર્માસ કર્યું હતું તે મરુદેવા શિખર ઉપર શ્રી શાંતિનાથનું મંદિર કરાવ્યું. આમ હિંસક પશુઓ પણ આ તીર્થના પ્રભાવથી આત્મ-કલ્યાણ સાધે છે. (શત્રુંજય માહાત્મ્ય સર્ગ-૮ શ્રી શાંતિનાથના ચરિત્રમાં).

## શત્રુંજયના પ્રભાવથી મોરે હિત સાધ્યું

ક્ષુદ્ર પક્ષીઓ પણ ગિરિરાજની સ્પર્શનાથી સદ્ગતિને પામે છે. આ વિષે એક પ્રસંગ આ પ્રમાણે છે– અજિતનાથ ભગવાન કેવલજ્ઞાન

પામ્યા પછી એકવાર શત્રુંજય ગિરિની પાસે પધાર્યા. ત્યાં પ્રભુ (કાયોત્સર્ગમાં) ધ્યાનમાં રહ્યા. ત્યાં મોરનું એક ટોળું આવ્યું. તેમાંથી એક મોરે ભક્તિથી પ્રભુના મસ્તક ઉપર પોતાના પીછાનો કલાપ છત્રના આકારે કર્યો. ધ્યાનના અંતે પ્રભુએ વાણીથી મયૂરોને પ્રતિબોધ કર્યો. પછી પ્રભુ પર્વત ઉપર ચઢીને રાયણ વૃક્ષની નીચે પધાર્યા. મયૂરો પણ પ્રભુની પાછળ પાછળ ત્યાં આવ્યા. પ્રભુજી ત્રણ દિવસ સુધી રાયણવૃક્ષની નીચે રહ્યા. તે વખતે મયૂરો પણ પ્રભુનું મુખ જોવામાં લીન બનીને ત્યાં રહ્યાં. એક વૃદ્ધ મયૂરનું મરણ નજીક છે એમ જાણીને પ્રભુએ તેને સંલેખના કરાવી= અનશન પૂર્વક અંતિમ આરાધના કરાવી. મરીને તે ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયો. જન્મતાં જ ઉપકારી જાણીને પ્રભુની આગળ આવ્યો. ભક્તિ માટે પ્રભુની આગળ નૃત્ય કર્યું. આ વખતે સૌધર્મેન્દ્રે પ્રભુજીને પૂછ્યું: આ કયો દેવ છે ? પ્રભુએ બધી વિગત કહી. પછી ભવિષ્યની વિગત જણાવતાં પ્રભુએ કહ્યું : ત્યાંથી મનુષ્ય થઈને દીક્ષા લેશે. અનુક્રમે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર મોક્ષને પામશે. (શત્રુંજય મા. સર્ગ-૮)

તે વખતે મયૂર આદિ અનેક જીવો જૈનધર્મને સ્વીકારીને દેવલોકમાં ગયા, ને પછી મોક્ષમાં જશે. કહ્યું છે કે– ''આ શ્રી શત્રુંજય નામનો પર્વત શાશ્વત અને સ્થિર છે, સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા પુરુષોને તારવા માટે હોડી સરખો છે. આ તીર્થની અંદર ઉત્તમ બુદ્ધિવાલો જીવ જે ધર્મ ક્રિયાઓ કરે છે તે ક્રિયાઓ આ લોક અને પરલોકમાં કર્મક્ષય માટે થાય છે.'' (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ શ્રીસગર ચક્રવર્તીના પ્રબંધના આધારે.)

અભવ્ય અને દૂરભવ્ય જીવો શત્રુંજય તીર્થના દર્શન કરી શકતા નથી. જે જીવો મોક્ષની સામગ્રી મળવા છતાં ક્યારેય મોક્ષમાં ન જાય તે જીવો અભવ્ય છે. જે જીવોનો સંસારકાળ એક પુદ્‌ગલ પરાવર્તથી અધિક છે તે જીવો દૂરભવ્ય છે. આવા અભવ્ય અને દૂરભવ્ય જીવો શત્રુંજય તીર્થનાં ભાવથી તો દર્શન કરી શકતા નથી, કિંતુ દ્રવ્યથી (=ભાવ વિના)

પણ દર્શન કરી શકતા નથી. અભવ્ય અને દૂરભવ્ય જીવો જિનપ્રતિમાનાં દર્શન કરે, અન્ય જૈન તીર્થોનાં દર્શન કરે, પણ શત્રુંજય તીર્થનાં દર્શન ન કરે. તે જીવો શત્રુંજય તીર્થની નજીકમાં ક્યારેય આવે નહિ. આનાથી એ નિશ્ચિત થાય છે કે જે જીવ દ્રવ્યથી પણ શત્રુંજય તીર્થનાં દર્શન કરે તે અવશ્ય ભવ્ય છે. માટે પોતે ભવ્ય છે (=ચરમાવર્તમાં આવી ગયો છે) એવી ખાતરી જેણે કરવી હોય તેણે શ્રી શત્રુંજયની વધારે વખત ન બની શકે તો પણ એકવાર તો અવશ્ય યાત્રા કરવી જોઈએ.

વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલા શ્રી સીમંધરસ્વામીએ આ ભરત ક્ષેત્રની પ્રશંસા કરતાં કહ્યું છે કે– "તે ભરતક્ષેત્રને ધન્ય છે કે જ્યાં શ્રી શત્રુંજય તીર્થ છે, અને તેમાં રહેનારા મનુષ્યોને પણ ધન્ય છે કે જેઓ તે તીર્થની અને (તેમાં બિરાજમાન) શ્રી જિનેશ્વરની પૂજા કરે છે." (શત્રુંજય મા. સર્ગ ૭)

આ શત્રુંજય તીર્થ શાશ્વત છે, અર્થાત્ તેનો ક્યારેય સંપૂર્ણ નાશ થતો નથી. કાળના પ્રભાવથી પર્વત નાનો-મોટો થાય એવું બન્યા કરે છે, પણ સર્વથા નાશ ક્યારેય ન થાય. શાસ્ત્રમાં શત્રુંજય પર્વત ક્યારે કેટલા પ્રમાણવાળો હતો તેનું વર્ણન કર્યું છે. તે આ પ્રમાણે–

**અવસર્પિણીના છ આરામાં ક્રમશઃ માપ**

| આરો | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|
| યોજન વિસ્તાર | ૮૦ | ૭૦ | ૬૦ | ૫૦ | ૧૨ | ૭હાથ |

યોજનનું માપ આ પ્રમાણે છે- ૧ યોજન=૪ ગાઉ. ૧ ગાઉ=૨ માઈલ. ૧ માઈલ=૧ કિ.મી.+૬૦૦ મીટર.

આ તીર્થનું પ્રમાણ અવસર્પિણી કાળમાં ઘટતું જાય છે, અને ઉત્સર્પિણી કાળમાં તે જ પ્રમાણે વધતું જાય છે. જ્યારે શ્રી ઋષભદેવ પ્રભુ વિચરતા હતા ત્યારે ત્રીજા આરાના અંતે આ પર્વત મૂળમાં ૫૦ યોજન વિસ્તારવાળો, ઊંચાઈમાં આઠ યોજન, ને મૂળમાં દશ યોજન હતો. આ અવસર્પિણીના

છઠ્ઠા આરાના અંતે બીજા પર્વતોનો ક્ષય થશે. પણ શત્રુંજય પર્વતનો ક્ષય નહિ થાય. (શ્રી શત્રુંજય માહાત્મ્ય)

આ વિષે શ્રી શત્રુંજયના દુહામાં પણ કહ્યું છે કે–

''પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત.''

અહીં 'પ્રાયે' એમ એટલા માટે કહ્યું છે કે નાનો-મોટો થાય છે, પણ સર્વથા નાશ પામતો નથી. અવસર્પિણીકાળમાં (હાનિના કાળમાં) આ પર્વત ધીમે ધીમે ધરતીમાં ઉતરતો જાય છે, અને છેવટે માત્ર સાત હાથ જેટલો રહે છે. ઉત્સર્પિણી કાળમાં (=વૃદ્ધિના કાળમાં) આ પર્વત હાનિકાળના પ્રસંગે જે ભાગ જમીનમાં જતો રહ્યો હોય તે ભાગ ધીમે ધીમે ક્રમશઃ બહાર આવતો જાય અને છેવટે તે ૮૦ યોજન જેટલો થાય છે.

આરાધના માટે જેમ સારા ભાવની જરૂર છે તેમ શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળની પણ જરૂર છે, કારણ કે શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી આત્મામાં સારા ભાવ આવે છે.

## આત્મા ઉપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળની અસર થાય છે

જેમ શરીર ઉપર દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની અસર થાય છે, તેમ કર્મયુક્ત છદ્મસ્થ આત્મા ઉપર પણ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની અસર થાય છે. પુષ્ટિકારક આહારથી શરીર બળવાન બને છે. રસ-કસ વિનાના આહારથી શરીરમાં નબળાઈ આવે છે. મદિરા વગેરે માદક આહારથી મગજમાં સુસ્તી અને બ્રાહ્મી આદિ ઔષધિથી સ્ફૂર્તિ આવે છે. અપથ્ય આહારથી શરીરમાં બિમારી આવે છે. ઔષધ અને પથ્ય આહારથી શરીરમાંથી બિમારી દૂર થાય છે. આ દ્રવ્યની અસર છે. શુદ્ધ હવાવાળા ક્ષેત્રમાં તબિયત વધારે સારી બને છે, અને અશુદ્ધ હવાવાળા ક્ષેત્રમાં તબિયત વધારે ખરાબ બને છે. આ ક્ષેત્રની અસર છે. શિયાળામાં શરીરમાં વધારે જોમ આવે છે. નબળો પણ માણસ શિયાળામાં વધારે

ખોરાક લઈ શકે છે. ઉનાળામાં શરીર થોડું શિથિલ બને છે. આ કાળની અસર છે. જેમ આ રીતે શરીર ઉપર શુભ અને અશુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળની શુભ અને અશુભ અસર થાય છે, તેમ આત્મા ઉપર પણ શુભ અને અશુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળની શુભ અને અશુભ અસર થાય છે. અનીતિનું ધન, દેવદ્રવ્યનું ભક્ષણ આદિ ધર્મનાં અનુષ્ઠાનોમાં શુભભાવ આવવામાં બાધક છે. આથી જ મહાપુરુષોએ ધન, આહાર, આદિ કોઈપણ વસ્તુનું દાન નીતિથી મેળવેલા ધનથી કરવાનું કહ્યું છે. લોહી, હાડકાં, મૃતકલેવર આદિવાળું ક્ષેત્ર પણ શુભભાવમાં બાધક છે. આથી જ અમુક અનુષ્ઠાનો કરતાં પહેલાં જે સ્થળે અનુષ્ઠાનો કરવાના હોય તેની ચારે બાજુ સો ડગલામાં ભૂમિનું નિરીક્ષણ કરીને લોહી આદિ દેખાય તો તેને દૂર કરીને ભૂમિને શુદ્ધ કરવાનું વિધાન છે. દીક્ષા સારા ક્ષેત્રમાં આપવી એવું શાસ્ત્રોમાં વિધાન છે. (૧) ભગવાનથી પવિત્ર થયેલી ભૂમિમાં દીક્ષા આપવી. એટલે કે ભગવાને જ્યાં કાયોત્સર્ગ કર્યો હોય, દેશના આપી હોય, ચાતુર્માસ રહ્યા હોય તેવા સ્થળે દીક્ષા આપવી, (૨) તેના અભાવે જિનમંદિરની બાજુમાં દીક્ષા આપવી. અથવા શેરડીની વાડીમાં, જ્યાં વડ-પીપળા વગેરે (દૂધાળા) વૃક્ષોનો સમૂહ હોય તેવા સ્થળે, કે પાણી પ્રદક્ષિણા આપતું હોય તેવા જળાશયની પાસે દીક્ષા આપવી. પણ ભાંગેલા, બળેલા, શ્મશાન વગેરેમાં કે અપવિત્ર દ્રવ્યોથી ખરાબ થયેલા ક્ષેત્રમાં દીક્ષા ન આપવી. તેવી રીતે અશુભકાળ પણ શુભભાવમાં બાધક બને છે. આથી જ શાસ્ત્રોમાં અકાળે સ્વાધ્યાય કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. તથા દીક્ષા વગેરે શુભ ધાર્મિક કાર્યો સારા મુહૂર્તે કરવાનું વિધાન છે. સારું દ્રવ્ય, સારું ક્ષેત્ર, અને સારો કાળ ધર્મના અનુષ્ઠાનોમાં ભાવવૃદ્ધિનું કારણ બને છે. આથી જ શ્રાવકને પૂજામાં સ્વશક્તિ મુજબ સારાં દ્રવ્યો વાપરવાનું કહ્યું. પૂજામાં જેમ દ્રવ્યો ઊંચા તેમ ભાવ વધારે આવે. શ્રાવકો સાધુઓ પાસે મસ્તકે વાસક્ષેપ નખાવે છે, તેનું કારણ પણ આ છે. વાસક્ષેપ મંત્રથી અને મહાપુરુષના સ્પર્શથી અત્યંત શુભ બની જવાથી જેના મસ્તકે તે પડે છે તેના ઉપર શુભ અસર કરે છે, આથી તેના વિચારો આદિમાં પરિવર્તન

આવે છે. બીજા સ્થળે જિનનાં દર્શન-વંદન-પૂજન આદિમાં જે ભાવ આવે તેનાં કરતાં તીર્થસ્થળમાં અધિક ભાવ આવે છે. આથી જ તીર્થોનો મહિમા છે.

મહાપુરુષોના પવિત્ર શરીરમાંથી શુભ પુદ્‌ગલોનો પ્રવાહ સદા નીકળતો રહે છે. તે આજુબાજુમાં ફેલાય છે. આથી જ્યાં મહાપુરુષો બિરાજમાન હોય ત્યાંનું વાતાવરણ પવિત્ર હોવાથી ત્યાં આવનારને સારા વિચારો આવે છે. તેવી રીતે સામાન્ય દિવસોમાં ધર્મનાં અનુષ્ઠાનોમાં જે ભાવ આવે તેનાથી પર્વ દિવસોમાં અધિક ભાવ આવે. આથી પર્વદિવસોમાં ધર્મનાં અનુષ્ઠાનોથી વિશેષ લાભ મળે છે. આમાં કાળનું માહાત્મ્ય છે.

બ્રાહ્મમુહૂર્ત ઉત્તમકાળ છે. કારણ કે સ્વાભાવિક રીતે જ તે સમયનું બાહ્ય વાતાવરણ આહ્લાદક હોય છે. બ્રાહ્મમુહૂર્તના સમયે બાહ્ય વાતાવરણ તદ્દન શાંત અને સ્વચ્છ હોય છે. ઊંઘથી તન-મનને આરામ મળી ગયો હોવાથી તનમાં સ્ફુર્તિ અને મનમાં તાજગી હોય છે. મગજ તદ્દન ફ્રેશ હોય છે. આથી તે સમયે ધર્મક્રિયા બહુજ ઉલ્લાસથી અને સ્ફૂર્તિથી થાય છે. બાહ્ય વાતાવરણ બ્રાહ્મ મુહૂર્તમાં જેટલું સારું હોય છે, તેટલું સારું બીજા કોઈ સમયમાં હોતું નથી.

ધર્મક્રિયાનું ફળ ઉલ્લાસના આધારે મળે છે. ઉલ્લાસ વિના ધર્મક્રિયા કરવાથી તેનું યથાર્થ ફળ મળતું નથી. આથી દરેક ધર્મક્રિયા ખૂબ ઉલ્લાસથી કરવી જોઈએ. ધર્મક્રિયામાં જેમ ઉલ્લાસ વધારે તેમ ફળ વધારે. ધર્મમાં ફલનો આધાર બાહ્ય ક્રિયા નહિ, કિંતુ આંતરિક ઉલ્લાસ છે. ક્રિયા જેમ વધારે, તેમ ફળ વધારે એમ નહિ, કિંતુ ધર્મક્રિયામાં જેમ ઉલ્લાસ વધારે તેમ ફળ વધારે. હોમિયોપેથિક વગેરે દવાઓમાં સો, પાંચસો, હજાર એમ પાવર આવે છે. દવા એકની એક હોય, પણ જેમ પાવર વધારે તેમ તેની અસર વધારે થાય. તેમ ધર્મ-ક્રિયાઓમાં પણ જેમ ઉલ્લાસ વધારે તેમ ફળ વધારે મળે. ધર્મક્રિયાઓમાં કોન્ટીટી(સંખ્યા)નું મહત્ત્વ નથી, કિંતુ ક્વૉલિટીનું (=ગુણવત્તાનું) મહત્ત્વ છે. ધર્મક્રિયાઓ કેટલી કરી એના કરતાં કેટલા

ભાવોલ્લાસથી કરી એનું મહત્ત્વ વધારે છે. ભાવોલ્લાસમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રસ્તુતમાં શત્રુંજય તીર્થનું ક્ષેત્ર એટલું બધું પવિત્ર છે કે જેથી ત્યાં આવનારમાં શુભ ભાવોની વૃદ્ધિ થાય છે. બીજા ક્ષેત્રમાં જેટલા ભાવ વધે તેના કરતાં શત્રુંજય તીર્થમાં અધિક ભાવો વધે એ આરાધકોને અનુભવ સિદ્ધ છે. શત્રુંજય તીર્થમાં દાન કરવાનો ભાવ વધે છે. તપશ્ચર્યા કરવાનો ભાવ વધે છે, એટલું જ નહિ, પણ કઠીન પણ તપશ્ચર્યા આ તીર્થમાં વિશેષ કષ્ટ વિના કરી શકાય છે એવી અનેક તપસ્વીઓને અનુભૂતિ થાય છે. શત્રુંજય તીર્થમાં અધિક ભાવવૃદ્ધિ થાય છે. આથી જ શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં કહ્યું છે કે– "બીજા તીર્થોમાં જપ, તપ, નિયમ, દાન અને સ્વાધ્યાય કરવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે તેથી દશગણું જૈન તીર્થોમાં તે તે કાર્યો કરવાથી થાય છે. તેનાથી અનંતગણું પુણ્ય શત્રુંજય તીર્થના દર્શનમાત્રથી થાય છે."

આ ક્ષેત્ર અનાદિકાળથી એટલું બધું પવિત્ર છે કે જેથી ત્યાં આવનારાના અશુભ વિચાર-વાણી-વર્તન નાશ પામે છે, અને શુભ વિચાર-વાણી-વર્તન જાગ્રત થાય છે. આમે ય વસતિ વિનાના પર્વતો પ્રાયઃ કરીને પ્રદૂષણોથી મુક્ત હોય છે, તેમાંય વળી જે પર્વત ઉપર એક એક કાંકરે અનંત આત્માઓ ભવ્ય સાધના કરીને મુક્તિપદ પામ્યા હોય તે પર્વત સર્વાધિક પવિત્રતમ હોય તેમાં તો શું કહેવું? માટે જ કહ્યું છે કે–**तीर्थेषु शत्रुञ्जयः**=સર્વતીર્થોમાં શત્રુંજય શિરોમણિ તીર્થ છે. આપણે એ સમજવાની જરૂર છે કે શત્રુંજય ઉપર મંદિરો વગેરે ન હોય તો પણ શત્રુંજયનો કેવલ પહાડ પણ અતિશય પવિત્ર છે. કારણ કે અનંતાનંત આત્માઓએ અહીં સાધના કરી છે. અનંતાનંત જીવોની ચેતનાની ઉર્જાઓથી ભરેલા આ મહાન ધરતીના એકએક ઝીણા કાંકરાનો પણ અનુપમ પ્રભાવ છે.

## આત્મપ્રબોધ ગ્રંથમાં જણાવેલું શત્રુંજયનું માહાત્મ્ય

શ્રી શત્રુંજય તીર્થની સ્પર્શના આદિથી મહાપાપી એવા પણ જીવો સ્વર્ગઆદિ સુખના ભોક્તા થાય છે. પુણ્યશાળી તો થોડા જ કાળમાં સિદ્ધ થાય છે. કહ્યું છે કે–

कृत्वा पापसहस्राणि हत्वा जन्तुशतानि च ।
इदं तीर्थं समासाद्य तियञ्चोऽपि दिवंगताः ॥

**અર્થ–** હજારો પાપો કરીને અને સેંકડો જીવોને હણીને આ તીર્થને પામીને તિર્યંચો પણ સ્વર્ગમાં ગયા છે.

एकैकस्मिन् पदे दत्ते, शत्रुञ्जायगिरिं प्रति ।
भवकोटिसहस्रेभ्यः, पातकेभ्यो विमुच्यते ॥ २ ॥

**અર્થ–** શ્રી શત્રુંજયગિરિ તરફ એકેકું પગલું ભરે તે હજાર ક્રોડ (= દશ અબજ) ભવના પાતકથી મૂકાય છે.

छट्ठेणं भत्तेणं, अपाणएणं तु सत्त जत्ताओ ।
जो कुणई सेत्तुंजे, सो तइयभवे लहइ सिद्धिं ॥ ३ ॥

**અર્થ–** પાણી વિનાના છઠ્ઠથી જે શત્રુંજયની સાત જાત્રા કરે છે તે ત્રીજા ભવમાં સિદ્ધિને પામે છે.

તેથી જે જીવો દુર્લભ એવા મનુષ્ય ભવને પામીને શ્રી સિદ્ધાચલની યાત્રા કરે છે તે પોતાના જન્મને સફળ કરે છે અને જે તેવા પ્રકારની સામગ્રીના અભાવથી સ્વયં જાત્રા કરવા માટે અસમર્થ હોવા છતાં પણ યાત્રા કરનાર બીજાઓની અનુમોદના કરે છે, જેમ કે– 'જે જીવો શ્રી સિદ્ધાચલને પોતાની દૃષ્ટિથી જુએ છે, પોતાના શરીરથી સ્પર્શે છે. ત્યાં પોતાના હાથથી શ્રી ઋષભદેવ વગેરે જિનોની પૂજા કરે છે.....' તે જીવો ધન્ય છે.

वपुः पवित्रीकुरु तीर्थयात्रया, चित्तं पवित्रीकुरु धर्मवाञ्छया ।
वित्तं पवित्रीकुरु पात्रदानतः, कुलं पवित्रीकुरु सच्चरित्रतः ॥ १ ॥

**અર્થ–** 'તીર્થ યાત્રાથી શરીરને પવિત્ર કર, ધર્મવાંછાથી ચિત્તને પવિત્ર કર, સુપાત્રદાનથી ધનને પવિત્ર કર, સદાચારથી કુલને પવિત્ર કર.....'

તથા મુક્તિમંદિરમાં ચઢતા એવા જીવોને સુખેથી ચઢવા માટે શ્રેષ્ઠ સોપાનથી જેમ શોભતા શ્રી વિમલાચલ તીર્થરાજને ક્યારે હું પોતાના નેત્રયુગલથી જોઈશ અને ક્યારે પોતાના શરીરથી તેનો સ્પર્શ કરીશ. તે તીર્થના દર્શન આદિ વિના મારો આ જન્મ નકામો જ જાય છે. ઈત્યાદિ ભાવનાને જે પોતાના ચિત્તમાં ભાવે છે તે જીવો પોતાના સ્થાનમાં રહેલા હોવા છતાં તીર્થયાત્રાના ફળને પામે છે. જે જીવો સામગ્રી હોવા છતાં પણ તીર્થયાત્રા કરતાં નથી તે અજ્ઞાની જીવો દીર્ઘ સંસારી જાણવા. તથા શ્રી શત્રુંજય ઉપર કરેલું થોડું પણ પુણ્ય મહાફળને આપનારું થાય છે. કહ્યું છે કે–

न वि तं सुवन्नभूमी–भूसणदानेन अन्नतित्थेसु ।
जं पावइ पुण्णफलं, पूयाण्हवणेण सित्तुंजे ॥ १ ॥

**અર્થ–** જે પુણ્ય શ્રી શત્રુંજય ઉપર પૂજા અને સ્નાનથી પ્રાપ્ત થાય છે તે બીજા તીર્થમાં સુવર્ણ, ભૂમિ અને ભૂષણના દાનથી પણ પ્રાપ્ત થઈ શકતું નથી.

**વળી–** તીર્થયાત્રા કરનારા જીવોએ યાત્રા સમયે 'છ' રીકારવાળા થવું જોઈએ. જેથી તીર્થયાત્રાનો પ્રયાસ વિશિષ્ટતર ઈચ્છિત ફળને આપનારો થાય. જે શબ્દના અંતે 'રી' આવે તેને રીકાર કહેવાય.

'છ' રીકાર આ પ્રમાણે છે–

एकाहारी भूमिसंस्तारकारी, पद्भ्यां चारी शुद्धसम्यक्त्वधारी ।
यात्राकाले यः सचित्तापहारी, पुण्यात्मा स्याद् ब्रह्मचारी विवेकी ॥ १ ॥

**અર્થ–** જે વિવેકી પુણ્યાત્મા યાત્રાના સમયે (૧) એકાહારી (એક વખત આહાર કરનારો) (૨) ભૂમિસંસ્તારકારી (ભૂમિ ઉપર સંથારો કરનારો) (૩) પાદચારી (પગે વિહાર કરનારો) (૪) શુદ્ધ સમ્યક્ત્વધારી (શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનારો) (૫) સચિત્તાપહારી (સચિત્તનો ત્યાગ કરનારો) (૬) બ્રહ્મચારી (બ્રહ્મચર્યનું પાલન કરનારો) થાય તે 'છ' રીકારવાળો થાય છે, અર્થાત્ છ 'રી' નું પાલન કરે છે.

**વળી–**

श्रीतीर्थपान्थरजसा विरजीभवन्ति, तीर्थेषु बम्भ्रमणतो न भवे भ्रमन्ति।
द्रव्यव्ययादिह नराः स्थिरसंपदः स्युः, पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः॥ १ ॥

**અર્થ–** જીવો શ્રી તીર્થના રસ્તાની રજથી કર્મરૂપી રજ વગરના થાય છે. તીર્થમાં વારંવાર ભમવાથી સંસારમાં ભમતા નથી. અહીં દ્રવ્યનો વ્યય કરવાથી જીવો સ્થિર સંપદાવાળા થાય છે. શ્રી જગદીશની પૂજા કરનારા પૂજ્યો થાય છે.

ઇત્યાદિ તીર્થસેવાના મહાફળને જાણીને ભવ્ય આત્માઓએ શ્રી શત્રુંજય આદિ મહાતીર્થ યાત્રામાં આદરવાળા થવું જોઈએ, અને પોતાના દ્રવ્યને સફળ કરવું જોઈએ. તથા તીર્થ તરફ જવાની ઈચ્છાવાળા બીજા ભવ્ય જીવોને ભાથું આદિ આપવા દ્વારા સહાય કરવી જોઈએ.

## શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથમાં જણાવેલો શત્રુંજયનો મહિમા

હે ભવ્યો ! તપ, જપ, દાન અને સત્ફળોનું શું કામ છે ? એકવાર શ્રી શત્રુંજયગિરિનું માહાત્મ્ય શ્રવણ કરો. ધર્મ પામવાની ઈચ્છાથી તમે સર્વ દિશાઓમાં શા માટે ભટક્યા કરો છો ? એકવાર જઈને શ્રીપુંડરીકગિરિની છાયાનો પણ સ્પર્શ કરો, બીજું કાંઈ કરવાની જરૂર નથી. આ માનવજન્મ મેળવી અને અનેક શાસ્ત્રો સાંભળી જે સફળ કરવાનું છે તે સર્વ શત્રુંજયની કથાનું શ્રવણ કરવાથી સફળ થાય છે. હે પ્રાણીઓ ! જો તમારે તત્ત્વ જાણવાની ઈચ્છા હોય અથવા ધર્મ કરવાની

બુદ્ધિ હોય તો બીજું સર્વ છોડી દઈ આ સિદ્ધગિરિનો આશ્રય કરો. શત્રુંજય ગિરિએ જઈને સર્વ જગતને સુખના કારણરૂપ જે જિનેશ્વરનું ધ્યાન કરવું તે અતિ શ્રેષ્ઠ છે. કેમકે તેના જેવું બીજું પરમતીર્થ નથી અને તેના જેવો (જિનધ્યાન જેવો) બીજો શ્રેષ્ઠ ધર્મ નથી. પ્રાણીઓએ, કુલેશ્યાઓથી આપત્તિને આપનારું મન, વચન, અને કાયાવડે ઉપાર્જન કરેલું જે ભયંકર પાપ હોય તે પણ પુંડરીકગિરિના સ્મરણથી નાશ પામી જાય છે. સિંહ, વાઘ, સર્પ, શિકારીપક્ષી અને બીજા પાપી પ્રાણીઓ પણ આ શત્રુંજય તીર્થપર અરિહંતના દર્શનથી સ્વર્ગગામી થાય છે. જે પ્રાણીઓએ સુર, અસુર અને મનુષ્યાદિ ભવોમાંહેલા કોઈપણ ભવમાં આ ગિરિરાજને અવલોક્યો નથી તે પશુરૂપ પ્રાણીઓને કલ્યાણનો ઉદય થતો જ નથી. અન્ય તીર્થોમાં જઈ સારી રીતે ધ્યાન, શીલ, દાન અને પૂજન કર્યાથી જે ફળ પ્રાપ્ત થાય તેનાથી અધિક ફળ આ શત્રુંજયની કથા સાંભળવાથી થાય છે. તેથી હે પ્રાણીઓ ! આ ગિરિરાજનું માહાત્મ્ય મહાભક્તિથી શ્રવણ કરો. તેના શ્રવણમાત્રથી આપત્તિઓ દૂર થાય છે.

## શ્રી મહાવીરસ્વામીના સમયે શ્રીશત્રુંજય પર્વતનું મનોહર દૃશ્ય

એક વખત વૃંદારકોથી (દેવોથી) પરવરેલા શ્રી મહાવીરસ્વામી બાહ્ય અને અંતરંગ (કામ, ક્રોધ, લોભ વિગેરે) શત્રુઓને જય કરનારા શ્રી શત્રુંજયગિરિરાજ ઉપર પધાર્યા. તે વખતે વર્તમાન તીર્થંકરને નમવાને જાણે ત્વરા કરાવતા હોય તેમ ઇંદ્રોનાં આસનો સંભ્રમથી કંપાયમાન થયાં. વીશ ભવનેંદ્રો, બત્રીશ વ્યંતરોના ઇંદ્રો, બે જ્યોતિરિંદ્રો, અને દશ ઊર્ધ્વલોકવાસી વૈમાનિકના ઈંદ્રો, મળી ચોસઠ ઇંદ્રો બીજા ઘણા દેવતાઓથી વીંટાઈને જગત્પતિ શ્રી મહાવીરસ્વામીથી શોભિત એવા તે ગિરિરાજ ઉપર આવ્યા. સર્વ લોકમાં અદ્વિતીય, દર્શનીય એ ગિરિરાજને જોઈ જોઈ દેવતાઓ કૌતુકથી મસ્તક ધુણાવવા લાગ્યા. તે વખતે ઇંદ્ર પોતાના સેવકોને આ પ્રમાણે કહેવા લાગ્યો. "અહો ! સર્વ તરફ વિસ્તારવાળો અને પવિત્ર એવો આ ગિરિરાજ મહા ઉદ્યોતવાળા અમૂલ્ય રત્નોની

અત્યંત પ્રસરતી કાંતિથી ઘણો વિચિત્ર જણાય છે. સુવર્ણનાં શિખરોથી શોભાસંયુક્ત આ ગિરીશ્વર જાણે સર્વ પર્વતોનો પતિ હોવાથી મુગુટો વડે મંડિત હોય તેવો જણાય છે. સુવર્ણના, રૂપાના અને રત્નોના શિખરોથી આકાશને વિચિત્ર રંગવાળુ કરતો અને એકી સાથે ભૂમિ તથા અંતરીક્ષને પવિત્ર કરતો આ ગિરિરાજ પાપને હરણ કરનારો છે. સ્વર્ણગિરિ, બ્રહ્મગિરિ, ઉદયગિરિ અને અર્બુદગિરિ વિગેરે એકસોને આઠ મોટાં શિખરોથી આ ઘણો ઊંચા પ્રકારે શોભે છે. સર્વ તરફ રહેલા અરિહંતોના મંદિરોથી અને યક્ષોના આવાસોથી આ સિદ્ધશૈલ શોભી રહ્યો છે. યક્ષ, કિન્નર, ગંધર્વો, વિદ્યાધરો, દેવતાઓ અને અપ્સરાઓથી નિરંતર સેવાયેલો આ શત્રુંજયગિરિ કાંતિમાન જણાય છે. એ ગિરિની પવિત્ર ગુફાઓમાં રહીને મુમુક્ષુ અને યોગી એવા વિદ્યાધરો, નરો અને નાગકુમારો નિરંતર અર્હન્મય તેજનું ધ્યાન ધરે છે. રસકૂપી, રત્નોની ખાણો અને દિવ્ય ઔષધિઓથી એ ગિરિ સર્વ પર્વતોના ગર્વને ભેદી નાખનારો છે. કસ્તૂરીમૃગોના યૂથથી (ટોળાથી) મયૂરોથી, મદોન્મત્ત કુંજરોથી, અને સંચાર કરતા ચમરીમૃગોથી એ ગિરિની સર્વતરફ અલૌકિક શોભા જણાય છે. મંદાર, પારિજાતક, સંતાન અને હરિચંદન વિગેરે વૃક્ષોથી તથા વિચિત્ર પ્રકારના ચંપક, આસોપાલવ, અને સલ્લકીનાં સુંદર વૃક્ષોથી એ ગિરિ ભરપૂર છે. કેતકી કુસુમોના આમોદથી તેણે સર્વ દિશાઓને સુગંધી કરેલી છે. ઝરતા ઝરણાના જલના ઝણકારથી તે હંમેશા શબ્દમય થઈ રહ્યો છે. માલતી, પાડલ, કૃષ્ણાગુરુ અને આમ્ર વિગેરે વૃક્ષોથી તે સદા પુષ્પ અને ફળવાળો હોવાથી અધિક શોભે છે.

"હે સેવકજનો ! જુઓ આ કલ્પવૃક્ષોની ઘાટી છાયામાં બેઠેલી કિન્નરોની સ્ત્રીઓ, જિનપતિના ગુણોને ગાયન કરતી પોતાના પાપને ખપાવે છે. જુઓ તેઓને પ્રિય એવો આ ગિરિ, ઝરણાના જલમાંથી ઊડતા કણીઆઓના બહાને જાણે મુક્તિરૂપી સુંદરીના હારને માટે મોતી વેરતો હોય તેવો જણાય છે. જુઓ આ એક તરફ ઝરણાના જલબિંદુમાં મેઘની ભ્રાંતિવાળા મયૂરો પ્રભુની આગળ નૃત્ય કરે છે. આ એક તરફ

સહસ્રફણાથી મંડિત એવો પાતાળપતિ (ધરણેન્દ્ર) જિનેશ્વરની પાસે દિવ્ય નાટક કરી રહ્યો છે. આ એક તરફ ખેચરોની સ્ત્રીઓ સુંદર વેષ ધારણ કરી, અને હાથમાં વીણા લઈ ઉત્તમ ગીતોથી અરિહંતની ગુણશ્રેણીનું ગાયન કરતી દેખાય છે. આ એક તરફ જન્મથી જ પરસ્પર વિરોધી એવા પ્રાણીઓ, પ્રભુના મુખને જોતાં પોતાનું વૈર છોડી પરસ્પર ક્રીડા કરે છે. આ એક તરફ સમુદ્રમાં મળતી, શત્રુંજ્યા નદી (હાલ શેત્રુંજી એ નામથી પ્રસિદ્ધ છે) તેના જોનાર અને સાંભળનારની જાણે પુણ્યરેખા હોય તેવી જણાય છે. આ એક તરફ તાલધ્વજ ગિરિના ઉત્સંગમાં થઈ શત્રુંજયાને અનુસરતી તાલધ્વજી સરિતા સમુદ્રને મળે છે. આ એક તરફ ઇંદ્રે રચેલી, પોતાના નિર્મળ જલથી મહોદયને પ્રાપ્ત કરનારી અને પ્રફુલ્લિત કમળોવાળી ઐંદ્રી નદી ઉત્તર દિશામાં શોભે છે. જુઓ આ એક તરફ દિવ્ય જળના કલ્લોલથી શોભથી અને કમળોના મધ્ય ભાગમાં રહેલા હંસ અને સારસ પક્ષીઓએ સેવેલી કમર્દિકા નદી આવેલી છે. આ એક તરફ પ્રભુથી પશ્ચિમ દિશામાં વિશ્વને ઉપકાર કરનારી, અને પાપને હરનારી બ્રાહ્મી નામે નદી સંપૂર્ણ જલયુક્ત શોભે છે. જુઓ આ શત્રુંજયા, ઐંદ્રી, નાગેંદ્રી, કપિલા, યમલા, તાલધ્વજી, યક્ષાંગા, બ્રાહ્મી, માહેશ્વરી, સાભ્રમતી, શબલા, વરતોયા, જયંતિકા, અને ભદ્રા એ ચૌદ મહા નદીઓ ઘણી સુંદર જણાય છે. વળી આમ પૂર્વ દિશામાં અપરિમિત શોભાવાળું સૂર્યોદ્યાન અદ્ભુત જણાય છે, તેની પાસે દક્ષિણ દિશામાં સ્વર્ગોદ્યાન નંદનવનના જેવી કાંતિથી ઝળકે છે. આ પશ્ચિમ દિશામાં મોટું ચંદ્રોદ્યાન ઘણું મનોહર લાગે છે. અને ઉત્તર દિશામાં લક્ષ્મી લીલાવિલાસ નામે ઉદ્યાન આવેલું છે. ચાર દિશાઓમાંથી આવતી લક્ષ્મીઓના કેશપાશ જેવા એ ચાર ઉદ્યાનોથી આ ગિરિરાજ ઘણો દીપી નીકળે છે. આ એક તરફ સુધર્મા ઇંદ્રની આજ્ઞાથી કુબેરે રચેલો ઇંદ્રકુંડ સર્વ પાપનો નાશ કરે છે. આ તરફ ચંદ્રિકાના જેવા ઉજ્જ્વળ જલતરંગોના શબ્દોથી શોભતું ભારત સરોવર જાણે ભરત રાજાનો યશોરાશિ હોય તેમ શોભી રહ્યું છે. આ તરફ મંદ મંદ પવને કંપાવેલા ઊર્મિઓની શ્રેણી વડે લલિત થતું કપર્દિયક્ષનું કપર્દિ સરોવર

સર્વને સુખકારી લાગે છે. આ એક તરફ મુક્તિરૂપી સુંદરીને પોતાની શોભા જોવાનું જાણે દર્પણ હોય, તેવું સર્વતીર્થાવતાર નામે સરોવર તપસ્વી મુનિઓના રાગને પણ વિકાસ કરી રહેલું છે. આ તરફ સુંદર જળવાળા સૂર્યકુંડ, ચંદ્રકુંડ અને તે સિવાય બીજા પણ કુંડો તેઓના બનાવનારાના નામવાળા આવેલા છે.

## રાયણવૃક્ષનો મહિમા

હે ઇંદ્ર ! એવી રીતે આ પવિત્ર તીર્થનો મહિમા સંક્ષેપથી કહ્યો. હવે તેમાં રહેલા તીર્થરૂપ રાજાદની(રાયણ)ના વૃક્ષનો મહિમા સાંભળ. આ રાજાદનીનું વૃક્ષ શાશ્વત છે અને ભગવંત ઋષભદેવની પાદુકા વડે શોભે છે. તે વૃક્ષમાંથી ઝરતી દૂધની ધારાઓ ક્ષણવારમાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. તે પવિત્ર રાયણની નીચે નાભિરાજાના પુત્ર શ્રીઋષભદેવ પ્રભુ અનેક વખત સમોસર્યા હતા તેથી એ વૃક્ષ, તીર્થથી પણ ઉત્તમ તીર્થની પેઠે વંદન કરવા યોગ્ય છે. તેના દરેક પત્ર ઉપર, ફળ ઉપર અને શાખા ઉપર દેવતાઓનાં સ્થાનકો છે, તે માટે એનાં પત્ર ફળાદિક કાંઈ પણ પ્રમાદ વડે છેદવા યોગ્ય નથી. જ્યારે કોઈ સંઘપતિ ભક્તિથી ભરપૂર ચિત્ત વડે એને પ્રદક્ષિણા કરે છે, ત્યારે જો તે હર્ષથી તેના મસ્તક ઉપર દૂધની ધારા વર્ષાવે તો તેનો ઉત્તર કાળ બન્ને લોકમાં (આ ભવ તથા પરભવમાં) સુખકારી થાય છે અને જો તે દૂધની ધારા ન વર્ષાવે તો જાણે ઈર્ષ્યાવાળી હોય તેમ હર્ષ કરનારી થતી નથી. સુવર્ણ, રૂપ્ય, અને મુક્તાફળથી વંદનાપૂર્વક જો તેની પૂજા કરે તો તે સપનામાં આવી સર્વ શુભાશુભ કહી આપે છે. શાકિની, ભૂત, વેતાળ અને રાક્ષસાદિક જેને વળગ્યાં હોય તે પણ જો અહીં આવી તેનું પૂજન કરે તો એ દોષથી મુક્ત થાય છે. એની પૂજા કરનારના અંગ પર એકાંતરો તાવ, તરીઓતાવ, કાળજ્વર અને ઝેર અસર કરી શકતાં નથી. એ વૃક્ષનાં પત્ર, પુષ્પ કે શાખા પ્રમુખ સ્વતઃ પડેલાં હોય તો તે લઈ આવીને જીવની પેઠે સાચવી રાખવાં, જેથી તે સર્વ અરિષ્ટનો નાશ કરે છે. એ રાયણને વચ્ચે સાક્ષી

રાખી જેઓ મૈત્રી બાંધે છે તેઓ સમગ્ર ઐશ્વર્ય સુખ મેળવીને પ્રાંતે પરમપદને પામે છે.

હે ઇંદ્ર ! એ રાયણના વૃક્ષથી પશ્ચિમ તરફ એક દુર્લભ રસકૂપિકા છે. એના રસના ગંધમાત્રથી લોખંડ મટીને સુવર્ણ થાય છે. જેણે અટ્ઠમ તપ કર્યું હોય અને દેવના પૂજા તથા પ્રણામ ઉપર જે ભાવિક હોય, તેવો કોઈ વિરલ પુરુષ, એ રાયણના પ્રસાદથી તે રસકૂપિકાનો રસ મેળવી શકે છે. જો એક રાજાદની ફક્ત પ્રસન્ન હોય તો તેને કલ્પવૃક્ષ, દિવ્ય ઔષધી કે સિદ્ધિની શી જરૂર છે ? હે ઇંદ્ર ! એ વૃક્ષની નીચે ત્રણ જગતના લોકોએ સેવેલી શ્રીયુગાદીશની જે પાદુકા છે તે મહાસિદ્ધિને આપનારી છે તે તમને સુખને અર્થે થાઓ.

# શત્રુંજયસંબંધી કથાઓ

## તીર્થરક્ષાર્થે બારોટોનાં બલિદાન અપાયા છે !

એ હતો મુસ્લિમ બાદશાહ મહમદ. મૂર્તિઓનો એ ભંજક હતો, મંદિરોનો એ કાળ હતો. ભારતમાં અનેક મંદિરોનો નાશ કરતો તે પાલિતાણા આવ્યો. શત્રુંજયતીર્થનાં જૈનોનાં બેનમૂન મંદિરોને ધરાશાયી કરવાં એ એના જીવનની મહત્ત્વકાંક્ષા હતી.

પાલિતાણાનો સમસ્ત જૈન સંઘ ભેગો થયો. પણ વાણિયા કાયર નીકળ્યા. તે વખતે ત્યાં ઉપસ્થિત રહેલા બારોટ લોકોએ તીર્થરક્ષાની જવાબદારી ઉપાડી લીધી. જૈનસંઘે તેમને જણાવ્યું કે જેમનાં બલિદાન અપાશે તે તમામ બારોટોનાં કુટુંબોને વંશવારસાગત રીતે જૈન સંઘ બધી રીતે સંભાળી લેશે.

આ બાજુ ગુપ્ત રીતે બારોટોએ એવી બાતમી મેળવી કે બાદશાહની સામે બળતું મડદું આવી જાય તો બાદશાહ કામેથી પાછો ફરી જાય છે.

પહેલે દિવસે બે બારોટો જીવતા બળી મર્યા. જે સમયે બાદશાહ તીર્થનો નાશ કરવા માટે શત્રુંજયની તળેટી પાસે આવ્યો ત્યાં જ તેણે ચિતામાં બે મડદાં સળગતા જોયા. તરત 'યા ખુદા...' કરતો તે પાછો ફર્યો. સતત ચાલીસ દિવસ સુધી આ ક્રમ ચાલ્યો. એંસી બારોટોએ પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી. હજી તો કેટલાક બારોટો આ રીતે બળી મરવાનો લાભ લેવા માટે પડાપડી કરી રહ્યા હતા. મહમદ પણ આવાં બલિદાનોની પાછળ રહેલો તીર્થરક્ષાનો હેતુ સમજી ગયો જ હતો. તેય મનોમન ત્રાસી તો ગયો જ હતો. ત્યાં વળતા પ્રભાતે બે બારોટોએ મહમદની સામે જ પેટમાં ખંજર મારીને પોતાનાં આંતરડાં બહાર કાઢી નાંખ્યાં. એ કરપીણ દૃશ્ય બાદશાહ જોઈ ન શક્યો.

અને... હંમેશ માટે પાલિતાણા છોડીને ચાલી ગયો.

શ્રીસંઘે બારોટ કોમનું ઉત્કૃષ્ટ રીતે બહુમાન કર્યું.

## આઠ ઉપવાસે પ્રભુદર્શન !

નેમનાથ પ્રભુ ગૃહસ્થ અવસ્થામાં કૃષ્ણ સાથે અહીં યાત્રાર્થે આવેલા, ત્યારે શ્રી નેમનાથ પ્રભુએ કૃષ્ણને આ ગિરિરાજનું મહત્ત્વ બતાવ્યું કે "આ સુવર્ણ ગુફામાં ત્રણ પ્રતિમાજી છે. એમનું જે દર્શન-પૂજન કરે તે સમ્યક્ત્વ પામી ટૂંક સમયમાં (ત્રીજા ભવમાં) મોક્ષે જાય છે." નેમનાથ પ્રભુની આ વાત સાંભળી શ્રી કૃષ્ણે ભગવાનને પૂછ્યું કે "એમના દર્શન શક્ય બને ?" નેમકુમાર કહે "હા, તમારી ઉત્તમ ભાવનાને અઠ્ઠમ કરીને ફળીભૂત કરો." કૃષ્ણને મોક્ષની ઈચ્છા જેટલી વધારે હતી તેના કરતાં ચારિત્રમોહનીય કર્મના બળે કુતૂહલવૃત્તિ વધારે હતી, કે કેવી હશે એ પ્રતિમા ? કેવા હશે એ ભગવાન ? વગેરે ભાવ હતો. નેમનાથ પ્રભુના કહેવાથી ઊપવાસ કરે છે. ત્રણ-ચાર-પાંચ દિવસ પુરા થયા. સત્ત્વ અને ક્ષત્રીયપણું હતું તેથી આગળ વધ્યા. એમ કરતાં આઠ ઉપવાસ થયા એટલે કવડયક્ષ પ્રગટ થયા. કહે "શું કામ છે ?" કૃષ્ણ કહે "મારે રત્નપ્રતિમાજીના દર્શન કરવા છે."

"તમારી સામે જ જુઓ" તેમ કહી તે દેવે હાથ લાંબો કર્યો ને સર્ચલાઈટ-તેજરેખા પર્વતમાં ઊંડે ઊંડે ગઈ, ત્યાં વેદીકા ઉપર ત્રણ સુવર્ણમય પ્રતિમાજી બેઠા છે. આ કૃષ્ણએ દર્શન કર્યા. કવડયક્ષે કહ્યું: "પહેલાં દેવલોકના સૌધર્મેન્દ્રે કાળની વિષમતાથી=પડતો કાળ જાણી અહીં પધરાવ્યા છે તેઓ પોતે રોજ પૂજા કરવા આવે છે."

## પુણ્યશાળીઓના પગલે પ્રભાવ

વસ્તુપાળ-તેજપાળ સંઘ લઈને આવતા હતા. વઢવાણથી ચાર યોજન દૂર એમનો પડાવ હતો. વઢવાણમાં રત્નાશા (છાડા) શેઠ રહેતા હતા. તેમને ત્યાં દક્ષિણાવર્ત શંખ સાત પેઢીથી પૂજાતો આવતો હતો. (તે શંખથી લીલા લહેર થાય). શંખના અધિષ્ઠાયકદેવનું આસન ચલાયમાન થયું. તેણે ઉપયોગ મૂકી વિચાર્યું કે શેઠનું પુણ્ય ઘટી રહ્યું છે, વસ્તુપાળનું પુણ્ય વધે છે. માટે મારો ત્યાં સદુપયોગ થશે. એમ જાણી દેવે શેઠને

સ્વપ્નુ આપ્યું કે "હે શેઠજી ! ત્યાં જાઓ અને વસ્તુપાળને વિનંતી કરી ઘરે બોલાવી લાવો. આ શંખ એમના ચરણે ધરો." શેઠને આ રીતે ત્રણ દિવસ સ્વપ્ના આવ્યા પછી શેઠ સામે ગયા. વસ્તુપાળને આમંત્રણ કર્યું. અને સંઘને લાવ્યા. બહુમાન કરી જમાડી શંખ વસ્તુપાળની આગળ ધર્યો. વસ્તુપાળે શંખ લેવાની ના પાડી "મારે જરૂર નથી" છતાં પણ શેઠે આપ્યો. પુણ્યશાળીને વસ્તુ સામે આવે તો પણ ન ઈચ્છે.

## તીર્થની આશાતના બંધ થઇ...

વિ.સં. ૧૯૬૦ની આ વાત છે. પાલિતાણા રાજ્યને પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થના મુદ્દે જૈન સંઘ સાથે વાંકું પડ્યું હતું. રાજ્યના કઠોર રાજા માનસિંહજીએ જૈનોને દૂભાવવા માટે એક નવી પ્રવૃત્તિ આરંભી : તે પોતે ગિરિરાજની યાત્રા કરવાના નામે પહાડ ઉપર ચડતા, અને ઉપર ગયા પછી પગમાંથી બૂટ કાઢ્યા વિના તેમજ મોંમાં સળગતી બીડી રાખીને તે પીતાં પીતાં તેઓ દાદાના દરબારમાં દર્શન કરવા જાય. આવું તેઓ અવારનવાર કરવા માંડ્યાં. આથી જૈનોની લાગણી ખૂબ દુભાઈ. સંઘે, શ્રમણ પૂજ્યોએ, પેઢીએ રાજાને આમ કરતાં અટકાવવા માટે ઘણી મહેનત કરી, પણ વ્યર્થ.

તે વખતે પંન્યાસ પદવીધર એવા સૂરિસમ્રાટ શ્રી નેમિસૂરિદાદા એ જ અરસામાં અમદાવાદથી શેઠ વાડીલાલ જેઠાલાલનો છ'રી પાલક સંઘ લઈને ત્યાં પધારેલા. સાથે પૂ. આનંદસાગરજી, પૂ. મણિવિજયજી વગેરે પણ હતા. પૂજ્યશ્રીએ પણ બહુ પ્રયત્ન કરી જોયા, પણ રાજા ન માન્યા. છેવટે પૂજ્યશ્રીની સલાહ તથા દોરવણી અનુસાર આ મુદ્દે રાજકોટના પોલિટિકલ એજન્ટની કચેરીમાં ફરિયાદ કરવામાં આવી.

આથી તો દરબાર ઓર ગુસ્સે ભરાયા. તેમણે ગામના મુસ્લિમોને આદેશ કર્યો કે તમે ડુંગર ઉપરના ઈંગારશાપીરના સ્થાનક (દરગાહ) સમક્ષ એક છાપરું (ઓરડા જેવું) બંધાવો. રાજ્ય તમને બધી મદદ કરશે

અને સાથે જાહેર કર્યું કે ત્યાં હું બકરાનો વધ કરીશ અને તેનું લોહી ભગવાન આદિનાથ ઉપર છાંટીશ.

હાહાકાર મચી ગયો આથી તત્કાળ પાલિતાણામાં સંઘ ભેગો થયો. પૂજ્યશ્રીની નિશ્રામાં આ મુદ્દે ઘણો ઊહાપોહ થયો. અજીમગંજના બાબુસાહેબ છત્રપતિસિંહજીએ ત્યાં જાહેર કર્યું કે આવું કાંઈ બને તે પહેલાં હું ઠાકોરને ભરસભામાં ઉડાવી દઈશ, પણ મહાતીર્થની આશાતના નહિ થવા દઉં. પછી ભલે મારું જે થવાનું હોય તે થાય.

મુનિ મણિવિજયજી (સાગરજી મ.ના ભાઈ) તથા ઋદ્ધિવિજયજી વગેરે મુનિવરો પણ તીર્થરક્ષા ખાતર પ્રાણ સમર્પણ કરવા તત્પર થઈ ગયા. ચતુર્વિધ સંઘમાં તીર્થભક્તિનું અદ્ભુત વાતાવરણ ઊભું થયું, પણ પૂજ્યશ્રીએ તરત દોર હાથમાં લઈ લીધો. રાજ સાથે સંબંધો બગાડવાનું જૈનોને પાલવે તેમ નહોતું. કુનેહથી અને કાયદેસર વર્તવામાં જ સૌની સલામતી પણ હતી.

તેઓએ સૌપ્રથમ અમુક સમુદાયને પાલિતાણા રાજની હદની બહાર મોકલી આપ્યો. પછી ભાઈચંદભાઈ નામે એક બાહોશ ગૃહસ્થને આ મામલો કેવી રીતે પતાવી દેવો તે અંગે માર્ગદર્શન આપ્યું અને કામ સોંપ્યું. તે ગૃહસ્થે રાજ તરફથી આ અંગે જાહેર થયેલ આદેશો વગેરેની નકલો અવિધિસર રીતે મેળવી લીધી. પછી એમણે ચુસ્તપણે આયર કોમના આગેવાનોની સાથે બેઠક કરીને તેમનો 'માલ' (બકરાં) વગર કારણે રાજ પડાવી લઈને કાયમ હત્યા કરશે અને તેમનો 'માલ' મફતમાં જશે, તેથી તેમની આજીવિકા નષ્ટ થશે, અને ઘોર હિંસાનું પાપ પણ લાગશે, એ વાત વિસ્તારથી તેમને સમજાવી ઉશ્કેરી મૂક્યા.

ઉશ્કેરાયેલા આયરોએ રાતોરાત ઇંગારશા પીરના થાનકે બંધાનારી છાપરીનો સામાન વગે કરી નાંખ્યો અને પોતાનો 'માલ' ક્યાંયથી ઠાકોરના માણસોને ન મળે તેવો પ્રબંધ પણ ગોઠવી દીધો.

અને એ દરમિયાન જ રાજકોટની કચેરીમાં આણંદજી કલ્યાણજીની પેઢીની તરફેણ કરતો ચૂકાદો આવ્યો, જેમાં તીર્થની આશાતના બંધ કરવાનો રાજા માનસિંહને હુકમ કરવામાં આવેલો. જૈનોએ તે દિવસને મહાન પર્વદિન તરીકે મનાવ્યો.

ઈતિહાસમાં આ પ્રકરણ 'બૂટ-બીડી-કેસ' તરીકે ઓળખાયું છે, અને આ પ્રકરણથી આજની પેઢી ભાગ્યે જ માહિતગાર હશે.

## આજે ભક્તિ કરી લઉં...કાલ કોણે દીઠી છે...

ખંભાતના શ્રેષ્ઠિ વજેચંદભાઈ !

શત્રુંજયનો સંઘ કાઢ્યો છે. સંઘ ધંધુકા પહોંચતા પેઢી કાચી પડ્યાના માઠા સમાચાર આવ્યા. સંઘના યાત્રિકોમાં પણ સમાચાર પ્રસર્યા. નિશ્રાદાતા સૂરિદેવના કાને પણ આ ઘટના આવી. સહુ ચિંતામાં છે સંઘનું શું થશે ? સંઘપતિ વજેચંદભાઈ રસોડાના વ્યવસ્થાપકને તેડાવી પૂછે છે કે કેટલા દિવસ ચાલે તેટલું સીધુ-સામાન છે ? વ્યવસ્થાપકે જવાબ આપ્યો સંઘપતિજી ! થોડી કરકસર કરીશું. શત્રુંજય પહોંચી જઈશું એટલું છે...

શેઠે કહ્યું એક કામ કરો, રોજ તો યાત્રિકોમાં બે મિઠાઈ હોય છે આજે પાંચ મિઠાઈ આપો. પેઢી કાચી પડવા લાગી છે પછી તો સુકૃતનો લાભ ક્યારે મળશે ? આજે તો બધાની ઉછળતી ભક્તિ કરી લઉં ? ભક્તિ કરી જબ્બર પુણ્ય ઉપાર્જન કરી લીધું... આફતને આશિષ બનાવી દીધી.

## શું આ ચમત્કાર નથી...???

એટેકના ત્રણ ત્રણ હુમલા આવી ગયા છે, હાર્ટ પહોળું થઈ ગયું છે, હૃદય નબળું પડી ગયું, ફેફસા બરાબર કાર્ય કરતાં નથી. આવી અનેક સમસ્યાઓના કારણે... પોતાના ઘરમાં રહેલી ૧૨ પગથીયાની સીડીનું એક પણ પગથીયું ચડી શકતા નથી... તેવા ગંભીર દર્દીઓ પણ આ સિદ્ધાચલજીના તેત્રીસોથીયે વધુ પગથીયા... કોઈપણ દવા કે ટ્રીટમેન્ટ

વિના માત્ર શ્રદ્ધાના બળે જ ચડીને ઉતરી જાય છે... છતાંય, કોઈ તકલીફ નહીં શું આ તીર્થરાજનો ચમત્કાર નથી ???

## ટીલાની હાથે સંઘમાળ !

ટીમાણાનો ટીલો. વસ્તુપાળ સંઘ લઈને ગિરિરાજ આવ્યા છે. સંઘમાં હજારો યાત્રિકો છે. આજે સંઘમાળનો દિવસ છે. ગામેગામના સંઘો ઉમટ્યા છે. ટીલો પણ એક ખૂણામાં આવીને ઉભો રહી ગયો છે. એના મનમાં ભાવના ભાવી રહ્યો છે... આવો સંઘ હું ક્યારે કાઢીશ ? વસ્તુપાળ જેવી મારી તાકાત નથી કે હું સંઘ કાઢું. પણ એક વાત છે, સંઘમાળનો લાભ જો મને મળી જાય તોય હું ભાગ્યશાળી બની જાઉં.

સંઘમાળનો ચડાવો શરૂ થયો... ૨૪ લાખ દ્રમ્મ ! ટીલો તો ચૂપ જ થઈ ગયો. વસ્તુપાળે શરૂ કરેલો આ ચડાવો વધતો જ ગયો. ટીલાની એવી તાકાત ન હતી કે તે આટલો મોટો ચડાવો બોલી શકે. છતાં લાભ ન મળ્યાનો ખેદ ટીલાના મુખ પર વરતાતો હતો. સાથે ટીલાનો હાથ પણ થોડી થોડી વારે ખીસ્સામાં જાય, અને બહાર આવે... અને આ દૃશ્ય વસ્તુપાળની નજરથી છૂપું ન રહ્યું.

સંઘમાળના ચડાવા પૂરા થઈ ગયા પછી વસ્તુપાળે ટીલાને બોલાવીને એના હૈયાની ભાવના જાણી લીધી અને પછી ઉદારમનના થઈ એમણે સૌને કહ્યું: સંઘમાળનું પરિધાન ટીમાણા ગામનો ટીલો કરશે. આખી સભા સ્તબ્ધ બની ગઈ. ચડાવો વસ્તુપાળે લીધો છે, સંઘમાળા પહેરવાના અધિકારી મંત્રીશ્વર છે, ટીલાના તો કપડાંના ય ઠેકાણાં નથી, એણે વળી કેટલા દ્રમ આપ્યા છે ?... વગેરે ગણગણાટ શરૂ થઈ ગયો. વસ્તુપાળે સહુને શાંત પાડીને કહ્યું: મેં સંઘમાળના ચડાવામાં આપી કશું આપ્યું નથી, જ્યારે ટીલાએ એનું સર્વસ્વ આપી દીધું છે. મેં જેટલા દ્રમ આપ્યાં છે તેથી કંઈ ગણા વધુ દ્રમ તો હજી મારી તીજોરીમાં પડ્યાં છે. માટે સંઘમાળ પહેરવાનો અધિકાર મારો નહિ પણ ટીલાનો છે.

આજના સુકૃતની અનુમોદના કરતો ટીલો ઘરે પહોંચે છે. રણચંડી જેવી પત્ની ઘરના આંગણે વાટ જોતી ઉભી હોય છે. ખાલી હાથે આવેલા પતિને જોઈને ન સંભળાવવાનું સંભળાવે છે. ઘરમાં બાંધેલા ઢોર પોતાના માલિકને જોઈને રાજીના રેડ થઈ જાય છે. કુદાકુદ કરે છે. દોરડું બાંધેલ ખીલો બહાર આવી જતા સોનામહોરથી ભરેલો ચરુ બહાર આવે છે. ટીલો તો આભો જ બની ગયો. પત્નીને બોલાવીને વાત કરે છે. પત્ની પણ ચકિત થઈ જાય છે. ધર્મનો પ્રભાવ જોઈ પત્નીનો સ્વભાવ પણ બદલાઈ જાય છે. ટીલાને એક સાથે બે ચમત્કાર થઈ ગયા. ટીલો સંઘમાળની બોલીના પૈસા આપવા જતા મંત્રીશ્વરે ના પાડી. ટીલાની હૃદયપૂર્વક ભાવનાની અનુમોદના કરી.

## આંખે દેખી હૈયું હરખ્યું... કાને સુણી મુખ મલક્યું

કળિયુગમાં અસંભવ લાગે છતાં સંભવ કરનારા કચ્છ લાયજાના ગોરેગામવાસી ટોકરસીભાઈ તથા શ્રાવિકા બચુબેને કમાલ કરી. ગિરિરાજની યાત્રાઓનો ઈતિહાસ ઊભો કરી દીધો. પ્રસિદ્ધિ કે નામનાની ખેવના વિના કેવળ દાદા અને ગિરિરાજ પરના આકર્ષણે કેવી હેરતભરી યાત્રાઓ રચી છે. જોઈ લો !

૨૨ નવ્વાણું યાત્રા શત્રુંજયની કરી.

- બ્યાસણાથી એક ૯૯ યાત્રા ૮૦ દિવસમાં.
- એકાસણાથી એક ૯૯ યાત્રા પચાસ દિવસે પૂર્ણ.
- છઠ્ઠના પારણે છઠ્ઠ કરી ૨૭ દિવસમાં એક ૯૯ યાત્રા પૂર્ણ.
- છઠ્ઠના પારણે છઠ્ઠ કરી ૨૫ દિવસમાં એક ૯૯ યાત્રા.
- સાત ૯૯ યાત્રા વર્ષીતપ કરીને.
- ૧૦૮ સળંગ અઠ્ઠમ કરી. દરેક અઠ્ઠમમાં ૧૫ યાત્રાઓ કરી.

- ચાર વખત ૯૯ યાત્રા ૨૦ સ્થાનક તપથી કરી.
- ચાર ૯૯ યાત્રા વર્ષીતપ કરીને.
- ૧૦૮ સળંગ અઠ્ઠમ કરી. દરેક અઠ્ઠમમાં ૧૫ યાત્રાઓ કરી.
- ચાર વખત ૯૯ યાત્રા ૨૦ સ્થાનક તપથી કરી.
- ચાર ૯૯ યાત્રા વર્ષીતપ કરીને.
- ચાર ૯૯ યાત્રા વર્ષીતપ કરીને.
- ૧૦૮ સળંગ અઠ્ઠમ કરી, દરેક અઠ્ઠમમાં ૧૫ યાત્રાઓ કરી.
- ચાર ૯૯ યાત્રા ૨૦ સ્થાનકતપથી કરી.
- ચાર વખત ૯૯ યાત્રા એકાંતરા આયંબિલથી કરી.
- એકાંતરા આયંબિલથી છ ગાઉ કરવાપૂર્વકની ૯૯ યાત્રા.
- દોઢ ગાઉની નવટૂંક સહિત એકાસણા કરવાપૂર્વકની ૯૯ યાત્રા.

શત્રુંજય નદીની સાથે ૩ ગાઉ કરવાપૂર્વકની ૯૯ યાત્રા કરી. હસ્તગિરિ, તળાજા, ગિરનાર, સમેતશિખરજી અને શંખેશ્વરની ૧૦૮ પ્રદક્ષિણા પ્રતિદિન કરવાપૂર્વકની ૯૯ યાત્રાઓ કરી તપશ્ચર્યાઓ તો વાંચી ઝૂકી જવાય.

ઘણી વખત એ જોડીને ગિરિરાજ પર જોઈએ છીએ. આ કાળમાં અશક્ય લાગે છતાં શક્ય કરનારા આ તીર્થપ્રેમી દંપતિની લાખ લાખ વાર અનુમોદના.

- શત્રુંજય તીર્થની ૨૧ વખત ૯૯ યાત્રા કરવાનો સંકલ્પ રાજુભાઈએ કર્યો છે. એમાંથી ૧૭માં ૯૯ યાત્રામાં તળેટીથી જ દાદાના અને તીર્થના ગુણગાન શરૂ કરી દે...પગથીયા ચડતા-ચડતા સિદ્ધાચલ શિખરે દીવો...આદીશ્વર અલબેલો, અલબેલો, અલબેલો કહીને વાતાવરણ પ્રસન્ન બનાવતા જાય...અથવા સિદ્ધગિરિ વંદો રે...સ્તવનની પંક્તિ

લલકારતા ચાલે. ન ચડે શ્વાસ ! ન આવે થાક ! દાદાની અને ગિરિરાજની ભક્તિ હૈયે કેવી વસાવી હશે ? રાજુભાઈ અલબેલાને કોણ નથી ઓળખતું !

● બે યુવાન સગાભાઇ. દાદાની યાત્રાએ આવી ચડ્યા. અચાનક હૃદયના ભાવ પલટાયા. બે પગે તો હંમેશા યાત્રા કરી છે. આ વખતે બે હાથ અને બે પગને ગિરિરાજ પર ટેકવીને ચડવું છે...અને મનના એ શુભ પરિણામને અમલમાં મૂકી દીધો. બે હાથ અને બે પગે ગિરિરાજની સ્પર્શનાનો આનંદ એમના મુખે દેખાતો હતો... ધન્ય ભાવના !

● ત્રણેક સાધ્વીજી ભગવંત. ગિરિરાજની ૯૯ યાત્રા કરતા ગિરિરાજના પગથિયા પ્રત્યે બહુમાન/અહોભાવ જાગી ગયું.

હજારો/લાખો આત્માઓને આ પગથીયા કેટલાં સહયોગી બની રહ્યા છે ! ધન્ય આ ગિરિને ! ધન્ય આ રસ્તાને ! ધન્ય આ પગથિયાઓને ! અને ભાવ પરિણમ્યો કે ચાલો એક એક પગથિયાઓને પૂંજતા જઈએ અને ખમાસમણ આપતા જઈએ. આખા ગિરિરાજના ૩,૬૦૦ પગથિયા પર ખમાસમણ આપી યાત્રા કરી. એ સાધ્વીજીઓ હતા સા. શ્રી પ્રશાન્તગુણાશ્રીજી, સા. શ્રી હ્રીંકારગુણાશ્રીજી, સા. શ્રી વિરાગગુણાશ્રીજી આદિ.

● ગિરનાર-જૂનાગઢના શ્રાવક નામ ભદ્રિકભાઈ ! પૂજ્યપાદ હિમાંશુસૂરિજી મ. પાસે ધર્મ પામ્યા. પૌષધ કરી આયંબિલની ઓળી કરી છ ગાઉની રોજ યાત્રા કરવી. એ રીતે ૯૯ યાત્રા કરવાનો સંકલ્પ પૂરો કર્યો. છ ગાઉની યાત્રા કરી બપોરે ૨ વાગ્યે આદપર ગામે પહોંચે ત્યાં જ ધર્મશાળામાં મુકામ રાખેલ. બપોરના ૩/૩ા વાગ્યે આયંબિલ કરે. ધન્ય ભાવના ! ધન્ય પુરુષાર્થ !

● એક રાજસ્થાની શ્રાવક ! ચોવિહારી છટ્ઠ કરી સાત યાત્રા કરવી એવી ૯૯ છટ્ઠ કરવી અને દરેક છટ્ઠમાં સાત યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. જબ્બર વીર્યોલ્લાસ ફોરવી આ સંકલ્પ સાકાર કર્યો.

● કચ્છ નાના આસંબીયાનો શ્રાવક. નામે કાંતિલાલ. સાવ એકવડીયું શરીર. દાદાના દર્શને ભાવોલ્લાસ જાગી ગયો. અઠ્ઠમનું પચ્ચક્ખાણ લેતાં જ મનમાં ભાવના થઈ માસક્ષમણ થઈ જાય તો કેવું સારું ? બસ ભાવને અમલીકરણ કરાવ્યું. માસક્ષમણ પૂર્ણ કર્યું. અને રોજ પગે ચાલીને યાત્રા કરી. પારણાના દિવસે પણ યાત્રા કરી પછી જ પારણું કર્યું.

● ગામ કચ્છ ગોધરાના વયોવૃદ્ધ માજી ભચીમાની તીર્થયાત્રા મસ્તક ઝુકાવી દે. બાવીસ ૯૯ યાત્રા પૂર્ણ કરી અને ૮૫ વર્ષની ઉંમરે સાત માસક્ષમણ આ ગિરિરાજ પર આરાધી લીધા.

● તખતગઢની ધર્મશાળામાં ૯૯ કરવા પધારેલી સાબરમતીની ૧૭/૧૮ વર્ષની તરુણી. યાત્રા કરતા દાદા સાથે પ્રીતિ બંધાણી...યાત્રાનો છેલ્લો દિવસ... આંખો વિરહની વેદનાથી ઉભરાઇ. ઓહ ! હવે ઘરે જવાનું...? અંતર વલોવાયું. પ્રભુના ભાવ સામ્રાજ્યનો સ્પર્શ થયો. હાથ જોડાયા. પ્રતિજ્ઞા લેવા મનમાં સત્ત્વ જાગ્યું ! ગુરુદેવ છ માસમાં ચારિત્ર લેવું... હાલ યાવજ્જીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા આપો. મક્કમ મનની તરુણી આખરે પ્રતિજ્ઞાનું શણગાર બની. પ્રભુની પ્રીતિ શું આપે ? વિરતિની પ્રાપ્તિ !

● માટુંગાનો કુમારપાળ ! સાજ-શણગાર અને ભાવ-ભાવિકો સાથે ગિરિરાજની યાત્રાએ પધાર્યો ! ૧૫/૧૭ મજૂરોના મસ્તકે વિરાટ કદના ફળ-નૈવેદ્ય-મેવા-મીઠાઈ મૂકાવ્યા. જરકશી જામા પોતે પહેર્યા. પગે ઘૂંઘરા બાંધ્યા. ચારેક થાળ મોતીના ભરાવ્યા. ચારેક થાળ પુષ્પોના ભરાવ્યા. અક્ષતોના થાળ સજાવ્યા. લાંબી ધૂપશિખાઓ સાથે લીધી. સુગંધી અત્તરની ઝારીઓ ભરી. ગિરિરાજના ગીતગાન કરતા યાત્રા આરંભી. હાલતા જાય, ચઢતા જાય, મોતી અક્ષત ફૂલડે વધાવતા જાય. જોનાર થંભી જાય, જોતા હરખી જાય. દૃશ્ય નીરખી પુલકિત થઇ જાય. ઉદારતા સાથે ઉત્તમતા. ધન્ય યાત્રા ! ધન્ય ભાવના !

● રમેશભાઇ અંબરનાથના પ્રજ્ઞાચક્ષુ હતા. પત્નિ સાથે ૯૯ યાત્રા કરવા પધાર્યા. રોજની એક યાત્રા સાથે કરે. ચડતા અને ઉતરતા બન્ને જણા નવકાર ગૂંજાવ્યા કરે. ચોવિહારી છઠ્ઠ કરી સાત યાત્રા કરી. બંધ આંખે ગિરિરાજને પોકાર્યો... આંતર ચક્ષુથી ગિરિરાજના સામ્રાજ્યને માણ્યો. હૈયાનો ઉમંગ તો જોવા જેવો હતો.

● એક ભાઈએ ગિરિરાજની આરાધનામાં અલખ લગાવી. ૯૧ દિવસીય સમૂહ ૯૯ યાત્રામાં સંપૂર્ણ મૌનના પચ્ચક્ખાણ લીધા. રોજ રાયણવૃક્ષ નીચે ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યો.

● ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજાએ ૪૦૦ ચોવિહાર છઠ્ઠ કરી દરેક છઠ્ઠમાં સાત સાત યાત્રા કરી.

● સા. શ્રી નયપૂર્ણાશ્રીજીનું શ્રેણિતપ ચાલે. દરેક બારીમાં દાદાની સામે જ પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા. તમામ ઉપવાસોમાં દાદાની ભક્તિ કરી.

● ગિરિવિહારના એક સાધ્વીજીની ૧૦૦ મી ઓળી ચાલે. રોજ યાત્રાએ પધારે. ૫૦ આયંબિલ થયા. ભાવની ભરતી ચડી. દાદા ! હવેના ૫૦ આયંબિલ રોટલી અને કરિયાતાથી કરવાની શક્તિ આપજે એવી પ્રાર્થના કરી પ્રયાસ પણ કર્યો. આખરે એ તમન્ના પૂરી પણ કરી.

● રૂચકચંદ્રસૂરિ દાદા ! ચારિત્રના ખપી આત્મા. ગામડાના ભોળિયા ભગવાન. પ્રભુ ! એવી શક્તિ આપજે તારા ધામે ૧૦૮ વખત સંઘ લઇને આવું. એ હૃદયની તમન્ના. આજુબાજુથી ઘણાં સંઘો લાવી ગિરિરાજની ભક્તિ કરી/કરાવી રહ્યા છે.

● અમેરિકાના અરવિંદભાઇ ! વ્યસ્તતા ભરી જીવનલાઇફમાંથી બે મહિના માટે શત્રુંજય દોડી આવ્યા. ૯૯ યાત્રા કરી. ગિરિરાજની ઉછળતી ભક્તિ કરી. જતા જતા તમામ જિનબિંબો સમક્ષ 'નમુત્થુણં'નો પાઠ કરતા ગયા.

● કચ્છ ગોધરાના ખીમજી રણશીના પુત્ર પ્રેમજીભાઈની એવી ભાવના કે બસ તારક ગિરિરાજ અને ગિરિરાજના તમામ જિનબિંબોની પૂજા કરવી છે. ૯૯ યાત્રા કરતા જાય રોજના ૩૦૦ જિનબિંબોની પૂજા કરતા જાય.

● ત્રણ આરાધકોના હૈયા હલી ગયા. કંઈક ભવોમાં જીવોની ઘણી વિરાધના કરી છે. એ તમામ જીવોની ક્ષમાયાચના કરવા દાદાના રંગમંડપમાં પ્રભુ સામે જામી ગયા. સવારના ૬-૩૦ થી સાંજના પાંચ વાગ્યા સુધી ઇરિયાવહીનો પાઠ કરી જીવમૈત્રી સાથે પ્રભુમૈત્રી બાંધી.

● ગિરિરાજના પગથીએ પગથીએ અષ્ટપ્રકારી પૂજા કરનારા જોયા... તો ગિરિરાજમાં ઉત્તમ દ્રવ્યો/ઉપકરણો ધરતા દેખ્યા...

ગિરિરાજની તમામ ધર્મશાળાના મુનિમજીઓ, તમામ પૂજારીઓ, તમામ કર્મચારીઓ, તમામ ઘોડાવાળાઓ, તમામ ફૂલવાળાઓનું બહુમાન કરતા ભાવિકોની વિવિધતા અને વિશેષતાના દૃશ્યો દેખ્યા. તો ધર્મશાળામાં સ્થિરવાસ બિરાજમાન પૂજ્યોને સ્વદ્રવ્યથી ડોળીઓ કરાવી દિવસો સુધી ક્રમ ચાલુ રખાવી સહુને દાદાનો સ્પર્શ કરાવ્યાનો અનોખો લાભ લેતા જોયું.

● ભાવનગરના અંતુભાઇ ઘેટીવાળા દ્વારા કરાતી વેયાવચ્ચભક્તિ નિહાળી, તો વર્ધમાન તપ આયંબિલ ખાતાવાળા પ્રફુલ્લભાઈની નમ્રતા અને સૂજભરી ઉદારતાએ હૈયુ ગદ્ ગદ્ બનાવ્યું છે.

ધન્ય ભાવિકો ! ધન્ય ભાવના !!

ગિરિરાજના કણકણને સાર્થક અને સફળ કરનારા નામી/અનામી આત્માઓને હૃદયના વંદન...

## કરસન ચોપદાર ! તારી નિષ્ઠાને ધન્ય છે.

ભક્તિના ક્ષેત્રે પણ નિષ્ઠાની બોલંબોલા છે. ભક્તિમાર્ગના મુસાફિર ભક્તો એવા અફર-અડોલ હોવા જોઇએ કે ભગવાન પ્રત્યે કે એના માટે ગાઇ શકાય કે, 'મેરુ રે ડગે પણ એનાં મન ન ડગે...' ન કોઇ દુન્યવી

આકર્ષણ એને ભગવાન પ્રત્યેના નિશ્ચિત ધોરણથી ડગાવી શકે, કે ન કોઈ આફત એને એમાંથી ચલાવી શકે ! આવા નિષ્ઠાવંત ભક્તો માટે કહી શકાય કે એ કાયાથી ભલે મીટી જાય, પણ કીર્તિથી મીટી શકતાં નથી. અમીટ રહી જાય છે. વાંચો, આવા એક નિષ્ઠાવંત ભક્તની અમીટ કીર્તિકથાઃ-

દેશમાં જ્યારે રાજાશાહીનો યુગ હતો ત્યારની વાત. ત્યારે પાલિતાણામાં દરબાર માનસિંહનું રાજ ચાલે. રાજા સ્વભાવના હઠીલા અને ધાર્યું કરવાવાળા માણસ. એથી એ સિંહાસનના રાજા બની શક્યાં હતા, પણ લોકહૃદયના રાજા બની શક્યા ન હતા. લોકહૃદયના રાજા તો હતા શત્રુંજય તીર્થાધિરાજના અધિપતિ દાદા આદિનાથ.

ગામમાં કરસન ચોપદાર નામે દાદા આદિનાથનો એક પાકો ભગત રહે. એની ભક્તિ નિષ્ઠાસભર હતી. એના નિશ્ચિત ધોરણમાં એ કોઈ બાંધછોડ ન કરે. શત્રુંજયગિરિરાજ પરનો દાદાનો દરબાર ખૂલે ત્યારે વહેલી સવારે એ છડી પોકારવા હાજર જ હોય. એના કંઠમાં અષાઢી મેઘનો ગુંજારવ ગુંજે. તો એના શબ્દોમાં અર્જુનના ગાંડીવ-ધનુષ્યનો ટંકાર ગુંજે. એ હૃદયની ઊંડી શ્રદ્ધાથી છડી પુકારે ત્યારે ભલભલા ભાવુકો પુતળાની જેમ થંભી જઈને તલ્લીનતાથી એને સાંભળ્યા કરે. રોજ ચાર વાર અલગ અલગ સમયે એ છડી પોકારે.

વિજયાદશમીનો દિવસ. દરબાર માનસિંહ હાથીના હોદ્દે બેસીને વિજય સવારીએ નીકળ્યા. સવારી ફરતી ફરતી ખીજડીયા ઓટલા તરફ આવી. આજે જ્યાં વલ્લભવિહાર છે એની સામે ત્યારે આ ખીજડીયો ઓટલો હતો. ખીજડાની છાયામાં કરસન ચોપદાર થોડા ગામજનો સાથે બેઠો હતો. હાથીના હોદ્દે આરૂઢ દરબારે કરસનને જોયો અને એમને કરસનની છડીઓ જનજીભે ગવાતી પ્રશસ્તિ યાદ આવી ગઈ. તાનમાં આવી ગયેલા દરબારે ત્યાં જ પ્રસ્તાવ મૂક્યો કે, 'કરસન ! એકવાર તું મારા નામની છડી પોકારી લે તો મારી આ ભવ્ય સવારીમાં ઓર રંગ

આવી જાય. અને હા, જો તું મારું આ વેણ રાખે તો કાયમ માટે મારા રાજનું ઘેટીગામ તને દાનમાં આપી દઉં !!'

સાંભળનારા સહુ આંચકો ખાઈ ગયા. આટલું મોટું ઇનામ સાંભળીને પણ એ સહુ વધુ આંચકો તો કરસનનો ઉત્તર સાંભળીને ખાઈ ગયા. કરસને ક્ષણના વિલંબ વિના નીડરતાથી બેધડક ઉત્તર આપ્યો કે, 'બાપુ ! છડી તો મારા દાદા આદિનાથની સામે જ બોલાય. ઘેટી તો શું, તમારું આખું રાજ આપી દો ય તમારા નામની છડી હું ના બોલું !' સહુ એક અવાજે આફ્રીન પોકારી ગયા કરસન ચોપદારની આ નીડરતાથી નિષ્ઠા ઉપર !!

આવો, આપણે પણ આવી નિષ્ઠાસભર ભક્તિને આત્મસાત્ કરવાપૂર્વક ગાઈએ કે, 'મેવા મળે કે ન મળે મારે સેવા તમારી કરવી છે.'

## શત્રુંજયતીર્થ સ્પર્શનાનું ફળ

- નંદીશ્વરદ્વીપની જાત્રા કરવાથી જે પુણ્ય થાય તેનાથી બે ગણું પુણ્ય કુંડલગિરિની યાત્રા કરવાથી થાય.
- તેનાથી ત્રણગણું પુણ્ય રુચકગિરિની યાત્રા કરવાથી થાય.
- - તેનાથી ચારગણું પુણ્ય ગજદંતગિરિની યાત્રા કરવાથી થાય.
- તેનાથી બે ગણું પુણ્ય જંબૂવૃક્ષ ઉપર રહેલા ચૈત્યો વાંદવાથી થાય.
- તેનાથી છ ગણું પુણ્ય ધાતકીવૃક્ષ ઉપર રહેલા ચૈત્યો વાંદવાથી થાય.
- તેનાથી બારગણું પુણ્ય પુષ્કરદ્વીપના ચૈત્યો વાંદવાથી થાય.
- તેનાથી સોગણું પુણ્ય મેરુપર્વતની ચૂલિકા ઉપરના ચૈત્યો વાંદવાથી થાય.
- તેનાથી હજારગણું પુણ્ય સમેતશિખરની યાત્રાથી થાય.

- તેનાથી દશહજાર ગણું પુણ્ય અંજનગિરિની યાત્રાથી થાય.
- તેનાથી લાખ ગણું પુણ્ય રૈવતગિરિની યાત્રાથી થાય.
- તેનાથી ક્રોડ ગણું પુણ્ય શત્રુંજયની સ્પર્શના કરવાથી થાય (ઉપદેશપ્રાસાદ)
- શત્રુંજય પર્વતને જોયા વિના શત્રુંજયે યાત્રા જતાં સંઘનું વાત્સલ્ય કરે તો ક્રોડ ગણું પુણ્ય થાય. (શ્રાદ્ધવિધિ)
- અન્ય સ્થાનમાં ક્રોડ પૂર્વ સુધી ક્રિયા કરતા જેટલું શુભ ફળ પામે તેટલું ફળ આ તીર્થમાં નિર્મલતાથી કરે તો અંતર્મુહૂર્તમાં પામે. (શ્રાદ્ધવિધિ)
- શત્રુંજય તીર્થમાં રથ મૂકવાથી ચક્રવર્તી થાય. (શ્રાદ્ધવિધિ)
- રાયણવૃક્ષના દરેક પાંદડામાં, ફળમાં, થડમાં દેવવાસ છે. માટે છેદવા નહીં.
- આ વૃક્ષને પૂજવાથી તાવ ઉતરી જાય.
- બે મિત્રો, બે બેનપણી થતાં આ વૃક્ષની સાક્ષી રાખે તો સુખી થાય.
- વૃક્ષ નીચે પડેલી છાલ, પાંદડાનું પાણી કરીને પીએ અથવા શરીર ઉપર સ્મરણ કરીને ચોપડે તો દુષ્ટ રોગ નાશ પામે.
- સોનાની ચોરી કરી હોય તો- ચૈત્રી પૂનમનો ઉપવાસ કરી યાત્રા કરવાથી શુદ્ધ થાય.
- વસ્ત્રની ચોરી કરી હોય તો-આ તીર્થે સાત આયંબિલથી શુદ્ધ થાય.
- કાંસા, તાંબા-પીત્તળની ચોરી કરી હોય તો-સાત દિવસ પુરિમડ્ઢ તપ કરવાથી શુદ્ધ થાય.
- મોતી-પરવાળાની ચોરી કરી હોય તો-૧૫ આયંબિલથી શુદ્ધ થાય.

- અન્ન-જલની ચોરી કરી હોય તો-સુપાત્ર દાનથી શુદ્ધ થાય.
- પશુઓની ચોરી કરી હોય તો-મૂળનાયકની પૂજાથી શુદ્ધ થાય.
- રાજભંડારમાંથી ચોરી કરી હોય તો-કાર્તિક માસમાં સાત આયંબિલથી શુદ્ધ થાય.
- સધવા, વિધવા, સાધ્વી સાથે ગમન કરનાર-છ મહિના સુધી તપ કરવાથી શુદ્ધ થાય.
- બીજાની વસ્તુ પોતે રાખી મૂકે તો-છ માસ સામાયિકથી શુદ્ધ થાય.

## શત્રુંજયનો મહિમા

- આ તીર્થનું ધ્યાન ધરવાથી-૧,૦૦૦ પલ્યોપમ જેટલા કર્મો નાશ પામે છે.
- આ તીર્થ ઉપર અભિગ્રહ ધારવાથી- લાખ પલ્યોપમ જેટલા કર્મો નાશ પામે છે.
- આ તીર્થ તરફ ચાલવાથી-એક સાગરોપમ જેટલાં કર્મો નાશ પામે છે. (શત્રુંજયકલ્પવૃત્તિ)
- આ તીર્થ પર નવકારશી કરવાથી-બે ઉપવાસનો લાભ.
- પોરસી કરવાથી-ત્રણ ઉપવાસનો લાભ.
- પુરિમડ્ઢ કરવાથી-ચાર ઉપવાસનો લાભ.
- એકાસણું કરવાથી-પાંચ ઉપવાસનો લાભ.
- આયંબિલ કરવાથી-પંદર ઉપવાસનો લાભ.
- ઉપવાસ કરવાથી-ત્રીસ ઉપવાસનો લાભ. (શત્રુંજયકલ્પવૃત્તિ)
- આ તીર્થ ઉપર ધૂપ કરવાથી-૧૫ ઉપવાસનો લાભ.

- અને કપૂરનો ધૂપ કરવાથી-માસક્ષમણનો લાભ થાય છે. (શત્રુંજયકલ્પવૃત્તિ)
- શત્રુંજય તીર્થના દર્શન અને પૂજનથી-૩૦ ઉપવાસનો લાભ.
- તળેટીમાં એક પહોર જાગરણ કરવાથી-છ મહિનાના ઉપવાસનો લાભ.
- શત્રુંજય તીર્થની ચોવિહારી છટ્ઠ કરી સાત યાત્રા કરવાથી-ત્રીજે ભવે મોક્ષ.
- ચૈત્રી પૂનમના દિવસે ૧૦, ૨૦, ૩૦, ૪૦ અને ૫૦ પુષ્પોની માળા ચઢાવવાથી અનુક્રમે ૧, ૨, ૩, ૪, ૫ ઉપવાસનો લાભ થાય. (ઉપદેશપ્રાસાદ સા. ૧૩)
- સવારે ઉઠીને શત્રુંજયની સ્તુતિ કરવાથી સર્વ પાપોનો નાશ થાય. અન્ય તીર્થોને વિષે હજારો યાત્રા કરવાથી જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય આ તીર્થની યાત્રા કરવાથી થાય. (ઉપદેશપ્રાસાદ)
- તીર્થોદ્‌ભાવના તથા તીર્થોન્નતિના કારણે શત્રુંજય ઉપર જેવો તેવો સંયમી પણ પૂજનીક છે. (શત્રુંજયમાહાત્મ્ય)
- ભરત ચક્રવર્તીએ જિર્ણોદ્ધાર કરાવ્યા પછી ૧૦ લાખ ખેચરોએ એવો અભિગ્રહ કર્યો કે અમો સર્વદા અહીં જિનપૂજા કરશું. (પુંડરીકચરિત્ર)
- દેવદત્ત જ્યારે પુંડરીક ગણધરના હાથે સંયમ લે છે તે વખતે તેમની સાથે ૧૦,૦૦૦ જૈન શ્રાવકો સંયમ લે છે.
- ભરત ચક્રવર્તીએ શત્રુંજય તળેટીમાં ૨૨ યોજન વિસ્તારવાળું પાંચ કરોડ ઘરો વસાવીને નગર બનાવેલું. તેમાં ૨૫ લાખ જિનાલયો, પાંચ લાખ પૌષધશાળા અને પાંચ કરોડ બ્રાહ્મણો-શ્રાવકો વસાવેલા. (પુંડરીકચરિત્ર)

- પાર્શ્વનાથ ભગવાનના ભાઈ હસ્તિસેને સંઘ કાઢેલ તે વખતે રાયણ વૃક્ષમાંથી દૂધ ઝરેલ.
- ૫૦૦ વર્ષ પહેલાં દેવમંગલ ગણીએ ચંદનતલાવડી પાસે અઠ્ઠમ કરેલ તે વખતે કપર્દિ યક્ષે આદિનાથની રત્નમય પ્રતિમા બતાવેલ તેથી ત્રીજા ભવે મોક્ષે ગયેલ.

## ગિરિરાજ પર આવેલ ઐતિહાસિક મહાસંઘો

શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર રાસમાં ભરત ચક્રવર્તીથી માંડીને સમરાશા વિ. સં. ૧૩૭૧ સુધીના સંઘપતિઓની યાદી ટૂંકમાં નીચે મુજબ છે.

૧. શ્રી ભરત ચક્રવર્તીના સમયમાં ૯૯ ક્રોડ ૮૯ લાખ ૮૪ હજાર રાજાઓ સંઘપતિ બન્યા છે.

૨. શ્રી સગર ચક્રવર્તીના સમયમાં ૫૦ ક્રોડ ૯૫ લાખ ૧૫ હજાર રાજાઓ સંઘપતિ બન્યા છે.

૩. પાંડવો તથા જાવડશા (વિ. સં. ૧૦૮, ૧૩ મો ઉદ્ધાર જાવડશાનો) સુધીના સમયમાં ૨૫ ક્રોડ ૯૫ લાખ ૭૫ હાજાર મહારાજાઓ સંઘપતિ બન્યા છે.

૪. વિક્રમ રાજાએ તીર્થનો વિશાળ સંઘ કાઢ્યો હતો.

૫. વસ્તુપાળ-તેજપાળે ૧૨ાા વખત સંઘ કાઢ્યા.

૬. ત્રણ લાખ ચોરાશી સમકિતવંત શ્રાવકો સંઘપતિ બન્યા હતા.

૭. સત્તરહજાર ભાવસાર શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૮. સોળહજાર ખત્રી શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૯. પંદરહજાર બ્રાહ્મણ શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૦. બારહજાર કુલંબી (કડવા પટેલ) શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૧. નવહજાર લેઉઆ પટેલ શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૨. પાંચહજાર પિસ્તાલીશ કંસારા શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૩. સાતસો મહેર હરિજન તલેટી સુધીના સંઘપતિ બન્યા છે. આશાતના ન થાય તે માટે ગિરિરાજ ઉપર ગયા નથી.

નાના મોટા સંઘપતિઓ મળી અવસર્પિણી કાળમાં અસંખ્ય સંઘપતિઓ થયા છે.

**હમણાનાં ઇતિહાસમાં**

- અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં સમેતશિખરજી તીર્થથી શત્રુંજય તીર્થ સુધીનો સાડા પાંચ માસ સુધીનો વિશાળ સંઘ નીકળ્યો.
- એ જ પૂજ્યશ્રીની નિશ્રામાં કચ્છ ગોધરાથી પાલિતાણા વાયા જામનગર થઇ વિશાળ સંઘ થયેલ.
- જામનગરના પોપટલાલ ધારશીનો સંઘ પણ વિશિષ્ટ હતો.
- આ. શ્રી ગુણરત્નસૂરિજી મ., પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ., પૂ. આ. શ્રી અરિહંતસિદ્ધસૂરિજી મ., પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મ., પૂ. સાગરજી મ. ઈત્યાદિ સમુદાયોમાં પ્રતિ વર્ષે શત્રુંજયના સંઘો વિશિષ્ટતા ભર્યા નીકળી રહ્યા છે.
- આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શેઠશ્રી નરશી નાથાએ ઘોઘાથી પાલિતાણાનો એક લાખ શ્રાવકોનો સંઘ કાઢેલ. ભાવનગરની ધરતી પર ગોડીજી દેરાસરમાં પ્રતિમાઓ ભરાવી.
- પૂના નિવાસી 'ધર્મવીર' પરિવારના રામલાલજી અને છગનલાલજીએ પૂ.આ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના વીસ આચાર્ય ભગવંતોની નિશ્રામાં શાસનપ્રભાવક સંઘ કાઢ્યો.

## • સંઘપતિઓ અને સંઘનું વર્ણન •

**• ભરત મહારાજાનો સંઘ :**

સૌ પ્રથમ ભરત ચક્રવર્તીનો શત્રુંજયનો સંઘ નીકળેલ. જેમાં ૩૨,૦૦૦ મુકુટબદ્ધ રાજાઓ, ૩૨,૦૦૦ નાટકીયાઓ, ૮૪ લાખ વાજીંત્રો, ૩ લાખ મંત્રીઓ, ૮૪ લાખ હાથીઓ, ૫ લાખ દીવીધારણ કરનારા, ૮૪ લાખ ઘોડાઓ, ૧૬,૦૦૦ યક્ષો, ૮૪ લાખ રથો, ૧૦ કરોડ ધજાઓ, ૧,૨૮,૦૦૦ વારાંગનાઓ, ૩ કરોડ વ્યાપારીઓ, ૩૨ કરોડ સુથારો, સવા કરોડ ભરતના પુત્રો, કરોડ સાધુ-સાધ્વીજીઓ, ૯૯ કરોડ સંઘપતિઓ હતા. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**• આમ રાજાનો એક પ્રસંગ :**

બપ્પભટ્ટસૂરિએ વ્યાખ્યાનમાં ગિરનારજીતીર્થનો મહિમા વર્ણવ્યો. એ વખતે આ રાજાએ અભિગ્રહ લીધો કે નેમનાથ પ્રભુના દર્શન વિના ભોજન કરવું નહીં. એ રાજાની સાથે જ બીજા ૧૦૦૦ શ્રાવકોએ અભિગ્રહ લીધો. તરત જ સંઘની તૈયારી કરી ગિરનારનો સંઘ કાઢ્યો. એ સંઘમાં ૧ લાખ સુભટ, ૧ લાખ ઘોડાઓ, ૭૦૦ હાથીઓ, ૨૦,૦૦૦ ઊંટો, ૩ લાખ પાડા તથા વીસહજાર શ્રાવકોનો પરિવાર હતો.

**• વિક્રમ રાજાનો સંઘ :**

વિક્રમરાજાના સંઘમાં ૨૬૯ સોનાનાં દેરાસર, ૧,૧૦,૦૯,૦૦૦ બળદગાડા, ૫૦૦ હાથીદાંતના દેરાસર, ૧૮ લાખ ઘોડાઓ, ૫૦૦ ચંદનના દેરાસર, ૭૯,૦૦૦ હાથીઓ, ૭૦ લાખ શ્રાવક પરિવાર, ૭૬.૦૦૦ ઊંટો, ૫,૦૦૦ આચાર્યો, ૪ કરોડ સ્ત્રીઓ હતી. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**• પાંચ પાંડવોનો સંઘ :**

પાંચ પાંડવોના સંઘમાં ૩૦૦ સોનાનાં જિનાલય, બે કરોડ શ્રાવકો, ૮૦૦ ચાંદીના જિનાલય, ૮૦૦ આચાર્યો, ૮,૦૦૦ સાધુઓ, ૫૦,૦૦૦ હાથીઓ, ૮૦૦ રાજાઓ, ૮ લાખ ઘોડાઓ, ૧ કરોડ શેઠીયાઓ હતા. કૃષ્ણ મહારાજા સંઘ સાથે પધારેલા. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**● કૃષ્ણ મહારાજાનો સંઘ :**

કૃષ્ણ મહારાજના સંઘમાં ૫૦૦ સોનાનાં દેરાસર, હજારો સાધુ-સાધ્વીજીઓ, ૧૭૦૦ લાકડાના દેરાસર, ૨૪ કરોડ મુનિઓ હતા.

આંબળા જેવડા મોતીઓ વડે શત્રુંજયને વધાવેલ. પરિવાર સહિત રાજાએ દરેક મૂર્તિની પૂજા કરેલ. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**● દશરથ રાજાનો સંઘ :**

દશરથ રાજાના સંઘમાં ૭૦૦ સોનાનાં જિનાલય, ૮૦૦ સંઘપતિઓ, ૪ હાથીદાંતના જિનાલય, ૧૦૦ રાજાઓ, ૫ કરોડ મનુષ્યો હતા. દરેક ગામે સ્વામીવાત્સલ્ય થતું. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**● રામચંદ્રજીનો સંઘ :**

રામચંદ્રજીના સંઘમાં ૫૦૦ સોનાનાં દેરાસર, ૧૯ કરોડ પાડાઓ (પાણી માટે), ૭૧૨ ચાંદીના દેરાસર, ૧૦,૦૦૦ હાથીઓ, ૫૦૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ કરોડ ઘોડાઓ, ૭ કરોડ ગાડાઓ, કરોડ સાધુ-સાધ્વીજી હતા. હીરા-મોતીથી રાયણવૃક્ષને વધાવેલ. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**● વિ. સં. ૧૪૬૮માં નિકળેલ ગુણરાજ શ્રાવકનો સંઘ :**

ગુણરાજના સંઘમાં ૭૦૦ રથો, ૮૦૦ ઊંટો, ૫૦૦ ઘોડાઓ, ૪૦૦ પિત્તલના ઘડાઓ, ૩૬,૦૦૦ શય્યાપાલકો, ૫૦૦ પાડાઓ, હજારો પાલખીઓ, ૨ લાખ મનુષ્યો, શ્રી સોમસુંદરસૂરિજી જેવા ૧૦૦ આચાર્યો હતા. સોપારકનગરમાં ૬૦,૦૦૦ ટંક વાપરેલ. ૨,૦૦૦ ટંક સોનૈયા શ્રી મુનિસુંદરવિજયના ઉપાધ્યાયપદમાં વાપરેલ. (શત્રુંજયકલ્પવૃત્તિ)

**● સં. ૧૬૫૭માં નિકળેલ સંઘવી હેમરાજનો સંઘ :**

સંઘવી હેમરાજના સંઘમાં ૭૦૦ લાકડાંના દેરાસર, ૪૭ બળદો, ૧૫૧૦ ઘોડાઓ, ૧૪,૦૦૦ ગાડાઓ, ૨,૨૦૦ ઊંટ, ૧૦૦ રસોઇયાઓ, ૯૦ પાલખીવાળાઓ, ૧૪ લુહાર, ૭૬૦ પાડાઓ પાણી માટે, ૭ પાણીની પરબ,

૧૫૧૦ જિનાલયો, ૯૯ શ્રીકરી (મીયાના), ૩૦૦ પાણીની પખાલો, રસોઈ માટે ૧૦૦ કડાયાં રાખેલા. ૧૦૦ તંબોલી, ૧૦૦ પંચકુલ, ૨૩૦ દુકાનો, ૧૭૫૨ કાષ્ઠના ભારા વહન કરનારા હતા. ૩૬ આચાર્યો પધાર્યા હતા.

સંઘમાળ વખતે બધાને વસ્ત્રની લ્હાણી કરી. આ સંઘમાં બારક્રોડ સોનામહોરનો ખર્ચ કરેલ. (સુકૃત સાગર) (ઉપદેશસપ્તતિકા)

**● માંડવગઢથી શત્રુંજય ગિરનાર તીર્થનો ઝાંઝણ મંત્રીનો મહાસંઘ :**

ઝાંઝણ મંત્રીના સંઘમાં ૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ આચાર્યો, ૧૨,૦૦૦ ગાડાઓ, ૧,૨૦૦ ઉંટ, ૧૨ મોટા સંઘવીઓ સાથે, ૨,૦૦૦ સૈનિકો, ૫૦,૦૦૦ પોઠિયા (સામાન માટે), ૧,૦૦૦ ઘોડેસ્વારો, અઢી લાખ શ્રાવક-શ્રાવિકાઓ હતા. તીર્થપ્રવેશ વખતે સાત લાખ માણસો હતા.

એ વખતે લક્ષ્મણજી તીર્થમાં ૧૦૧ જિનાલયો અને ૨,૦૦૦ જૈનોનાં ઘર હતાં. ઝાંઝણ મંત્રીનો સંઘ સં. ૧,૩૪૦ મહા સુદ-૫ ના દિવસે નીકળેલ. (સમ્રાટ-સંપ્રતિ)

## કુમારપાળ રાજાના સંઘની વિશિષ્ટતા

- કુમારપાળ રાજાના સંઘમાં ૨,૮૦૦ દેરાસર, ૧૧,૦૦૦ હાથીઓ (ઉપર રત્નજડીત અંબાડી), ૫,૦૦૦ સાધુઓ, ૧૧ લાખ ઘોડાઓ, ૧૬ લાખ યાત્રિકો, ૫૦,૦૦૦ રથ હતા, દરેક ગામે રત્નજડીત ધજા ચડાવતાં. (કુમારપાલ પ્રબંધ)
- કુમારપાળના સંઘમાં વાગ્ભટ્ટાદિ ૨૪ મંત્રીઓ હતા. નગરશેઠનો પુત્ર આભડદે જ્યાં જ્યાં સંઘનો પડાવ થતો ત્યાં ઘરદીઠ સોનૈયાની લ્હાણી કરતો. દેપાળ કવિ, કપર્દિ ભંડારી, છાડા શેઠ વગેરે સાથે હતા. આ સંઘમાં હરખચંદ શેઠ તથા હરપાળ શેઠ પ્રેમપૂર્વક વૃદ્ધ તથા બાળકોની ભક્તિ કરતાં. દેવો શેઠ અને દુદો શેઠ સાકરનાં પાણીની પરબ સંભાળતા. આંબોશેઠ અને અબજીશેઠ મોદકના

હાટ મંડાવી લ્હાણી કરતા. ખોખોશેઠ અને ખીમજીશેઠ હાથ પહોળો રાખી ગુપ્તદાન કરતાં. ભદોશેઠ અને ભૂપતશેઠ રસ્તામાં ઠંડા પાણીની વ્યવસ્થા કરતાં. થાવરશેઠ, થોભોશેઠ અને લખમશી શેઠ શેરડી, કેળાં વગેરે ફળ આપી ભક્તિ કરતાં.

આ સંઘ જ્યારે ધંધુકા પહોંચ્યો ત્યારે ઘરદીઠ થાળી સહિત સોનામહોરની લ્હાણી કરેલ. ગિરિરાજને પરવાળા તથા મોતીથી વધાવેલ. મૂળનાયકને નવ અંગે નવ લાખ કિંમતના રત્નો મૂક્યા તથા સુવર્ણમય એકવીશ ધજાઓ ચઢાવી. આ સંઘની તીર્થમાળાનો લાભ જગડશાહે સવા કરોડ દ્રવ્ય બોલીને લીધેલ. (કુમારપાલ રાસમાંથી)

- ઉપલદેવ રાજાએ આચાર્ય રત્નપ્રભસૂરિની નિશ્રામાં સંઘ કાઢેલ જેમાં સોના-ચાંદીના દેરાસર અને લાખ યાત્રિકો હતા.
- સમ્રાટ ચંદ્રગુપ્ત રાજાના સંઘમાં પાંચ લાખ યાત્રિકો હતો.
- સંપ્રતિ રાજાના સંઘમાં ૫,૦૦૦ આચાર્યો અને પાંચ લાખ યાત્રિકો હતા. ૨,૦૮૦ દેરાસર હતાં.
- સારંગશાહે ખંભાતથી શિખરજીનો સંઘ કાઢેલ જેમાં આચાર્ય કક્કસૂરિજી, બીજા ૫,૦૦૦ આચાર્યો, ૫,૦૦૦ દેરાસર હતા, કુલ ૧૨ કરોડનો ખર્ચ કરેલ. (પાર્શ્વનાથ પરંપરાનો ઈતિહાસ)

**• વસ્તુપાલ-તેજપાલનો સંઘ**

વસ્તુપાલ-તેજપાલના સંઘમાં ૨૪ રથ હાથીદાંતના, ૧,૧૦૦ દિગંબર સાધુઓ, ૪,૫૦૦ સહેજવાલા, ૪૦૮ ઊંટો, ૪,૫૦૦ ગાદલા, ૪,૫૦૦ ગાયકો, ૧,૧૦૦ કંદોઈ (માત્ર મિઠાઈ માટે), ૫૦૦ પાલખીઓ, ૩,૩૦૦ ચારણો, ૭૦૦ સુખાસન, ૩,૮૦૦ ભાટચારણો, ૨,૦૦૦ સાધુઓ, ૧,૩૫૦ કુંભારો, ૭ લાખ દીવીધરા, ૫૦૦ સુથારો, ૪,૫૦૦ રથો, ૧૮૦ પિત્તલની પાલખીઓ, ૭૦૦ આચાર્યો, ૩,૦૦૦ ઘોડાઓ, ૭૦૦ પાડાઓ, ૩,૦૦૦ હાથીઓ હતા. (પ્રભાવક ચરિત્ર)

**● વસ્તુપાલ તેજપાલના ૧૨ા સંઘનો સમય :**

- પ્રથમ સંઘ ૧૨૪૯માં માતાપિતાની હાજરીમાં.

- બીજો સંઘ ૧૨૭૩માં માતાપિતાનાં આત્મશ્રેયાર્થે કરેલ.

| | | |
|---|---|---|
| ૧લો સંઘ | વિ.સં. ૧૨૭૭માં | શત્રુંજય ગિરનારનો |
| ૨જો સંઘ | વિ.સં. ૧૨૮૩માં | શત્રુંજયનો |
| ૩જો સંઘ | વિ.સં. ૧૨૮૪માં | શત્રુંજયનો |
| ૪થો સંઘ | વિ.સં. ૧૨૮૫માં | શત્રુંજયનો |
| ૫મો સંઘ | વિ.સં. ૧૨૮૬માં | શત્રુંજયનો |
| ૬ઠ્ઠો સંઘ | વિ.સં. ૧૨૮૭માં | શત્રુંજયનો |
| ૭મો સંઘ | વિ.સં. ૧૨૮૯માં | શત્રુંજય ગિરનારનો |
| ૮મો સંઘ | વિ.સં. ૧૨૯૦માં | શત્રુંજય ગિરનારનો |
| ૯મો સંઘ | વિ.સં. ૧૨૯૧માં | શત્રુંજય ગિરનારનો |
| ૧૦મો સંઘ | વિ.સં. ૧૨૯૨માં | શત્રુંજય ગિરનારનો |
| ૧૧મો સંઘ | વિ.સં. ૧૨૯૩માં | શત્રુંજય ગિરનારનો |
| ૧૨મો સંઘ | વિ.સં. ૧૨૯૪માં | શત્રુંજય ગિરનારનો |

## ગિરિરાજની ગરિમા

- અતિમુક્તક કેવલી ભગવંતે નારદ ઋષિને ગિરિરાજનો મહિમા આ પ્રમાણે કહેલો.

૧. અન્ય તીર્થમાં ઉગ્રતપસ્યાથી બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ અહીં માત્ર રહેવાથી પ્રાપ્ત થઈ જાય છે.

૨. ગિરિરાજ ઉપર એક ઉપવાસ કરવાથી એક કરોડ મનુષ્યને ભોજન કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે.

૩. ત્રણે લોકના તીર્થના દર્શન ગિરિરાજની સ્પર્શના માત્રથી થઈ જાય છે.

## ગરવા ગિરિરાજ ઉપર કુલ ભગવાન કેટલા ?

| ટૂંક | ટૂંકનું નામ | કુલ ભગવાન | નવપદજી | ગુરુમૂર્તિ | પગલાં |
|---|---|---|---|---|---|
| ૧. | દાદાની ટૂંક (મોટી ટૂંક) | ૫૭૬૭ | ૬૪ | ૧૬ | ૪૬૯+૧૪૫૨-ગણધરના પગલા |
| ૨. | મોતીશા શેઠની ટૂંક | ૩૨૨૫ | ૧૬ | ૧ | ૧+૧૪૫૨-ગણધરના પગલા |
| ૩. | બાલાભાઈની ટૂંક | ૧૭૫૪ | ૪૯ | - | ૧ |
| ૪. | શ્રી મોદીની ટૂંક | ૫૫૯ | - | - | ૧૨+૧૪૫૨-ગણધરના પગલા - |
| ૫. | શેઠ હેમભાઈની ટૂંક | ૩૩૭ | - | ૧ | ૩ પગલા |
| ૬. | ઉજમબાઈની ટૂંક | ૨૭૨ | - | - | - |
| ૭. | શાકરશાહની ટૂંક (પાંચ પાંડવમંદિર અને સહસ્રકુટ મળી) | ૧૮૭ | - | - | ૧૦ પગલા |
| ૮. | છીપાવસીની ટૂંક<br>બહારના નાના દેરાસરો | ૨૧<br>૪૫ | -<br>- | -<br>- | -<br>૨ પગલા |
| ૯. | ચૌમુખજીની ટૂંક | ૧૧૫૮ | ૪ | ૫ | ૩૨૮+૧૪૫૨ ગણધરના પગલા તથા થાવચ્ચા પુત્ર ૧,૦૦૦ શિષ્યોના તથા ભગવાન નેમિનાથ સાથે દીક્ષા લેનાર ૧,૦૦૦ મહાત્માના પગલા. સેલકાચાર્ય સાથે મોક્ષ પામનાર ૫૦૦ મહાત્માના પગલા. |

**પર્વત ઉપર :** ૧૪૯૦૭ ભગવાન + ૧૩૩ નવપદજી + ૩૭ ગુરુમૂર્તિ+૮૪૫ પગલા+ચાર સ્થાને ચૌદસો બાવન ગણધર પગલા.

૪. જે સ્થાનોમાં કેવળજ્ઞાની તથા સાધુઓ નિર્વાણ પામ્યા છે, તે સ્થાનોને ગિરિરાજને વંદના કરવાથી વંદના થઈ જાય છે.

૫. અષ્ટાપદ, સમેતશિખર, પાવાપુરી, ગિરનાર, ચંપાપુરી વગેરે તીર્થના દર્શન વંદન કરતા શતગણું ફળ આ તીર્થના દર્શન વંદનથી મળે છે.

૬. અત્રે પૂજા કરવાથી સોગણું, પ્રતિમા સ્થાપન કરવાથી હજારગણું તથા તીર્થનું રક્ષણ કરવાથી અનંતગણુ ફળ પ્રાપ્ત થાય છે.

૭. જે અત્રે પ્રતિમા ભરાવે છે, તે અવશ્ય ચક્રવર્તી પદ પામે છે.

૮. અત્રે એક તપનું સો ગણું ફળ પ્રાપ્ત થાય છે, અને છઠ્ઠ કરીને સાત જાત્રા કરે તો ત્રીજા ભવે અવશ્ય મુક્તિ પામે છે.

૯. શત્રુંજયની નદીમાં સ્નાન કરનાર ભવ્યાત્મા ગણાય છે.

૧૦. આ તીર્થના દર્શનથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે. (સારાવલી પયન્ના)

## આટલું પણ જાણી લ્યો !

શાંતિનાથના દેરાસરની પાસે ૩૦ હાથ ગયા પછી સોના-ચાંદીની ખાણ અને રસકૂપિકા છે. ભવિષ્યમાં જિર્ણોદ્ધાર માટે અગવડ ન પડે માટે રત્નની ખાણ પણ છે.

- ઋષભકૂટમાં રહેલા ઋષભદેવની પ્રતિમાથી પૂર્વ દિશામાં ૩૦ ધનુષ્ય નીચે જઈએ પછી અટ્ઠમ કરી બળી-બાકળાની વિધિ કરે તો વૈરુટ્યાદેવીના દર્શન થાય. તે કામ પૂછે ત્યારે 'એકાવતારી થવા માટે આદિનાથના દર્શન કરવા છે.' તેમ કહે ત્યારે દેવી કહે મારી પાછળ ચાલ. દેવી અંદર જઈ શિલા ખસેડે. ત્યાં ઋષભદેવની પ્રતિમાના દર્શન કરવાથી એકાવતારી થવાય. ત્યાં એક ઉપવાસ કરે તો સર્વસિદ્ધિ સંપન્ન થાય. આ બધું જોવા/મેળવવા ચારિત્ર બુદ્ધિની, ગુરુનિશ્રાનું બળ, તપની શક્તિ અને ચરણકરણાનુયોગની ભૂમિકા જોઈએ.

- ચંદન તલાવડીની નીચે ભોંયરું છે. કવડયક્ષના સહાયથી ત્યાં જવાય તો અનેક પ્રતિમાજીના દર્શન થાય.
- પાંચ પાંડવોએ ઋષભદેવનું દેરાસર બંધાવ્યું તેની ઉત્તરમાં એક ગુફા છે. તે ગુફા ઠેઠ ચંદન તલાવડી સુધી જાય છે. તેમાં અનેક પ્રભુ પ્રતિમાઓ છે.
- ૮મા ઉદયમાં સૌથી પહેલા શ્રીપ્રભ નામના યુગપ્રધાન આચાર્ય થશે. તે સમયમાં કલકી નામનો રાજા થવાનો જે સાધુઓ પાસે ગોચરીનો છઠ્ઠો ભાગ માંગશે. સાધુઓ નહિ આપે એટલે સાધુઓને જેલમાં પૂરશે. સૌધર્મેન્દ્ર આવી કલકીનો નાશ કરશે. તેનો પુત્ર દત્ત એટલો જ ધર્મી છે જે શત્રુંજયનો ઉદ્ધાર કરાવશે.
- આ કલકી રાજા થયા પહેલા મહાનીશિથ સૂત્રનો વિચ્છેદ થશે. તે વખતે વાદળા વિના ૪૮ કલાકે સૂર્ય દેખાશે નહીં.
- શત્રુંજય નદીમાં સ્નાન કરી ત્રણ સંધ્યાએ આસો, ભાદરવો અને વૈશાખમાં 'નમો અરિહંતાણં'નો જાપ કરે તે તીર્થંકર નામકર્મ બાંધે.

(વિવિધ તીર્થકલ્પ-શ્રી જિનપ્રભસૂરિ દ્વારા રચાયેલ એના આધારે)

## મારા મનોરથો...

- શત્રુંજય ગિરિરાજની યાત્રા ક્યારે કરીશ ?
- ક્યારે ત્યાં ચાતુર્માસ કરીશ ?
- ક્યારે ૯૯ યાત્રા કરીશ ?
- ક્યારે ચોવિહાર છઠ્ઠ કરી સાત યાત્રા કરીશ ?
- ક્યારે ગિરિરાજના પગથિયાનું ગિરિપૂજન કરીશ ?
- ક્યારે ગિરિરાજના તમામ જિનપ્રતિમાને વંદના કરીશ ?
- ગિરિરાજ પર મારો પણ મોક્ષ ક્યારે થશે ?

(પેજ નં. ૩૦ થી ૫૬ સુધીનું લખાણ જય શત્રુંજયમાંથી થોડા સુધારા-વધારા સાથે ઉદ્ધૃત કરેલ છે.)

# શ્રી શત્રુંજયના ઉદ્ધારો

હવે આપણે શ્રી શત્રુંજય તીર્થના થયેલા ઉદ્ધારોનું નિરીક્ષણ કરીએ.

## ઉદ્ધાર પહેલો

એકવાર આદિનાથ ભગવાન વિનીતાનગરીના સિદ્ધાર્થ ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં દેવોએ સમવસરણની રચના કરી. પ્રભુએ બાર [1]પર્ષદા સમક્ષ દેશના આપી. દેશનાના અંતે ભરત ચક્રીએ પ્રભુજીને પૂછ્યું: સંઘપતિ પદથી કયું શુભ ફળ પ્રાપ્ત થાય ? પ્રભુએ કહ્યું: સંઘપતિ પદ અત્યંત દુર્લભ છે. ઇંદ્રપદ, ચક્રવર્તીપદ વગેરે દુનિયાનાં બધાં પદોથી સંઘપતિ પદ અત્યંત શ્રેષ્ઠ છે. સંઘપતિ પદથી દર્શનશુદ્ધિ દ્વારા તીર્થંકર નામકર્મ બંધાય. શ્રીસંઘ શ્રી અરિહંતને પણ સદા પૂજ્ય છે. આવા સંઘનો જે પતિ થાય તે તો જલદી સંસાર સાગરને તરી જાય. પછી ભરત ચક્રીએ પૂછ્યુ: આવો સંઘપતિ કોણ થાય ? પ્રભુએ કહ્યું: જે ચતુર્વિધસંઘની સાથે ચાલીને તીર્થયાત્રા માટે જાય, તીર્થયાત્રા દરમિયાન પાંચ[2] પ્રકારનું દાન કરતો રહે, ગુર્વાજ્ઞામાં તત્પર હોય, સમ્યગ્દર્શનમાં સ્થિર હોય, ચતુર્વિધ સંઘની દરરોજ ઉત્તમ ભક્તિ કરતો હોય તે સંઘપતિ થાય છે. આવો સંઘપતિ દેવોને પણ પૂજ્ય થાય છે, તથા તે જ ભવમાં કે ત્રીજા ભવમાં મુક્તિને પામે છે. આ સાંભળીને ભરત ચક્રીએ કહ્યું: હે પ્રભુજી ! મારા ઉપર પ્રસન્ન થાઓ કે જેથી હું સંઘપતિપદને પામું. આથી પ્રભુએ ભરતજી ઉપર અક્ષત સહિત વાસક્ષેપ નાખ્યો. શક્ર ઇંદ્રે દિવ્યમાળા મંગાવીને ભરતજી અને તેની પત્ની સુભદ્રાના કંઠમાં તે માળા પહેરાવી. પછી ભરત ચક્રી અયોધ્યામાં આવ્યા. સર્વસ્થળે આમંત્રણ મોકલીને શ્રી સંઘોને બોલાવ્યા.

---

૧. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો, ચાર પ્રકારની દેવીઓ, સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ એમ બાર પર્ષદા છે.

૨. અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, અનુકંપાદાન અને ઉચિતદાન એમ દાનના પાંચ પ્રકાર છે.

યાત્રાના પ્રારંભમાં અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. જે જે સંઘો આવવા લાગ્યા તેમને ભરતચક્રી ભાવથી સન્માન આપવા લાગ્યા. વિઘ્નશાંતિ માટે શાંતિકર્મ કરાવ્યું. ગણધર દેવોના મંત્રોથી પ્રત્યક્ષ થયેલા દેવોએ નિર્વિઘ્ને યાત્રા કરાવવાને માટે સંઘમાં આવવાનો સ્વીકાર કર્યો. શક્ર ઇંદ્રે સુવર્ણના દેવાલય સાથે આદિનાથની પ્રતિમા આપી. અગણિત શ્રાવક-શ્રાવિકાઓ, બાહુબલિ વગેરે સાધુ-સાધ્વીઓ, ગણધરો વગેરે વિશાળ સંઘની સાથે ભરતચક્રીએ પ્રયાણ કર્યું. [1]વર્ધકી રત્નથી દરેક સ્થળે નિવાસની રચના કરવામાં આવતી હતી. અનુક્રમે સંઘ સૌરાષ્ટ્રમાં આવ્યો. સૌરાષ્ટ્રનો રાજા શક્તિસિંહ સામે આવ્યો. આ શક્તિસિંહ આદિનાથના સુરાષ્ટ્ર નામના પુત્રનો પુત્ર હતો. શક્તિસિંહે ભરતને પ્રણામ કર્યા. ભરતજી તેમને ભેટી પડ્યા. પછી ભરતચક્રીએ કહ્યુંઃ આ દેશનું સુરાષ્ટ્ર નામ સફલ છે= સાર્થક છે. અન્યદેશવાસીને પ્રાપ્ત ન થાય તેવું શત્રુંજય તીર્થ આ દેશને પ્રાપ્ત થયું છે. આ ગિરિરાજની છાયાનો અને તે તરફના પવનનો જો સ્પર્શ થાય તો તે ચંદ્રના કિરણની જેમ જગતને પાપ અને તાપથી રહિત કરે છે. આ ગિરિને જોતાં જ મારું મન આનંદ પામે છે, અને મારો આત્મા પ્રસન્ન થાય છે. તેથી આ તીર્થ અત્યંત પવિત્ર છે એ નિશ્ચિત થાય છે.

દૂરથી પર્વત દેખાતાં ભરતચક્રીએ નાભિગણધરને પૂછ્યુંઃ હે ભગવંત ! આ પર્વતની કેવી રીતે પૂજા કરવી ? ગણધરદેવે કહ્યુંઃ ગિરિરાજ દૃષ્ટિમાં પડે ત્યારે નમસ્કાર કરવો, ચતુર્વિધ સંઘ સહિત યથાશક્તિ મોતી વગેરેથી વધાવવો, ચોખાનો સાથિયો કરીને સ્તુતિ કરવા પૂર્વક ચૈત્યવંદન કરવું. સંઘપતિએ ઉપવાસ કરવો. બીજાઓએ પણ યથાશક્તિ તપ કરવો. પછી ભરતજીએ તે પ્રમાણે કર્યું.

પછી પુંડરિકગિરિની નજીક વર્ધકીરત્ન દ્વારા વિનીતાનગરી જેવું એક નગર રચાવ્યું. સુંદર માર્ગો, મહેલો, બગીચાઓ, વાવડીઓ વગેરેથી

૧. વર્ધકી=સુથાર. ચક્રીના ચૌદરત્નમાંનું એક રત્ન. જે નિવાસ આદિ કરવામાં નિપુણ હોય છે.

તે નગર જોનારને આનંદ આપતું હોવાથી તેનું આનંદપુર નામ રાખવામાં આવ્યું.

ચતુર્વિધ સંઘ ગિરિ ઉપર ચઢ્યો. ભરતજી ઉત્તરબાજુના માર્ગે ચઢ્યા. બીજા બધા લોકો કૌતુકથી જુદાજુદા માર્ગે ચઢતા હતા. ઉત્કૃષ્ટ તપસ્વી અને લોકોથી પરિવરેલા ચિલ્લણ મુનિ પશ્ચિમ માર્ગથી ચઢતા હતા. દશ યોજન સુધી ચઢ્યા પછી બધાને ઘણી તૃષા લાગી. આથી ચિલ્લણમુનિને કહ્યું: હે મુનિવર ! પ્રાણ જાય તેવી તૃષા લાગી છે. જો આ રીતે અમારા પ્રાણ જશે તો અમે જિનના ચરણ કમલના દર્શનથી વંચિત રહીશું. આથી મુનિએ પાણીનું એક સ્થાન બતાવ્યું. લોકો બોલ્યાઃ આટલા પાણીથી બધાની તૃષા શમે તેમ નથી. કૃપા કરીને તપલબ્ધિથી પાણી ઉત્પન્ન કરો. આથી મુનિએ તપલબ્ધિથી સરોવર કર્યું. બધાએ તૃષા દૂર કરી. ચિલ્લણ મુનિએ આ સરોવર કર્યું છે એમ વિચારીને તેનું ચિલ્લણસરોવર[1] એવું નામ રાખ્યું.

ક્રમશઃ સંઘ પહેલા શિખર ઉપર આવ્યો. તે વખતે ભક્તિરંગથી, ભરત પરના સ્નેહથી અને સંઘના દર્શન કરવાની ઇચ્છાથી સૌધર્મેન્દ્ર ત્યાં આવ્યા. ભરતજી અને ઇંદ્ર ભેટી પડ્યા. ભરતજીએ ઇંદ્રની સાથે રાયણવૃક્ષને પ્રદક્ષિણા આપી. તે વૃક્ષની નીચે મણિમય પીઠિકા ઉપર ઇંદ્રે પોતે ઋષભદેવની ચરણપાદુકા કરાવી હતી. ઈંદ્રે તે પાદુકા ભરતજીને બતાવી. ભરતજીએ પાદુકાને નમસ્કાર કર્યા, ચંદન-બરાશથી વિલેપનપૂજા કરી. પુષ્પો ચડાવીને પુષ્પપૂજા કરી.

ઇંદ્રે ભરતચક્રીને કહ્યું: કાળના વશથી મનુષ્યો ઉત્તરોત્તર હીનગુણવાળા થતા જાય છે. તેથી આ ગિરિ ઉપર પ્રભુની મૂર્તિ વિના કોઈ શ્રદ્ધા કરશે નહિ. પ્રભુના ચરણથી પવિત્ર થયેલો ગિરિરાજ સ્વયં

---

૧. વર્તમાનમાં આ સ્થાન ચંદન તલાવડી એવા નામથી ઓળખાય છે. ફાગણ સુદ ૧૩ના દિવસે થતી છગાઉની યાત્રામાં રસ્તામાં ચંદનતલાવડી આવે છે.

તીર્થરૂપ છે, તો પણ લોકોની ભાવના વિશેષ વધે એ માટે આ પર્વત ઉપર જિનનો વિશાલ પ્રાસાદ થવો જોઈએ. હમણાં આદિનાથ જયવંતા વર્તે છે, માટે તેમની મૂર્તિવાળું અને વિનીતાનગરીમાં જેવું જિનમંદિર છે તેવું જિનમંદિર અહીં કરાવો. અથવા જેમ બાહુબલિએ તક્ષશિલામાં ચોરાશી મંડપવાળું મંદિર કરાવ્યું છે તેવું મંદિર કરાવો. આ સાંભળીને ભરતજીની ભાવનામાં વૃદ્ધિ થઈ. આથી ભરતજીએ વર્ધકીરત્નને તેવું મંદિર બનાવવા આજ્ઞા કરી. તેણે સુવર્ણનો મણિમય **ત્રૈલોક્યવિભ્રમ** નામે વિશાળ પ્રાસાદ બનાવ્યો. તે પ્રાસાદ દરેક દિશામાં ૨૧-૨૧ એમ ૮૪ મંડપોથી સુશોભિત હતો. દ્વારે દ્વારે મણિમય તોરણો ચારે દિશામાં શોભી રહ્યા હતા. મધ્યમાં રંગ-બેરંગી ઝુમરો ઝુલતાં હતાં. અગણિત ગોખલાઓ, રત્નમયી વેદિકાઓ, જાળીઓ અને અટારીઓ શોભી રહી હતી. મધ્યમાં આદિનાથ પ્રભુની રત્નમયમૂર્તિ શોભતી હતી. પ્રભુપ્રતિમાજીની બંને બાજુએ શ્રીપુંડરીક સ્વામીની મૂર્તિઓ બિરાજિત કરેલી હતી. કાયોત્સર્ગમાં રહેલ આદિનાથની મૂર્તિ અને તેની બંને બાજુ તલવાર ખેંચીને રહેલા નમિ-વિનમિની મૂર્તિ કરાવી. એક બાજુ ત્રણ ગઢની મધ્યમાં રહેલા કેવલજ્ઞાની પ્રભુ ચતુર્મુખે ધર્મદેશના આપતા હોય તેવી મૂર્તિ બિરાજમાન કરી. તેમની આગળ શ્રી આદિનાથ ઉપર દૃષ્ટિ રાખી, અંજલિ જોડી, ઊભેલી પોતાની (=ભરતની) મૂર્તિ કરાવી. એ સિવાય નાભિરાજા, મરુદેવામાતા, સુનંદા, સુમંગલા, બ્રાહ્મી અને સુંદરી એ દરેકની એક એકથી ચઢે તેવી મૂર્તિઓ કરાવી. અન્ય જુદા સુવર્ણના મંદિરો કરાવીને તેમાં ભાવી અજિતનાથ આદિ ૨૩ તીર્થંકરોના મણિમય બિંબોને પોતપોતાના વર્ણ જેવા અને દેહના માન પ્રમાણે સ્થાપિત કર્યા. તથા પોતાના બીજા બંધુઓની પણ મણિરત્નમય મૂર્તિઓ કરાવીને નવા પ્રાસાદમાં સ્થાપિત કરી.

આ કાર્ય પૂર્ણ થયા પછી ભરતજીએ કાર્ય કરનારા માણસો, શિલ્પીઓ, ચિત્રકારો અને રક્ષકો વગેરેનું સન્માન કર્યું. નિત્ય પૂજા કરવા માટે જરૂરી બધી સામગ્રી ત્યાં મૂકી. ગૌમુખયક્ષ અને ચક્રેશ્વરી દેવી એ

બે તીર્થરક્ષક બન્યા. શ્રી નાભિગણધર, બાહુબલિ, નમિ-વિનમિ, આચાર્યો વગેરેની પાવનનિશ્રામાં ઇંદ્ર વગેરે દેવસમૂહની અને ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ભરતજીએ મહાન મહોત્સવપૂર્વક બધાં મંદિરોની વિધિમુજબ પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા બાદ શ્રીનાભિ ગણધરે ધર્મોપદેશ આપ્યો. ભરતજીએ શત્રુંજય તીર્થના મંદિરોની પૂજા માટે સંપૂર્ણ સુરાષ્ટ્ર દેશ આપ્યું. આથી તે દેશ 'દેવદેશ' એવી પ્રસિદ્ધિને પામ્યો. ત્યારબાદ ભરતજીએ શત્રુંજયનાં બીજાં અનેક શિખરો ઉપર જિનમંદિરો કરાવ્યાં.

ત્યારબાદ ભરતજીએ શત્રુંજયનું પાંચમું શીખર ગણાતા શ્રી ગિરનારતીર્થની યાત્રા કરવા માટે શત્રુંજય તીર્થથી પ્રયાણ કર્યું. તીર્થને દૂરથી જોઈને ભરતચક્રીએ ઉપવાસ કરીને ત્યાં જ આવાસ કર્યો, પછી શત્રુંજય તીર્થની જેમ સંઘ સાથે હર્ષથી તીર્થપૂજા કરી. ત્યાં તે અવસરે શક્તિસિંહે ઉત્તમ ભોજનથી સંઘની ભક્તિ કરી. ગિરનાર પર્વત ઉપર ચડવાના સરળ માર્ગો ન હોવાથી ભરતજીએ ચાર સ્થળેથી ચડવાના સરળ માર્ગો કરાવ્યા. સંઘ ઉપર ચડ્યો. શ્રી નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણક અહીં થશે એમ જાણીને ભરતજીએ સ્ફટિક મણિનું સુંદર ગગનચુંબી મંદિર કરાવ્યું. તેમાં શ્રી નેમિનાથનું નીલમણિમય બિંબ પધરાવ્યું. તથા આદિનાથ ભગવાનનું પણ એક મંદિર કરાવ્યું. મહોત્સવપૂર્વક તે બિંબોની પ્રતિષ્ઠા કરાવી. પછી સંઘની સાથે ભરતચક્રી નીચે ઉતર્યા. તે વખતે શક્તિસિંહે ભરતજીને પ્રણામ કરીને કહ્યું: મારા "ગિરિદુર્ગા નગરને પવિત્ર કરો. ભરતજીએ તેની વિનંતિનો સ્વીકાર કર્યો. પછી સંઘસહિત "ગિરિદુર્ગા" માં પ્રવેશ કર્યો. ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. પછી ભરતજીએ સંઘસહિત ત્યાંથી પ્રયાણ કર્યું. શ્રી શત્રુંજય ગિરિને પ્રદક્ષિણા કરીને કેટલાક દિવસે આનંદપુરમાં આવ્યા. ત્યાં ભૂત-ભવિષ્ય-વર્તમાન કાળના જિનોનાં મંદિરો કરાવ્યાં. ત્યાંથી અર્બુદાચલ (આબૂપર્વત) ગયા. ત્યાં ક્રમશઃ મગધદેશમાં આવ્યા. ત્યાં પોતાના બંધુ મગધનો પુત્ર માગધ રાજ્ય કરતો હતો. તે આડંબરપૂર્વક સામે આવ્યો. આડંબરથી સંઘનો નગર

પ્રવેશ થયો. માગધ રાજાએ ઉત્તમભોજનથી સંઘની ભક્તિ કરી. ત્યાંથી સંઘ વૈભારગિરિ ઉપર આવ્યો. ત્યાં શ્રીશત્રુંજયમાં કરાવ્યું હતું તેવું શ્રી મહાવીર ભગવાનનું મંદિર કરાવ્યું. ત્યાંથી સંઘ સમેતશિખર ગયો. [1]ત્યાં ભરતજીએ વીસ જિનનાં વિશ જિનમંદિરો કરાવ્યાં. ત્યાં આઠ દિવસ સ્થિરતા કરીને મહોત્સવ પૂર્વક જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. પછી વિનીતા નગરી તરફ પ્રયાણ કર્યું. ક્રમે કરીને આડંબર પૂર્વક વિનીતા નગરીમાં પ્રવેશ કર્યો.

આ રીતે અહીં શ્રી શત્રુંજયના પ્રથમ ઉદ્ધારનું વર્ણન પૂર્ણ થાય છે. અહીં શત્રુંજયનો ઉદ્ધાર એટલે જીર્ણ થયેલાં જિનમંદિરોનો ઉદ્ધાર કર્યો એવો અર્થ નથી, કિન્તુ શત્રુંજય ઉપર એકેય જિનમંદિર ન હતું, અને ભરતચક્રવર્તીએ નવાં જિનમંદિરો કરાવ્યાં એવો અર્થ છે. દરેક અવસર્પિણીમાં અને દરેક ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર થાય ત્યારે જિનમંદિરોથી રહિત શ્રી શત્રુંજય પર્વત ઉપર નવાં જિનમંદિરો થાય. આ અવસર્પિણીમાં પાંચમા આરાના અંતે શ્રી શત્રુંજય ઉપર રહેલાં સર્વ જિનમંદિરોનો વિનાશ થશે. પછી ઉત્સર્પિણીમાં પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે ત્યારે નવાં જિનમંદિરો થશે.

## બીજો ઉદ્ધાર

ભરતચક્રીનો મોક્ષ થયા પછી છ ક્રોડ પૂર્વ જેટલો સમય ગયો ત્યારે તેમના વંશમાં આઠમો દંડવીર્ય નામે રાજા થયો. એકવાર સૌધર્મેંદ્ર સભામાં આદિનાથના ગુણોનું સ્મરણ કરવા લાગ્યા. આ વખતે તેમણે દંડ રાજાને જોયો. આથી તે શ્રાવકનો વેશ લઈને અયોધ્યામાં આવ્યા. ત્યાં દંડરાજાની દાનશાળામાં પ્રવેશ કર્યો. ત્યાં કોઈ શ્રાવકો ભરતે રચેલા ચાર વેદનો અભ્યાસ કરી રહ્યા હતા. કોઈ બીજાને ભણાવી રહ્યા હતા. કોઈ ગુરુને

૧. શ્રી આદિનાથ, વાસુપૂજ્ય, નેમિનાથ અને મહાવીરસ્વામી સિવાય ૨૦ જિનોનું નિર્વાણ સમેતશીખર ઉપર થયું હતું. આથી તે વીસજિનોનાં વીસ મંદિરો કરાવ્યાં.

વંદન કરતા હતા. કોઈ પરમાત્માનો જાપ કરી રહ્યા હતા. આ બધું જોઈને શ્રાવક બનેલા ઇંદ્રને આનંદ થયો. આ કોઈ નવા શ્રાવક પધાર્યા છે એમ વિચારીને કેટલાક શ્રાવકો તેમને ભોજનનું આમંત્રણ આપીને ભોજનશાળામાં લઈ ગયા. બધા શ્રાવકો માટે તૈયાર કરેલું ભોજન તે એકલો જમી ગયો. તુરત બીજી ઘણી રસોઈ કરાવી. તે પણ બધી આરોગી ગયો. આથી રસોઈયાઓએ આ બીના રાજાને જણાવી. તુરત રાજા ત્યાં આવ્યો. તેણે રાજાને કહ્યું: હે રાજન્ ! તમે મને એકને પણ તૃપ્ત કરી શકતા નથી તો આ બધા શ્રાવકોની ભક્તિનો શો અર્થ ? આથી આ શ્રાવકોને જમાડવાની માયા છોડી દો. ભોજનશાળાના બહાને મનુષ્યોને શા માટે છેતરો છો ? આમ છતાં રાજા જરા પણ ગુસ્સે ન થયો, ઊલટું પોતાના પુણ્યની ખામીને વિચારતો તે પોતાની નિંદા કરવા લાગ્યો. આ અવસરે મંત્રીએ કહ્યું: સ્વામિન્ ! શ્રાવકના રૂપમાં આ કોઈ દેવ છે. માટે તેની ભક્તિ કરીને પ્રત્યક્ષ કરો. પછી દંડવીર્યે તેની આગળ સુગંધી ધૂપ કરીને કહ્યું: શ્રાવકનો વેશ લઈને અહીં મને પવિત્ર કરવા તમે કોણ આવ્યા છો ? હે દેવ ! મારી ઉપર કૃપા કરી આપ પ્રગટ થાઓ ! આથી ઇંદ્રે પોતાનું સ્વાભાવિક રૂપ ધારણ કર્યું. ઇંદ્રને જોતાં જ દંડવીર્ય રાજા વિસ્મય પામીને તેમને નમી પડ્યા. ઇંદ્રે સ્નેહથી તેને આલિંગન કરીને કહ્યું: હે મહાસત્ત્વશાળી ! તમે ધન્ય છો, ચરમશરીરી છો, તમારા જેવા કુલીન પુત્રોથી પ્રભુનો વંશ હમણાં પણ દીપે છે, આથી હું તમને વિનંતિ કરું છું કે તમે શત્રુંજયની યાત્રા અને તીર્થોદ્ધાર કરો. દંડવીર્યે સહર્ષ તેનો સ્વીકાર કર્યો. સંતુષ્ટ થયેલા દંડવીર્યને બાણસહિત ધનુષ વગેરે આપીને ઇંદ્ર સ્વર્ગમાં ગયા.

દંડવીર્ય રાજાએ શત્રુંજયની યાત્રા માટે ભંભાનાદ કરાવ્યો. આ સાંભળી લોકો પોતપોતાના વાહનો સહિત ત્યાં આવ્યા. શુભ દિવસે સંઘનું પ્રયાણ થયું. માર્ગમાં કાશ્મીર પાસે એક મિથ્યાદૃષ્ટિ વેતાલે રાજાનો માર્ગ રુંધવા બે પર્વત વિકુર્વ્યા. રાજાએ ઇંદ્રે આપેલા બાણથી તે વેતાલનો

પરાભવ કર્યો. પછી સંઘ કાશ્મીર દેશમાં આવ્યો. પછી ગામેગામ યાત્રા કરતાં કરતાં કેટલાક દિવસે સંઘ શત્રુંજયની પાસે આવ્યો. દંડવીર્ય રાજાએ આનંદપુરમાં સંઘની સ્થિરતા કરાવી. બીજા દિવસે દંડવીર્ય સંઘસહિત શત્રુંજય ઉપર આવ્યા. ત્યાં મુખ્ય શિખરે આવીને તેને ત્રણ પ્રદક્ષિણા કરી. જિનપ્રાસાદો જોઈને અતિશય હર્ષ પામ્યા. અવધિજ્ઞાનથી દંડવીર્યને ત્યાં આવેલા જાણીને સૌધર્મેન્દ્ર દેવો સહિત ત્યાં આવ્યાં. દંડવીર્ય રાજાએ ઈંદ્રે કહેલ વિધિથી દેવપૂજા, સંઘપૂજા, મહોત્સવ વગેરે શુભકાર્યો કર્યાં. પછી જીર્ણ થયેલાં પ્રાસાદોને જોઈને દંડવીર્ય રાજા દુઃખ પામ્યા. આથી તે પ્રાસાદોનો ઉદ્ધાર કરાવ્યો. પછી દંડવીર્ય રાજા સંઘસહિત ગિરનાર, આબૂ, વૈભારગિરિ, અષ્ટાપદ અને સમ્મેતશીખર ગયા અને ત્યાં પણ જીર્ણ થયેલાં પ્રાસાદોનો ઉદ્ધાર કરાવ્યો. પછી ક્રમશઃ પોતાના રાજ્યમાં આવ્યા.

## ત્રીજો ઉદ્ધાર

ત્યારપછી કેટલાક કાળે એક વખત ઈશાન ઈન્દ્ર જિનેશ્વરોને નમવાને માટે જ્યાં સદાય અરિહંત અને કેવળજ્ઞાનીઓ હોય છે એવા મહાવિદેહ ક્ષેત્રમાં ગયા. ત્યાં સિંહાસન પર બેઠેલા અને ત્રણ છત્રોથી વિરાજિત એવા પ્રભુને નમસ્કાર કરી, સ્તવીને તેમની આગળ તે બેઠા. તે વખતે કેવળજ્ઞાનથી સર્વ જગતને જાણનારા પ્રભુએ સર્વ લોકને આનંદ આપે તેવી વાણીથી દેશના દેવાનો આરંભ કર્યો: ‘‘જેમ સર્વ ભવમાં મનુષ્યભવ અને સર્વ ગ્રહોમાં સૂર્ય, તેમ સર્વ દ્વીપોમાં જંબૂદ્વીપ ગુણવડે સર્વોત્તમ છે. તે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સર્વ દેશોમાં ઉત્તમ સૌરાષ્ટ્ર દેશ, સર્વ પર્વતોમાં ઉત્તમ પુંડરીકગિરિ અને ત્યાં કીર્ત્તન કરવાથી પણ પાપને હરનારા એવા સર્વ દેવોમાં પ્રથમ શ્રી આદિનાથ ભગવાન છે. તે ભરતક્ષેત્રને ધન્ય છે કે જ્યાં શત્રુંજય તીર્થ છે, અને તેમાં રહેનારા મનુષ્યોને પણ ધન્ય છે કે, જેઓ તે તીર્થની અને શ્રી જિનેશ્વરની પૂજા કરે છે. શ્રી વિમલાચલ તીર્થને હંમેશા હૃદયમાં રાખવાથી પાપની શાંતિ થાય છે; કારણ કે, ‘સૂર્ય પાસે હોય તો શું અંધકારની પ્રવૃત્તિ થાય ?’ જે સમ્યક્ત્વ સંસારમાં ક્રોડો

ભવોમાં પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય તે શત્રુંજય તીર્થ ઉપર જિનેશ્વરનું ધ્યાન કરવા માત્રથી ક્ષણવારમાં પ્રાપ્ત થાય છે. જેમ સર્વ તત્ત્વોમાં સમ્યગ્દર્શન અને સર્વ દેવમાં જિનેશ્વર દુર્લભ છે, તેવી રીતે સર્વ તીર્થોમાં શત્રુંજયગિરિ દુર્લભ છે.'' આ પ્રમાણે ત્રણ જગતના પ્રભુની દેશના સાંભળી ઈશાનપતિ તીર્થયાત્રા માટે ઉત્કંઠિત થઈને ક્ષણવારમાં શત્રુંજયગિરિ પર આવ્યા. પ્રભુની સ્તુતિ કરતા, દર્શન કરતા, નમતા અને જિનવાણીનું સમર્થન કરતા ઈન્દ્રે દેવતાઓની સાથે ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. પછી ત્યાં અરિહંતના પ્રાસાદોને કાંઈક જીર્ણ થયેલા જોઈને તે સુરપતિએ દિવ્ય શક્તિથી ઉદ્ધાર કરવા પોતાની જિનેશ્વર ઉપરની ભક્તિ જેવા ઉજ્જ્વળ અને નવીન પ્રાસાદો કર્યાં. દંડવીર્ય રાજાના ઉદ્ધાર પછી સો સાગરોપમ ગયા ત્યારે ઈશાનપતિએ પુંડરીકગિરિ ઉપર ત્રીજો ઉદ્ધાર કર્યો.

## ચોથો ઉદ્ધાર

એક વખતે ચૈત્રી પૂર્ણિમાને દિવસે સર્વ દેવતાઓ પુંડરીકગિરિ પર શ્રી ઋષભદેવપ્રભુની યાત્રા માટે આવ્યા. તે સમયે નજીકમાં આવેલા હસ્તિસેન નામના નગરમાં કોટી દેવીઓના પરિવારવાળી અને મિથ્યાદૃષ્ટિ સુહસ્તિની નામે એક દેવી ઉત્પન્ન થઈ હતી. મહાબલવાળી, ક્રૂર અને જિનધર્મ પર દ્વેષ રાખનારી તે દેવીએ તાલધ્વજ વગેરે સ્થળે રહેલા ક્ષેંત્રપાલોને પોતાને વશ કરી લીધા હતા અને પોતાના ગર્વથી ઉન્મત્ત, સ્વેચ્છાચારી, પરદ્રોહ કરનારી અને મદ્ય-માંસ ખાવાની આશાવાળી એવી સુહસ્તિની દેવીએ સંપૂર્ણ તીર્થ અવ્યવસ્થિત કરી નાખ્યું હતું. જ્યારે આ દેવતાઓ શત્રુંજય તીર્થે આવ્યા, ત્યારે તેણીએ માયાથી શત્રુંજય જેવા ઘણા પર્વતો વિકુર્વીને તેમને છેતરવા માંડ્યા. ઘણા શત્રુંજય પર્વતો જોઈ સર્વ દેવતાઓ પોતાના મનમાં અત્યંત આશ્ચર્ય પામીને બુદ્ધિશાળી એવા તેઓ પરસ્પર એક બીજાના મુખ સામું જોતા વિચાર કરવા લાગ્યા કે, 'શું પૃથ્વી ઉપર આટલા બધા શત્રુંજયગિરિ છે ? અથવા શું તે એક હોવા છતાં આપણી ભક્તિથી આટલારૂપે થયા છે ?' આ પ્રમાણે ચિંતામાં

તત્પર તે દેવતાઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યા વગર સર્વ પર્વતોની ઉપર જુદી-જુદી સ્નાત્રપૂજાદિક ક્રિયા કરી. પછી અઠ્ઠાઈ મહોત્સવ કરીને તે દેવતાઓ ત્યાંથી જવાની ઈચ્છા કરે છે, તે અવસરે શત્રુંજયગિરિ ઉપર એક શિખર પણ તેમના જોવામાં આવ્યું નહિ. તત્કાળ 'આ શું થયું ?' એમ સંભ્રમ પામી સઘળા દેવતાઓ વિચાર કરવા લાગ્યા કે, 'શું આપણી ભક્તિમાં આશાતના થવાથી આ વિમલગિરિ અદૃશ્ય થયો હશે ? અથવા શું આપણે જ મનથી જવાનું ચિંતવવાથી ત્યાંથી દૂર આવી ગયા ? અથવા એ ગિરિ જેમ બીજાઓને સ્વર્ગમાં લઈ જાય છે, તેમ શું આજે પોતે પણ સ્વર્ગમાં ગયો ? આ ભૂમિ ઉપર વિશ્વને પવિત્ર કરનાર તે એક જ તીર્થ છે, તો આપણે જેને પ્રથમ અનેકરૂપે જોતા હતા તેને અત્યારે એકરૂપે પણ કેમ જોતા નથી ?' આ પ્રમાણે ચિંતવી તે દેવતાઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું એટલે પૂર્વોક્ત દેવીનું સર્વ કપટ સ્પષ્ટ રીતે તેમના જાણવામાં આવ્યું.

તે જ વખતે પ્રલયકાલના સૂર્યોદયની જેમ સર્વ દેવતાઓ અત્યંત કોપાયમાન થયા. તેમણે મહાઘોર કોપજ્વાળા તે દેવી ઉપર મૂકી. દેવતાઓના તે કોપાગ્નિથી અત્યંત બળતી તે મિથ્યાત્વી દેવી પરિવાર સહિત અતિ દીનવાણીપૂર્વક તેઓને નમીને કહેવા લાગી કે; 'હે દેવો ! તમે અમારા સ્વામી છો, અમોએ તમારી દાસીઓ છીએ. અમો કે જે તૃણના જેવી નિર્બળ છીએ, તેમની ઉપર તમારા જેવાને પરાક્રમ બતાવવું ઉચિત નથી. અમોએ અજ્ઞાનને વશ થઇ આ અવિચારિત કાર્ય કરેલું છે, હવેથી કદીપણ તેવું કામ કરીશું નહિ, માટે અમારો આ એક અપરાધ ક્ષમા કરો.' એ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તે દેવતાઓ બોલ્યા: 'અરે તીર્થઘાતિની દુષ્ટા ! અમારી જેમ બીજાઓને પણ તું આવી રીતે ઠગે છે. હે માંસભક્ષિણિ ! તેં આ તીર્થને મલિન કર્યું. તને તીર્થની રક્ષા કરવાને માટે રાખેલી છે, પણ તું તો ઊલટું તીર્થનો નાશ કરે છે. હે તીર્થનો ધ્વંસ કરનારી દેવી !, ભરતરાજાનું સેવકપણું અંગીકાર કરીને તેં આવું દુષ્કૃત્ય કર્યું, માટે હવે તું હમણાં જ મૃત્યુ પામીશ.'

## હસ્તિની દેવીને દેવોએ આપેલ માફી

દેવતાઓનાં આવાં વચન સાંભળી હસ્તિની દેવી ભય પામી શ્રી જિનેશ્વર ભગવંતને શરણે ગઈ. ખરેખર જિનેશ્વર વિના સંસારની જેમ તે દેવતાઓના ક્રોધમાંથી તેને કોણ મુક્ત કરી શકે ? તે દેવીને શ્રી ઋષભપ્રભુને શરણે ગયેલી જોઈ સર્વ દેવતાઓ દૂર રહીને કહેવા લાગ્યા કે; 'રે દુષ્ટા ! આ તેં શું કર્યું ?' પછી દાંતવડે આંગળીના પર્વોને ચાવતી તે હસ્તિની દેવી બોલીઃ 'હે દેવતાઓ ! મારી ઉપર પ્રસન્ન થાઓ, અને મારા પર વાત્સલ્ય લાવીને ક્રોધ કરવો છોડી દ્યો. હે સ્વર્ગવાસી દેવો ! જો હવે ફરીવાર આવા કૃત્યનું હું મનમાં પણ સ્મરણ કરું, તો ત્રણે જગતથી નમસ્કાર કરાયેલા આ શ્રી આદિનાથપ્રભુનાં ચરણનાં મને શપથ છે. આ માટે જગતમાં સર્વને જોનાર એવા તમે સાક્ષી છો. હે દયાલુ દેવો ! આ મારી પ્રથમ ચેષ્ટાને માટે મને ક્ષમા કરો.' આ પ્રમાણે દીનતાભરી વાણીને કહેતી તે દેવીને દેવતાઓએ ત્યારબાદ છોડી મૂકી. સત્પુરુષો અપરાધી છતાં પણ નમેલા પ્રાણીની ઉપર કોપ કરતા નથી. ત્યારથી હસ્તિનીદેવી હસ્તિનાપુરમાં ગઈ અને પૂર્વની જેમ આ તીર્થની રક્ષા કરવામાં તત્પર અને સંઘને વિષે અતિ ભક્તિને ધારણ કરનારી થઈ.

તે પછી ચોથા દેવલોકના પતિ અતિભક્તિવાળા માહેન્દ્ર નામના ઈન્દ્રે શત્રુંજયગિરિ ઉપર પ્રભુના પ્રાસાદોને કાંઈક જીર્ણ થયેલા જોયા. 'અહો ! આવા જગતહિતકારી તીર્થ ઉપર આવી જીર્ણતા કેમ થઈ હશે? જરૂર તે દેવીનું જ આ ચેષ્ટિત લાગે છે' એમ મનમાં ચિંતવન કરતાં માહેન્દ્ર ઈન્દ્રે વર્દ્ધકિની પાસે દિવ્યશક્તિવડે પોતાની ભક્તિ જેવા નવીન પ્રાસાદો કરાવ્યા. એ રીતે બાહુબલી, કાદંબ, તાલધ્વજ, ગિરનાર અને બીજાં શિખરોનો પણ માહેન્દ્ર ઈન્દ્રે ઉદ્ધાર કરાવ્યો. આ રીતે ઈશાન ઈન્દ્રના ઉદ્ધારને ક્રોડ સાગરોપમ કાલ ગયા પછી શત્રુંજય ઉપર માહેન્દ્ર ઈન્દ્રે કરેલો ચોથો ઉદ્ધાર થયો.

## પાંચમો ઉદ્ધાર

એક વખતે ઐરવત ક્ષેત્રમાં દેવતાઓ શ્રી જિનજન્મોત્સવ કરી ત્યાંથી આઠમા નંદીશ્વરદ્વીપે ગયા. ત્યાં આઠ દિવસ સુધી શ્રી જિનપૂજાદિ મહોત્સવો કરી તેઓ વિમલાચલ ગિરિરાજ ઉપર પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથને વંદન કરવા આવ્યા. ત્યાં આઠ દિવસ સુધી ભક્તિવડે પ્રભુની પૂજા કરતા એવા તેઓએ પુણ્યના મંદિરરૂપ પ્રભુના પ્રાસાદો કાંઈક જીર્ણ થયેલા જોયા. તે જોઈ સર્વ દેવતાઓ વડે ઉત્સાહ અપાયેલા પાંચમાં દેવલોકના ઇન્દ્ર બ્રહ્મેન્દ્રે ભક્તિવડે ઉત્સાહવાળા થઈ દિવ્યશક્તિવડે શ્રી વિમલાચલના પ્રાસાદોનો ઉદ્ધાર કર્યો. માહેન્દ્રે કરેલા ઉદ્ધારથી દશ ક્રોટી સાગરોપમ કાળ ગયા પછી શ્રી શત્રુંજયગિરિ ઉપર એ પાંચમો બ્રહ્મદેવે કરેલો ઉદ્ધાર થયો.

## છઠ્ઠો ઉદ્ધાર

ત્યારપછી એક વખતે ચમરેન્દ્ર વગેરે ભવનપતિના ઇન્દ્રો સ્વેચ્છાથી ભક્તિવડે નંદીશ્વરદ્વીપે ગયા હતા. તેવામાં સ્વરૂપથી કામદેવને જીતનારા અને ભવનેન્દ્રોથી નમસ્કાર કરાતા બે વિદ્યાધર મુનિરાજો તીર્થયાત્રા કરવા માટે ફરતા ફરતા ત્યાં આવી ચડ્યા. તેમણે અત્યંત પ્રસન્ન થઈ જગતમાં શ્રેષ્ઠ અને શ્રવણ કરવાથી પણ પવિત્ર કરે તેવા પુંડરીકગિરિના મહિમાને તેમની પાસે કહ્યો. તે બન્ને મુનિઓથી પ્રેરણા કરાયેલા તે ભવનપતિ ઇન્દ્રો મુખ્ય તીર્થની યાત્રા કરવાને ઉત્કંઠિત થઇ તે બે મુનિઓની સાથે શત્રુંજય ઉપર આવ્યા. ત્યાં ભક્તિથી યાત્રા, દાન અને પૂજા કરી સર્વ તીર્થો પર રહેલા પ્રાસાદોનો તેમણે ઉદ્ધાર પણ કર્યો. પછી તે દેવતાઓ પોતપોતાનાં સ્થાનકે ગયા. બ્રહ્મેન્દ્રના ઉદ્ધાર પછી લાખ કોટી સાગરોપમ ગયા પછી વિમલાચલગિરિ ઉપર ભવનેન્દ્રનો છઠ્ઠો ઉદ્ધાર થયો.

## સાતમો ઉદ્ધાર

અયોધ્યાનગરીમાં ઈક્ષ્વાકુવંશમાં જીતશત્રુ નામે રાજા થયો. તેની વિજયા નામની રાણી હતી. તેનો સુમિત્ર નામનો નાનો ભાઈ યુવરાજ પદે હતો. તેની યશોમતી નામની રાણી હતી. બીજા અજિતનાથ તીર્થંકર આ જીતશત્રુ રાજાના પુત્ર હતા. સગરનામના બીજા ચક્રવર્તી આ સુમિત્રના પુત્ર હતા. આમ શ્રી અજિતનાથ અને સગરચક્રી સગા કાકાના દીકરા ભાઈ હતા. અજિતનાથ ભગવાન કેવલજ્ઞાન પામ્યા પછી એકવાર શત્રુંજયના સુભદ્ર શિખર ઉપર મુનિઓની સાથે ચાતુર્માસ રહ્યાં. કોઈ મુનિઓ નિયમ લઈને ગુફામાં બેશી ગયા. કોઈ મુનિઓ સિંહની ગુફામાં, તો કોઇ મુનિઓ સર્પના રાફડા પાસે રહ્યાં. ઇન્દ્રોએ પ્રભુજી માટે મંડપ રચ્યો. ત્યાં પ્રભુએ ધ્યાન ધરી ચાતુર્માસ પૂર્ણ કર્યું. ત્યાં રહેલા પ્રાણીઓમાંથી કેટલાક નિત્ય જિનસેવાથી સમકિત પામ્યા, કેટલાક ભદ્રક સ્વભાવી થયા, કેટલાકોએ હિંસા છોડી. ચોમાસું પૂર્ણ થતાં પ્રભુજીએ મુખ્ય શિખરે ચડીને કેટલાક મુનિઓને કહ્યુંઃ તમે અહીં જ રહો. પુંડરીક ગણધરની જેમ તમને પણ અહીં જ શુભભાવથી કેવલજ્ઞાન અને મુક્તિની પ્રાપ્તિ થશે. પછી પ્રભુએ વિહાર કર્યો.

એકવાર સગરચક્રીના જહ્નુ વગેરે સાઠ હજાર પુત્રોએ પોતાના પૂર્વજોએ બનાવેલાં તીર્થોમાં દર્શન-વંદન કરવા વિશાળ સૈન્ય આદિ સહિત પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં અષ્ટાપદ પર્વત પાસે આવ્યા. ભરતે કરાવેલા સિંહનિષદ્યા નામના જિનમંદિરમાં જિનોની દર્શન-વંદન-પૂજન આદિથી ભક્તિ કરી. જહ્નુકુમારે પોતાના બંધુઓને કહ્યુંઃ દિવસો જતાં આપણા પૂર્વજોના ધર્મસ્થાનનો કોઈ નાશ કરશે. લોભી મનુષ્યોને સો યોજન પણ કાંઈ દૂર હોતા નથી. માટે અહીં આપણે રક્ષા કરવા માટે એક મજબૂત ખાઈ આ તીર્થની ફરતી ખોદીએ. આવો પરસ્પર વિચાર કરી ચક્રવર્તી સગરના પુત્રો વાહન અને પરિવાર સહિત મોટી ખાઇ ખોદવાનો ઉદ્યમ કરવા લાગ્યા. પૃથ્વીના પિંડ જેટલી ઊંડી ખાઇ ખોદાતાં

તેઓના ઘાથી નીચે નાગલોકમાં રજની વૃષ્ટિ થવા માંડી. તેથી નાગના મણિને મલિન કરતો, તેમની આંખોને ઢાંકી દેતો અને કોપની વૃદ્ધિ કરવામાં ચૂર્ણસમાન એવો ધૂળનો સમૂહ છિદ્રમાં પડવા માંડ્યો. તે વખતે આકુળવ્યાકુળ થયેલાં નાગકુલોમાં મોટો કોલાહલ થયો, તે કારણને લીધે તેના સર્વ સ્વામીઓ પણ કોપ કરવા લાગ્યા. તેથી જ્વલનપ્રભ નામે નાગપતિ ઘણા કોપથી પ્રજ્વલિત થયો. અવધિજ્ઞાનવડે રજ પડવાનું કારણ વિચારતાં ચક્રવર્તીના પુત્રો તેના કારણ તરીકે તેના જાણવામાં આવ્યા. આથી તત્કાલ તે નાગપતિ કોપ છોડી દઈને વેગથી ત્યાં આવ્યો. નમ્રતાથી મીઠાં વચને તેણે સગરચક્રવર્તીના પુત્રોને કહ્યુંઃ 'અરે વત્સો ! ચક્રવર્તીના પુત્રો ! તમે ઉત્તમ એવા ભરતના વંશજ છો, અને વિવેકી છો, છતાં આવો મોટો ઉદ્યમ શા માટે આરંભ્યો છે ? તમારા ખોદવાના ઘાતથી આજે નાગલોક પીડાય છે, માટે સ્નેહવૃદ્ધિ કરવા સારુ આ પ્રયાસથી તમે અટકો. અમારા સ્વામી શ્રી યુગાદીશ છે; અમે તેમના સેવકો છીએ અને તમે તેમના કુલમાં ઉત્પન્ન થયા છો; તેથી આપણો સ્નેહ સ્થિર છે'. આ પ્રમાણે કહીને તેના ગયા બાદ તે સર્વે સગરના પુત્રો ખોદવાના કામથી વિરામ પામ્યા. પરંતુ થોડીવારે પાછા એકઠા મળીને કુમારો વિચાર કરવા લાગ્યા કે; 'આ ખાઈ જળ વગરની છે, તેથી કાળે કરીને પૂરાઈ જવાથી કોઈ વખત ઉલ્લંઘન કરી શકાય તેવી થઈ જશે. કેમ કે, ત્રણ જગતમાં લોભીને અસાધ્ય શું છે ?' આવો વિચાર કરી જહ્નુકુમારે દંડરત્નવડે સમુદ્રમાંથી ગંગાનદીનો પ્રવાહ ખેંચી લાવી તેના જળવડે એકદમ તે ખાઈ પૂરી દીધી. હવે પોતાનાં ભવનો ભાંગવાથી નાગકુમાર દેવો તે સમયે ક્ષોભ પામ્યા અને કાદવ પડવાથી આર્ત્તનાદપૂર્વક જ્વલનપ્રભદેવ કુપિત થયો. તેણે વિચાર્યું કે, 'અરે ! આ સગરચક્રવર્તીના પુત્રો મૂર્ખ અને રાજ્યમદે કરીને ભરેલા જણાય છે. અમારું કહેવું ઘટિત છતાં તેઓ તે માનતા નથી, માટે મદને ધિક્કાર છે.' આ પ્રમાણે ચિંતવી જ્વલનપ્રભ બીજા નાગપતિઓ સહિત મોટા કોપથી ફણાના આટોપને ધારણ કરતો, તેમજ ફુંફાડા મારતો એકદમ પાતાલમાંથી નીકળીને ત્યાં આવ્યો, પછી

પોતાની વિષમય દૃષ્ટિથી એકસાથે સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોને બાળી નાખ્યા. આવો મહાદાહ કરીને જ્વલનપ્રભ નાગપતિ પોતાના સ્થાનકમાં પાછો ચાલ્યો ગયો.

એકવાર સગરચક્રી દેશના બાદ શ્રી અજિતનાથને પૂછવા લાગ્યા: 'હે સ્વામી ' આ જગત સર્વ કર્મને આધીન છે, તો આ મારા સાઠ હજાર પુત્રોએ એકીસાથે તેવું શું કર્મ કરેલું હતું કે જેથી તેઓને તે કર્મ એકસાથે મૃત્યુદાયક થઈ પડ્યું ?' આ પ્રમાણે પૂછાયેલા, અને જ્ઞાન વડે જોયા છે ત્રણ લોક જેમણે એવા અજિતનાથ પ્રભુએ તેવા પ્રકારના કર્મબંધનના કારણરૂપ તેઓના ભવો આ પ્રમાણે કહ્યા—

કોઈ એક પલ્લીમાં (નેહડામાં) ચોરીનો ધંધો કરનારા, નિર્દય અને પોતાના દુષ્ટ ચિત્તમાં નિરંતર પરધન અને પરસ્ત્રીનું જ ધ્યાન ધરનારા એવા આ સાઠ હજાર ભીલો હતા. એક વખતે તે ભીલોએ ઘણા દ્રવ્યથી ભરપૂર કોઈ સંઘ ભદ્દિલપુરથી શત્રુંજય તરફ જતો જોયો. લોભ વડે અંધ થયેલા તે લૂંટારાઓ વિચાર કરવા લાગ્યા કે, 'આ સંઘને માર્ગમાં જતાં રાત્રિએ આપણે લૂંટી લેવો.' સાઠ હજાર ભીલોએ તે વચન કબૂલ કર્યું. તે વખતે તે સાંભળી કોઈક ભદ્ર કુંભારે કહ્યું કે, 'આપણા આવા વિચારને ધિક્કાર છે, આપણી પાસે બીજું ધન હોવા છતાં પણ આવી રીતે યાત્રાળુ લોકોને આપણે લુંટીએ છીએ તે કોઈ રીતે સારું નથી. આ સારા આશયવાળા યાત્રિકો પોતાનું ધન ઉત્તમ ક્ષેત્રમાં વાવશે, તે ધન આપણે ગ્રહણ કરીએ તે મોટું અધર્મીપણું છે. પૂર્વના પાપથી આપણને હમણાં આવો કુત્સિત જન્મ તો મળેલો છે, છતાં પાછાં આવા લૂંટારાપણાના પાપ વડે આપણી શી ગતિ થશે ? આ યાત્રાળુઓ પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યથી અહીં દાનવીર થયેલા છે અને આ ભાવમાં આ તીર્થરાજની યાત્રા કરવાથી આગામી ભવમાં પણ પાછા સુખી થશે. હે મિત્રો ! કદાચ તમે મને સર્વથા કાયર અને ભીરુ કહો તો પણ આ કાર્ય કરવામાં તો હું તમને અનુસરનાર કે અનુમતિ આપનાર થઈશ નહિ.' આ પ્રમાણે બોલતા અને પોતાના

વિચારથી જુદા પડેલા તે કુંભારને કારાગૃહની જેવા પોતાના નેહડામાંથી તે લોકોએ સર્વથા કાઢી મૂક્યો. પછી ઉદ્ધત અને કપટપૂર્વક ઘા કરનાર તે પાપીઓએ ભેગા મળીને નજીકના રસ્તાથી પસાર થતા તે શ્રી સંઘને લૂંટી લીધો. તે વખતે જેમ દુરાચારથી યશ અને પિશુનપણાથી સદ્‌ગુણ નાશ પામે, તેમ તેઓના આવી પડવાથી સંઘના લોકો દરેક દિશાઓમાં નાસવા લાગ્યા. તે સંઘને લુંટીને પાપના સમૂહથી દુષ્ટ બુદ્ધિવાળા તેઓ પોતાના સ્થાને આવ્યા.

આ બાજુ ભદ્દિલપુરના રાજાએ તે ખબર સાંભળીને મોટા સૈન્ય સાથે વેગથી આવી તેઓની પલ્લી ઉપર ઘેરો નાંખ્યો. તે મોટા સૈન્યને જોઈ સર્વ લૂંટારા ભીલો ઘણો ભય પામીને નિગોદના જીવોની પેઠે પોતાના કિલ્લામાં ભરાઇ રહ્યા. તે વખતે જાણે તેમનાં કુકર્મોએ પ્રેર્યો હોય તેમ વાયુથી પ્રેરાયેલો અગ્નિ તે નગરની અંદર લોકોને બાળતો ઊંચે જવા લાગ્યો. જેમ પુણ્યને ક્રોધ અને સદ્‌ગુણોને દુર્જન બાળે, તેમ એ અગ્નિ જલથી વારવા છતાં પણ તે પુરને બાળવાને સમર્થ થયો. અગ્નિથી બળતા તે ભીલો ધૂમાડા વડે આકુલવ્યાકુલ થઈ કુંભીપાકના દુ:ખને સહન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, 'પાપી એવા આપણને ધિક્કાર છે કે આપણે આ સંઘને લૂંટ્યો, મહાદારુણ કુકર્મનું આ ફળ શીઘ્ર આપણને મળ્યું. નિર્લોભી અને પુણ્યવાન તે બિચારો કુંભાર આપણને વારતો હતો, તથાપિ કુકર્મી જનો જેમ ઉત્તમ પુરુષને કાઢી મૂકે તેમ આપણે તેને કાઢી મૂક્યો.'

આ પ્રમાણે ધ્યાનમાં તત્પર તે ભીલ લોકો સર્વ પરિવાર સહિત અગ્નિરૂપ શસ્ત્ર વડે એકીસાથે મૃત્યુ પામ્યા. 'કર્મની સ્થિતિ એવી જ છે.' જે સંઘ શ્રી અરિહંતને પણ પૂજ્ય છે અને જે તીર્થનું પણ તીર્થ છે, તેવા સંઘનું જે અહિત કરે છે, તે ખરેખરા નારકો જ છે, માટે સર્વદા સંઘની આરાધના કરવી, કદીપણ તેની વિરાધના કરવી નહિ. સંઘની આરાધનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે અને તેની વિરાધનાથી નરક પ્રાપ્ત થાય છે. જેઓ

તીર્થે જતા યાત્રાળુઓને માર્ગમાં પીડે છે, તેઓ ગોત્રસહિત વિનાશ પામે છે અને અવશ્ય કુગતિમાં જાય છે.

અગ્નિથી મરીને પશ્ચાત્તાપની પીડાથી તેઓ નરકમાં ગયા. ત્યાંથી નીકળી સમુદ્રમાં માછલાં થયા. માછીમાર લોકોએ તે સર્વને એકસાથે જાળમાં બાંધી લીધાં. ત્યાંથી કર્ણશ્રૃગાલી (=એક જાતનું જનાવર) થયા. ત્યારબાદ આ રીતે ઘણા ભવોમાં ભમીને પાછા શિકારમાં તત્પર એવા તેઓ ભીલ થયા. એક વખત વનમાં ફરતાં તે ભીલોએ એક શાંત પ્રકૃતિવાળા મુનિને જોયા. સારી ભાવના ધરીને તેઓએ મુનિને નમસ્કાર કર્યા. જ્ઞાનવાન મુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો તેથી અનીતિથી જાણે શંકાવાળા થયા હોય તેમ તેઓએ ભદ્રિકપણું પ્રાપ્ત કર્યું. નજીકમાં ઉદયવાલા તેમને ધર્મનો વિશેષ લાભ આપવા માટે એ જ્ઞાનધારી મુનિ ચાતુર્માસ તેમના નગરમાં રહ્યાં. પ્રથમ માસે તેઓએ સાતેય વ્યસનો છોડી દીધાં, બીજે માસે અનંતકાયનો ત્યાગ કર્યો, ત્રીજે માસે રાત્રિભોજનનો ત્યાગ કર્યો, અને ચોથે માસે અનશન કરી રહેલા તેઓ વિદ્યુત્પાતથી એકસાથે મૃત્યુ પામ્યા. હે ચક્રવર્તી ! ત્યાંથી તેઓ તમારે ઘેર પુત્રપણે અવતર્યા. કર્મની સર્વત્ર પ્રધાનતા છે. જે પેલા કુંભારે સંઘ લુંટવાને સંમતિ આપી નહોતી, તેણે તે જ ભવમાં મોટી સમૃદ્ધિવાળું રાજ્ય પ્રાપ્ત કર્યું. શુભભાવનાથી ઉત્તરોત્તર ઉત્તમ ભવને પ્રાપ્ત કરી છેવટે તમારા જહ્નુનો પુત્ર આ મહોદયવાન ભગીરથ થયેલ છે. હે રાજા ! પૂર્વકર્મના યોગથી તમારા પુત્રો એકસાથે મૃત્યુ પામ્યા છે. માટે આ તત્ત્વ તમે મનમાં ધારણ કરજો કે, 'કોઈપણ **ડાહ્યા માણસે મનથી પણ સંઘની અવજ્ઞા કરવી નહિ;** કારણકે– તે બોધિવૃક્ષને બાળવામાં અગ્નિરૂપ અને કુગતિને આપનાર થઈ પડે છે. વળી જેઓ તીર્થે જનારા લોકોને વસ્ત્ર, અન્ન અને જલ વગેરે આપવા વડે પૂજે છે, તેઓને તીર્થયાત્રાનું મોટું ફળ મળે છે. સંઘ એ જ પ્રથમ તીર્થ છે, અને તે વળી તીર્થયાત્રાએ જતો હોય ત્યારે તો કલ્યાણની ઈચ્છાવાળા પુરુષને વારંવાર વિશેષપણે પૂજવા યોગ્ય છે. હે રાજન્ !

તેથી ધર્મનો દ્રોહ કરનાર આ (પુત્ર મરણ સંબંધી) શોક જરાપણ ન કરવો. ઉપાર્જન કરેલાં કર્મો વડે ઉત્પન્ન થયેલા તેઓ (તમારા પુત્રો) વિનાશ પામ્યા છે. હે રાજન્ ! રાજ્યમાં, પુત્રમાં અને સ્ત્રીમાં તમે હજી શા માટે મોહ રાખો છો ? આત્મહિત કરો; ફરીવાર મનુષ્યભવ ક્યાંથી મળશે ?' આ પ્રમાણે પ્રભુના શ્રીમુખથી પોતાના પુત્રોના પૂર્વભવને જાણીને સગરરાજા શોકમુક્ત થઈ હૃદયમાં પરમ વૈરાગ્યને પામ્યા.

એકવાર દ્વારપાળે આવીને સગરચક્રીને વિનંતિ કરી કે હે સ્વામિન્ ! કોઈ બે પુરુષો દ્વારે આવીને ઊભા છે, અને આપને કંઇ કહેવાને ઇચ્છે છે. ચક્રીની આજ્ઞાથી દ્વારપાળે બંને પુરુષોને રાજસભામાં પ્રવેશ કરાવ્યો. તેમાંથી એક પુરુષે નમસ્કાર કરીને કહ્યું કે– શ્રી અજિતનાથ ભગવાન પધાર્યા છે. બીજાએ કહ્યું કે– હે સ્વામિન્ ! તમારા પુત્રોએ લાવેલી ગંગાનદીનો પ્રવાહ અષ્ટાપદગિરિની ફરતી ખાઈને પૂરીને હવે પૃથ્વીને ડૂબાડે છે. તેના ફેલાતા પૂરથી આજુ-બાજુના નિવાસીજનો પર્વતભૂમિ ઉપર ચડીને દેહમાત્રને ધારણ કરતા સમુદ્રમાં દ્વીપની પેઠે રહ્યા છે. વૃદ્ધિ પામતું એ ગંગાનું પૂર થોડા કાળમાં આખા ભરતને દ્વીપ જેવો કરી દેશે. તેથી હે વિભુ ! તે પાણીથી ડૂબી જતા અમારી રક્ષા કરો. આ વખતે પુત્રોનો શોક છોડી દેવા માટે ઉપદેશ આપવા આવેલા ઇન્દ્રે કહ્યું: પુત્રના શોકને છોડી દો. તથા ગંગાના પ્રવાહને રોકવા માટે જહ્નુના પુત્ર ભગીરથને આજ્ઞા કરો. આથી સગરચક્રીએ ભગીરથને બોલાવીને કહ્યું: અમારી કુલ સંતતિમાં તું જ એક બાકી રહ્યો છે. હવે તું લોકની રક્ષા માટે ગંગાનદીની પાસે જા. દંડરત્નવડે ગંગાના મુખ્ય પ્રવાહને પાછો સમુદ્ર તરફ ફેરવ. ભગીરથે દાદાની આજ્ઞા પ્રમાણે ગંગાનદીના પ્રવાહને પાછો સમુદ્ર તરફ ફેરવી દીધો.

તે સમયે ઇન્દ્રે કહ્યું: હે ભાગ્યવંત ! તમોએ ભરત ચક્રીની જેમ પૃથ્વી સાધી છે તો તેની જેમ સંઘપતિ થાઓ. ઇન્દ્રની આ પ્રેરણા સગરચક્રીએ ઝીલી લીધી. પછી શત્રુંજયની યાત્રાનું બધા સ્થળે આમંત્રણ

પાઠવ્યું. શુભ દિવસે સંઘનું પ્રયાણ થયું. અનુક્રમે સંઘ શત્રુંજય પાસે આવી પહોંચ્યો. આનંદપુરમાં સંઘે નિવાસ કર્યો. પછી તીર્થને ત્રણ પ્રદક્ષિણા આપી. સંઘ ઉપર ચડ્યો. આ વખતે સૌધર્મેન્દ્રનું ત્યાં આગમન થયું. ભરતે કરાવેલાં મંદિરોને જોઈને ઈન્દ્રે કહ્યું: તમારા પૂર્વજ ભરતે આ પુણ્યકર્મ કર્યું છે. કાળના પ્રભાવથી વિવેકહીન એવા લોભાંધ મનુષ્યો રત્ન આદિના લોભથી મંદિરની અને પ્રતિમાની આશાતના કરશે. માટે જે રીતે જહ્નુકુમાર વગેરે તમારા પુત્રોએ અષ્ટાપદની રક્ષા કરી તેમ તમે આ શત્રુંજયતીર્થની રક્ષા કરો. તમારા જેવો સમર્થ વર્તમાનમાં અન્ય કોઈ નથી. આ સાંભળીને સગરચક્રીએ વિચાર્યું: મારા પુત્રો અષ્ટાપદની રક્ષા માટે સમુદ્ર સાથે ભળેલી ગંગાનદી લાવ્યા, તો હું તેમનો પિતા થઈ જો સમુદ્રને લાવું, તો તેમનાથી વિશેષ થાઉં, નહિ તો માનહીન બનું. પછી યક્ષો દ્વારા ક્ષણવારમાં સમુદ્રને શત્રુંજયની પાસે લાવ્યા. જંબૂદ્વીપની જગતીના પશ્ચિમ દ્વારથી નીકળીને ટંકણ, બર્બર આદિ દેશોને ડૂબાડતો મોટા ગિરિઓને તોડતો, મગર વગેરે જલચર પ્રાણીઓથી વ્યાપ્ત, મોટી ઊર્મિઓથી ગર્જના કરતો, લવણ સમુદ્ર શત્રુંજયની પાસે આવ્યો. આ જોઈને ઈન્દ્રે કહ્યું: હે ચક્રી ! વિરામ પામો. **જેમ સૂર્ય વિના દિવસ, જીવ વિના દેહ, અને વિદ્યા વિના મનુષ્ય નકામો છે, તેમ આ તીર્થ વિના આખું જગત નિષ્ફળ છે.**

અષ્ટાપદનો માર્ગ વિષમ (=કષ્ટથી ચડી શકાય તેવો) થઈ ગયો છે. હવે આ તીર્થ જીવોને તારનાર છે. હવે જો જળથી આ તીર્થનો માર્ગ બંધ થઈ જશે તો પછી જીવો કયા તીર્થથી તરશે ? આથી ચક્રીએ પોતાની પાસે આવેલા લવણસમુદ્રના અધિષ્ઠાતા લવણ દેવને કહ્યું: માત્ર નિશાની માટે સમુદ્રને અહીંથી થોડે દૂર રાખીને તમે સ્વસ્થાને પધારો. પછી લવણ દેવે તે મુજબ કર્યું.

પછી ચક્રીએ દુષ્ટોથી આ તીર્થની રક્ષા કરવાનો ઉપાય ઇંદ્રને પૂછ્યો. ઈન્દ્રે કહ્યું: આ રત્નમણિમય મૂર્તિઓ સુવર્ણ ગુફામાં મૂકાવી દો.

હમણાં સર્વજિનોની મૂર્તિઓ સુવર્ણની કરાવો, અને મંદિરો સોના-રૂપાનાં કરાવો. ઈન્દ્રે સુવર્ણ ગુફા બતાવી. ચક્રીએ રત્નની મૂર્તિઓ ત્યાં પધરાવી. તેમની પૂજા માટે યક્ષોને આજ્ઞા કરી. ચક્રીએ ઈન્દ્રના કહ્યા મુજબ સુવર્ણની મૂર્તિઓ અને સોના-રૂપાનાં મંદિરો કરાવ્યાં. સુભદ્રશિખર ઉપર અજિતનાથનો રૂપાનો જિનપ્રાસાદ કરાવ્યો. પછી મહોત્સવપૂર્વક બધાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી. પછી ચક્રી સંઘસહિત ચંદ્રપ્રભાસ, ગિરનાર, આબૂ, વૈભારગિરિ અને સમ્મેતશીખર વગેરે તીર્થોની યાત્રા કરીને સ્વનગરીમાં આવ્યા. આવી રીતે ચક્રવર્તીઓમાં શિરોમણિ શ્રી સગરરાજાએ બીજા તીર્થંકર શ્રી અજિતનાથસ્વામીના બોધથી અને ઈન્દ્રના ઉપદેશથી ભરત રાજાની જેમ સંઘની સાથે હર્ષ સહિત શત્રુંજયગિરિ ઉપર ઉદ્ધાર કર્યો અને અંતે ઘાતીકર્મના સમૂહને ખપાવીને શાશ્વતપદને પામ્યા.

## આઠમો ઉદ્ધાર

ચોથા તીર્થંકર શ્રી અભિનંદન ભગવાન પોતાના ચરણથી પૃથ્વીને પવિત્ર કરતા અને દેવતાઓથી સ્તુતિ કરાતા શ્રી શત્રુંજયગિરિ ઉપર આવ્યા. રાજાદની (રાયણ) વૃક્ષની નીચે દેવતાઓએ અતિ ભક્તિથી તેમનું સમવસરણ રચ્યું. ત્યાં સિંહાસન પર બેસી ત્રણ છત્રોથી વિરાજિત એવા પ્રભુએ સર્વ ભાષાનુયાયી વાણીવડે આ પ્રમાણે દેશના આપીઃ ('શત્રુંજયગિરિ કામક્રોધાદિ અભ્યંતર શત્રુઓનો નાશ કરનારું અને સર્વપાપને હરનારું મુક્તિનું લીલાગૃહ છે.) અહીં કલ્યાણકુંભ જેવા, સર્વકલ્યાણનું કારણ અને કલ્યાણ (સુવર્ણ) જેવા વર્ણવાળા સનાતન ભગવાન શ્રી આદિદેવ પ્રભુ રહેલા છે. અરિહંતો મુક્તિ પામ્યે છતે, **કેવલજ્ઞાનરૂપી ધર્મ નાશ પામ્યે છતે આ તીર્થ જ સર્વ કલ્યાણને કરનારું થશે.** જેઓ આ તીર્થમાં આવી ભક્તિથી ભગવાનનું ધ્યાન અને પૂજન કરે છે, તેઓ અલ્પ કાલમાં પણ અજરામર પુણ્યને ઉપાર્જન કરે છે. જેઓ અહીં પ્રાસાદ, પ્રતિમા, પાત્રદાન અને દીનદાન વગેરે કરે છે, તેઓ તત્કાલ બે ભવ (આ લોક અને પરલોક)ના સુખને પામે છે.'

પ્રભુની આવી દેશના સાંભળી વ્યંતરપતિઓએ તે જ વખતે ભક્તિવડે ભરપૂર થઈ પોતાના ઉત્સાહથી તે તીર્થના પ્રાસાદોનો ઉદ્ધાર કર્યો. એવી રીતે આ શત્રુંજય તીર્થ ઉપર અમૂલ્ય સુકૃતની ખાણરૂપ એ વ્યંતરેન્દ્રોનો કરેલો આઠમો ઉદ્ધાર થયો.

## નવમો ઉદ્ધાર

શ્રેષ્ઠ અતિશયો સહિત વિહાર કરતા શ્રી ચંદ્રપ્રભસ્વામી એકવાર સર્વ અરિહંતોથી આદર કરાયેલા શત્રુંજયગિરિ ઉપર આવ્યા. રાયણ વૃક્ષને પ્રદક્ષિણા કરી ચન્દ્રપ્રભ પ્રભુ મુનિઓ સાથે વાણીવડે પુણ્યરૂપી જલને વર્ષાવતા ત્યાં સમવસર્યા. તે તીર્થનો મોટો મહિમા વર્ણવી તેને પ્રદક્ષિણા કરીને ચન્દ્રોદ્યાનમાં તેઓ પધાર્યા. સગર રાજાએ લાવેલા સમુદ્રને તીરે બ્રાહ્મી નદીના તટ ઉપર ચન્દ્રોદ્યાનના એક ભાગમાં પ્રભુ સમવસર્યા. દેવતાઓએ આવીને સમવસરણ કર્યું અને લોકોના સમૂહોએ પ્રભુને નમસ્કાર કર્યો. ત્યારબાદ લોકો પ્રભુની સ્તુતિ કરતા તેમની આગળ બેઠા. તે વખતે નજીકમાં રહેલી શશિપ્રભા નગરીનો રાજા ચન્દ્રશેખર પોતાની ચન્દ્રપ્રભા રાણી અને ચન્દ્રયશા પુત્રની સાથે જલદીથી ત્યાં આવ્યો. પ્રભુની સ્તુતિ કરીને તેમના વચનામૃતની નીકનું પાન કરવા માટે પ્રભુ પાસે બેઠો. પ્રભુએ ઉપદેશમાં ફરમાવ્યું: 'સર્વ રીતે અસ્થિર એવા આ સંસારમાં શત્રુંજય તીર્થ, અરિહંતનું ધ્યાન અને બે પ્રકારનો ધર્મ-એ જ સાર છે. પુંડરીકગિરિના સેવનથી, શ્રી જિનેશ્વરના ધ્યાનથી અને બે પ્રકારના ધર્મથી શાશ્વત સુખની સિદ્ધિ હાથમાં છે. દેવોમાં જેમ અરિહંત, ધ્યાનમાં જેમ શુક્લધ્યાન અને વ્રતોમાં જેમ બ્રહ્મચર્ય મુખ્ય છે, તેમ સર્વ તીર્થોમાં આ તીર્થ મુખ્ય છે. તેમજ સર્વ ધર્મમાં મુનિપણું મુખ્ય ગણાય છે; કારણ કે તેની મુદ્રા વિના મુક્તિરૂપી સ્ત્રી વરને વરતી નથી.' આ પ્રમાણે પ્રભુના મુખથી દેશના સાંભળીને ચન્દ્રશેખર રાજાએ તત્કાળ બોધ પામી સ્ત્રી સહિત દીક્ષા ગ્રહણ કરી. ત્યાં સમુદ્રના તટ ઉપર પ્રભુના કાયોત્સર્ગને સ્થાને ધરણેન્દ્રે ચન્દ્રકાંતમણિના બિંબવાળો એક પ્રાસાદ કરાવ્યો.

લોકોની ઉપર અનુગ્રહ કરવામાં તત્પર એવા ચન્દ્રપ્રભ પ્રભુ ત્યાંથી રૈવતગિરિના શિખરો ઉપર ચારે બાજુ વિચર્યા. ત્યાંથી વિહાર કરી સર્વ વિશ્વને તીર્થમય કરતા પ્રભુ એક હજાર મુનિઓની સાથે સમેતશિખર પર્વતે આવ્યા. ત્યાં અનશન સ્વીકારીને ભાદ્રપદ માસની કૃષ્ણ સપ્તમીએ ચન્દ્ર શ્રવણ નક્ષત્રમાં આવતાં, નિષ્કંપ મનવાળા ચન્દ્રપ્રભ પ્રભુ સાડાસાત લાખ પૂર્વનું પૂર્ણ [1]આયુષ્ય પાળી અખંડિત પદ(મોક્ષ)ને પામ્યા. સર્વ ઈન્દ્રોએ ત્યાં પૂર્વની જેમ પ્રભુનો નિર્વાણમહિમા કર્યો અને પછી હર્ષથી પોતપોતાના સ્થાનકે ગયા.

## ચન્દ્રપ્રભાસ તીર્થની ઉત્પત્તિ અને મહિમા

હવે ચન્દ્રશેખર મુનિ વિહાર કરતા કરતા ભગવંતના ચરણથી પવિત્ર એવી ચન્દ્રપ્રભા નગરીમાં આવ્યા. અખંડ આજ્ઞાવાળો તેમનો પુત્ર ચન્દ્રયશા તેમને આવેલા સાંભળી પાંચસો રાજાઓની સાથે વેગથી તેમને વંદન કરવા માટે આવ્યો. નમેલા એવા તેને દયાયુક્ત જ્ઞાની મુનિએ 'ધર્મલાભ' આપ્યો, પછી ધર્મને અનુસરતી વાણીવડે અનુગ્રહ કર્યો. વળી તે મુનિરાજે તેને કહ્યું: અહીં ચન્દ્રપ્રભ ભગવંત રહેલા છે, તેથી આ ઉત્તમ તીર્થ [2]ચન્દ્રપ્રભાસ નામે પૃથ્વીમાં પ્રખ્યાતિ પામશે. જે સ્થાને સમુદ્રની અંદર પ્રભુ પ્રતિમાવડે સ્થિર રહ્યા હતા તે સ્થાનમાં સમુદ્ર વેલને ઓળંગી જનાર થયો, અને તે પછી ઊંચે ઊંચે જવા લાગ્યો. તેથી લવણ સમુદ્રના અધિષ્ઠાયક લવણદેવે ભક્તિથી ત્યાં છત્રરૂપ થઈ તત્કાલ ચારે બાજુથી તે સમુદ્રને રુંધન કર્યો. અને જે ઠેકાણે ધરણેન્દ્રે પ્રભુનો મહાનિર્મળ પ્રાસાદ કરાવ્યો; તે ઠેકાણે એક પવિત્ર તીર્થ થયું, અને ત્યારથી તે સમુદ્ર પણ પવિત્ર કહેવાયો. પૂર્વે શ્રીયુગાદિપ્રભુના પૌત્ર ચન્દ્રકીર્તિએ પોતાના ભાવથી ચંદ્રનામના ઉદ્યાનની પાસે ભાવી તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભ પ્રભુનો પ્રાસાદ પોતાના નગરમાં કરાવ્યો હતો. તેથી ત્યારથી માંડી તુલના ન કરી શકાય

---

૧. શ્રી ચન્દ્રપ્રભ પ્રભુનું આયુષ્ય અન્યત્ર દશ લાખ પૂર્વનું કહેલું છે.
૨. વેરાવળ પાસે હાલ પ્રભાસ પાટણ છે તે.

એવું આ તીર્થ સર્વ રીતે પવિત્ર છે. જે ઠેકાણે એક યોજનમાં ચન્દ્રપ્રભ પ્રભુનું સમવસરણ થયેલું હતું, ત્યાં દૈવયોગે મરણ પામેલા માણસો સ્વર્ગમાં જશે. શ્રી તીર્થંકરના ચરણથી પવિત્ર એવા તે પ્રદેશમાં મૃત્યુ પામેલા મનુષ્યદેહમાં દુર્ગંધી ઉત્પન્ન થશે નહિ, કીડા પડશે નહિ અને બદબો થશે નહિ. સર્વ સાવદ્ય કર્મનો ત્યાગ કરી, જિનધ્યાનમાં પરાયણ થઈને જેઓ આ તીર્થમાં તપ કરશે, તેમનાથી મુક્તિરૂપી કામિની દૂર રહેશે નહિ. આ તીર્થે મૃત્યુ પામેલા પ્રાણીઓ નરક કે તિર્યંચગતિમાં જતા નથી, પણ તેઓ મનુષ્યગતિ, દેવગતિ અથવા મોક્ષની કલ્યાણ સંપત્તિને ભોગવે છે. સગરરાજાએ આ સાગરને તીર્થની રક્ષાને માટે આકર્ષ્યો અને આઠમા તીર્થંકરના સ્નાત્રજળ સાથે તેનો સ્પર્શ થયો, તેથી તે અતિ પવિત્ર છે. આ ઘણા જલવાળી બ્રાહ્મી નદી પ્રભુને સ્નાત્ર કરાવવાને માટે બ્રહ્મેન્દ્રે લાવેલી છે, તેથી તે પવિત્ર છે. અહીં ઘણાં તીર્થોનો સંગમ થયેલો છે, તેથી આ ઉત્તમ તીર્થ સર્વ પાપનો નાશ કરનારું છે. ચાર શાખાવાળો ધર્મ શુભ ભાવનાપૂર્વક જો અહીં આરાધ્યો હોય તો સેંકડો શાખાદ્વારા વિસ્તાર પામી સર્વ વાંછિતોને આપે છે.

આ પ્રમાણે ધર્મોપદેશ આપી તે સર્વોપકારી મુનિપુંગવે ત્યાંથી અન્યત્ર વિહાર કરવા પ્રયાણ કર્યું. ચન્દ્રયશાએ હર્ષથી તે ઠેકાણે પ્રાસાદસહિત ચન્દ્રપ્રભ પ્રભુની ચન્દ્રકાંતમણિમય મૂર્તિ કરાવી. (પૂર્વે આદિનાથના પૌત્ર) સોમયશાએ કરાવેલા અર્હત્પ્રાસાદની નજીક ચન્દ્રયશાનો તે પ્રાસાદ તેના જેવો થયો. તેણે પોતાના પિતા ચન્દ્રશેખરની પણ એક મણિમય મૂર્તિ કરાવી. પિતાને વિષે 'પુત્રની ભક્તિ' એ પ્રમાણે તે શોભે છે, ચન્દ્રપ્રભ ભગવંતને ચન્દ્રનું લાંછન છે તેવું પિતાના મસ્તક ઉપર ચન્દ્રનું લાંછન (ચિહ્ન) કરાવ્યું, અને જિનસ્નાત્રના જળથી પિતાને સ્નાન કરાવ્યું, તેમજ બંને મૂર્તિનો ઉત્સવ પણ તેણે સરખી રીતે કર્યો. તેથી લોકો પણ રાજભક્તિને વશ થઈ પોતાના પિતાને વિષે પૂજન કરે છે. ત્યારપછી ચન્દ્રયશા શુભ દિવસે શુભ ભાવનાપૂર્વક સગરરાજાની જેમ સંઘ સહિત તીર્થયાત્રા કરવા

ચાલ્યો. કેટલાક દિવસે ગુરુના કહેલા માર્ગે તીર્થમાં આવી વિધિપૂર્વક તેણે દાન-પૂજન આદિ સર્વ કર્યું. ત્યાં કેટલાક જીર્ણ થઈ ગયેલા પ્રાસાદોને જોઈ દુઃખી થયેલા અને ધર્યો છે વિશાલ ગુરુની વાણીનો ભાર જેણે એવા ચન્દ્રયશાએ પ્રાસાદનો આદરપૂર્વક ઉદ્ધાર કર્યો. પુંડરીક, રૈવત, આબુ અને બાહુબલિ વગેરે સર્વ શિખરોમાં તેણે ભક્તિથી ઉદ્ધાર કર્યો. એ પ્રમાણે સર્વ તીર્થની યાત્રા અને ઉદ્ધાર કરી ચન્દ્રયશા રાજાએ સદ્‌ગુરુની પાસે મુક્તિરૂપી સ્ત્રીની સખી જેવી દીક્ષા ગ્રહણ કરી. લાખ પૂર્વ સુધી દીક્ષા પાળી, અષ્ટકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન મેળવીને અંતે મોક્ષસુખને પામ્યા.

## દસમો ઉદ્ધાર

એકવાર શાંતિનાથ ભગવાન હસ્તિનાપુર પધાર્યા. ચક્રધરરાજા વગેરે નગરલોક પ્રભુની દેશના સાંભળવા ગયો. પ્રભુને વંદન કરીને સૌ પોતપોતાના સ્થાને બેઠા એટલે પ્રભુએ દેશના આપી. તે આ પ્રમાણે– શીલ, શત્રુંજય, સમતા, જિનસેવા, સંઘ અને સંઘપતિપદ મુક્તિરૂપી લક્ષ્મીને આપે છે. પ્રભુની આવી દેશના સાંભળીને ચક્રધર રાજાએ પ્રભુજીને વિનંતિ કરીઃ હે પ્રભુ ! મને સંઘપતિની પદવી આપો. આથી પ્રભુએ વિધિપૂર્વક અક્ષતયુક્ત વાસક્ષેપ માળા સાથે ચક્રધરના મસ્તકે નાખ્યો. પછી પ્રભુભક્તિરૂપ મહોત્સવ કર્યો. શુભ દિવસે વિશાળ સંઘનું પ્રયાણ થયું. અનુક્રમે સંઘ શત્રુંજયની નજીક આવ્યો. પછી સંઘ ગિરિરાજ ઉપર ચડ્યો. રાજા ચક્રધરને આ તીર્થ નિહાળીને આનંદ પામેલા જોઈને ઇન્દ્રે કહ્યુંઃ હે રાજન્ ! તમારા પૂર્વજોનું આ તીર્થ કાળના પ્રભાવથી જીર્ણ થઈ ગયેલું છે. આથી તમારે આ તીર્થનો ઉદ્ધાર કરવો જોઈએ. આથી ચક્રધર રાજાએ જીર્ણ જિનપ્રાસાદોનો ઉદ્ધાર કર્યો, અને કેટલાંક નવાં જિનમંદિરો બંધાવ્યાં. પછી ગિરનાર અને સમેતશિખર વગેરે તીર્થોની સંઘસહિત યાત્રા કરી. ત્યાં પણ જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કર્યો, અને નવાં પણ જિનમંદિરોનું નિર્માણ કરાવ્યું. પછી ક્રમે કરીને તે હસ્તિનાપુરમાં આવ્યો.

## અગિયારમો ઉદ્ધાર

રામચંદ્રજી વગેરે વનવાસ કરીને અયોધ્યામાં આવ્યા. આ વખતે ભરતજી શુભ ભાવના ભાવવા લાગ્યા: પુણ્યથી મેળવેલું મનુષ્યજીવન પાણીના પરપોટાની જેમ ક્ષણિક છે, લક્ષ્મી કમલના દલ ઉપર રહેલા જલબિંદુની જેમ અનિત્ય છે, ભોગો કિંપાકફળ સમાન પરિણામે કટુફળ આપે છે, જીવન સ્વપ્નની જેમ ક્ષણભંગુર છે, સંબંધો પક્ષીના સમાગમ સમાન નાશવંત છે. જેમણે બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી છે તેઓ ધન્ય છે. જો હું યૌવનમાં ધર્મ ન કરું તો ઘડપણમાં જરાથી પકડાયેલો શોકરૂપ અગ્નિમાં બળું. ભરતજીને વૈરાગ્યવાળા જોઈને શ્રીરામે કહ્યું: મોક્ષપ્રાપ્તિ માટે જિનોક્ત ધર્મને કરતો તું હમણાં ભોગોને ભોગવ. પછી દીક્ષા લેજે. ભરતજીએ કહ્યું: મારું મન અત્યન્ત વિરક્ત બન્યું છે. માટે જલદી મને દીક્ષાની રજા આપો. આ જીવ ભોગોથી ક્યારેય તૃપ્ત નહિ થાય. બીજાઓએ પણ હમણાં દીક્ષા ન લેવા કહ્યું, પણ ભરતજી હમણાંજ દીક્ષા લેવા માટે મક્કમ રહ્યા. આથી ભરતજીએ હજાર મનુષ્યોની સાથે દીક્ષા લીધી. આથી કૈકેયી શોક કરવા લાગી. કોઈ જ્ઞાની ભગવંતે કૈકેયીને ઉપદેશ આપતાં કહ્યું: અનંતભવોમાં અનંતપુત્રો થયા. તે બધાનો વિયોગ થયો. તો આ એક પુત્ર માટે શોક કેમ કરો છો ? **સંસારમાં પરિભ્રમણ કરતાં સર્વ જીવોની સાથે સર્વ પ્રકારના સંબંધો અનંતવાર થઈ ગયા છે.** આવા ઉપદેશથી કૈકેયીએ શોક દૂર કર્યો. પછી વૈરાગ્ય પામીને હજાર સ્ત્રીઓની સાથે દીક્ષા લીધી.

એકવાર શ્રીરામચંદ્રજી વગેરે સકલભૂષણ નામના જ્ઞાનીની દેશના સાંભળવા ગયા. દેશનામાં જ્ઞાનીએ શત્રુંજયનો મહિમા વર્ણવતાં કહ્યું કે— શત્રુંજય શાશ્વત છે. ભવ્યજીવને જ શત્રુંજયની યાત્રા કરવાનું મન થાય. શત્રુંજયની યાત્રા કરનાર જીવ અવશ્ય મુક્તિને પામે. જે સંઘપતિ થઈને ઘણા મનુષ્યોને સિદ્ધગિરિ વંદાવે તે જલદી મુક્તિને પામે. આ સાંભળીને શ્રીરામચંદ્રજીને સંઘ કાઢવાની ભાવના થઈ. જુદા જુદા દેશોમાં કુમકુમ

પત્રિકાઓ મોકલી. યાત્રા કરવા માટે ઘણા મનુષ્યો આવ્યા. શુભદિવસે સંઘનું પ્રમાણ થયું. ક્રમે કરીને સંઘ શત્રુંજય તીર્થ ઉપર ચડ્યો. ત્યાં આદિનાથ પ્રભુનાં મંદિરોને જીર્ણ થયેલાં જોઈને શ્રીરામચંદ્રજીએ તે મંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. પછી સંઘ ગિરનાર આવ્યો. ત્યાં શ્રી નેમિનાથ પ્રભુની હર્ષથી ભક્તિ કરી. પછી સંઘના મનુષ્યો પોતપોતાના સ્થાને ગયા, અને શ્રી રામચંદ્રજી વગેરે અયોધ્યા આવ્યા.

## બારમો ઉદ્ધાર

શ્રી નેમિનાથ ભગવાન પાસેથી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને યુદ્ધિષ્ઠિરજી શ્રીસિદ્ધગિરિની યાત્રા કરવાની ભાવનાવાળા થયા. તેમણે શ્રી નેમિનાથ ભગવાનને કહ્યું: હે જિનેશ્વર ! જ્યાં સુધી હું શત્રુંજયગિરિ ઉપર શ્રી આદિનાથ જિનેશ્વરને નમન ન કરું ત્યાં સુધી હંમેશા મારે એક વખત ભોજન [1]કરવું. તે વખતે તેમના પિતા પાંડુએ સ્વર્ગમાંથી આવીને કહ્યું: તમારી ભાવના સુંદર છે. તમે શુદ્ધ હૃદયથી પુંડરિકગિરિની યાત્રા કરો. હું તમને સહાય કરીશ. પછી પાંડવોએ સર્વ રાજાઓને નિમંત્રણ મોકલ્યું. આથી અનેક રાજાઓ હસ્તિનાપુર આવ્યા. પાંડવોએ તેમનો સત્કાર કર્યો. પછી શુભ દિવસે સંઘનું પ્રયાણ થયું. સંઘ સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે સુરાષ્ટ્રની સીમા સુધી સામા આવીને શ્રીકૃષ્ણ પાંડવોને મળ્યા. ક્રમશ: સંઘ શત્રુંજયની પાસે આવ્યો. પછી સંઘ હર્ષથી ગિરિરાજ ઉપર ચઢ્યો. ત્યાં જિનપૂજા વગેરે સત્કાયો કર્યાં. ત્યાં મંદિર તથા બિંબને જીર્ણ થયેલું જોઈને પાંડવોને તથા કૃષ્ણને અતિશય દુખ થયું. કૃષ્ણ બોલ્યા: જુઓ, આપણે રાજ્ય ઉપર હોવા છતાં કાળના પ્રભાવથી આ તીર્થ કેવું જીર્ણ થઈ ગયું છે ? તે વખતે સ્વર્ગમાંથી આવીને પાંડુદેવે કહ્યું: હે કૃષ્ણ ! તમે પૂર્વે રૈવતાચલનો ઉદ્ધાર કરીને ફલ મેળવ્યું છે. તો હમણાં મારા પુત્રોને આ પુંડરીક ગિરિના ઉદ્ધારનું ફળ આપો. પ્રસન્ન થઈને કૃષ્ણે કહ્યું: હે પાંડુદેવ ! તેમાં તમારે પ્રાર્થના શા માટે કરવી પડે છે ? તમારા પુત્ર

૧. શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર પૃષ્ઠ ૪૩૪ના આધારે આ વિગત જાણવી.

પાંડવો તે અમે છીએ, અને અમે તે પાંડવો છીએ. પાંડુદેવે કૃષ્ણના ચિત્તની પ્રશંસા કરી. પછી યુધિષ્ઠિરને એક મણિ આપીને પાંડુદેવ અંતર્ધાન થઈ ગયો.

ત્યારબાદ યુધિષ્ઠિરે આનંદ પામીને કારીગરોને બોલાવીને એક મોટું મંદિર તથા જિનબિંબ કરાવ્યું. જિનબિંબના હૃદય પર પાંડુદેવે આપેલ મણિને સ્થાપિત કર્યો. પછી શ્રી નેમિનાથ ભગવાનના પ્રથમગણધરની શુભનિશ્રામાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. આ અવસરે યાચકોને પુષ્કળ અનુકંપા દાન આપ્યું. ચંદ્રપ્રભાસ, ગિરનાર, પછી આબૂ, વૈભારગિરિ, સમેતશીખર વગેરે તીર્થોની યાત્રા કરીને સંઘ હસ્તિનાપુર આવ્યો.

## તેરમો ઉદ્ધાર

કાંપિલ્યપુરમાં ભાવડ નામનો શ્રેષ્ઠી હતો. તેની ભાવલા નામની પત્ની હતી. જિનધર્મની આરાધના કરતા તે બેનું સુખપૂર્વક જીવન પસાર થઈ રહ્યું હતું. એકવાર અચાનક અંતરાય કર્મના ઉદયથી તેમની લક્ષ્મી ચાલી ગઈ. હવે તે બંને સામાન્ય વેષ પહેરનારા, જેમ તેમ કરીને આજીવિકા ચલાવનારા, નાના ઘરમાં રહેનારા થઈ ગયા. ભાવડ નાની દુકાન માંડીને થોડો-ઘણો વેપાર કરવા લાગ્યો. તે બંનેનું ધન જવા છતાં સત્ત્વ ન ગયું. ધર્મના ભાવમાં જરા પણ ખામી ન આવી. બંને દરરોજ ત્રિકાળ જિનપૂજા, ગુરુવંદન, બંને સમય પ્રતિક્રમણ વગેરે ધર્મારાધના ઉલ્લાસથી કરે છે. એક વાર બે મુનિઓ તેમના ઘરે વહોરવા પધાર્યા. ભાવલા શ્રાવિકાએ ભાવથી વહોરાવ્યા પછી પૂછયું: હે પૂજ્યો ! હવે અમને પુનઃ ધનની પ્રાપ્તિ થશે કે આવી જ સ્થિતિ રહેશે ? એક મુનિએ જ્ઞાનથી જાણીને કહ્યું: ''આજે એક ઘોડી વેચાવા આવશે. તેને ખરીદવાથી તમને ઘણું ધન મળશે. આ કથન સાવદ્ય છે. તો પણ પરિણામે બહુ શુભનું કારણ હોવાથી અમે કહ્યું છે. કેમ કે તે દ્રવ્યથી તમારો પુત્ર

શત્રુંજયનો ઉદ્ધાર કરશે. પછી ભાવલા શ્રાવિકાએ મુનિને ભાવથી નમસ્કાર કર્યા. મુનિઓ ધર્મલાભ આપીને તેના ઘરમાંથી નીકળી ગયા.''

ભાવલાએ દુકાને આવીને પતિને મુનિએ કહેલી વાત જણાવી. ભાવડે વેચાવા આવેલી ઘોડીને કેટલીક રકમ રોકડ આપીને અને કેટલીક રકમ ઉદ્ધાર રાખીને ખરીદી લીધી. બીજાં કામો ગૌણ બનાવીને ઘોડીનું સારી રીતે રક્ષણ કરવા લાગ્યો. કેમ કે ''જે વસ્તુ પરિણામે હિતકર હોય તેનું સર્વયત્નથી પાલન થાય.'' સમય જતાં ઘોડીએ સર્વસુંદર લક્ષણયુક્ત વછેરાને જન્મ આપ્યો. વછેરો ત્રણ વર્ષનો થતાં તપન નામના રાજાએ તેને લેવાની ઈચ્છા કરી. તેણે ત્રણ લાખ રૂપિયા આપીને તે ઘોડાને ખરીદી લીધો. ભાવડે તે ધનથી બીજી તેવી ઘોડીઓનો સંગ્રહ કર્યો. તે ઘોડીઓ ઉત્તમ અશ્વને જન્મ આપે તેવી હતી. આથી તેને ઘણાં અશ્વરત્નો થયાં. તે અશ્વરત્નો તેણે વિક્રમ રાજાને ભેટ ધર્યાં. રાજાએ પ્રસન્ન થઈને સૌરાષ્ટ્ર દેશમાં બીજાં બાર નગરો સાથે મધુમતી (મહુવા) નગરી આપી. પછી ભાવડે વાજિંત્ર આદિના આડંબર પૂર્વક લોક સમુદાય સાથે મધુમતી નગરીમાં પ્રવેશ કર્યો. અહીં ભાવલાએ શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો. તેનું જાવડ નામ રાખવામાં આવ્યું.

એકવાર નૈમિત્તિકોએ બતાવેલ શુદ્ધભૂમિ ઉપર ભાવડે પુત્રના નામની નગરી વસાવી. તેમાં મહાવીર સ્વામીનું મંદિર અને પૌષધશાળાનું નિર્માણ કરાવ્યું. યૌવનને પામેલા જાવડના સૌરાષ્ટ્રમાં આવેલા ઘોટી ગામના સુરશેઠની સુશીલા નામની કન્યા સાથે લગ્ન થયા. સમય જતાં ભાવડ અને ભાવલા સ્વર્ગવાસ પામ્યા.

દુઃષમા કાળના પ્રભાવથી મોગલ રાજાનું સૈન્ય આવ્યું. મોગલરાજાએ જાવડની પૃથ્વી ઉપર પોતાનો કબજો કર્યો. તે મોગલો સૌરાષ્ટ્ર, કચ્છ, લાટ વગેરે દેશોમાંથી ધાન્ય, ધન, ઉત્તમ-મધ્યમ-અધમ જાતિના લોકોનું પરિવાર સહિત અપહરણ કરીને પોતાના દેશમાં લઈ ગયા. સર્વને પોત-પોતાના કામમાં જોડ્યા. જાવડશેઠને પણ લઈ ગયા. જાવડ શેઠે ત્યાં પણ વેપારથી

ઘણું દ્રવ્ય મેળવ્યું. ત્યાં પોતાની જાતિના લોકોને એક સ્થળે સમુદિત વસાવ્યા. શ્રીમહાવીરસ્વામીનું મંદિર બંધાવ્યું.

વિહાર કરતાં કેટલાક મુનિઓ મોગલોના પ્રદેશોમાં આવ્યા. જાવડ શાહ શેઠ દરરોજ મુનિઓને વંદન કરતા હતા અને વ્યાખ્યાન સાંભળતા હતા. એકવાર વ્યાખ્યાનમાં શત્રુંજયના ઉદ્ધારનો વિષય આવ્યો. તેમાં જાવડ શાહ શત્રુંજયનો ઉદ્ધાર કરશે એ વાત તેમણે સાંભળી. જાવડશાહે પૂછ્યું: હે ભગવંત ! જે તીર્થોદ્ધાર કરનાર જાવડ થશે, તે હું કે બીજા જાવડ થશે ? ઉપયોગથી જાણીને ગુરુમહારાજે કહ્યું: જ્યારે શત્રુંજય ગિરિના અધિષ્ઠાયકો હિંસા કરનારા થશે, મદ્ય-માંસને ખાનારા તે યક્ષો સિદ્ધગિરિની આસપાસ પચાસ યોજન સુધી બધું ઉજ્જડ કરી નાંખશે, ભગવાન આદિનાથ પણ અપૂજ્ય રહેવા પામશે, તેવા કટોકટીના સમયમાં તે તીર્થનો ઉદ્ધાર કરવાને તું પોતે જ ભાગ્યશાળી થઈશ. માટે હે જાવડ ! પૂર્વે બાહુબલિએ કરાવેલા પ્રભુબિંબને તું ચક્રેશ્વરીની ભક્તિ કરીને તેની પાસેથી માગી લે.

જાવડે ઘરે જઈને તત્કાળ પ્રભુપૂજા કરી. બલિવિધાન પૂર્વક ક્ષુદ્ર દેવોને સંતોષ પમાડ્યો. તપપૂર્વક ચક્રેશ્વરી દેવીનું ધ્યાન કર્યું. ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈને કહ્યું: તક્ષશિલા પુરીમાં જઈને રાજાને કહે એટલે તેના બતાવવાથી ધર્મચક્રની આગળ તું બિંબને જોઈશ. પછી તું શત્રુંજયનો ઉદ્ધાર કરીશ ત્યારે હું તને સહાય કરીશ. જાવડશાહે તક્ષશિલાપુરીમાં જઈને રાજાને આ વાત કરી. રાજાએ તેને ધર્મચક્ર બતાવ્યું. જાવડશાહે પ્રદક્ષિણા આપીને ધર્મચક્રનું પૂજન કર્યું. થોડા સમયમાં ત્યાં નિર્મલ આદિજિનનું બિંબ પ્રગટ થયું. તે બિંબને પૂજીને રથમાં બિરાજમાન કરીને આડંબરપૂર્વક તક્ષશિલાપુરીમાં લઈ આવ્યા. પછી જાવડશાહ રાજાની સહાય મેળવીને, પોતાના ગોત્રીઓની સાથે, પ્રતિમાજીને રથમાં લઈને શત્રુંજય તરફ ચાલ્યો. રસ્તામાં અનેક સ્થળે ભૂકંપ વગેરે ઉપદ્રવો મિથ્યાત્વી

દેવોએ કર્યા. પણ જાવડશાહના ભાગ્યથી એ ઉપદ્રવો ટળી ગયા. અનુક્રમે તે રથ સૌરાષ્ટ્ર દેશમાં મધુમતીમાં આવ્યો.

પૂર્વે જાવડશાહે કરિયાણાં ભરીને અઢાર વહાણો ચીન વગેરે દેશમાં મોકલ્યા હતા. તે વહાણો પાછા ફરતાં વાયુથી ભમતાં ભમતાં સ્વર્ણ દ્વીપમાં ગયા. અગ્નિદાહથી તે ભૂમિમાં સુવર્ણ છે એમ ખલાસીઓએ જાણ્યું. આથી ખલાસીઓએ એ અઢાર વહાણો સુવર્ણધૂળથી ભરી લીધા. જે દિવસે મધુમતીમાં જાવડશાહનો પ્રવેશ થયો તે જ દિવસે આ વહાણો પણ ત્યાં આવ્યા.

આ સમયે એકતરફ એક પુરુષે સમાચાર આપ્યા કે નગરની બહાર શ્રીવજ્રસ્વામી પધાર્યા છે. બીજા પુરુષે ખબર આપ્યા કે પૂર્વે મોકલેલાં વહાણો બાર વર્ષે સુવર્ણ ભરીને અહીં આવ્યાં છે. આ બંને સમાચાર સાંભળી તેનું ચિત્ત પ્રથમ શું કરવું તેવા વિચારમાં પડ્યું. પછી નિર્ણય કર્યો કે પાપહેતુ લક્ષ્મી ક્યાં ? અને પુણ્યહેતુ મુનિ ક્યાં ? માટે પ્રથમ વજ્રસ્વામી પાસે જઇને વંદન વગેરે કરું. પછી આડંબર પૂર્વક વજ્રસ્વામી પાસે જઈને વંદન વગેરે કર્યું. તેવામાં પોતાના તેજથી દિશાઓને પ્રકાશિત કરતો એક દેવ આકાશમાંથી ઉતરીને વજ્રસ્વામીને નમીને આ પ્રમાણે બોલ્યોઃ પૂર્વે હું મધુમતીમાં કપર્દીનામનો વણકર હતો. ભાગ્યયોગે મને આપનો યોગ થયો. આપે મને ગંઠિસહિઅં પચ્ચક્ખાણનો મહિમા સમજાવ્યો. જેઓ હંમેશા ગ્રંથિસહિત પચ્ચક્ખાણમાં ગાંઠ બાધે છે તેઓ પોતાની ગાંઠમાં સ્વર્ગ અને મોક્ષના સુખ બાંધે છે. જેઓ હંમેશાં ભૂલ્યા વગર નવકાર ગણીને ગ્રંથિસહિત (ગંઠસી) પચ્ચક્ખાણને પારે છે તે વસ્ત્રની ગાંઠ છોડવા સાથે કર્મને છોડે છે. આપના આવા ઉપદેશથી મેં ગંઠિસહિઅં પચ્ચક્ખાણ કરવાનો સ્વીકાર કર્યો. એકવાર અગાશીમાં મદિરાની પ્યાલી મોઢામાં નાખવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે સર્પમુખમાંથી ઝેર તેમાં પડ્યું. મને આની ખબર ન પડી. દારૂની પ્યાલી હું પી ગયો. જરાવારમાં ઝેરની અસર શરીરમાં થવા લાગી. આથી હું મારા વ્યસનની નિંદા કરવા

લાગ્યો, આપને યાદ કરવા લાગ્યો, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો. આ રીતે હું સમાધિથી મૃત્યુ પામીને પાતાલભવનમાં દેદીપ્યમાન શરીરવાળો અને એક લાખ યક્ષોનો સ્વામી કપર્દી નામે યક્ષ થયો છું. આપ મારા મહાન ઉપકારી છો. આથી હવે આજ્ઞા ફરમાવો કે હું આપની શી સેવા કરું ? આ વખતે વજસ્વામીએ જાવડશાહને કહ્યુંઃ શત્રુંજયની યાત્રા કર અને એ તીર્થનો ઉદ્ધાર કર. હું, આ યક્ષ અને તારું ભાગ્ય આ પ્રતિમાના કાર્યમાં તને સહાય કરશે.

જાવડશાહ ત્યાંથી ઊઠીને વહાણો પાસે ગયો. વહાણમાંથી સુવર્ણધૂળ ઉતારીને યોગ્ય સ્થળે મૂકાવી. પછી તેમાંથી પુષ્કળ સોનું મેળવ્યું. ત્યારબાદ જાવડશાહે તીર્થયાત્રા માટેની તૈયારી કરવા માંડી. તીર્થયાત્રા માટે આમંત્રણ પત્રિકાઓ મોકલી આપી. વિશાળ સંખ્યામાં શ્રીવજસ્વામી વગેરે સાધુઓની નિશ્રામાં ચતુર્વિધ સંઘનું પ્રયાણ થયું. પહેલા જ દિવસે સિદ્ધગિરિના રક્ષકદેવો કે જે દેવો મિથ્યાત્વી થઈ ગયા હતા તેમણે સંઘપતિની પત્ની જયમતીના શરીરમાં જ્વર ઉત્પન્ન કર્યો. વજસ્વામીની દૃષ્ટિથી તાવ ભાગી ગયો. બીજા પણ અનેક ઉપદ્રવો થયા. તે બધા ઉપદ્રવોને કપર્દીયક્ષે અને વજસ્વામીએ દૂર કર્યા. ક્રમે કરીને સંઘ આદિપુર આવ્યો. આ વખતે તે અધમ દેવોએ શત્રુંજયને કંપાવવા માંડ્યો. આર્ય શ્રીવજસ્વામીએ શાંતિકર્મ આદિથી શત્રુંજય પર્વતને સ્થિર કર્યો. શુભદિવસે પૂર્વોક્ત બિંબસહિત સંઘ શત્રુંજય ઉપર ચડ્યો. તે વખતે મિથ્યાત્વી દેવોએ ઠેર-ઠેર વેતાળ, રાક્ષસો અને ભૂત વગેરે બતાવ્યા. શ્રીવજસ્વામીએ અને કપર્દીયક્ષે તે વિઘ્ન દૂર કર્યું. સર્વ સંઘ શત્રુંજયના શિખર ઉપર પહોંચ્યો. ત્યાં ગિરિરાજને મડદા, અસ્થિ, ચરબી, લોહી અને માંસ વગેરેથી ખરડાયેલો જોયો. આથી સર્વસંઘ ખૂબ ખિન્ન બની ગયો. જાવડશાહે તુરંત શત્રુંજય નદીનું પવિત્ર જળ પોતાના માણસો પાસેથી મંગાવીને ગિરિરાજને ધોઈને નિર્મળ કર્યો. પછી પ્રાસાદોને અતિશય જીર્ણ થયેલા જોઈને જાવડશાહ ખિન્ન થઇ ગયો. રાત્રે સંઘ ત્યાં નિવાસ કરીને નિદ્રાવશ થયો ત્યારે તે

અધમ દેવોએ પ્રતિમાને પર્વત ઉપરથી નીચે ઉતારી દીધી. સવારે પ્રતિમાને ન જોવાથી જાવડશાહ ખિન્ન થયો. શ્રીવજ્રસ્વામીને આ વિગત જણાવી. શ્રીવજ્રસ્વામીએ જ્ઞાનનો ઉપયોગ મૂકીને પ્રતિમા ક્યાં છે તે જાણી લીધું. વજ્રસ્વામીની આજ્ઞાથી કપર્દીયક્ષ તે પ્રતિમાને ઉપર લઇ આવ્યો. ફરી બીજી રાતે પણ તે દેવોએ પ્રતિમાને ઉતારી દીધી. કપર્દીયક્ષ પ્રતિમાને ઉપર લઇ આવ્યો. ફરી ત્રીજી રાતે પણ તે દેવોએ પ્રતિમાને નીચે ઉતારી દીધી. કપર્દીયક્ષ ઉપર લઈ આવ્યો. આમ એકવીસ રાત-દિવસ સુધી બન્યું.

પછી શ્રીવજ્રસ્વામીએ કપર્દીયક્ષને કહ્યુંઃ તમે તમારા સેવકયક્ષોની સાથે આકાશમાં વ્યાપીને રહો. જેથી અધમદેવો સામર્થ્યહીન બની જાય. પછી શ્રીવજ્રસ્વામીએ જાવડશાહને કહ્યુંઃ તમે પતિ-પત્ની બંને હૃદયમાં આદિનાથનું ધ્યાન ધરી પ્રતિમાના રથની નીચે પૈડાની પાસે સૂઈ જાઓ. તેથી મિથ્યાત્વીદેવો તમને ઉલ્લંઘી શકશે નહિ. પછી સકલસંઘને પ્રાતઃકાલ સુધી આદિનાથના સ્મરણપૂર્વક કાયોત્સર્ગમાં રહેવાનું કહ્યું. વજ્રસ્વામી પોતે પણ ધ્યાનમાં સ્થિર થયા. આથી તે દેવો વિઘ્ન કરવા સમર્થ બન્યા નહિ. પ્રાતઃકાળે જોયું તો પ્રતિમાજી ત્યાં જ હતા. પછી મંદિરને શુદ્ધ કરીને આડંબરપૂર્વક પ્રતિમાજીનો મંદિરમાં પ્રવેશ કરાવ્યો. પછી મહોત્સવપૂર્વક પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ.

પછી પણ અધમ તે દુષ્ટદેવોએ ઉપદ્રવ કરવાનો પ્રયત્ન કર્યો. પણ શ્રીવજ્રસ્વામીના અને કપર્દીયક્ષના પ્રભાવથી તે દેવો ઉપદ્રવ કરવા સમર્થ બન્યા નહિ.

પ્રતિષ્ઠા થયા બાદ ધ્વજા ચડાવવાને માટે જાવડશાહ પત્ની સહિત ઉપર ચડ્યા. ત્યાં રહીને ઉત્તમ ભાવના ભાવવા લાગ્યા. તે આ પ્રમાણે– આ સંસારમાં હું ધન્ય છું, તથા મારું ભાગ્ય અદ્‌ભુત છે, જેથી તીર્થના ઉદ્ધારનો લાભ મને મળ્યો. તેમાં વળી વજ્રસ્વામી જેવા ગુરુ મળ્યા. બાહુબલિએ કરાવેલ મહાપ્રભાવવાળું જિનબિંબ મને મળ્યું. કપર્દીયક્ષની

સહાય મળી તે પણ મારો મહાન ભાગ્યોદય છે. આ પ્રમાણે બંને શુભધ્યાનવાળા બન્યા. તેટલામાં અતિશય હર્ષના કારણે અને આયુષ્યપૂર્ણ થવાથી હૃદય બંધ પડવાથી બંને ત્યાં જ મૃત્યુ પામ્યા. વ્યંતર દેવોએ તેમના દેહને ક્ષીરસમુદ્રમાં પધરાવ્યા. આ બનાવથી જાવડશાહનો પુત્ર જાજનાગ વગેરે ખેદ પામ્યા. આ વખતે ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઈને કહ્યું કે આમાં ખેદ પામવા જેવું નથી. કારણ કે તે બંને શુભભાવનામાં મૃત્યુ પામીને ચોથા દેવલોકમાં ઉત્પન્ન થયા છે. પછી શોક-રહિત બનેલો જાજનાગ ગુરુમહારાજના ઉપદેશથી સંઘને લઈને રૈવતાચલ વગેરે તીર્થોએ ગયો. અનુક્રમે જાજનાગ સંઘસહિત પોતાની નગરીમાં આવ્યો. ત્યાં ઉત્સવપૂર્વક અને પહેરામણી પૂર્વક ઉત્તમ ભોજનથી ભક્તિ કરીને સર્વસંઘને વિદાય કર્યો.

ત્યારબાદ જાજનાગે પૃથ્વી પર ઘણાં જિનમંદિરો બંધાવ્યાં. એકવાર જાજનાગે શ્રીસુવ્રત ગુરુની પાસે નાણ મંડાવીને સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. તે વખતે બીજા હજાર શ્રાવકોએ અને પાંચસો શ્રાવિકાઓએ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. ધર્મ કરતો જાજનાગ દર વર્ષે ત્રણ વખત આદરથી સાધર્મિક વાત્સલ્ય કરતો હતો. વર્ષમાં ત્રણવાર કુટુંબ સહિત સંઘપૂજન અને ગુરુપૂજા કરતો હતો. શત્રુંજયની અને ગિરનારની સંઘસહિત યાત્રા કરતો હતો.

## ચૌદમો ઉદ્ધાર

એકવાર મહારાજા કુમારપાળે પોતાના ઉદયન નામના પ્રધાનને સોરઠના રાજા સમરસેનને જીતવા સોરઠ મોકલ્યા. ક્રમે કરી તેઓ પાલીતાણા આવી પહોંચ્યા. સામંતાદિ સાથે તળેટીમાં શ્રી મહાવીર પ્રભુનાં દર્શન કર્યા પછી ગિરિરાજ ઉપર ચડવાની ભાવના થઈ. તેમણે સામંતાદિને આગળના ગામે જવા કહ્યું ને પોતે ગિરિરાજ શ્રીસિદ્ધાચલ ઉપર ચડ્યા. સ્નાનાદિ કરીને શ્રી આદીશ્વરદાદાના દરબારમાં આવ્યા. ખૂબ ભાવપૂર્વક પૂજાદિ કરી ગભારામાંથી બહાર આવી ત્રીજી નિસિહી બોલી તે ચૈત્યવંદનની શરૂઆત કરતા હતા ત્યારે એક ઉંદર આવી ઘીના દીવાની સળગતી વાટ

ખેંચી પોતાના દર તરફ લઈ જવા લાગ્યો. આ જોઈ ગયેલો પૂજારી દોડતો આવ્યો એટલે ઉંદર વાટ મૂકી નાસી ગયો. આ જોઇ મંત્રી વિચારમાં પડ્યા કે લાકડાનું દહેરું હોઇ ક્યારેક સળગી જશે તો મહા અનર્થ થશે. રાજ્યકાર્યમાં વ્યગ્ર રહેતા મને ધિક્કાર છે કે બધી સગવડ છતાં મેં આ મહાતીર્થનો જીર્ણોદ્ધાર ન કરાવ્યો. પાપવ્યપારથી ઉપાર્જન કરેલી એ રાજ્યાધિકારીઓની આ લક્ષ્મી પણ શા કામની કે જે લક્ષ્મી રાજ્યાધિકારીઓથી પણ તીર્થાદિકમાં ખર્ચાતી નથી ને કૃતાર્થ બનતી નથી. ઇત્યાદિ વિચારી તેમણે પ્રભુ સમક્ષ પ્રતિજ્ઞા કરી કે "જ્યાં સુધી આ તીર્થનો ઉદ્ધાર ન કરાવું ત્યાં સુધી મારે બ્રહ્મચર્ય, એકાસણ, ભૂમિ-સંથારે સૂવું અને તાંબુલ (પાન) આદિનો સર્વથા ત્યાગ કરવો." પછી ગિરિરાજથી હેઠે ઉતરી પ્રયાણ કર્યું ને આગળ ગયેલા સામંતાદિકને મળી ગયા.

રાજા સમરસેન ઘણો બળીયો હતો. તેની સાથેના યુદ્ધમાં ઉદયન મંત્રીનું સૈન્ય ભાંગી પડ્યું. આ જોઈ ઉદયન મંત્રી મોખરે આવ્યા ને લડવા લાગ્યા. થોડીવારમાં તેમણે કેર વર્તાવી મૂક્યો. જો કે ચારે તરફથી શત્રુનાં બાણો તેમને વાગતાં હતાં ને શરીર શીર્ણ-વિશીર્ણ થઈ ચુક્યું હતું, છતાં સાહસ અને પરાક્રમથી તેમણે રાજા સમરસેનને મારી નાખ્યો. તેના દેશમાં કુમારપાળ રાજાની આજ્ઞા વર્તાવીને ઉદયન પાછા ફર્યા. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ તેમનું શરીર કથળવા લાગ્યું. આંખે અંધારા આવ્યા ને તેઓ ધરતી પર ઢળી પડ્યા. શીતોપચારથી તે સ્વસ્થ થયા ને બાળકની જેમ રોવા લાગ્યા. આ જોઈ સામંત આદિએ પૂછ્યું: 'તમે શૂરવીર છો. તમારી સહનશક્તિને અમે જાણીએ છીએ. તમે કોઈ દિવસ નહીં ને આજે શા માટે રડો છો ? જો કે શરીર પર ઘા તો ઘણા મોટા ને ઊંડા પડ્યા છે.' મંત્રી બોલ્યા: 'આ રડવું ઘાનું કે મૃત્યુનું નથી. પણ કરવાનાં અધૂરાં રહ્યાં કામનું છે.' તેમણે કહ્યું: 'તમે સંકોચ વિના કહો. તમારા કહ્યા પ્રમાણે બધું જ અમે કરીશું.' મંત્રીએ કહ્યું: 'મારી આ ચાર ભાવના હતી; મારા નાના દીકરા અંબડને સેનાપતિ બનાવવો, સિદ્ધગિરિનો

ઋષભદેવ દાદાનો પ્રાસાદ જે લાકડાનો છે તેનો ઉદ્ધાર કરાવી પાષાણનો કરાવવો. ગિરનાર પર્વત પર જવા નવાં પગથીયાં કરાવવા અને મૃત્યુ સમયે નિર્યામણા કરાવનાર કોઈ ગુરુનો યોગ મેળવવો. પણ એકે વાત પૂરી થતી નથી દેખાતી. તેથી તે શલ્યની જેમ ખૂંચે છે.' સામંતોએ કહ્યું: 'મંત્રીશ્વર ! ચિંતા ન કરો. પહેલી ત્રણ વાત તો તમારા મોટા દિકરા બાહડદેવ પૂરી કરશે. તેમાં અમે સાક્ષી છીએ. હવે રહી નિર્યામણા-આરાધનાની વાત. તો અમે હમણાં જ કોઈ ગુરુમહારાજને શોધી લાવીએ છીએ.'

એમ કહી તેઓ એક તરફ ચાલ્યા ને વિચાર્યું: "આ યુદ્ધની ભૂમિમાં ગુરુમહારાજ મળવા અશક્ય છે, ને મંત્રીશ્વરની સ્થિતિ પણ ઝોલા ખાય છે" ઈત્યાદિ વિચારી તેમણે એક ભાંડ (ભવાયા)ને સાધુવેષ પહેરાવી મંત્રીને કેવી રીતે શું કહેવું વગેરે શિખવાડી ત્યાં લઈ આવ્યા. તેણે પણ સાધુની જેમ જ બધો અભિનય કર્યો ને ધર્મલાભ કહી ઊભો રહ્યો. મંત્રીએ તેને ગૌતમસ્વામીની જેમ વંદના કરી, સર્વ-જીવોને ખમાવ્યા. દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના કરતાં તે સ્વર્ગગામી બન્યા.

આ ભાંડ વિચારે છે કે "અહો ! કેવો આશ્ચર્યકારી મહિમા છે આ મુનિવેષનો ! ક્યાં હું સાધનહીન ગરીબડો ને ક્યાં સર્વને ઝાંખા પાડનાર સમૃદ્ધ મંત્રીશ્વર ! આમણે મને વંદના કરી મને પૂજ્ય કહી માથું નમાવ્યું. હવે આ વેષ ઉતારવો ન જોઈએ. વિશ્વવંદ્ય વેશને હું હવે ભાવથી સ્વીકારું છું." ઈત્યાદિ વિચારી તેણે સાધુત્વ સ્વીકાર્યું. તેણે પણ ગિરનારજી જઈ બે માસના અણસણપૂર્વક સ્વર્ગ સાધ્યું.

ઉદયનમંત્રીના આદર-માન, અને પ્રશંસા તેમજ સામંતાદિકની પણ પ્રશંસાથી તે સામાન્ય માણસને શ્રદ્ધા થઇ ને તે ગિરનાર જઇ દેવપણું પામ્યો.

ક્રમે કરી સામંતાદિ પાટણ આવ્યા અને શ્રી કુમારપાળ મહારાજના

ચરણમાં શત્રુની લક્ષ્મી આદિનું અર્પણ કર્યું. મંત્રીશ્વરના શૌર્યની પ્રશંસાપૂર્વક તેમની ભાવનાની વાત કરી. તે સાંભળી રાજા સામંતો સાથે મંત્રીશ્વરના ઘરે આવ્યા ને તેમના પુત્રો બાહડ-અંબડ આદિનો શોક ઉતરાવી કહ્યું–

**युवां यदि पितुर्भक्तौ, धर्ममर्मविदावपि ।**
**उद्ध्रियेथां तदा तीर्थे, गृहीत्वा तदभिग्रहान् ॥१॥**

**અર્થ–** હે બાહડ-અંબડ ! તમે બંને ખરેખરજ પિતાના ભક્ત અને ધર્મના મર્મને જાણનારા હો તો તે તે અભિગ્રહોને ગ્રહણ કરી બંને તીર્થોનો ઉદ્ધાર કરો.

**ऋणमन्यदपि प्रायो, नृणां दुःखाय जायते ।**
**यद् देवस्य ऋणं तत्तु, महादुःखनिबन्धनम् ॥२॥**

**અર્થ–** લોકોનું સામાન્ય ઋણ પણ માણસ માટે દુખનું કારણ બને છે, ત્યારે દેવનું દેવું તો મહાદુખનું નિમત્ત જ છે.

**स्तुत्याः सुतास्त एव स्युः पितरं मोचयन्ति ये ।**
**ऋणाद् देवऋणात् तातं, मोचयेथां युवां ततः ॥३॥**

**અર્થ–** જે પુત્રો પોતાના પિતાને ઋણમુક્ત કરે છે તે જ પુત્રો પ્રશંસનીય છે. માટે તમે તમારા પિતાને દેવના ઋણથી મૂકાવો.

**सवितर्यस्तमापन्ने, मनागपि हि तत्पदम् ।**
**अनुद्धरन्तस्तनया, निन्द्यन्ते शनिवज्जनैः ॥४॥**

**અર્થ–** સૂર્ય અસ્ત પામતાં તેના પુત્રો (અન્ય ગ્રહો) તેના સ્થાનને ન શોભાવે તો શનિની જેમ લોકોથી તે નિંદાય છે. (લોકમાં શનિને સૂર્યનો પુત્ર માન્યો છે)

રાજા આદિની આવી ઉદાત્ત ને મીઠી વાણી સાંભળી ઉત્સાહિત થયેલા બાહડ અને અંબડે એક એક પ્રતિજ્ઞા કરી. પછી અંબડ બાહડનો ઓરમાન ભાઈ થતો હતો છતાં બાહડે અંબડને રાજા પાસેથી સેનાધિપતિનું

સ્થાન અપાવ્યું. પોતે રાજાજ્ઞા લઈ શ્રી ગિરનારતીર્થે ગયો ને અંબાદેવીએ માર્ગ બતાવવા જ્યાં ચોખા છાંટ્યા હતા તે માર્ગે ત્રેંસઠ લાખનો વ્યય કરી ચડવામાં સુગમતા રહે તેવાં નવાં પગથીયાં કરાવ્યાં. ત્યાંનું કામ પૂરું થતાં તરત શ્રી શત્રુંજયની તળેટીમાં સૈન્ય સાથે પડાવ નાંખ્યો. યોજના વિચારીને દેશ-વિદેશના શિલ્પીઓ, કારીગરો તેમજ સલાટો તેડાવ્યા. પથ્થર આદિ સામગ્રી ભેગી કરવા માંડી. આખા દેશમાં વાયુવેગે વાવડ ફરી વળ્યા કે ગુજરાતના મહામાત્ય શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરાવે છે. પોતે આ લાભ લીધા વિના ન રહી જાય એવી ભાવનાથી ઘણા શ્રાવક ગૃહસ્થો મંત્રી પાસે આવ્યા છે ને પોતાને પણ આ પુણ્યકાર્યમાં લાભ મળે એવી સદ્ભાવના પ્રગટ કરી રહ્યા છે. એવે અવસરે ટીમાણકગામનો રહેવાસી કોઈ ''ભીમો કુંડલીયો'' નામનો વાણીયો કેવલ છ રૂપીયાનું ઘી લઈ વેપાર કરવા ત્યાં આવ્યો. બાહડના સૈન્યમાં ઘી વેચી શુદ્ધ વ્યાપારથી તેણે એક રૂપિયા જેવી કમાણી કરી. નાહી-ધોઈ પુષ્પ ખરીદી પ્રભુજીની પૂજા કરી અને બાહડ મંત્રીના પડાવમાં આવ્યો. અનેક શેઠીયાઓની વચ્ચે તેજસ્વી બાહડ મંત્રીને જોઈ ભીમો જંખવાણો પડ્યો. મોટા દરવાજે ઊભેલા દરવાને પણ તેને આગળ ન જવા ઈશારો કર્યો. તેણે વિચાર્યું–

**अहो ! मर्त्यतया तौल्य-मस्य मेऽपि गुणैः पुनः ।**
**द्वयोरप्यन्तरं रत्नो-पलयोरिव हा कियत् ॥१॥**

**અર્થ**– અહો આશ્ચર્યની વાત છે કે મનુષ્યપણાથી તો હું અને આ મંત્રી સરખા જ છીએ. પણ ગુણની દૃષ્ટિથી તો અમારા બંનેમાં રત્ન અને પાષાણ જેટલું અંતર છે.

ભીમાશેઠને દ્વારપાળ જતા રહેવા જણાવતો હતો, તેટલામાં મંત્રીની દૃષ્ટિ ભીમા પર પડી. તેઓ તેની પાસે આવ્યા. ખભે હાથ મૂકી પૂછયું: ''ભાઈ ! કોણ છો ? પૂજા કરી આવ્યા ?'' ભીમાએ કહ્યું: ''હું એક ગરીબ શ્રાવક છું. ઘણા વખતે આજે પુષ્પો ખરીદી ભાવથી પૂજા કરી.'' આ સાંભળી મંત્રીએ કહ્યું–

**धन्यस्त्वं निर्धनोऽप्येवं, यज्जिनेन्द्रमपूजयः ।**
**धर्मबन्धुरसि त्वं मे, ततः साधर्मिकत्वतः ॥१॥**

**અર્થ–** નિર્ધન છતાં તમે દ્રવ્ય વ્યય કરી શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી માટે તમે ધન્ય છો–કૃતપુણ્ય છો, સાધર્મિક હોઈ તમે મારા ધર્મબંધુ છો.

પછી પોતે ભીમાશાને પોતાની ગાદી પાસે લઈ આવ્યા. ભીમો ખચકાતો ખચકાતો ચાલ્યો ને મંત્રીએ તેને ખેંચીને પોતાની પાસે બેસાડ્યો. પછી બધા વચ્ચે ભીમાની પ્રશંસા કરી. ભીમાએ વિચાર્યું: "અહો પ્રભુનો ધર્મ કેટલો મહાન છે. પૂજાનો મહિમા પણ અપાર છે. તેથી મારા જેવા સામાન્ય માણસને પણ કેટલું માન-સન્માન મળે છે." તે વખતે શેઠીયાઓ મંત્રી સાથે મીઠી રકઝક કરતા કહી રહ્યા હતા કે–

**प्रभविष्णुस्त्वमेकोऽपि, तीर्थोद्धारेऽसि धीसख ।**
**बन्धुनिव तथाप्यस्मान्, पुण्येऽस्मिन् योक्तुमर्हसि ॥१॥**

**અર્થ–** હે મંત્રીશ્વર ! જો કે તમે એકલા જ આ તીર્થનો ઉદ્ધાર કરવામાં સમર્થ છો, છતાં અમારી વિનંતિ છે કે આ પુણ્યકાર્યમાં બંધુની જેમ તમે અમને પણ સાથે રાખો, અર્થાત્ અમને પણ જીર્ણોદ્ધારના કાર્યમાં લાભ આપો.

**पित्रादयोऽपि वञ्च्यन्ते, कदापि क्वापि धार्मिकैः ।**
**न तु साधर्मिका धर्म-स्नेहपाशनियन्त्रणात् ॥२॥**

**અર્થ–** કોઈકવાર ધર્મી પુરુષો માતા-પિતા આદિને છેતરી લે છે, પણ ધર્મ-કાર્યમાં સ્નેહપાસથી બંધાયેલા હોવાને લીધે તેઓ સાધર્મિકબંધુને છેતરી શકતા નથી.

માટે અમારું ધન પણ આ ગિરિરાજના ઉદ્ધારમાં અવશ્ય લાગવું જોઈએ. આમ બોલતા તે શ્રાવકો પોતાની રકમ નોંધાવવા લાગ્યા. પણ 'સહુ પ્રથમ કોનું નામ લખવું' એની વિમાસણ થઈ. ભીમાશાએ પણ

વિચાર્યું: 'આ બધા તો મહાસૌભાગ્યશાલી છે ને મોટા લાભ લેશે. મારે પણ આ અવસર ખોવો જોઈએ નહીં.' તેની ચેષ્ટાથી મંત્રીએ પૂછ્યું: 'મહાનુભાવ ! શું વિચારો છો?' તેણે કહ્યું: 'મને પણ લાભ લેવાની ઘણી ભાવના થાય છે. પણ મારી પાસે તો માત્ર સાત રૂપીયા છે ને જીવનભરની આ જ કમાણી છે.'

આ સાંભળી મંત્રી ભીમાને ભેટી પડ્યા ને બોલ્યા : 'શેઠીયા ! ધન્ય છે તમને, પ્રથમ નામ કોનું લખવું ? હું તેની વિમાસણમાં હતો. અમે શું ખરચવાના હતા ? તેં તો તારી બધી જ મૂડી આપી દીધી. પહેલું નામ તમારું. શેઠ ભીમા કુંડલીયા રૂપીયા સાત. અમે બધા અહીં ભેગા થઈ વાત તો ઘણી કરી, પણ કોઈએ પોતાની મૂડીનો મોટો ભાગ કાઢ્યો નથી, ત્યારે તમે તમારી બધી જ કમાણી આપી દીધી.' આ સાંભળી બધા શેઠીયાઓ હર્ષ અને લજ્જા પણ પામ્યા.

મંત્રીએ બહુમાન કરતાં ભીમાને ૫૦૦ રૂપિયા અને ત્રણ ઉત્તમ વસ્ત્રના તાકા આપવા માંડ્યા. પણ ભીમાએ ઘણો આગ્રહ છતાં તે ન લીધા ને ઘરે આવ્યો. તેની પત્ની સ્વભાવની જરા આકરી હતી. છતાં ભીમાએ ધીરે ધીરે તેને બધી વાત કરી. પુણ્યોદયે સ્ત્રીને પણ સારા ભાવ પ્રગટ્યા. તે બોલી: "સિદ્ધગિરિના જીર્ણોદ્ધારમાં ભાગી થવાનું સૌભાગ્ય મેળવ્યું તે તો ઉત્તમ કાર્ય કર્યું, પણ મંત્રીશ્વરનું દ્રવ્ય ન લઈને તો તમે ઘણું જ સારું કર્યું."

આ સાંભળી ભીમાને સંતોષ થયો. એકવાર ગાય બાંધવા ખીલો ખોદવા જતાં ધરતીમાંથી ચરૂ નિકળ્યો. તેમાંથી ચાર હજાર સુવર્ણમુદ્રા નીકળી. તેણે પત્નીને કહ્યું: "આ જો પુણ્યોદય ! આ ધન પણ આપણે ધર્મ-પુણ્યમાં જ ખરચીએ તો કેમ ?" પત્ની સંમત થઈ ને ભીમાશા ચરૂ લઈ પહોંચ્યા મંત્રીશ્વર પાસે. બધી વાત જણાવી તીર્થોદ્ધાર માટે આપવા લાગ્યા. મંત્રીએ ના કહી. ભીમાશાએ આગ્રહ કર્યો. મંત્રીએ કહ્યું કે "પર્યાપ્ત ધન થઈ ગયું છે માટે હવે તમે ઘેર જાવ." આ રકઝકમાં રાત

પડી ગઈ. બેમાંથી એકે માનતા નથી. ત્યાં કપર્દીયક્ષ પ્રગટ થઈ બોલ્યો. "ભીમાશા ! તમારી પ્રભુભક્તિ અને પુષ્પોથી ઉત્તમ પૂજા જોઈ હું ઘણો આનંદિત થયો છું. આ સોનામુદ્રાનો ચરૂ તમને જ આપ્યો છે. તમે ઘરે જાવ ને સુખે રહો" યક્ષ પછી અદૃશ્ય થયો. બંને વિસ્મય-આનંદ પામતા સૂઈ ગયા. સવારે ભીમાશાએ શ્રી આદીશ્વર ભગવાનની પુષ્પો અને રત્નોથી પૂજા કરી. પછી ચરૂ લઈ ઘરે આવ્યો. સદ્‌ગૃહસ્થની જેમ તે રહેવા લાગ્યો ને દાન-પુણ્યમાં સંપત્તિ વાપરવા લાગ્યો.

આ તરફ મંત્રીશ્વરે શુભ મુહૂર્તમાં પ્રાચીન કાષ્ઠના જિનાલયનું વિસર્જન કરાવી ખાત મુહૂર્ત કરી સોનાની વાસ્તુમૂર્તિ વિધિવત્ પધરાવી. અને મોટી શીલાસ્થાપન કરી. જિનમંદિરનું કામ જોરશોરથી આરંભ્યું. પાષાણમય દહેરાસર બે વર્ષે તૈયાર થયું. ચૈત્ય પૂર્ણ થયાના સમાચાર-વધામણી આપનારને મંત્રીએ સોનાની ૩૨ જીભ આપી અને આનંદ વ્યક્ત કર્યો. તે આનંદોત્સવ ચાલતો હતો ત્યાં એક બીજા માણસે આવીને ખબર આપ્યા કે "દુઃખની વાત છે કે ગમે તે કારણે તે દહેરાસરની ભીંતમાં મોટી તીરાડ પડી ગઈ છે." આ સાંભળી વિચારમાં પડેલ મંત્રીએ તે માણસને ૬૪ જીભ સોનાની આપી. આથી આશ્ચર્ય પામેલા લોકોએ કારણ પૂછ્યું. મંત્રીએ ઉત્તર આપતાં કહ્યું: "મારી હયાતીમાં આ પ્રાસાદમાં તીરાડ પડી તે હું તરત સમરાવી લઈશ, પણ પાછળથી થતે તો કોણ જાણે ક્યારે ને કેમ સુધરતે ? હું તે ફરીવાર અને ઘણી સુદૃઢ કરાવીશ. મંત્રીએ શિલ્પી-સલાટોને પ્રાસાદ ફાટવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું: "આવા મોટા પર્વત પર પવનનું તો જોર હોય જ. તે પવન દહેરાસરની ભમતીમાં પેઠો. પણ નીકળવાનો રસ્તો ન હોઈ તેણે દિવાલ તોડી. ભમતી વિનાનું દહેરાસર કરીયે તો શિલ્પશાસ્ત્ર એમ કહે છે કે તેથી કરાવનારને સંતાન ન થાય. આ સાંભળી મંત્રી વિચારે છે કે–

**सन्तानः सुस्थिरः कस्य ? स च भावी भवे भवे ।**
**साम्प्रतं धर्मसन्तान, एवास्तु मम वास्तवः ॥१॥**

**અર્થ**– કોની સંતતિ સ્થિર રહી છે ? વળી તે તો ભવેભવ સુલભ છે. માટે વર્તમાનમાં મને પારમાર્થિક ધર્મસંતતિ જ હો.

મંત્રીએ ભમતીમાં બંને બાજુની ભીંતમાં મોટી શિલાઓ જડાવી. ત્રણ વર્ષે દહેરાસર પૂર્ણ થયું. જીર્ણોદ્ધારમાં બે કરોડ સત્તાણું લાખ રૂપિયાનો ખર્ચ થયો. તે મહાપ્રાસાદની પ્રતિષ્ઠા સંવત્ ૧૨૧૧ની સાલે શનિવારના દિવસે મહામહોત્સવપૂર્વક કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના વરદહસ્તે કરાવી. સોનાના ધ્વજદંડ-કલશ પ્રતિષ્ઠાપન કર્યા. લાખો શ્રાવક-શ્રાવિકાઓએ મહામહોત્સવમાં ઉમંગપૂર્વક ભાગ લીધો ને ધર્મનો જયજયકાર થયો. પ્રભુજીની પૂજા માટે ચોવીશ બગીચા તેમજ ચોવીશ ગામ અર્પણ કર્યા અને તળેટીમાં બાહડપુર નામનું ગામ વસાવ્યું. ત્યાં શ્રી પાર્શ્વપ્રભુનું સુંદર દહેરાસર બંધાવી ત્રિભુવનપાળવિહાર નામ આપ્યું. મંત્રીશ્વરના આવા અદ્ભુત ઉત્તમ ચરિત્રથી પ્રસન્ન થયેલા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી બોલ્યા કે– જગતના ધર્મનો આધાર મહાન તીર્થો છે. મહાન તીર્થોનું મૂળ અરિહંત પરમાત્મા છે. પરંતુ વર્તમાનમાં તેમનું પ્રતિનિધિત્વ તેમના પ્રતિમાજી કરે છે. તેમનો આવાસ એ આ ચૈત્ય છે. તેથી જિનભવનનો ઉદ્ધાર કરીને હે મંત્રી ! હું માનું છું કે તમોએ તમારા આત્મા સાથે સંપૂર્ણ જગતનો ઉદ્ધાર કર્યો છે. આ પ્રમાણે બાહડમંત્રીએ પિતાની ભાવનાને પૂર્ણ કરવા શત્રુંજયના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

## પંદરમો ઉદ્ધાર

ચૌદમી સદીમાં પાટણમાં મુસલમાન અલ્લાઉદીન બાદશાહનું રાજ્ય હતું. અલપખાન નામનો સૂબો તેનું રાજ્ય સંભાળતો હતો. દેશલશા શ્રેષ્ઠીનો પુત્ર સમરસિંહ આ સૂબાની સેવા કરતો હતો. સૂબો તેના ગુણોથી પ્રસન્ન થઈને સ્વબંધુની જેમ તેના પ્રત્યે પ્રીતિ ધારણ કરતો હતો. ખરેખર ! ગુણો જ ગૌરવનું કારણ છે. એકવાર શત્રુંજયના મૂલનાયક આદિનાથની પ્રતિમાનો મુસલમાન સૈન્યે નાશ કર્યો. આ જાણીને ચતુર્વિધ સંઘ ભારે ગ્લાનિ અનુભવવા લાગ્યો. અનેક માનવો રુદન કરવા લાગ્યા.

ભોજન ભાવતું નથી. ઊંઘ હરામ થઈ ગઈ. દેશલશા શ્રેષ્ઠીએ સિદ્ધ નામના આચાર્યની પાસે જઈને આ વિગત જણાવી. સૂરિએ કહ્યું: જે બનવાનું હતું તે બની ગયું. હવે ઉદ્ધારની વિચારણા કરવી જોઈએ. જે ઉદ્ધાર કરે તે ખરો ધનવાન છે અને ધન્યવાદને પાત્ર છે. તીર્થ શાશ્વત છે. અત્યાર સુધીમાં અગણિત ઉદ્ધારો થયા છે. આથી ઉદ્ધાર કરનારને જ શોધવો જોઈએ. દેશલશા શ્રેષ્ઠીએ કહ્યું: હું જ ઉદ્ધાર કરાવીશ. ધનબળ, પુત્રબળ, મિત્રબળ, રાજબળ વગેરે શક્તિ છે. હવે આપની કૃપાનું બળ જોઈએ. સૂરિએ હર્ષ પામીને કહ્યું: શુભકાર્યમાં સદાય ગુરુકૃપા સહાયક હોય છે. ધર્મનાં કાર્યો તુરત કરવા જોઈએ.

દેશલશા શ્રેષ્ઠીએ ઘરે જઈને પુત્ર સમરસિંહને આચાર્ય ભગવંતની સાથે થયેલી બધી વાત કરી. ખુશ થઈને તે બોલ્યો : હે પિતાજી ! મને આજ્ઞા આપો જેથી હું આ કાર્ય કરું. દેશલ શ્રેષ્ઠીએ તેને આ કાર્ય કરવાની અનુજ્ઞા આપી. આથી સમરસિંહે સૂરિજીની પાસે જઈને વંદનપૂર્વક કહ્યું: હે ભગવંત ! આ કાર્ય જલદી થાય તેવો ઉપાય બતાવો. સૂરિજીએ કહ્યું: કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી અભિગ્રહ રૂપ બંધનોથી બંધાયેલા રહેવું જોઈએ. શુભ અભિગ્રહોથી સતત પુણ્યબંધ થયા કરે છે અને એથી વિઘ્નોનો વિનાશ થાય છે. આથી સમરસિંહે પાંચ અભિગ્રહો લીધા. તે આ પ્રમાણે– શત્રુંજયના ઉદ્ધારનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી (૧) બ્રહ્મચર્યનું પાલન કરવું. (૨) દરરોજ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ ન કરવું. (૩) કેવળ પાણીથી જ સ્નાન કરવું. (૪) એકથી વધારે વિગઈ ન વાપરવી. (૫) સંથારામાં જ શયન કરવું.

પછી ઘરે આવીને સમરસિંહે પિતાજીને સૂરિજીની પાસે પોતે લીધેલા અભિગ્રહો જણાવ્યા. આથી દેશલ શ્રેષ્ઠી ખૂબ ખુશ થયો. પછી સમરસિંહે કહ્યું: સૂબાને પ્રસન્ન કરીને ઉદ્ધાર માટે આજ્ઞાપત્ર મેળવી લઉં. પિતાએ કહ્યું: આ અંગે તને જે કંઈ કરવા જેવું લાગે તે કરવાની છૂટ છે. પછી સમરસિંહ શુભ દિવસે મણિ-મોતી-સુવર્ણ-અલંકાર વગેરે લઈને

સૂબાની પાસે ગયો. સમરસિંહના આવવાથી સૂબાને આનંદ થયો. હાથ ઊંચો કરીને "આવ ભાઈ આવ" એમ આદર કર્યો. સૂબાના હર્ષને જોઈને સમરસિંહે માન્યું કે આ કાર્યસિદ્ધિનું શુકન છે. બધી ભેટો સૂબાને બતાવીને તેની આગળ ધરી. પ્રસન્ન થયેલા સૂબાએ કહ્યુંઃ તેં ઘણી ભેટો ધરી છે. મારી આજ્ઞા પાળનારો હોવાથી મને તું ઘણો પ્રિય છે. અત્યારે આવવાનું જે કારણ હોય તે કહે. પ્રણામ કરીને સમરસિંહે કહ્યુંઃ જો આપ પ્રસન્ન હો અને માગેલું આપો તો મારે કંઈક માગવું છે. સૂબો બોલ્યોઃ મને મારો પુત્ર પણ તારાથી અધિક પ્રિય નથી. ઈચ્છા હોય તે માગી લે. આથી સમરસિંહે કહ્યુંઃ શત્રુંજયનાં મંદિરોનો આપના સૈન્યોએ નાશ કર્યો છે. જો આ તીર્થ હોય તો સમગ્ર હિંદુઓ યાત્રા કરે અને ધનનો સદુપયોગ કરે. હિંદુ પ્રજા ત્યાં જઈને ગરીબોને ભોજન વગેરે આપે છે. યાત્રાળુઓના કારણે ઘણા લોકો ત્યાં દુકાન આદિથી પોતાની આજીવિકા ચલાવે છે. જો તીર્થયાત્રા બંધ રહે તો આ બધા લોકો તકલીફમાં મૂકાય. માટે આપ આજ્ઞા આપો તો હું તીર્થનો ઉદ્ધાર કરું. આપના સૈન્યોએ નાશ કર્યો પણ આપ તે તીર્થના વિધાતા બનો= ઉદ્ધારક બનો. સૂબાએ કહ્યુંઃ તારી ઈચ્છા પ્રમાણે કર. સમરસિંહ બોલ્યોઃ મને આ માટે પ્રમાણપત્ર આપો. જેથી બીજા કોઈ આ કાર્યમાં વિઘ્ન ન કરે. સૂબાએ મુખ્યપ્રધાન બહિરામખાનને પરવાનો લખી આપવાની આજ્ઞા કરી. બહિરામખાને પરવાનો લખ્યો. સૂબાએ તેને વાંચ્યો, અને તેમાં પોતાની સહી કરી. પછી સમરસિંહને એ પરવાનો આપ્યો.

સમરસિંહ પરવાનો લઈને ઘરે આવ્યો. સંઘના માણસોને લઈને સૂરિની પાસે ગયો. વંદન કરીને પરવાનો મેળવ્યાની વિગત કહી. સૂરિજીએ આનંદ પામીને કહ્યુંઃ તારું ભાગ્ય પ્રબળ છે. કારણકે મૂર્તિના વિરોધીએ પણ તને રજા આપી. હવે આ કાર્ય જલદી થવું જોઈએ. સમરસિંહે કહ્યુંઃ પૂર્વે વસ્તુપાલ મંત્રીએ મંમાણ પર્વતની એક શિલા લાવી છે. તે શિલા અખંડપણે ભોંયરામાં રહેલી છે. તેમાંથી એક પ્રતિમા તૈયાર કરવામાં

આવે તો મૂર્તિ સુંદર થાય. સૂરિજીએ કહ્યું: એ શિલા સંઘના તાબામાં છે. માટે જો સંઘની રજા મળે તો તેમ કરી શકાય. જૈનશાસનની એવી મર્યાદા છે કે આવાં કાર્યો સંઘની અનુમતિથી કરવા જોઈએ. પછી મહાન આચાર્યોને અને શ્રાવકોને ભેગા કરવામાં આવ્યા. સમરસિંહે ઊભા થઈને હાથ જોડીને પ્રણામપૂર્વક વિનંતિ કરી. તે આ પ્રમાણે– તીર્થનો નાશ થયો એ આપ સહુ જાણો છો. હવે તેનો ઉદ્ધાર જલદી કરવો જોઈએ. ધર્મના ચાર પ્રકારોમાં ભાવધર્મ શ્રેષ્ઠ છે. ભાવથી પણ પ્રભાવના ઉત્તમ છે. કારણકે ભાવથી પોતાને લાભ થાય, જ્યારે પ્રભાવનાથી તો અનેક જીવોને લાભ થાય. પ્રભાવના તીર્થયાત્રાથી થઈ શકે. તીર્થનાયક હોય તો તીર્થયાત્રા થાય. માટે સંઘ મને અનુજ્ઞા આપે તો હું તીર્થનાયકની નવી પ્રતિમા કરાવીને પ્રતિષ્ઠા કરાવું. સંઘની આજ્ઞા હોય તો વસ્તુપાલ મંત્રીએ લાવેલી અને સંઘના તાબામાં રહેલી મંમાણ પર્વતની ખાણની શિલામાંથી તીર્થનાયકની પ્રતિમા કરાવું. અન્યથા બીજી શિલામાંથી પ્રતિમા કરાવું. સંઘે વિચારીને જવાબ આપ્યો: સમરસિંહ શક્તિ સંપન્ન છે, અને હાલ તે શિલા વાપરવા જેવો ભયંકર કાળ પણ નથી. માટે તમે નવી આરસપહાણની શિલા મંગાવીને તેમાંથી પ્રતિમા ઘડાવો. સમરસિંહે સંઘની આજ્ઞાને મસ્તકે ચઢાવી.

પછી સમરસિંહે આરસની ખાણમાંથી શિલા લાવવા માટે પોતાના ખાસ માણસો મોકલ્યા. માણસો આરસની ખાણના સ્વામી ઉપર યોગ્ય વિનંતી પત્ર અને પુષ્કળ ભેટો લઈને ચાલી નીકળ્યા. તેઓ ઉત્સાહથી થોડાજ સમયમાં તે દેશના રાજાથી શોભતા ત્રિસંગમપુર નામના નગરમાં પહોંચી ગયા. ત્યાં મહીપાલદેવ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાએ જન્મથી જ મદિરા-માંસ ને ભાંગનું ભક્ષણ કર્યું નહોતું. તેમજ પોતાના દેશની પ્રજામાં પણ તેનો પ્રચાર અટકાવ્યો હતો. તે રાજા કોઈ દિવસ ત્રસ જીવનો વધ કરતો ન હતો. તેના રાજ્યમાં પણ હિંસા અટકાવી હતી. જુગાર રમનારાઓ પણ "હું મારું" તેમ બોલી શકતા ન હતા. રાજા શૈવ

ધર્મી હતો છતાં પણ તેની બુદ્ધિ જૈન ધર્મના પાલનમાં મક્કમ મનવાળી હતી. તેથી જગતમાં આ નવો કુમારપાલ છે તેવી તેની ખ્યાતિ થઈ હતી. તે રાજાનો પાતાક નામે મુખ્ય મંત્રી હતો. સમરસિંહના માણસો વિનંતિ પત્ર લઈને મહીપાલદેવ રાજાને મળવા ગયા ને રાજાને વિંનતિ પત્ર આપ્યો. તુરતજ રાજાની આજ્ઞાથી તે વિનંતિપત્ર પાતાક મંત્રીએ ઉચ્ચસ્વરે વાંચીને સંભળાવ્યો.

આ પત્રનો અર્થ જાણીને પોતાને ઇન્દ્રની લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય તેમ મનમાં હર્ષ પામી આ પ્રમાણે કહ્યુંઃ 'ખરેખર ! આ સમરસિંહને ધન્ય છે. તેનો જન્મ પણ સફળ છે. કારણકે આવા કલિકાળમાં પણ તેની બુદ્ધિ સત્યયુગને અનુસરનારી છે. મને પોતાને પણ ધન્ય છે કે મારા તાબામાં તે આરસ પહાણ છે. જો મારા તાબામાં આરસ પહાણની ખાણ ન હોત તો મને કોણ યાદ કરત ? માટે હે પાતાક મંત્રી ! સાધુ સમરસિંહ તરફથી આવેલી તેની ભેટો પાછી આપી દો. આવા સુંદર અને ઉત્તમોત્તમ ધર્મકાર્યમાં આપણાથી ધન કેમ લેવાય. ?'

હવે આપણી ખાણમાંથી પ્રતિમા માટે પાટો ગ્રહણ કરનાર પાસે જે કર લેવાય છે, તેનો પણ હું આજથી ત્યાગ કરું છું. અને આ કાર્યમાં જે કંઈ જોઈએ તે સર્વમાં હું પોતે જ સહાય કરીશ. એમ કહી તે રાજા સમરસિંહના માણસોને તથા પાતાક મંત્રીને સાથે લઈ આરસ પહાણની ખાણ ઉપર ગયો. ત્યાં જઈ આરસની પાટો કાઢનાર માણસોને પોતાની પાસે બોલાવી ભેગા કર્યા, અને સન્માન પૂર્વક પ્રતિમા માટેની શિલા કાઢવાના મૂલ્યની આંકણી કરાવી. તે સમયે કારીગરોએ પોતાની ઇચ્છાનુસાર જે દ્રવ્યની માંગણી કરી તેના કરતાં અધિક દ્રવ્ય આપવાની મહીપાલ રાજાએ ખુશી બતાવી. તે પછી શુભવારે-શુભ મુહૂર્તે ને શુભ નક્ષત્રે મહીપાલ રાજાએ ખાણની પૂજા કરી, અને બિંબ માટેની શિલા કાઢવાનો આરંભ કર્યો. તે વખતે સમરસિંહના માણસોએ ભોજન, સુવર્ણનાં અલંકારો, વસ્ત્ર-તાંબૂલ વગેરે આપીને કારીગરોને પ્રસન્ન કર્યા. બીજી

તરફ મહોત્સવ ચાલુ કરીને યાચકોને ઈચ્છિત દાન આપ્યા. યોગીઓ-ભિક્ષુકો-અનાથ માણસો માટે ચિંતામણિ સમાન સાર્વજનિક સત્રાલયો (અન્નક્ષેત્રો) તેઓએ ખુલ્લાં મૂક્યાં. પછી મહીપાલ રાજા પોતાના મંત્રીને ત્યાં રાખીને પોતાનું નગર ત્રિસગંમપુર છે ત્યાં પાછો આવ્યો. મહીપાલરાજા અને સમરસિંહ હંમેશા મોકલેલા માણસોના જવા આવવાથી ત્યાંની ખબર મેળવતા હતા.

બીજી તરફ કારીગરોએ અત્યંત ઉત્સાહ પૂર્વક ખોદતાં થોડાજ દિવસમાં એક શિલાપાટ બહાર કાઢી. પાણીથી ભીની કરીને જોતાં તેના મધ્યભાગમાં એક સીધી ફાટ જોવામાં આવી. આ સમાચાર સમરસિંહને મળતાં માણસો દ્વારા સમચાર કહેવડાવ્યા કે બીજી નવી શિલા કઢાવો. ફરીથી કારીગરોએ એકદમ ઝડપથી શિલા કાઢવા જતાં બીજી શિલા પણ બે કટકાના રૂપમાં જ બહાર આવી. તે જોઈને રાજાનો મંત્રી અને સમરસિંહના માણસો ખિન્ન થયા. અઠ્ઠમ તપ કરવાનો નિશ્ચય કરી દર્ભના આસન ઉપર સંથારો કર્યો. તે પછી ત્રીજી રાત્રે શાસનદેવતા તથા કપર્દીયક્ષ પ્રગટ થઈને મંત્રીને કહેવા લાગ્યાઃ હે મંત્રીશ્વર ! તું સર્વ શ્રાવકોમાં શિરોમણિ છે, અને જૈનધર્મનો જાણકાર છે. છતાં તેં આવું અજ્ઞાનીના જેવું આચરણ કેમ કર્યુ ? અમે બન્ને તારા સાધર્મિક છીએ છતાં તેં અમારું સ્મરણ પણ કર્યું નહિ, અને આ કાર્યનો પ્રારંભ કર્યો. શું આમ કરવું તને યોગ્ય હતું ? જો કે આ કાર્યસિદ્ધિમાં તો સમરસિંહનું ભાગ્ય સતત અવિચ્છિન્ન અને જાગૃત છે, તો પણ હવે તમે આ પ્રદેશમાંથી બિંબશિલાને બહાર કાઢો. આમ કહીને તે સ્થાન બતાવીને ક્ષણવારમાં તે બે દેવો અંતર્ધાન થયા. બીજે દિવસે સવારે મંત્રીએ તથા સમરસિંહના સેવકોએ અઠ્ઠમ તપનું પારણું કર્યું.

તેઓએ બતાવેલા સ્થાને કારીગરોએ આનંદપૂર્વક ખોદવા માંડ્યું. એટલે તે સ્થળે તુરતજ દેવતાના પ્રભાવથી કારીગરોના હાથોનો સ્પર્શ થતાંજ એકશિલા બહાર આવી. એ શિલા ચંદ્રનાં કિરણો જેવી સ્વચ્છ અને

સ્ફટિક મણિના જેવી ઉજ્જ્વળ હતી, સમરસિંહનું પ્રત્યક્ષ પુણ્ય હોય તેવી દેખાતી હતી. કારીગરોએ તે શિલાને પાણીમાં પલાળીને જોઈ અને નિર્દોષ હોવાનો નિશ્ચય કર્યો. તેમાંથી તેઓએ બિંબને યોગ્ય એવી પાટ ઘડી કાઢી. તે સમયે મંત્રીશ્વરે આ સમાચાર માણસો દ્વારા સમરસિંહ તરફ મોકલી આપ્યા. તે માણસે પાટણ જઈને દેશલને તથા તેના પુત્રને શિલાપાટની સિદ્ધિ વિષે વધામણી આપી. તે સાંભળી દેશલે પણ વધામણી લાવનારા માણસને બે રેશમી વસ્ત્ર સુવર્ણનાં દાંત અને સુવર્ણની જીભ ભેટ આપી. પછી ચતુર્વિધસંઘના મોટા મોટા માણસોને ભેગા કર્યા અને મહોત્સવનો આરંભ કર્યો ને સહુને પહેરામણી કરી સ્વાગત કર્યું. સ્તુતિપાઠકો અને યાચકોને દાન આપીને સંતોષ્યા. આ પ્રમાણે વધામણું કરી દેશલે સંઘની સમક્ષ બે હાથ જોડી વિનંતિ કરીઃ સંઘના આદેશની કૃપાથી મૂળનાયકની મૂર્તિ માટે એક નિર્દોષ શિલાપાટ તૈયાર થઈ છે. માટે હવે તેમાંથી હું પ્રતિમા કરાવું કે વસ્તુપાલ મંત્રીએ આણેલી શિલામાંથી કરાવું ? આ વિષે સંઘ ફરીથી મારા પર કૃપા કરી આજ્ઞા આપે. તે સાંભળી સંઘે પ્રથમ જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે કહ્યું. કારણ કે સજ્જનોનું વચન પથ્થરની ઉપર દોરેલી રેખાની જેમ ફેરફાર થતું નથી.

તે વખતે સંઘના આગેવાન પુરુષોએ સમરસિંહને કહ્યું કે હે સાધુ સમરસિંહ ! શ્રીશત્રુંજય ઉપરનાં સર્વ દેવમંદિરોનો ઉદ્ધાર કરાવવો જોઈએ: કારણ કે મ્લેચ્છ લોકોએ મુખ્ય દેરાસર સાથે તેની આસપાસ રહેલી સર્વ દેરીઓનો પણ નાશ કર્યો છે. માટે આપણે બધાય આ પુણ્યકર્મની વહેંચણી કરી લઈએ. સમસ્ત સંઘ તે કાર્ય કરવા માટે સર્વને સૂચના આપે. આ સાંભળી તેમાંનો કોઈ એક પુણ્યવાન પુરુષ બોલી ઊઠ્યો કે શ્રી શત્રુંજય ઉપરના મુખ્ય દેરાસરનો હું ઉદ્ધાર કરાવીશ. સંઘ તે માટે મને અનુમતિ આપે. ત્યારે સંઘ બોલ્યો કે–

''જે પુરુષ પ્રતિમા કરાવનારો છે તે જ મુખ્ય દેરાસરનો ઉદ્ધાર પણ ભલે કરાવે. કેમકે જેનું ભોજન હોય તેનું જ પાન બીડું યોગ્ય

ગણાય.'' આ વાતનો આ પ્રમાણે નિર્ણય થયા પછી સંઘે તે તે ધર્મકૃત્યની મુખ્ય પુરુષોને વહેંચણી કરી આપી. પછી સર્વેએ સંઘને તથા સંઘના વચનને પ્રમાણ કરીને પોતપોતાને સોંપવામાં આવેલા કાર્યમાં ઉત્સાહ બતાવ્યો ને સૌ સૌને ઘરે ગયા. સાધુ દેશલ પણ પ્રભુના આદેશની પેઠે સંઘના આદેશને પામી આનંદિત બન્યો. તેણે ફરીથી પણ પાતાક મંત્રી પાસે કેટલુંક ધન ને માણસો રવાના કર્યા. કારણ કે આવાં શુભ કાર્યોમાં કયો પુરુષ ધનના ખર્ચની ગણતરી કરે ?

બીજી તરફ પાતાક મંત્રીએ જ્યારે નિર્દોષ શિલા ખાણમાંથી નીકળી ત્યારે કારીગરોને સુવર્ણનાં કંકણ-વસ્ત્ર વગેરેનું દાન આપી સંતોષ્યા. મહીપાલ રાજા પણ તે બિંબશિલાને નીકળેલી સાંભળીને તેને વધાવવા માટે આનંદપૂર્વક પોતાના નગરમાંથી ખાણ ઉપર આવ્યો. તેણે તો પ્રત્યક્ષ ભગવાન નીકળ્યા હોય તેમ કસ્તુરી-કપૂર ને પુષ્પો વડે શિલાપાટનું પૂજન કર્યું. મોટાં મોટાં દાનો અપ્યાં. નૃત્ય ને સંગીતનો આરંભ કરાવ્યો. એકઠા થયેલા લોકોને પાનબીડાં અર્પણ કર્યાં, ને પછી રાજાએ તે શિલાપાટને કારીગરો દ્વારા ખાણ ઉપરથી નીચે ઉતરાવીને મહોત્સવ કરાવ્યો. આજુબાજુના ભાવિક લોકો ત્યાં આવી આવીને શિલાપાટની કપૂર, ચંદન ને પુષ્પો વડે પૂજા કરવા લાગ્યા. બીજા શ્રાવકોએ પણ ગીત-ગાન અને વાજિંત્રો વડે સર્વ પ્રદેશને શબ્દમય કરી મૂક્યો. પછી રાજા પાતાક મંત્રીને સર્વ ભલામણ કરી પોતાના નગરમાં ગયો અને પાતાકમંત્રીએ એક મોટા રથ ઉપર તે શિલાને ચઢાવીને પર્વત પરથી નીચે ઉતરાવી. તે વખતે તેની આગળ પાછળ અનેક પુરુષો વળગેલા હતા અને બળવાન ધોળા બળદો તેને ખેંચતા હતા. માર્ગમાં પગલે પગલે કોદાળીવાળા માણસો ખાડા ટેકરાવાળી જમીનને ખોદી રહ્યા હતા અને રથનાં બન્ને પૈડાંઓની ધરીઓ ઉપર સતત તેલની ધારાઓ થયા કરતી હતી. આ રીતે મોટા આરંભથી તે શિલાપાટને મંત્રીએ નીચે ઉતરાવી.

એ મહાન રથ કુમારસેના નામના ગામના ઉપવનની સપાટ પર જ્યારે આવ્યો ત્યારે ત્યાંથી લગાર પણ આગળ ચાલ્યો નહિ. ત્યાં લોકો આવીને ઉત્સવ કરવા લાગ્યા. બીજી તરફ મંત્રીએ પાટણ નગર તરફ એક માણસને મોકલીને સાધુ સમરસિંહને ખબર કહેવડાવી કે પ્રતિમા માટેની શિલાપાટ કુમારસેના ગામ સુધી આવી ગઇ છે. આ સાંભળીને સમરસિંહ પણ મેઘનો ધ્વનિ સાંભળીને જેમ મોર આનંદ પામે તેમ પ્રસન્ન થયો.

પછી તેણે ઉત્તમ બળદો લાવવા માટે દરેક ગામમાં પોતાના માણસો મોકલ્યા. તે માણસોએ સર્વ ઠેકાણે બળદની તપાસ કરવા માંડી. તેથી જેની પાસે બળવાન બળદો હતા તેઓ પોતાના બળદો લઈને સમરસિંહ પાસે આવવા લાગ્યા. તેમાં કેટલાક ખેડૂતો, બ્રાહ્મણો, રજપૂતો ને શ્રાવકો પણ હતા. સાધુ સમરસિંહ તે બળદોની ઘણી મોટી કીંમત આપતો હતો. પછી તેણે એક ગાડું, કેટલાક બળદો તથા રસ્તામાં સમારકામ કરનારા પુરુષો કુમારસેના ગામ તરફ રવાના કર્યા. પાતાકમંત્રી લોખંડથી જડેલા મજબૂત ને વિશાલ એવા તે ગાડાને જોઈને જાણે મોટો એક રથ ન હોય તેમ માની આનંદ પામ્યો. પછી તે ગાડામાં તેઓએ તે શિલાપાટને જેવી ચઢાવી કે તુરત જ તે ગાડું જીર્ણ હોય તેમ ભાંગીને ભુક્કો થઈ ગયું. તે જોઈ મંત્રી ખેદ પામ્યો. તેણે ફરીથી બીજું મજબૂત ગાડું સમરસિંહ પાસે મંગાવ્યું અને તે ગાડું આવેથી જેવી શિલા ચઢાવી કે તુરત જ ગાડું ભાંગી ગયું. કારણકે દેવનો ભાર ઉપાડવા માટે કોણ સમર્થ થાય ? આ ગાડું ભાંગી જવાના સમાચાર મંત્રીએ ચિંતાતુર થઈ સમરસિંહને મોકલ્યા. ભાંગી ન જાય તેવું ગાડું ક્યાંથી મેળવવું ? આ શિલા રથ ગાડું કે માણસોની ખાંધ પર આવતી નથી તો મારા પિતાના મનોરથ કેમ સફળ થશે ? આવી ચિંતા કરતાં કરતાં સમરસિંહની ઊંઘ પણ ચાલી ગઈ અને ચિત્ત અત્યંત વ્યાકુલ બની ગયું, ત્યારે શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું કે તું ખેદ ન કર.

ઝંઝા નામના ગામમાં જે એક દેવી છે, તેની યાત્રા માટે એક ગાડું બનાવવામાં આવ્યું છે. તે દેવતાથી અધિષ્ઠિત ને મજબૂત છે. એટલું જ નહિ પણ યાત્રા વખતે તેના પર પચાસ માણસો ચઢે તો પણ તે ગાડું બે કોસ જેટલી ભૂમિ સુધી બે બળદો વડે ચાલ્યું જાય છે. આ ગાડું પોતાના ભક્તને ઉપદેશ કરીને દેવી પોતે તને આપશે. તેથી તારા મનોરથ સિદ્ધ થશે.

શાસનદેવીનું આ વચન સાંભળીને સમરસિંહ પોતાના આત્માને જગતમાં સર્વથી મોટો માનવા લાગ્યો. અથવા માર્ગમાં ભૂલો પડેલો મનુષ્ય માર્ગ જડતાં કેમ આનંદ ન પામે ? તેમ તેણે પ્રાતઃકાળમાં પોતાના પિતા પાસે જઈને દેવીનો આ સર્વવૃત્તાંત કહ્યો. એટલે તેના પિતા દેશલ શાસનદેવીનાં દર્શનથી પોતાના પુત્રને ભાગ્યશાળી માનવા લાગ્યા. પછી સમરસિંહે તે ગાડું લાવવા તૈયારી કરી. તે જ સમયે દેવીએ મોકલેલો એક પૂજારી તેની પાસે આવ્યો અને બોલ્યોઃ

“દેવીએ મને આજ્ઞા કરી છે કે સમરસિંહ પાસે જઈને તું કહે કે મારા ગાડાવડે સુખપૂર્વક હું તે શિલા તારા ઈષ્ટ સ્થાને પહોંચાડીશ.” માટે હે સાધુ સમરસિંહ ! દેવીએ આપેલા આ ગાડાને તું ભાડા વિના જ લઈ લે. દેવીની કૃપાથી તારા સર્વ મનોરથો સિદ્ધ થશે. સાધુ સમરસિંહે દેવીના ભક્ત તે પૂજારીને વસ્ત્ર-અલંકારો વગેરે આપીને સુંદર રીતે સંતોષ્યો, અને પછી ગાડા માટે તેની સાથે પોતાના માણસોને રવાના કર્યા. તેઓ દેવતાથી અધિષ્ઠિત એવું ગાડું લઈ કુમારસેના ગામમાં મંત્રીની પાસે પહોંચ્યા અને તેને તે ગાડું સુપરત કર્યું. પછી મંત્રી વગેરે સર્વ પુરુષોએ તે ગાડાને શિલાપાટના આગલા ભાગમાં સજ્જ કર્યું. એ શિલાપાટ જેવી ચઢાવવા માંડી કે તુરત જ પોતાની મેળે ઊંચી થઈ ગઇ અને બહુ જ થોડા પ્રયત્ને શિલાપાટને કારીગરોએ ગાડા પર ચઢાવી દીધી.

પછી મંત્રીશ્વર પાતાકે શુભ મુહૂર્તે તે ગાડામાં વીશ બળદો જોડી દીધા અને સો માણસો તેને વળગાડીને ત્યાંથી ચાલતું કર્યું. તેમજ તે પોતે

પોતાના દેશના સીમાડા સુધી સાથે રહ્યો. માર્ગમાં કોદાળીવાળા માણસો ખાડા-ટેકરાવાળા માર્ગને સપાટ કરતા હતા. ઠેરઠેર સંઘો હર્ષથી શિલાપાટનું પૂજન કરતા હતા. ક્રમે કરીને શિલાપાટ પાટણ લાવવામાં આવી. ત્યાંથી પાલીતાણા લાવવામાં આવી. પછી અનેક માણસો દ્વારા છ દિવસે પર્વત ઉપર ચડાવવામાં આવી. પૂર્વે જાવડશાહને જ્યાં આદિનાથ પ્રભુની પ્રતિમા ચઢાવતાં છ માસ લાગ્યા હતા ત્યાં દેશલ શ્રેષ્ઠીની શિલા માત્ર છ દિવસમાં ઉપર પહોંચી ગઈ. પછી ઉત્તમ કારીગરોએ શિલાપાટને ઘડવી શરૂ કરી. બાલચંદ્ર મુનિ કે જે સર્વકલાઓમાં કુશળ હતા, તેઓ હંમેશાં એકાંતરે આહાર કરતા અને કારીગરોને સલાહ-સૂચન આપ્યા કરતા હતા. થોડા જ દિવસોમાં મૂર્તિ કંડારાઈ ગઈ. પછી તેને ઘસીને લીસી કરવામાં આવી.

મુખ્યમંદિરના શિખરનો જીર્ણોદ્ધાર સમરાશાહે કરાવ્યો. બીજી જે જે દેરીઓ કે શિખરો તૂટી ગયેલ તે બધાનો ઉદ્ધાર જુદા જુદા શ્રાવકોએ કર્યો. સંપૂર્ણ ઉદ્ધાર થઈ જતાં અને મૂલનાયકની પ્રતિમા તૈયાર થઈ જતાં પ્રતિષ્ઠાનો દિવસ નક્કી કરવા માટે અનેક આચાર્યો અને જ્યોતિષીઓ ભેગા થયા. વિક્રમ સંવત્ ૧૩૭૧ મહાસુદ ૧૪નો દિવસ નક્કી થયો. આમંત્રણ પત્રિકાઓ લખીને ઠેરઠેર મોકલવામાં આવી. વિવિધ ગચ્છના આચાર્ય ભગવંતો વગેરે વિશાળ શ્રમણ ભગવંતો, જુદાજુદા સમુદાયના શ્રમણી ભગવંતો, ઘણા શ્રાવકો અને અને વિશાળ શ્રાવિકાવર્ગ એ સંઘમાં જોડાયો. માર્ગમાં સંઘની રક્ષા માટે જમાદારો વગેરે રાખ્યા હતા. ભવ્ય આડંબર પૂર્વક વાજિંત્રોના મંગલનાદ સાથે પોષ સુદ સાતમના દિવસે સંઘનું પ્રયાણ થયું. દેશલશ્રેષ્ઠીએ અને સમરસિંહે મન મૂકીને સંઘની ભક્તિ કરવા માંડી. ક્રમે કરીને સંઘ પીપરાળી ગામે આવ્યો. ત્યાં દૂરથી શત્રુંજયના દર્શન થયાં. આથી શત્રુંજયને વધાવવા પૂર્વક સંઘસહિત શત્રુંજય સમક્ષ ચૈત્યવંદન વગેરે કર્યું. અનુકંપાદાન કર્યું. બીજે દિવસે તીર્થનાં દર્શનની ઉત્કંઠાથી ત્યાંથી વેગપૂર્વક પ્રયાણ કરીને સંઘ શ્રી શત્રુંજયની તળેટીમાં જઈ પહોંચ્યો.

જેટલામાં દેશલશ્રેષ્ઠી હજી ગિરિરાજ ઉપર ચઢ્યો ન હતો તેટલામાં વધામણી આપનારા એક પુરુષે સમાચાર આપ્યા કે દેવગિરિથી સહજપાલ અને સ્તંભન તીર્થથી સાહણ સંઘની સાથે અહીં આવે છે. આથી સમરસિંહ સંઘની ભક્તિ અને ભાઈના સ્નેહને લીધે સામે ગયો. મિલન થતાં સમરસિંહ બંને ભાઈઓને ભેટી પડ્યો. ભાઇઓએ પણ તેનું આલિંગન કર્યું. પછી ભાઈઓની સાથે સમરસિંહ સંઘમાં ગયો. ત્યાં બંને ભાઈઓ પિતા દેશલ શ્રેઠીના ચરણોમાં નમ્યા. પછી દેશલ શ્રેષ્ઠી પ્રતિષ્ઠાની સામગ્રી તૈયાર કરાવીને ગિરિરાજ ઉપર જવાની ઇચ્છાવાળો થયો.

પ્રતિષ્ઠાના દિવસે દેશલશ્રેષ્ઠી વગેરે અને સિદ્ધસૂરિ વગેરે સંઘસહિત ગિરિરાજ ઉપર ચડ્યા. પ્રતિષ્ઠાવિધિમાં જરૂરી બધી સામગ્રી તૈયાર રાખી. કેટલાક શ્રાવકો પણ પોતપોતાના બિંબોને ગ્રહણ કરીને ત્યાં આવ્યા. પ્રતિષ્ઠાનો સમય નજીક આવ્યો ત્યારે શ્રીસિદ્ધસૂરિએ એક ચિત્ત બનીને, એક હાથમાં રૂપાની વાટકી અને બીજા હાથમાં સોનાની સળી લઈને તૈયાર થયા. પ્રભુના બિંબ ઉપર જે વસ્ત્ર હતું તે ખસેડી લીધું. મુહૂર્તનો ચોક્કસ સમય થયો ત્યારે શ્રીસિદ્ધસૂરિએ પ્રભુજીના બંને નેત્રોમાં સૂરમાવાળું અને કપૂરવાળું અંજન કરીને બંને નેત્રોને વિકસ્વર કર્યાં. એ રીતે વિ.સં. ૧૩૭૧ મહાસુદ ૧૪ ને સોમવારે શ્રી આદિનાથ પ્રભુની સ્થિર પ્રતિષ્ઠા કરી. આ વખતે દેશલ શ્રેષ્ઠીએ સંઘની સાથે નૃત્ય કર્યું. નૃત્ય કરતાં દેશલ શ્રેષ્ઠીએ અનેક વસ્તુઓનું યાચકોને દાન આપ્યું. તેમના સહજપાલ-સાહણ-સમરસિંહ-સામંત-સાંગણ એ પાંચ પુત્રોએ ધનની વૃષ્ટિ કરી. તે લોકો જ્યારે યાચકોને દાન આપતા હતા ત્યારે લોકો "પરસ્પર સ્નેહવાળા શું આ પાંચ પાંડવો છે ? અથવા તો શત્રુંજયનો ઉદ્ધાર કરવા માટે પાંડવો જ ફરીથી જન્મ્યા છે કે શું ?" આવું વિચારતા હતા. તળેટીમાં આવ્યા પછી દેશલશ્રેષ્ઠીએ સર્વ મહામુનિઓને વિવિધ પ્રકારનો આહાર વહોરાવ્યો. તદુપરાંત ચારણો, ગવૈયા, બારોટ તથા બધા યાચકોને જમાડ્યા. સહજપાલ મહારાષ્ટ્ર અને તિલંગ દેશમાંથી જે બારીક અને સુંદર વસ્ત્રો લાવ્યો હતો

તે પદસ્થ અને પાંચસો મુનિઓને ભક્તિથી વહોરાવ્યાં. બીજા અનેક પ્રકારનાં વસ્ત્રો બે હજાર સાધુઓને વહોરાવ્યાં.

બીજી તરફ દાનમંડપમાં બેસીને સમરસિંહે સાતસો ચારણોને, ત્રણ હજાર ભટોને, તથા લગભગ હજાર ઉપર ગવૈયાઓને ઘોડા, સુવર્ણ, વસ્ત્ર વગેરે મનવાંછિતદાન આપીને સન્માનિત કર્યા. ઉપરાંત શત્રુંજયની આસપાસ રહેલી વાડીઓને સમરસિંહે માળીઓને પુષ્કળધન આપીને પ્રભુની પૂજા માટે ખરીદી લીધી. તેમજ પ્રભુની સેવા માટે પૂજારી વગેરેને ઇચ્છિત પગાર આપીને રાખી લીધા.

પછી દેશલશ્રેષ્ઠી સંઘસહિત ગિરનાર ગયા. ત્યાંથી પ્રભાસપાટણ ગયા. પછી દેશલશ્રેષ્ઠીએ શુભમુહૂર્તે ધામધૂમપૂર્વક પાટણ નગરમાં પ્રવેશ કર્યો.

## સોળમો ઉદ્ધાર

સોળમી સદીમાં ગુજરાતમાં મહમદ બેગડો રાજ્ય કરતો હતો. તેણે પાટણ, દ્વારિકા, ગિરનાર, શત્રુંજય વગેરેનાં મંદિરોનો વિનાશ કર્યો. શત્રુંજયના મૂલનાયકની પ્રતિમાના ટુકડે ટુકડા કરી નાખ્યા. પણ મૂળનાયક આદીશ્વર દાદાનું મસ્તક બચી ગયું હતું. આથી ભાવિકોએ છાને-માને પાછળથી ઉપર જઈને તોડ-ફોડનો કચરો દૂર કરીને પબાસન ઉપર માત્ર દાદાનું મસ્તક પધરાવી દીધું. હવે યાત્રિકો આવતા બંધ થયા. કોઇ રડ્યા-ખડ્યા આવતા તો મસ્તકનાં દર્શન-પૂજન કરીને રડતી આંખે પાછા ફરતા. સંઘ ચિંતાતુર બન્યો. બધાના અંતરમાં એક જ ભાવના કે કોઈ માઈનો લાલ પાકે અને જીર્ણોદ્ધાર કરાવે.

મહમદબેગડાના મૃત્યુ પછી મુઝફર રાજા ગુજરાતની રાજગાદી ઉપર આવ્યો. મુજફરના અહમદ ઉર્ફે સિકંદર અને બહાદુરશાહ નામના બે પુત્રો હતા. તેણે અહમદને રાજગાદી આપવાનો નિર્ણય કરીને બહાદુર શાહને જાગીર (=અમુકગામો) આપી. આથી ૧૫૮૨માં અહમદ ઉર્ફે

સિકંદર રાજગાદી ઉપર બેઠો. બહાદુર શાહે પિતાએ આપેલી જાગીર ઓછી પડવાથી રિસાઈને ગુજરાત છોડી દીધું. દેશાટન કરતાં કરતાં તે એક દિવસ ચિત્તોડ આવ્યો. જોગાનુજોગ તે સમયે તેની પાસે વાટખર્ચી ખૂટી ગઈ. પૈસાની જરૂર પડી. તેથી મોટા વેપારીની શોધ કરતાં કર્મા શાહનું નામ સાંભળ્યું. તેની દુકાને પહોંચ્યો. ત્યાં કરોડોનું કાપડ આવતું-જતું હતું. તેણે કાપડની ખરીદી કરી. પછી વાટખર્ચી માટે પૈસાની માગણી કરી. કર્મા શાહે સ્વપ્નમાં ગોત્રદેવીના સૂચવ્યા મુજબ પોતાની ઈષ્ટાર્થની (શત્રુંજયના ઉદ્ધારની) સિદ્ધિ આનાથી થવાની છે એમ સમજીને ઉદારતાથી બહાદુર શાહને એક લાખ રૂપિયા આપ્યા. પછી પોતાના ઘરે રાખીને ખૂબજ સારી રીતે મહેમાનગતિ કરી. પ્રસન્ન થઈને બહાદુર શાહે કહ્યું: હે મિત્ર કર્મા શાહ ! જીવનભર તારો ઉપકાર નહિ ભૂલું. કર્માશાહે કહ્યું: એમ ન બોલો. હું તમારો સેવક છું. અવસરે આપ આ સેવકને યાદ કરો એટલી જ અપેક્ષા રાખું છું.

પછી બહાદુર શાહે આગળ પ્રયાણ કર્યું. રસ્તામાં સ્વબંધુ અહમદના મૃત્યુના સમાચાર મળ્યા. આથી તે વિલંબ કર્યા વિના ગુજરાત આવ્યો. વિ.સં. ૧૫૮૩ શ્રા. સુ. ૧૪ના દિવસે તે ચાંપાનેરની ગાદીએ બેઠો. પૂર્વે જેણે જેણે પોતાના ઉપર ઉપકાર કર્યો હતો તેને તેને બોલાવીને સારું સન્માન કર્યું. ચિત્તોડમાં કર્માશાહને તેડું આવ્યું કે બહાદુર શાહ આપને યાદ કરે છે. કર્માશાહ વિલંબ કર્યા વિના હીરા આદિ મૂલ્યવંતી ચીજોનું ભેટણું લઈને ચાંપાનેર પહોંચ્યા. કર્માશાહને રાજદરબારમાં દાખલ થતા જોઈને બહાદુર શાહ તુરત ઊઠીને સામે દોડ્યા. બે હાથથી ભેટી પડ્યા. તેમને ઉચિત આસને બેસાડીને રાજ્યસભા સમક્ષ જણાવ્યું કે આ મારા પરમ મિત્ર છે. વિપત્તિમાં મને મદદ કરી છે. કર્માશાહે પ્રત્યુત્તર આપતાં કહ્યું: મેં કશું નથી કર્યું. માત્ર મારી ફરજ બજાવી છે. હું તો આપનો સેવક છું. પછી રાજાને વિવિધ ભેટણાં ધર્યાં. રાજાએ પણ અલંકાર આદિથી કર્માશાહનું બહુમાન કર્યું. થોડાક દિવસો રોકાવા આગ્રહ કર્યો. આથી

કર્માશાહ થોડા દિવસ ત્યાં રોકાયા. બાદશાહે નિવાસ-ભોજન આદિની સગવડ કરી આપી.

એકવાર બાદશાહ કર્માશાહ પાસેથી લીધેલી રકમ પાછી આપવા લાગ્યો ત્યારે કર્માશાહે લેવાની ના પાડી, અને કહ્યું કે મારું જે કંઈ છે તે બધું આપનું જ છે. આ રકમ પાછી આપવાની ન હોય. છતાં બાદશાહે પરાણે રકમ પાછી આપી. કર્માશાહે તે રકમ ધર્મમાં વાપરવાનો સંકલ્પ કર્યો. એકવાર બાદશાહે કર્માશાહને કહ્યું: મારી ખુશી માટે તું મારી પાસેથી કંઈક માગ. અથવા તને એક સમૃદ્ધ દેશ આપું, તેનો તું સ્વીકાર કર. તક ઝડપીને કર્માશાહે કહ્યું: આપની કૃપાથી મારી પાસે બધુંજ છે, કશી ખોટ નથી. માત્ર એકજ મનમાં ઇચ્છા છે કે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરવો. આ કામ માટે મેં ઘણા કઠોર અભિગ્રહ લીધા છે. માટે આપ એ માટે એક ફરમાનપત્ર લખી આપો. આપ શત્રુંજયના ઉદ્ધાર માટે ફરમાનપત્ર આપશો તો હું માનીશ કે આપે મને ઘણું આપ્યું છે. બાદશાહે ફરમાનપત્ર લખીને તેના ઉપર પોતાની મહોર મારી આપી.

હવે કર્માશાહ શત્રુંજયના ઉદ્ધાર માટે સિદ્ધક્ષેત્રમાં આવ્યા. આદિપુરની તળેટીમાં નિવાસ કર્યો. ઉદ્ધારનું કાર્ય કરવા માટે મંડપો, રાવટીઓ, ભોજનાલય, પાણીની વ્યવસ્થા કરી. સૂત્રધારો (=શિલ્પીઓ) અને સેંકડો કારીગરોને બોલાવ્યા. પોતાના કુટુંબના ઉપકારી ઉપાધ્યાયશ્રી વિનયમંડન ગણીને આદિપુરની તળેટીમાં પધારવા વિનંતી કરી. આથી તેઓશ્રી પણ પોતાના પરિવાર સાથે ત્યાં પધાર્યાં. આથી કર્માશાહનો ઉત્સાહ દ્વિગુણિત થયો. શુભ દિવસે ઉપાધ્યાયજી અને કર્માશાહ વગેરે ગિરિરાજ ઉપર ચડ્યા. મોગલોએ કરેલી વેરણ-છેરણ સ્થિતિ જોઈને તેમનું દિલ દ્રવી ઉઠ્યું. આગળ જતાં દાદાનું ખંડિત મસ્તક દેખાયું. મંદિર અવાવરું બની ગયું હતું. શિખરોના ઘણા ભાગો પડી ગયેલા હતા. મંત્રીવસ્તુપાલ દ્વારા લવાયેલ શિલાઓને ગુપ્ત ભોંયરામાંથી કઢાવીને બિંબ ઘડવાનું કામ જલદી શરૂ કરવું એવો નિર્ણય કર્યો. શ્રીસંઘની સંમતિ મેળવીને શીલાઓની

તપાસ કરી. શિલા ક્યાં ભંડારેલી છે તે માત્ર સમરા નામનો પૂજારી જ જાણતો હતો. તેને ખાનગીમાં પૂછ્યું. આથી તેણે સ્થાન બતાવ્યું. પછી શિલા બહાર કાઢી. પૂજારીઓને ઇચ્છાથી અધિક ધન આપીને ખુશ કર્યા. મુખ્ય બે શિલાઓ તથા બીજી પણ નાની-મોટી શિલાઓ ત્યાંથી ગ્રહણ કરી. શેત્રુંજી નદીના શુદ્ધજલથી તે શિલાઓનો અભિષેક કર્યો. અષ્ટદ્રવ્યથી તે શિલાઓનું પૂજન કર્યું.

શુભમુહૂર્તે બિંબો ઘડવાનો પ્રારંભ થયો. આ કાર્ય માત્ર શિલ્પીઓના ભરોસે ન રાખતાં ઉપાધ્યાયજીએ પોતાના શિલ્પશાસ્ત્ર-વાસ્તુશાસ્ત્ર વિશારદ એવા બે શિષ્યો શ્રી વિવેકમંડન અને વિવેકધીરને શિલ્પીઓને યોગ્ય સલાહ-સૂચન આપવા નિયુક્ત કર્યા. વિઘ્ન ન આવે એ માટે મુનિઓએ વિવિધ તપની આરાધના શરૂ કરી. શિલ્પીઓ સુખપૂર્વક બેશી શકે એ માટે સુખાસનોની વ્યવસ્થા કરવામાં આવી. તેમના માટે સુંદર ભોજન અને મસાલેદાર દૂધ વગેરેની સગવડ કરવામાં આવી. જે ચીજ જ્યારે માગે ત્યારે હાજર થતી હતી. આવી ઉદારતાથી આકર્ષાયેલા શિલ્પીઓએ મન દઈને કામ કરવા માંડ્યું. પરિણામે એક મહિનાથી પણ ન થાય તેટલું કામ દશ દિવસમાં કર્યું.

બિંબો તૈયાર થઈ જતાં અને શિખરો વગેરેનું સમારકામ પૂર્ણ થતાં અનેક આચાર્યો અને જ્યોતિષીઓએ મળીને વિ.સં. ૧૫૮૭ વૈશાખ વદ છઠ ને રવિવારનો દિવસ પ્રતિષ્ઠા માટે નિશ્ચિત કર્યો. આ વખતે જ્યોતિષીઓનું બહુમાન કરવામાં આવ્યું. પછી તુરત કુમકુમ પત્રિકાઓ લખવામાં આવી. તેની ઉપર કંકુના છાંટણાં કરવામાં આવ્યા. પછી સર્વસ્થળે પત્રિકાઓ રવાના કરવામાં આવી. ઉપાધ્યાયશ્રી વિનયમંડળના ગુરુ આચાર્ય શ્રી વિદ્યામંડનસૂરિને પ્રતિષ્ઠામાં પધારવા માટે વિનંતી કરવા ચતુર્વિધ સંઘ સહિત કર્માશાહે પોતાના [1]વડિલ બંધુને મોકલ્યા.

---

૧. કર્માશાહ તોલાશાહના પુત્ર હતા. તોલાશાહના છ પુત્રો હતા અને એક પુત્રી હતી. જેમના નામ હતાં રત્નાશાહ, પોમાશાહ, ગણાશાહ, દશરથ, ભોજાશાહ, કર્માશાહ અને પુત્રી સુહવિદેવી.

સૂરિજીએ તેમની વિનંતિને સ્વીકારીને પાલીતાણા તરફ વિહાર કર્યો. પાલીતાણા પધાર્યા ત્યારે ખૂબ આડંબરથી તેમનો પ્રવેશ થયો. બીજા પણ અનેક ગચ્છના અનેક આચાર્યો વગેરે પધાર્યા. સાધ્વીજીઓ પણ વિશાળ સંખ્યામાં આવ્યા. શ્રાવક-શ્રાવિકાઓ દૂર-દૂરના દેશોમાંથી પણ હર્ષ-પૂર્વક આવ્યા. ખૂબ માનવ મહેરામણ ઊભરાયો. અગણિત મનુષ્યોથી વિશાળ પણ તળેટી નાની પડવા લાગી. જ્યાં જુઓ ત્યાં માણસો ને માણસો જ દેખાવા લાગ્યા. આ જોઈને કર્મા શાહનું હૃદય પ્રસન્ન બની ગયું. કર્માશાહે ઉદારતા પૂર્વક નિવાસ અને ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવા દ્વારા સંઘભક્તિ કરી. ઉપાધ્યાયજીએ જ્યાં જ્યાં જે જે દાન વગેરેનું સૂચન કર્યું ત્યાં ત્યાં તે તે દાન વગેરે હોંશપૂર્વક કરવા લાગ્યા. પ્રતિષ્ઠા માટે જરૂરી ઔષધિઓ વિધિપૂર્વક એકઠી કરવામાં આવી.

પ્રતિષ્ઠાના દિવસે ચતુર્વિધ સંઘ ઉલ્લાસભેર ગિરિરાજ ઉપર ચડ્યો. વિદ્યામંડનસૂરિ પણ દાદાના દરબારમાં પધારી ગયા. મુહૂર્તનો સમય આવે એ પહેલાં પૂર્વ તૈયારીઓ થઈ ગઈ. સકલ સંઘ સાવધાન થઈ ગયો. ૐ પુણ્યાહં પુણ્યાહં નો મંગલ ધ્વનિ શરૂ થયો. વાજિંત્રોના નાદ ગાજવા લાગ્યા. શંખનાદ ગુંજવા લાગ્યો. મુહૂર્તનો સમય થતાં મુખ્ય આદીશ્વર દાદાની શ્રી વિદ્યામંડનસૂરિએ અને પુંડરીકસ્વામી, રાયણપાદુકા, વગેરેની અન્ય પૂજ્યોએ પ્રતિષ્ઠા કરી. સુવર્ણકળશની અને મણિરત્નોથી મઢેલા સુવર્ણ ધ્વજદંડની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી. પ્રતિષ્ઠા થતાં જ શ્રાવકો દાદાના દરબારમાં અને બહારના ભાગમાં હર્ષથી મન મૂકીને નાચવા લાગ્યા. મધુર વાજિંત્રો વાગવા લાગ્યા. પછી પરમાત્માની સમક્ષ ચૈત્યવંદન વગેરે વિધિ કરવામાં આવી.

પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ થયા બાદ સૌ તળેટીએ આવ્યા. ત્યાં કર્માશાહે પૂજ્ય સાધુ-સાધ્વીજીઓની વસ્ત્ર-ઉપકરણ વગેરે વહોરાવીને ભક્તિ કરી. પ્રતિષ્ઠાકામમાં સહાયક થનારા સાધર્મિકોનું શાલ વગેરેથી સન્માન કર્યું. શિલ્પીઓ અને કારીગરો વગેરેનું આભૂષણો-વસ્ત્રો વગેરે આપીને સન્માન

કર્યું. પ્રતિષ્ઠા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે અનેક આત્માઓએ તપશ્ચર્યા આદરી હતી. એમાં બે મુનિરાજોએ તો છ છ મહિનાના ઉપવાસો કર્યા હતા. આ રીતે કર્માશાહે સોળમો ઉદ્ધાર કર્યો.

અહીં વિશેષ ઉલ્લેખનીય બીના એ છે કે જેઓશ્રીના પાવન હસ્તે આ પ્રતિષ્ઠા કરવામાં આવી એ નિઃસ્પૃહ શિરોમણિ આચાર્યદેવે શિલાલેખમાં ક્યાંય પોતાનું નામ ન લખવા દીધું. શિલાલેખમાં માત્ર "श्री सूरिभिः प्रतिष्ठितम्" (=આચાર્યોએ પ્રતિષ્ઠા કરી) એટલું જ લખવા દીધું. આજે પણ દાદાની પલાંઠીમાં આ લેખ મોજૂદ છે. આ આચાર્ય ભગવંતે સ્વરચિત સ્તવનોમાં પણ ક્યાંય પોતાનો નામોલ્લેખ કર્યો નથી.

આજે જે ભવ્યપ્રતિમાજી છે તે કર્માશાહે પ્રતિષ્ઠિત કર્યા છે. આજે પણ દર વર્ષે વૈશાખ વદ ૬ના દાદાના મંદિરે મૂળશિખર ઉપર ધ્વજા ચડાવાય છે. તે શ્રેષ્ઠીએ પ્રતિષ્ઠામાં સવાક્રોડ અને ઉદ્ધારમાં તો અગણિત દ્રવ્યનો સદ્વ્યય કર્યો હતો. ધન્ય છે તે શ્રેષ્ઠીને !

**વિશેષ નોંધ–** આ પ્રતિષ્ઠા થઈ ત્યારે ફરતું આરસનું પરિકર ન હતું. પાછળથી બનાવરાવીને ૮૩ વર્ષ પછી જોડવામાં આવ્યું છે. તેની પ્રતિષ્ઠા વિ.સં.૧૬૭૦માં કરવામાં આવી છે.

## છેલ્લો ઉદ્ધાર

ભવિષ્યમાં પાંચમા આરાના અંતે છેલ્લો (=સત્તરમો) ઉદ્ધાર પૂ. આ. શ્રી દુપ્પસ્સહસૂરિજીના ઉપદેશથી રાજા વિમલવાહન કરાવશે. આ વિષે નવાણુપ્રકારી પૂજામાં કહ્યું છે કે–

**"સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમળવાહન ભૂપાળ ।**
**છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાસયગિરિ ઊજમાલ હો ॥**
**જિનજી, ભક્તિ હૃદયમાં ધારજો રે"**

# શ્રીશત્રુંજયના ઉદ્ધારોની સંક્ષેપમાં વિગત

## (શ્રી શત્રુંજય ઉદ્ધાર રાસના આધારે)

(૧) શ્રીશત્રુંજયનો પહેલો ઉદ્ધાર[૧] ભરત ચક્રવર્તીએ કર્યો. ભરતરાજાના સમયમાં શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરનારા અને કરાવનારા સંઘપતિઓ નવ્વાણું ક્રોડ-નેવ્યાશી લાખ અને ચોર્યાશી હજાર થયા હતા.

(૨) ભરતરાજાની પાટે આદિત્યયશા, તેની પાટે મહાયશા, તેની પાટે અતિબલ, તેની પાટે બલભદ્ર, તેની પાટે બલવીર્ય, તેની પાટે કીર્તિવીર્ય, તેની પાટે જલવીર્ય અને આઠમી પાટે દંડવીર્ય નામે રાજા થયો. ભરતરાજા પછી પૂર્વ છ કોટી વર્ષે આઠમી પાટે દંડવીર્યરાજા થયો. તેણે શત્રુંજયનો બીજો ઉદ્ધાર કરાવ્યો.

(૩) એકસો સાગરોપમ ગયા પછી મહાવિદેહમાં શ્રી તીર્થંકર પ્રભુ પાસે શ્રી સિદ્ધગિરિનો મહિમા સાંભળીને ઈશાનેન્દ્રે (બીજા દેવલોકના ઈંદ્રે) શ્રી શત્રુંજયનો ત્રીજો ઉદ્ધાર કર્યો.

(૪) એક કોડી સાગરોપમ થયા પછી ચૈત્યો જીર્ણ થયેલાં જોઈને ચોથા દેવલોકના ઈન્દ્ર માહેન્દ્રે શ્રી શત્રુંજયનો ચોથો ઉદ્ધાર કર્યો.

(૫) ત્યાર પછી દશ ક્રોડ સાગરોપમ થયા પછી બ્રહ્મેન્દ્રે શ્રી શત્રુંજયનો પાંચમો ઉદ્ધાર કર્યો.

(૬) ત્યાર પછી એક ક્રોડ લાખ સાગરોપમના આંતરે ભવનપતિના ઈન્દ્ર ચમરેન્દ્રે શ્રી શત્રુંજયનો છઠ્ઠો ઉદ્ધાર કર્યો.

(૭) પચાસ લાખ ક્રોડ સાગરોપમનો સમય શ્રી આદિનાથ ભગવાન

---

૧. અહીં શત્રુંજયનો ઉદ્ધાર એટલો જીર્ણ થયેલાં જિનમંદિરોનો ઉદ્ધાર કર્યો એવો અર્થ નથી, કિંતુ શત્રુંજય ઉપર એકેય જિનમંદિર ન હતું, અને ભરતચક્રવર્તીએ નવાં જિનમંદિરો કરાવ્યાં એવો અર્થ છે.

અને અજિતનાથ ભગવાનના વચલા સમયના આંતરાનો છે. તે સમયમાં જે નાના નાના ઉદ્ધારો થયા તેનો તો કહેતાં પાર પણ નથી આવતો. શ્રી અજિતનાથ ભગવાનના કાકાનો છોકરો સગરનામે બીજો ચક્રવર્તી હતો. તેણે ઇન્દ્રના વચનથી પુત્રના મરણની ચિંતા છોડી દીધી. અને ભરતની જેમ સંઘવી થઈને શ્રી શત્રુંજયગિરિની યાત્રાએ ગયો, ભરતે બનાવેલા સુવર્ણના પ્રાસાદ અને મણિમય બિંબો જોઈને આનંદ પામ્યો. અને પૂર્વજોનું નામ સંભાર્યું. પછી અવસર્પિણીનો પડતો કાલ હોવાથી રખે કોઈ પ્રતિમા વગેરેનો વિનાશ કરે માટે પશ્ચિમ દિશામાં રહેલી સુવર્ણ ગુફામાં તે રત્નબિંબો ભંડારી દીધાં, અને ફરીથી રૂપાનાં મંદિરો કરાવીને સુવર્ણના બિંબો સ્થાપીને શ્રી શત્રુંજયનો સાતમો ઉદ્ધાર કરાવ્યો.

સગર ચક્રવર્તીના સમયમાં પચાસ કોડી-પંચાણું લાખ અને પંચોતેર હજાર આટલા રાજાઓ શ્રી શત્રુંજયની યાત્રા કરનારા અને કરાવનારા સંઘપતિ થયા હતા.

(૮) શ્રી અભિનંદનસ્વામીના ઉપદેશથી વ્યંતરેન્દ્રે શ્રી શત્રુંજયનો મનોહર એવો આઠમો ઉદ્ધાર કર્યો.

(૯) શ્રી ચંદ્રપ્રભસ્વામીના સમયમાં ચંદ્રશેખર રાજાના પુત્ર શ્રી ચંદ્રયશાએ ઘણા આદર અને મનના આનંદ પૂર્વક શ્રી શત્રુંજય તીર્થનો નવમો ઉદ્ધાર કર્યો.

(૧૦) શ્રી શાંતિનાથ પ્રભુના પુત્ર શ્રી ચક્રાયુધ (ચક્રધર) રાજાએ શ્રી શત્રુંજયતીર્થનો દશમો ઉદ્ધાર કર્યો.

(૧૧) શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં દશરથરાજાના પુત્ર શ્રી રામચંદ્રજીએ શ્રી શત્રુંજયતીર્થનો અગિયારમો ઉદ્ધાર કરાવ્યો. તેમાં શ્રી શાંતિનાથ પ્રભુનું મનોહર મંદિર બનાવરાવ્યું.

(૧૨) શ્રી નેમિનાથ ભગવાનના સમયમાં પાંચ પાડવોએ શ્રી શત્રુંજય તીર્થનો બારમો ઉદ્ધાર કરાવ્યો. તેમાં તેઓએ ઉત્તમ જાતિનાં

કાષ્ઠ એટલે લાકડાંનું મંદિર બનાવરાવ્યું હતું. અને લેપ્યમય પ્રતિમા બનાવી હતી. પાંચ-પાંડવો અને વીર ભગવાનના વચલા સમયનું આંતરુ ચોરાશી હજાર વર્ષનું હતું. અને વીરભગવાનથી વિક્રમરાજા ચારસો ને સિત્તેર વર્ષે થયો હતો.

(૧૩) વિક્રમ રાજા પછી ૧૦૮ વર્ષે જાવડશા શેઠ થયા. તેમણે શ્રી શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરીને શ્રી આદિનાથ પ્રભુને સ્થાપન કર્યાં. પાંચ પાડવો અને જાવડશાના વચલા સમયમાં પચાસ ક્રોડ-પંચાણું લાખ-પંચોત્તેર હજાર રાજાઓ સંઘવી બનીને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી અને સાધર્મિકોને યાત્રા કરાવી.

(૧૪) વિક્રમ સંવત ૧૨૧૩ માં બાહડ મંત્રીએ શ્રી શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો. શ્રી આદિનાથ ભગવંતની નવી મૂર્તિ ભરાવીને સ્થાપન કરી.

(૧૫) વિક્રમ સંવત ૧૩૭૧ માં ઓસવાલ વંશના શણગારભૂત એવા સમરાશાહે શ્રી શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર કરાવ્યો.

જાવડશા અને સમરાશાના ઉદ્ધારની વચલા સમયમાં ત્રણ લાખને ચોર્યાશી હજાર સમકિતથી શોભતા એવા શ્રાવકો સંઘપતિ થયા. સત્તર હજાર ભાવસારો શ્રીશત્રુંજયના સંઘપતિ થયા. સોલ હજાર ક્ષત્રિયો શ્રી શત્રુંજયની યાત્રાના સંઘના સંઘપતિ થયા. પંદર હજાર બ્રાહ્મણો ઉદારતાથી સંઘ કાઢીને સંઘપતિ બન્યા. બાર હજાર કણબી પટેલ સંઘપતિ બન્યા. નવ હજાર લેઉઆ પટેલ પણ સંઘપતિ બન્યા હતા. પાંચ હજાર ને પિસ્તાલીશ કંસારાઓએ શ્રી શત્રુંજયનો સંઘ કાઢી લાભ લીધો હતો. સાતહજાર મહેતરોએ એટલે કે હરિજનોએ સંઘો કાઢ્યા હતા અને તેઓ અહીં આવીને તલાટીની યાત્રા કરી પાછા ફર્યા હતા. બીજાઓની સંખ્યાને હું જાણતો નથી. પુસ્તકોમાં વાંચ્યું તે લખ્યું છે: હું તો બહુશ્રુતના વચનને માનું છું. તમે પણ એ વચનને સાચું માનજો.

ભરતરાજા અને સમરાશાના વચલા સમયમાં જે સંઘવીઓ થયા તે તો અસંખ્યાતા છે. તેની સંપૂર્ણ વિગત તો કેવલી ભગવંત જ જાણે. છદ્મસ્થો તો કેવી રીતે જાણી શકે ? સમરાશાહે વધુમાં ધર્મનાં કાર્યોમાં નવલાખ કેદીઓનાં બંધનો કપાવ્યાં હતાં, અને તેઓને નવલાખ સુવર્ણટંક આપ્યા હતા.

(૧૬) વિક્રમ સંવત ૧૫૮૭માં કરમાશાહે બાદશાહનું ફરમાનપત્ર મેળવીને શ્રી શત્રુંજયનો સોલમો ઉદ્ધાર કરીને ઉદ્ધાર કરાવવાનો જશ લીધો ને પુણ્ય મેળવ્યું.

(૧૭) એ પ્રમાણે આ ચોવીશીમાં વિમલવાહન રાજા શ્રી શત્રુંજયનો છેલ્લો ઉદ્ધાર (સત્તરમો ઉદ્ધાર) દુપ્પસહ ગુરુના ઉપદેશથી કરાવશે.

આ રીતે જે પુણ્યવંત આત્મા તીર્થ ઉદ્ધારનું મોટું કાર્ય લક્ષ્મી મેળવીને કરશે તેના ઘણા ભવો સફલ થશે.

આ ઉદ્ધારોની ગણતરીમાં જે નાના ઉદ્ધારો થયા તેની ગણના સંખ્યાની દૃષ્ટિએ થઈ નથી. મોટા ઉદ્ધારો જ ગણતરીમાં લેવાયા છે. જેમ જમણવારમાં "લાડવાનું જમણ." શું તે જમણવારમાં દાળ-ભાત-ભજિયાં નહોતાં ? હતાં. પણ જમણમાં મુખ્યવસ્તુ ગણતરીમાં લઈને બોલાય તે રીતે ઉદ્ધારોમાં જાણવું.

આ રીતે ઉદ્ધારોની ગણતરીમાં જુદા જુદા ગ્રંથોના આધારે ઉદ્ધારોની નોંધ લીધી છે, જે વાંચવાથી ભવ્ય આત્માઓને આનંદ થશે.

# શ્રી આદિનાથ પ્રભુ શ્રી શત્રુંજય ઉપર નવાણું પૂર્વવાર સમવસર્યા તેની સમજ.

૮૪ લાખ વર્ષને ૮૪ લાખ વર્ષે ગુણતાં જે સંખ્યા આવે તેને એક પૂર્વ કહેવામાં આવે છે.

૮૪૦૦૦૦૦×૮૪૦૦૦૦૦ = ૭.૦૫.૬૦.૦૦.૦૦.૦૦.૦૦૦. આટલી સંખ્યા એક પૂર્વમાં થાય. એટલે સિત્તેર લાખ ક્રોડ-છપ્પન હજારક્રોડ વર્ષ થાય. સંખ્યાની દૃષ્ટિએ આ એક પૂર્વનું પ્રમાણ થયું.

આવા ૯૯ પૂર્વવાર સ્પર્શના કરવા માટે શ્રી આદીશ્વર ભગવંત શ્રી શત્રુંજયગિરિ પર પધાર્યા. તે એક પૂર્વની સંખ્યાને ૯૯ વાર ગુણતાં નીચે પ્રમાણેની સંખ્યા આવે.

૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦×૯૯ = ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦

આ સંખ્યાને શાસ્ત્રીય પરિભાષામાં બોલવી હોય તો આ રીતે બોલી શકાય. અગણોસિત્તેર કોડાકોડી પંચાશીલાખ ક્રોડ, અને ચુમ્માલીશ હજાર ક્રોડ થાય. આટલી સંખ્યાને નવાણું પૂર્વ કહેવાય.

ચૈત્રી પૂનમના દેવવંદનમાં - પાંચમા જોડામાં પ્રથમ થોયમાં લખ્યું છે કે–

[1]જિહાં ઓગણોત્તેર કોડાકોડી, તેમ પંચાશી લાખવળી જોડી, ચુમ્માલીશ સહસકોડી;

સમવસર્યા જિહાં એતીવાર, પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર-૧-

★ અત્યારની આપણી ભાષામાં બોલવું હોય તો ૬૯ લાખ ૮૫ હજાર ૪૪૦ અબજ એમ બોલી શકાય. આટલીવાર શ્રી આદીશ્વર ભગવાન ઘેટી પાગથી ફાગણ સુદિ ૮ ના દિવસે ગિરિરાજ ઉપર રાયણવૃક્ષની નીચે પધાર્યા હતા.

★ તે સમયે જીવોનાં આયુષ્ય કેટલાં લાબાં હશે ? તે ખાસ સમજવા જેવું છે. શ્રી આદીશ્વર ભગવાન ઉપર પધારીને રાયણવૃક્ષની નીચે જ બેસીને ધર્મોપદેશ આપતા હતા.

---

૧. આપણા પૂર્વ મુનિઓએ કેવો અનુપમ ઉપકાર કર્યો છે કે પૂર્વ નવાણું વારની ગણતરી કરીને આપણને સમજાવવા માટે થોય બનાવી છે.

શ્રી આદીશ્વર ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું, તેમાંથી તેઓ ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થ અવસ્થામાં (સંસારમાં) રહ્યા અને પછી દીક્ષા લઈને એક લાખ પૂર્વ વર્ષમાં આ બધું થયું. શ્રી આદીશ્વર ભગવંતે ગિરિરાજની પૂર્વ નવાણુંવાર સ્પર્શના કરી, ત્યારે અહીં એમને યાત્રા કરવા માટે (સમવસરવા માટેનો) સમય છે એક લાખ પૂર્વ વર્ષ. એટલે ગિરિરાજ ઉપર પૂર્વનવાણુંવારની ગણતરી બરોબર બંધ બેસી શકે છે.

★ શ્રી આદીશ્વર ભગવંત પૂર્વ ૯૯ વાર (વખત) શ્રી શત્રુંજય સમવસર્યા હતા. તેને અનુસરીને આપણું આયુષ્ય ખૂબજ ટુકું હોવાથી ફક્ત નવાણું (૯૯) જ યાત્રા કરીએ છીએ.

★ શ્રી આદીશ્વર ભગવાન જે પૂર્વ નવાણુંવાર ગિરિરાજ ઉપર પધાર્યા હતા તે ઘેટીની પાગેથી પધાર્યા હતા, અત્યારે તો આપણે પાલિતાણા ગામ આ બાજુ વસી ગયેલું હોવાથી આ બાજુથી જ ચઢીને નવાણું કરીયે છીએ. પણ આપણી મૂળવાત ભૂલી ન જવાય તેથી તેની વિધિમાં લખ્યું છે કે "નવાણું યાત્રામાં ઓછામાં ઓછી નવયાત્રા ઘેટીની પાગની કરવી જ." વધારે થાય તો ધન્ય ભાગ્ય. નહિતર છેવટે નવ તો કરવી જ.

તેનો અર્થ કેટલાક અણસમજુ ભાવિકોએ એવો કર્યો કે "ઘેટી પાગની યાત્રા નવથી વધારે ન થાય." પણ આ સમજણ એકદમ ખોટી અને ભૂલ ભરેલી છે. સમજવાનું એમ છે કે વધારે થાય તો સારું, નહિતર છેવટે નવ તો કરવી જ જોઈએ. કારણ કે શ્રી આદીશ્વર ભગવાનની મૂળસ્પર્શના તો ત્યાંથી જ હતી. તે વાત ભૂલાવી ન જોઈએ.

શું કોઈ ભાવિક આત્મા શ્રાવક-શ્રાવિકા કે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત ત્યાં ઘેટી પાગ તરફ સ્થિરતા કરીને ઘેટી પાગથી નવાણું યાત્રા કરે તો શું ન ચાલે ? ચાલે જ. તે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું સુંદર કામ કહી શકાય.

# શ્રી શત્રુંજયમાં ૨૦ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા ?

(૧) ગિરિરાજ ૫૦ યોજન લાંબો અને ૫૦ યોજન પહોળો હોવાથી તેનું કુલ ક્ષેત્રફળ-૨૫૦૦, યોજન થાય છે.

(૨) હવે એક યોજનમાં ગણતરી કરતાં કુલ- ૨૫૬૦૦૦૦૦૦, (૨૫ ક્રોડને ૬૦ લાખ) માણસો સમાઈ શકે.

(૩) આથી-૨૫૦૦ યોજનની અંદર કુલ ૬૪-હજાર ક્રોડ માણસો સમાઈ શકે છે.

(૪) તેથી ૨૦ ક્રોડ મુનિઓને સમાવવામાં વાંધો નથી. કારણ કે આટલા મુનિઓ તો ફક્ત બે જ યોજનથી પણ ઓછી જગ્યામાં સમાઈ શકે છે.

(૫) ત્યારે ૨૦ ક્રોડ મુનિઓ સમાવ્યા પછી આપણી પાસે ૨૪૯૮ યોજન જમીન ખાલી જ રહે છે.

(૬) હવે એક યોજનમાં ઉપર કહ્યું તેમ ૨૫ ક્રોડને ૬૦ લાખ માણસો સમાઈ શકે તેનું ગણિત આ રીતે છે.

(૭) ગણતરી શરૂ કરીએ.

- એક યોજનના ચાર ગાઉ થાય અને એક ગાઉના-૨૦૦૦ ધનુષ્ય થાય. એટલે કે ૨૦૦૦ ધનુષ્યને ૪ ગાઉથી ગુણતાં ૮૦૦૦, ધનુષ્ય એક યોજનના થાય.

(૮) સામાન્ય રીતે મનુષ્ય એક ધનુષ્ય (૪-હાથ) પ્રમાણની કાયાવાલો હોય. એટલે એક યોજનની એક ધનુષ્યની લાઈનમાં ૮૦૦૦ માણસો સહેલાઈથી સૂઈ શકે.

(૯) મનુષ્ય લંબાઈમાં હોય તેના કરતાં પહોળાઈમાં ચોથો ભાગ હોય. એટલે લંબાઈમાં જેટલા માણસો સૂઈ શકે તેના કરતાં પહોળાઈમાં ચારગણા વધારે સૂઈ શકે છે.

૮૦૦૦×૪ = ૩૨૦૦૦, એક યોજનના એક ધનુષ્યની લાંબી અને પહોળી લાઈનમાં હિસાબ કાઢવા માટે ૩૨૦૦૦ને ૮૦૦૦ વડે ગુણવા પડશે. ને પછી જે જવાબ આવશે તેટલા (સૂતા) માણસો એક યોજનમાં સમાઈ શકે છે.

૩૨૦૦૦×૮૦૦૦ = ૨૫૬૦૦૦૦૦૦

(૧૦) ૨૫-ક્રોડને ૬૦-લાખ માણસો એક યોજનની ભૂમિમાં ઉપરના ગણિત પ્રમાણે સમાઈ શકે છે. હવે ગિરિરાજનું કુલ ક્ષેત્રફળ-૨૫૦૦ યોજન હોવાથી ૨૫૬૦૦૦૦૦૦ સંખ્યાને ૨૫૦૦ સંખ્યાથી ગુણતાં ૬૪૦૦૦૦૦૦૦૦૦૦, ચોસઠ હજાર ક્રોડ માણસો ૫૦ યોજનમાં સમાઈ શકે છે. તેનું આ ગણિત બતાવ્યું.

(૧૧) ગિરિરાજમાં ૨૦ ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા ? તેની ગણતરી કરતી વખતે તે વખતના શ્રી શત્રુંજયનું ક્ષેત્રફળ મનમાં નક્કી કરવું અને પછી ઝાડપાનવાલી જગ્યા, લોકોની અવર જવરની જગ્યા, ખાડા-ટેકરાવાલી ભૂમિ, દેરાસરો ને દેરીઓની જગ્યા, પગથિયાંની જગ્યા વગેરે છોડી દેતાં પણ આટલા મુનિઓ સમાવવામાં જરાપણ વાંધો નથી. ગણતરી કર્યા વગર કોઈ પણ વસ્તુ યથાસ્થિત ન સમજાય.

(૧૨) આપણે આપણી ટૂંકી દૃષ્ટિએ ગિરિરાજની મૂળ ટેકરીનેજ શ્રી શત્રુંજય માનીને ગણતરી બેસાડીએ છીએ. પણ તે બરોબર નથી કારણકે આ ગિરિરાજની એક સમયે ૧૦૮ ટેકરીઓ હતી. અત્યારે વર્તમાન સમયમાં પણ તળાજા, શિહોર, કદંબગિરિ, હસ્તગિરિ વગેરે ટેકરીઓ પણ શ્રી શત્રુંજયના ભાગ રૂપેજ ગણાય છે. તે રીતે જો ઉપરની ગણતરી કરવા બેસીએ તો જરાપણ શંકાને સ્થાન મળતું નથી.

અરે જરાક આગળ વધીને કહું તો શ્રી ગિરનારને પણ શ્રી-શત્રુંજયની પાંચમી ટૂંક કહી છે. એટલે કે એક સમયે ગિરિરાજનું પ્રમાણ ખૂબજ વિસ્તારવાળું હતું.

# શ્રી શત્રુંજયયાત્રા પરિચય

**સૂચના–** યાત્રા કરતી વખતે જ્યાં જ્યાં અરિહંત ભગવાનની મૂર્તિ કે પગલાં હોય ત્યાં ત્યાં 'નમો જિણાણં' કહેવું, સિદ્ધ થયેલાઓની મૂર્તિ કે પગલાં હોય ત્યાં ત્યાં 'નમો સિદ્ધાણં' કહેવું. ગુરુની મૂર્તિ કે પગલાં હોય ત્યાં 'મત્થએણ વંદામિ' કહેવું. સમ્યગ્દષ્ટિ દેવ-દેવીની મૂર્તિ હોય ત્યાં 'પ્રણામ' કહેવું.

આપણે ધર્મશાળામાંથી **જય તલેટીએ** આવ્યા. અહીં. આવેલા યાત્રાળુઓ હર્ષથી ''બોલો આદીશ્વર ભગવાનની જય'' ઇત્યાદિ બોલે છે. માટે આ તળેટીનું 'જય તળેટી' એવું નામ પડ્યું. છે. યાત્રા દરમિયાન પાંચ સ્થળે ચૈત્યવંદન કરવાનાં હોય છે. તેમાં યાત્રાળુઓ અહીં પહેલું ચૈત્યવંદન કરે છે. જયતળેટીની સામે રહેલી દેરીઓમાં શ્રી ઋષભદેવ વગેરેનાં પગલાં છે. જમણી અને ડાબી બાજુએ પણ દેરીઓમાં પગલાં છે.

જયતળેટીથી શત્રુંજય ઉપર ચઢવાનો પ્રારંભ કરતાં ડાબી તરફ કચ્છી શ્રેષ્ઠી શ્રી ગોવિંદજી ખોનાએ બંધાવેલું **શ્રી ધર્મનાથપ્રભુનું મંદિર** છે. એ મંદિર તરફ જતાં સામે જ મહાન શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની** મૂર્તિ બિરાજમાન છે.

ગિરિરાજ ચડતાં પહેલાં જમણી તરફની દેરીમાં **શ્રી પુંડરીક ગણધરના** ચરણપાદુકા છે. બાબુના દેરાસર તરફ જતી સીધી સીડી ન ચડતાં તેની ડાબી બાજુની સીડી ચડતાં રસ્તામાં **શ્રી અજિતનાથ ભગાવન**, **શ્રી ગૌતમસ્વામી** તથા **શ્રી આદીશ્વર ભગવાન** તથા **શ્રી શાંતિનાથ ભગવાન**ની ચરણપાદુકા આવેલી છે. એ જ રસ્તે સીધા આગળ વધતાં જમણી તરફ ત્રણ દેરીઓ આવેલી છે. તેમાં અનુક્રમે **શ્રી ધર્મનાથ, શ્રી કુંથુનાથ** અને **શ્રી નેમિનાથ ભગવાન**ની ચરણપાદુકા આવેલી છે.

તેનાથી થોડેક આગળ જતાં જમણી તરફ **શ્રી સરસ્વતી દેવીનું**

મંદિર છે. પૂર્વે કેટલાક મુનિઓએ આ ગુફામાં સરસ્વતીનું ધ્યાન કર્યું હતું અને એથી શ્રી સરસ્વતીએ વરદાન આપ્યું હતું એવી દંતકથા છે.

પછી થોડુંક આગળ જતાં જમણી તરફ સુંદર **સમવસરણ મંદિર** છે. આ મંદિર સમવસરણના આકારે હોવાથી સમવસરણ મંદિર તરીકે ઓળખાય છે. તેમાં ભમતીમાં ૧૦૮ તીર્થના પટો, પછી ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિઓ, વચ્ચે ચોવીસ જિનની મૂર્તિઓ અને ઉપર ત્રણ ગઢ ચડીને ચૌમુખ શ્રી ઋષભદેવ આદિ ચાર પ્રભુજીની મૂર્તિઓ દર્શનીય છે.

ડાબી તરફ **બાબુનું મંદિર** આવે છે. મુર્શિદાબાદ નિવાસી રાયબહાદુર ધનપતસિંહજીએ બંધાવેલ છે. આની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૫૦માં થઈ છે. ધનપતસિંહજી લોકમાં બાબુસાહેબ તરીકે ઓળખાતા હતા. માટે આ મંદિરને 'બાબુનું મંદિર' કહેવામાં આવે છે. જેમ શત્રુંજયની ઉપર દાદાની ટૂંકમાં આદિનાથની પ્રતિમા, પુંડરીક સ્વામી, રાયણ પગલાં, શાંતિનાથની પ્રતિમા છે, તેમ આ મંદિરમાં પણ આદિનાથની પ્રતિમા, પુંડરીક સ્વામી, રાયણ પગલાં અને શાંતિનાથની પ્રતિમા છે. ઉપર ન ચઢી શકનારા મનુષ્યો આ મંદિરમાં આદિનાથ આદિની સમક્ષ ચૈત્યવંદન કરે છે અને એ રીતે પાંચ ચૈત્યવંદન કરીને સંતોષ અનુભવે છે. આ મંદિરમાં આગળ જતાં પાવાપુરીની સ્થાપના રૂપ **જલમંદિર** છે. તેમાં શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા છે. જલમંદિરની સામે **શ્રી ગૌતમસ્વામીનું મંદિર** છે. જલમંદિરમાંથી બહાર નીકળતાં ૧૫ ફૂટ ઊંચી આદિનાથની પ્રતિમાનાં દર્શન થાય છે. બાબુના મંદિરમાં જેમાં રત્નની પ્રતિમાઓ છે તેવું **રત્નમંદિર** દર્શનીય છે. બાજુમાં **સહસ્રકૂટ મંદિર** છે. મૂળનાયકની ચારે તરફ ફરતી ૮૪ દેવકુલિકાઓ છે.તથા પુંડરીક સ્વામીની મૂર્તિની પાછળ ભીડભંજન પાર્શ્વનાથ ભગવંત ખૂબ પ્રભાવવંતા છે.

બાબુના મંદિરમાંથી બહાર નીકળીને શત્રુંજય પર્વત ઉપર થોડા આગળ ચાલીએ એટલે **પહેલો વિસામો** આવે છે. શત્રુંજય ઉપર ચઢતાં જે થાકી જાય તે આરામ કરી શકે એ માટે શત્રુંજય ઉપર અનેક વિસામા

(=વિશ્રામસ્થાનો) બનાવવામાં આવ્યા છે. કેટલાક વિસામાના સ્થળે પાણીની પણ વ્યવસ્થા રાખવામાં આવે છે.

થોડું આગળ ચાલીએ એટલે જમણી તરફ **ધોળી પરબનો બીજો વિસામો** આવે છે. ત્યાં જમણી તરફ એક દેરીમાં **ભરત મહારાજાનાં પગલાં** છે. ભરત મહારાજા શ્રી આદિનાથના પુત્ર હતા, અને આ અવસર્પિણીમાં પ્રથમ ચક્રવર્તી હતા. આ અવસર્પિણીમાં તેઓશ્રી સર્વ પ્રથમ સંઘ લઈને આ તીર્થે આવ્યા હતા અને આ તીર્થનો સર્વપ્રથમ ઉદ્ધાર તેમણે કરાવ્યો હતો.

આરિસાભવનમાં એક આંગળીમાંથી વીંટી નીકળી જતાં અનિત્ય ભાવનામાં આરૂઢ થઈને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પૂર્વભવમાં શત્રુંજયનો મહિમા સાંભળીને અભિગ્રહ કર્યો હતો કે શત્રુંજય ઉપર બિરાજમાન તીર્થંકર પ્રતિમાઓને વંદન ન કરું ત્યાં સુધી બે ટંકથી વધારે વખત ભોજન નહિ કરું અને એક વિગઈથી વધારે વિગઈ નહિ વાપરું. તેમની આ ભાવનાને લક્ષમાં રાખીને તેમની ચરણપાદુકા અહીં બિરાજમાન કરી હોય એવો સંભવ છે. આ ચરણપાદુકા વિ.સં. ૧૬૮૫માં સ્થાપન કરેલી છે.

હવે સીધા રસ્તે થોડા આગળ ચાલીને આપણે ડાબી તરફ રહેલા **ઈચ્છાકુંડ** પાસે આવ્યા. આ કુંડ સુરત નિવાસી **ઈચ્છાચંદ શેઠે** વિ. સં. ૧૬૮૧માં બંધાવેલ છે. ત્યાં આવો શિલાલેખ અને શેઠની મૂર્તિ પણ છે.

ત્યાંથી થોડુંક ચઢતાં જમણી બાજુની દેરીમાં **શ્રી આદિનાથનાં** અને **શ્રીનેમિનાથનાં** પગલાં આવે છે. એ જ દેરીમાં બાજુમાં શ્રીનેમિનાથના ગણધર **શ્રીવરદત્તસ્વામીનાં** પગલાં છે. આ ગણધર શ્રીનેમિનાથ પ્રભુની સાથે ગિરનાર ઉપર મુક્તિપદ પામ્યા હોવા છતાં તેઓશ્રીએ શત્રુંજયનો મહિમા ભવ્યજીવોની સમક્ષ વર્ણવ્યો હતો એ દૃષ્ટિએ અહીં તેઓશ્રીના પગલાં સ્થાપ્યા હોય એમ સંભવે છે.

હવે આપણે થોડા ઉપર ચઢીને ડાબી તરફ રહેલી **લીલી પરબ** પાસે **ત્રીજા વિસામે** આવ્યા. પરબની સામે એક દેરીમાં **આદિનાથનાં**

**પગલાં** છે. બાજુમાં **કુમારકુંડ** છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિના ઉપદેશથી કુમારપાળ મહારાજાએ શ્રીશત્રુંજયનો છ'રી પાલક સંઘ કાઢયો હતો. એની સ્મૃતિમાં આ કુંડ તેમણે બનાવ્યો છે.

અહીં એક પ્રેરક પ્રસંગ બન્યો છે. એકવાર મંત્રી વસ્તુપાલ સંઘ લઈને યાત્રાર્થે પધાર્યા હતા. આજુબાજુના પણ ઘણા યાત્રિકો આવ્યા હતા. યાત્રા કરીને બધા નીચે આવી રહ્યા હતા. મંત્રી વસ્તુપાલ પણ નીચે ઉતરતા હતા. સામેથી ફૂલોનો ટોપલો ઉપાડીને એક વૃદ્ધ માણસ ચડી રહ્યો હતો. તેને હોંશ હતી કે ઘણા યાત્રિકો છે એટલે મારાં બધાં ફૂલો ખપી જશે. પણ બધા યાત્રિકોને નીચે ઉતરતા જોઈને તે નિરાશ થઈ ગયો. વસ્તુપાળને આની ખબર પડતાં તેનાં બધાં ફૂલો લઈ લીધાં. એ ફૂલોથી ગિરિરાજને વધાવ્યો. બાકી રહેલાં ફૂલોવડે યાત્રિકોએ પણ ગિરિરાજની પૂજા કરી. માળીની આંખમાં હર્ષના આસું આવી ગયાં. બધા યાત્રિકો મંત્રીશ્વરની ઉદારતા અને તીર્થભક્તિની પ્રશંસા કરવા લાગ્યા.

આપણે પણ આ પ્રસંગથી મંત્રીશ્વરની ઉદારતાની અને તીર્થ–ભક્તિની પ્રેરણા લઈએ.

ત્યાંથી થોડુંક આગળ ચાલીને આપણે હિંગળાજના હડા પાસે આવ્યા. ત્યાં ચઢાણ કઠીન છે. ચઢવામાં ઉત્સાહ વધે એ માટે આ વિષે એક દુહો પ્રચલિત બન્યો છે. તે આ પ્રમાણે–

આવ્યો હિંગળાજનો હડો, કેડે હાથ દઈને ચઢો ।
ફૂટ્યો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો ॥

અહીં સૌરાષ્ટ્રની અધિષ્ઠાત્રી **શ્રી અંબિકા(=હિંગળાજ)દેવીની મૂર્તિ** છે. એકવાર યાત્રિકોને ઉપદ્રવ કરતા એક હિંગુલ નામના રાક્ષસનો અંબિકાદેવીએ પરાભવ કર્યો. ત્યારથી આ શ્રી અંબિકાદેવી હિંગળાજ માતા તરીકે ઓળખાય છે. વિશેષ વિગત આ ગ્રંથમાં ૨૪૧મા પેજમાં આપી છે.

ત્યાંથી થોડુંક આગળ ચાલતાં આપણે **પરબની પાસે ચોથા વિસામે** આવ્યા. ત્યાં જમણી બાજુ વિ. સં. ૧૮૩૧માં સ્થાપિત કરેલાં **કલિકુંડ પાર્શ્વનાથનાં પગલાં** છે. અહીં આપણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું કલિકુંડ પાર્શ્વનાથ એવું નામ કેમ પડ્યું તે જાણીએ. એક વાર શ્રી પાર્શ્વનાથ પ્રભુ કાદંબરી નામની અટવીમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. આ વખતે એક ભદ્રિક હાથીએ સૂંઢમાં પાણી ભરીને તેનાથી પ્રભુને નવરાવ્યાં અને પ્રભુજીના ચરણોમાં કમળપુષ્પો ચઢાવ્યાં. તે હાથી મરીને દેવ થયો. ઉપયોગથી પૂર્વભવની વિગત જાણીને તે દેવે ત્યાં કલિકુંડ તીર્થની સ્થાપના કરી. તેમાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સ્થાપી. ત્યારથી કલિકુંડ પાર્શ્વનાથની પ્રસિદ્ધિ થઈ. (કલિયુગમાં પણ ભવ્યજીવોનું કલ્યાણ કરે તેવું કુંડ તે કલિકુંડ.)

કલિકુંડના રસ્તાથી પૂર્વે જુનો અને નવો એમ બે રસ્તા હતા. હવે જુનો રસ્તો બંધ થઈ ગયો છે. જુના રસ્તે થોડું ચઢ્યા પછી ઓટલો હતો. ત્યાં એક પ્રેરક ઘટના બની. જાણવામાં આવ્યું છે કે ભરુચના તત્ત્વજ્ઞાની અનુપચંદભાઈ આ ઓટલા ઉપર બેઠા. સાથે રહેલા પાટણના ભોજક ગીરધરભાઈને કહ્યુંઃ ગિરધર ! અહીં કોઈનો દેહ છૂટે તો કેવું કહેવાય ? ગિરધરભાઈએ કહ્યુંઃ આવી પવિત્રભૂમિમાં છેલ્લો શ્વાસ લેવાય તેના જેવું ઉત્તમ એકેય નહિ. બસ, આ વાક્ય પૂરું થયું ને અનુપચંદ ભાઈએ પોતાની ડોક ગિરધરભાઈના ખભે ઢાલી દીધી. આવું ધન્ય મૃત્યુ વિરલાને જ મળે.

હવે આપણે નવા રસ્તે આગળ વધીને **છાલાકુંડ અને પરબ** પાસે આવ્યા. આ **પાંચમો વિસામો** છે. આ કુંડની બાજુમાં ડાબી તરફ નકશીવાળી દેરીમાં શ્રી ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ **ચાર શાશ્વત જિનનાં પગલાં** વિ. સં. ૧૮૭૦માં સ્થાપિત કર્યાં છે. છાલાકુંડ વિ. સં. ૧૮૭૦માં બંધાયેલો છે.

અહીંથી આગળ જતા **શ્રીપૂજ્યની ટૂંક** આવે છે. તપાગચ્છના

આચાર્યશ્રી દેવેંદ્રસૂરિજીના ઉપદેશથી આ ટૂક બંધાઈ છે. તેમાં ચૌદ દેરીઓ છે. એક દેરીમાં સાત ફણાયુક્ત ૧૭ ઈંચની **શ્રી પદ્માવતીની મૂર્તિ** છે. એ મૂર્તિની ઉપર પાંચ ફણાયુક્ત **શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા** છે. જમણી બાજુ **હનુમાનની મૂર્તિ** છે. કોઈને પ્રશ્ન થાય કે અહીં હનુમાનની મૂર્તિ કેમ ? જૈન શાસનમાં હનુમાન સતી અંજનાસુંદરીના પુત્ર હતા અને મોક્ષમાં ગયા છે. બહાર તપગચ્છના રક્ષક **શ્રીમાણિભદ્રની મૂર્તિ** છે. ત્યાં આવેલા કુંડની ચારે બાજુ ચાર દેરી છે. તેમાં **શ્રી ગોડીપાર્શ્વનાથ, શ્રી આદિનાથ, શ્રી ગૌતમસ્વામી અને શ્રી ધર્મસૂરીશ્વરજીનાં પગલાં છે.**

શ્રી પદ્માવતી દેવીની બાજુમાં સમવસરણના આકારની નાની દેરી છે. એમાં શ્રી મહાવીર સ્વામીના પગલાં છે. પૂર્વે આ દેરી જુના રસ્તામાં હતી. એ રસ્તો બંધ થતાં એ દેરી અહીં પધરાવવામાં આવી છે.

અહીંથી આગળ ચાલીને આપણે ચઢાણ પૂરું થાય છે ત્યાં આવ્યા. ત્યાંથી આગળ જતાં જમણી બાજુ ચોતરા ઉપર **દ્રાવિડ, વારિખિલ્લજી, અઈમુત્તા મુનિ અને નારદજીની મૂર્તિ** છે. દ્રાવિડ અને વારિખિલ્લજી આ અવસર્પિણીમાં કા. સુ. ૧૫ના દિવસે શત્રુંજય ઉપર દશક્રોડ મુનિઓની સાથે મુક્તિએ ગયા છે. આની વિશેષ વિગત આ જ ગ્રંથમાં "કાર્તિકી પૂનમની મહત્તાનું કારણ" એ પ્રકરણમાં ૨૦૯મા પેજમાં આપેલી છે.

**અઈમુત્તામુનિનો વૃત્તાંત આ પ્રમાણે છે–**

જૈન શાસનમાં અઈમુત્તા નામથી બે મુનિ પ્રસિદ્ધ છે. તેમાં એક અઈમુત્તા તે છે કે જેમણે છ[૧] વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી હતી, અને ઈરિયાવહી કરતાં પશ્ચાત્તાપથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું હતું. આ મુનિ જૈનશાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. તે મુનિ શત્રુંજય ઉપર સિદ્ધ થયા છે. બીજા અઈમુત્તા મુનિ કંસના ભાઈ હતા. તે મુનિ પણ કેવલજ્ઞાન પામ્યા

૧. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ શ.૫ ઉ.૪ समणेत्ति षड्वर्षजातस्य तस्य प्रव्रजिततत्वाद्..................

હતા. કેવલી બનેલા તે અઈમુત્તા મુનિએ શત્રુંજય લઘુકલ્પની રચના કરી છે. તેમણે શત્રુંજય લઘુકલ્પ દ્વારા શત્રુંજયનું માહાત્મ્ય સંભળાવ્યું હતું. આ મુનિ પણ શ્રી શત્રુંજય ઉપર મોક્ષ પામ્યા છે.

નારદજી કુતૂહલપ્રિય અને એકબીજાની વાતો એક-બીજાને કહીને પરસ્પર લડાવી મારે છે. આથી જ વર્તમાનમાં પણ તેવું કરનારને 'નારદવેડા' કરનારો કહેવામાં આવે છે. આમ છતાં નારદજીમાં બ્રહ્મચર્ય ગુણ પ્રકૃષ્ટ હોય છે. એ ગુણના પ્રભાવથી જ તેઓ રાજાઓના અંતઃપુરમાં પણ બિન રોકટોક જઈ શકતા હતા. એકવાર દ્વૈપાયન ઋષિએ કરેલા દ્વારિકા નગરીના અને યાદવોના નાશને જાણી નારદજી વૈરાગ્ય પામ્યા. પછી દીક્ષા લઈને શત્રુંજય ગિરિરાજ ઉપર પધાર્યા. ત્યાં અનશન કરીને કાર્તિક પૂનમના દિવસે ૯૧ લાખ મુનિઓની સાથે મોક્ષે ગયા.

અહીંથી થોડું ચાલીને આપણે ડાબી બાજુ આવેલા **હીરાકુંડ** પાસે આવ્યા. આ કુંડ વિમલવસહિ મંદિર બનાવનાર હીરાબાઈએ બનાવેલ છે.

ત્યાંથી જરાક આગળ જતાં જમણી બાજુ ચોતરા ઉપર એક દેરીમાં પાંચ મૂર્તિ છે. તે મૂર્તિઓ પાંચ પાડંવની નથી, કિન્તુ, **રામ, ભરત, થાવચ્ચાપુત્ર, શુક આચાર્ય** અને **શેલક આચાર્યની** છે. તેમાં રામ અને ભરત શત્રુંજય ઉપર ત્રણ ક્રોડ મુનિઓની સાથે મુક્તિમાં ગયા છે. દશરથ પુત્ર શ્રી રામનું અને ભરતનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે.

**થાવચ્ચાપુત્રનું ચરિત્ર આ પ્રમાણે છે–**

દ્વારિકા નગરીમાં થાવચ્ચા નામની સાર્થવાહી (=સાર્થવાહની પત્ની) હતી. તેનો એક પુત્ર હતો. તે લોકમાં થાવચ્ચાપુત્ર તરીકે પ્રસિદ્ધ બન્યો. તે યુવાન બન્યો ત્યારે માતાએ તેને રૂપવતી અને શ્રીમંતઘરની બત્રીસ કન્યાઓ સાથે પરણાવ્યો. તેમની સાથે તે દોગુંદક દેવની જેમ સંસારસુખો ભોગવવા લાગ્યો. એકવાર તે શ્રી નેમિનાથ ભગવાનની દેશના સાંભળવા ગયો. એક જ દેશના સાંભળીને તેને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો. માતાને

સમજાવીને એક હજાર શ્રાવકોની સાથે દીક્ષા લીધી. તેમનો દીક્ષામહોત્સવ કૃષ્ણમહારાજાએ કર્યો હતો. દીક્ષાના દિવસે ખુદ કૃષ્ણ મહારાજાએ તેમને સ્નાન કરાવીને આભૂષણોથી અલંકૃત કર્યા હતા.

થાવચ્ચાપુત્રમુનિ સંયમમાં અને જ્ઞાનમાં આગળ વધવા લાગ્યા. તેમણે શૈલકનગરના શૈલક નામના રાજાને પ્રતિબોધ પમાડી શ્રાવકનાં વ્રતો આપ્યાં. શુક નામના એક પરિવ્રાજકને પણ થાવચ્ચાપુત્ર મુનિએ પ્રતિબોધ કરી જૈન દીક્ષા આપી. તે પરિવ્રાજકના સઘળા શિષ્યો પણ જૈન મુનિ બન્યા. અંતસમયે શુકમુનિને આચાર્ય પદવી આપીને તેઓ સિદ્ધગિરિ ઉપર આવ્યા. ત્યાં અનશન કરી એક માસના અંતે સર્વ કર્મ ખપાવીને મુક્તિ પામ્યા.

**શુક આચાર્યનું ચરિત્ર આ પ્રમાણે છે–**

મહર્ષિ થાવચ્ચાપુત્રે શુક નામના એક પરિવ્રાજકને (=સંન્યાસીને) પ્રતિબોધ કરી જૈન દીક્ષા આપી તે આપણે થાવચ્ચાપુત્રના વૃત્તાંતમાં જોઈ ગયા. આ શુક મુનિ પૂર્વે પરિવ્રાજક હતા એથી જૈન શાસનમાં શુક પરિવ્રાજક તરીકે પ્રસિદ્ધ બન્યા. તેમને થાવચ્ચાપુત્ર મહર્ષિએ આચાર્ય-પદવી આપી તે પણ આપણે થાવચ્ચાપુત્રના વૃત્તાંતમાં જોઈ ગયા. મહર્ષિ થાવચ્ચા પુત્રના પટ્ટધર શુકાચાર્ય એકવાર શિષ્ય પરિવાર સાથે શૈલક નગરમાં પધાર્યા. રાજા શૈલકે તેનું ભવ્ય સ્વાગત કર્યું. શુકાચાર્યની વૈરાગ્યવાહિની દેશના સાંભળીને શૈલક રાજા પ્રતિબોધ પામ્યા અને પંથક વગેરે પાંચ સો મંત્રીઓની સાથે સંયમી બન્યા. શુકાચાર્યે તેમને આચાર્ય પદને યોગ્ય જાણીને આચાર્યપદે પ્રતિષ્ઠિત કર્યા. શુકાચાર્યે ઘણા સમય સુધી શાસનની પ્રભાવના કરી, છેવટે એક હજાર મુનિઓની સાથે સિદ્ધગિરિ તીર્થમાં કેવળજ્ઞાન પામીને મુક્તિએ ગયા.

**શૈલકાચાર્યનું ચરિત્ર આ પ્રમાણે છે–**

શુકાચાર્યના પટ્ટધર શૈલકાચાર્ય શાસનની પ્રભાવના કરવા લાગ્યા.

એકવાર પૂર્વ કર્મોના ઉદયથી તેમના શરીરે રોગ ઉત્પન્ન થયો. આ વાત તેમના પુત્ર મદ્રુક રાજાએ જાણી. આથી પિતાગુરુને પોતાના નગરમાં લાવીને ભક્તિપૂર્વક રોગનો ઉપચાર કરવા લાગ્યો. થોડા સમયમાં તેમની કાયા રોગરહિત બની. બાહ્ય રોગ ગયો, પણ ઉપચાર દરમિયાન દરરોજ સ્વાદિષ્ટ ભોજન વાપરતાં વાપરતાં રસલોલુપતા નામે અભ્યંતર રોગ ઉત્પન્ન થયો. તેથી તે ચારિત્રમાં શિથિલ બન્યા. વિહાર કરવાનું નામ લેતા નથી. આ જાણીને મુનિઓએ પંથક મુનિને તેમની સેવામાં રાખીને વિહાર કર્યો. પંથક મુનિ તેમની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. પંથક મુનિએ લાવેલા ભોજનને વાપરીને શૈલકાચાર્ય સૂઈ રહેતા હતા. પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાઓ મૂકી દીધી.

એકવાર ચોમાસી પ્રતિક્રમણમાં ખામણાં ખામતાં પંથકમુનિએ ગુરુના ચરણનો સ્પર્શ કર્યો. શૈલકાચાર્ય જાગીને કયા હરામે મારી ઊંઘ બગાડી ઈત્યાદિ બોલવા લાગ્યા. આ વખતે પંથક મુનિએ વિનયથી કહ્યું: હે ભગવંત ! મારી ભૂલ માફ કરો. ચોમાસી ખામણાં ખામતાં મેં મારા હાથથી આપના ચરણનો સ્પર્શ કર્યો છે. વિનીત શિષ્યનાં આવા વિનયભરેલાં વચનો સાંભળી બાહ્યથી જાગેલા આચાર્ય અભ્યંતરથી પણ જાગી ગયા. તેમણે વિચાર્યું: એક તરફ મારો પ્રમાદ, રસનાનો રસ, શિથિલ ચારિત્ર, છતાં આ શિષ્ય મારા દોષો તરફ ન જોતાં મારી વિનયપૂર્વકભક્તિ કરે છે. આમ આચાર્ય મોહનિદ્રામાંથી જાગી ગયા. શિષ્યને ધન્યવાદ આપ્યા. પોતાના દોષોના પશ્ચાત્તાપ રૂપ જળથી આત્માને નિર્મળ કર્યો. પછી ગુરુ-શિષ્ય બંનેએ વિહાર કર્યો. વિહાર કરીને ગયેલા સાધુઓની સાથે થઈ ગયા. અંત સમયે પોતાના પાંચસો શિષ્યો સહિત શત્રુંજય ઉપર અનશન કરીને મુક્તિપદને પામ્યા.

આ પાંચ મૂર્તિઓથી થોડું આગળ ચાલીએ એટલે ડાબી બાજુ સૂરતના શેઠ ભુખણદાસે બનાવેલો કુંડ આવે છે.

ત્યાંથી થોડાં પગથિયાં ઉપર ચઢીએ ત્યારે ડાબી બાજુની એક દેરીમાં **આદીશ્વર ભગવાનનાં પગલાં** સ્થાપિત કર્યાં છે.

ત્યાંથી થોડું ગયા પછી નાનકડી દેરીમાં **સુકોશલ મુનિનાં પગલાં** છે. સુકોશલ મુનિનું વૃત્તાંત આ પ્રમાણે છે–

દેવલોકની અલકાપુરીની સ્પર્ધા કરતી અયોધ્યાનગરીના રાજાનું નામ કીર્તિધર હતું. તે રાજા એકવાર ગવાક્ષમાં ઊભા હતા. અમાસનું તે દિવસે સૂર્યગ્રહણ હતું. ભાનુદેવે ગગનમાં અવનવા રંગોના સાથિયા પૂર્યા. સંધ્યાના સોહામણા એ રંગો નિહાળવામાં રાજા તલ્લીન બન્યા..... પણ ક્ષણવારમાં સૂર્યગ્રહણ થયું. રંગો છિન્નભિન્ન બની ગયા. રાજાને આ જોઈ વૈરાગ્ય થયો. “અહો ! આ કાયા અને વૈભવના રંગો પણ એવા જ ક્ષણભંગુર છે.” આમ વિચારી તેણે સંયમ લીધું. તે સમયે રાણી સહદેવી ગર્ભવતી હતી.

થોડા સમય બાદ તે રાણીએ દેવકુમાર જેવા એક કુમારને જન્મ આપ્યો. તેનું નામ સુકોશલ પાડ્યું. યોગ્ય ઉંમરનો થતાં તે રાજ્ય તે કુમારને સોપ્યું.

આ બાજુ જ્ઞાન અને તપથી શાસન પ્રભાવના કરતા રાજર્ષિ કીર્તિધર મુનિ અયોધ્યા પધાર્યા. રાણી સહદેવીએ એમનું આગમન જાણી વિચાર્યું- જો આ સરળ કુમારને પિતામુનિનો ભેટો થશે તો તે પણ તે માર્ગે જશે. એથી મોહવશ રાણીએ રાજર્ષિ કીર્તિધરને ચાકર મારફત નગર બહાર કઢાવ્યા. આ વાત ધાવમાતા મારફત કુમારે જાણી. તે તરત પિતામુનિ પાસે આવ્યો. ક્ષમા માંગી. રાજર્ષિએ ત્યાગનો ઉપદેશ આપ્યો. તે વૈરાગ્ય વાસિત બન્યો. તેણે રાજર્ષિ પાસે સંયમ લીધું.

આ વૃત્તાંત રાણીએ જાણ્યો. તે મોહવશ માથું કૂટતી આર્દ્રધ્યાનમાં મૃત્યુ પામી વાઘણ થઈ.

આત્માની ધ્યાનદશામાં રાચતા રાજર્ષિ અને બાલમુનિ શત્રુંજય પર

આવ્યા. ત્યાં ધ્યાનમાં ઊભા રહ્યા. તેવામાં તે વાઘણ (રાણીનો જીવ) ફરતી ફરતી ત્યાં આવી અને પૂર્વના વેરથી સુકોશલ મુનિ ઉપર તરાપ મારી. રાજર્ષિએ પુત્રને સાવધાન કર્યો, "વત્સ ! આત્માના ધ્યાનમાં સાવધાન રહેજે. સમતા ભાવમાં વિચરજે. આ આરાધનાના અવસરને ચૂકતો નહિ."

વાઘણે તે બાળમુનિનું શરીર ફાડી ખાધું. પણ તે મુનિ તો તે સમયે ધ્યાનની શુભધારા પર ચડી અંતગડ કેવલી બની મુક્તિ પામ્યાં.

સુકોશલ મુનિના સોનાના દાંત પોતે જ (રાણીના ભવમાં) કરાવેલા તે વાઘણે જોયા. જાતિસ્મરણ જ્ઞાન પામી. પૂર્વભવ જોયો. પશ્ચાત્તાપ થયો. કીર્તિધર મુનિએ તેને ધર્મ સંભળાવ્યો. અણસણ કરી તે શત્રુંજયના પ્રભાવે દેવગતિ પામી. તે સુકોશલ મુનિની આ સ્થાપના છે. આ વૃત્તાંત આપણને કષ્ટમાં પણ દીન ન બનવાનો ઉપદેશ આપે છે.

ત્યાંથી થોડું આગળ જતાં ડાબી બાજુએ દેરીમાં **નમિ-વિનમિનાં પગલાં** છે. તેમનો વૃત્તાંત આ પ્રમાણે છે– તે બંને ઋષભદેવના પુત્રો કચ્છ અને મહાકચ્છના અનુક્રમે પુત્રો હતાં. શ્રી ઋષભદેવ તેમની ઉપર પુત્રથી પણ અધિક વાત્સલ્ય રાખતા હતા. પ્રભુએ દીક્ષા વખતે પોતાના સો-પુત્રોને રાજ્યભાગ વહેંચી આપ્યો હતો. પણ નમિ-વિનમિ બહાર ગયા હોવાથી તેમને રાજ્યભાગ મળ્યો નહિ. પછી ઘરે આવ્યા ત્યારે ભરત રાજાએ તેમને રાજ્યભાગ આપવા માંડ્યો. પણ તેમણે કહ્યું કે અમે તો પ્રભુની પાસેથી જ રાજ્યભાગ લઈશું. પછી તે બંને જ્યાં આદિનાથ વિચરતા હતા ત્યાં ગયા. આદિનાથની સાથે રહીને આદિનાથની સેવા કરવા લાગ્યા. જ્યાં આદિનાથ કાયોત્સર્ગમાં રહેતા ત્યાં આજુ-બાજુની જમીન વાળીને સાફ કરતા, ધૂળ ન ઊડે એ માટે ચોતરફ પાણી છાંટતા, પ્રભુજીની સમક્ષ પુષ્પો પાથરતા, અને પ્રભુની પાસે રાજ્યની માગણી કરતા. એકવાર ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવ્યા. આ બંનેને પ્રભુની પાસે રાજ્યની માગણી કરતા જોઈને ઈંદ્રે કહ્યું: પ્રભુ તો નિઃસંગ છે. પ્રભુ

રાજ્ય ન આપે. તમારી પ્રભુભક્તિ જોઈને હું તમને રાજ્ય આપું છું. પછી ઈંદ્રે વૈતાઢ્ય પર્વતની ઉપર દક્ષિણ શ્રેણિના ૫૦ નગર નમિને અને ઉત્તર શ્રેણિના ૬૦ નગર વિનમિને આપ્યા, તથા સોળ હજાર પાઠસિદ્ધ વિદ્યાઓ આપી. ત્યારથી તે બંને ત્યાં પોતાનું રાજ્ય કરવા લાગ્યા. ત્યારથી વિદ્યાધર રાજાઓનો પ્રારંભ થયો.

સમય જતાં તે બંનેએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. અંત સમયે સિદ્ધગિરિ ઉપર અનશન કરીને ફાગણ સુદ ૧૦ના દિવસે બે ક્રોડ મુનિવરોની સાથે મુક્તિપદને પામ્યા.

અહીંથી થોડું આગળ ચાલીને આપણે **વડલાવાળા છટ્ઠા વિસામા** પાસે આવ્યા. ત્યાં ડાબી બાજુ નાની દેરીમાં **આદિનાથનાં પગલાં** છે. જમણી બાજુ **હનુમાનજીની મૂર્તિ** છે. માટે આ સ્થળ હનુમાનધારા વગેરે નામથી ઓળખાય છે.

અહીંથી બે રસ્તા ફાટે છે. એક રસ્તો દાદાની ટૂક તરફ જાય છે અને બીજો રસ્તો નવ ટૂકો તરફ જાય છે. જ્યારે મોતીશા ટૂક બની ન હતી ત્યારે યાત્રાળુઓ હનુમાન ધારાથી અન્ય ટૂકોમાં થઈને દાદાની ટૂકમાં જતા હતા. મોતીશા ટૂક બંધાયા પછી આ બે રસ્તા થયા છે. આપણે દાદાને જલદી ભેટવા માટે દાદાની ટૂક તરફના રસ્તે ચાલીએ.

થોડું આગળ જતાં જમણી તરફ પર્વતમાં કોતરેલી, કાઉસ્સગ્ગ મુદ્રામાં ઊભી અને શ્યામ **જાલિ-મયાલિ-ઉવયાલિની મૂર્તિઓ** છે. આ ત્રણે મહાપુરુષો કૃષ્ણના પુત્રો હતા. શ્રી નેમિનાથની પાસે દીક્ષા લઈ સિદ્ધગિરિ ઉપર અનશન કરીને મોક્ષમાં ગયા છે.

ત્યાંથી આગળ ચાલીને આપણે **રામપોળ** પાસે આવ્યા. મોતીશા શેઠને સાથ આપનારા માણસોમાં રામજીભાઈ મુખ્ય હતા. રામજીભાઈ પાલીતાણાના નિવાસી હતા, અને શિલ્પશાસ્ત્રમાં નિપુણ સલાટ હતા.

મોતીશા ટૂક બાંધવામાં આ રામજીભાઈએ સુંદર માર્ગદર્શન આપ્યું હતું, અને ઘણી મહેનત કરી હતી. તેમની યાદગિરિમાં આ પોળનું રામપોળ નામ રાખવામાં આવ્યું છે. આ પોળની બહાર કચ્છના વતની અરજણ નરશી તરફથી ઉકાળ્યા વિનાનું તથા ઉકાળેલું એ બંને પાણીની પરબ ચાલે છે.

રામપોળમાં પ્રવેશીને ડાબી તરફ વળતાં સામે એક **પાંચ શિખર**નું અને એક **ત્રણ શિખર**નું એમ બે **મંદિર** છે. જમણી બાજુ મોતીશાની ટૂક છે.

હવે આપણે **સગાળપોળમાં** આવ્યા. સગાળપોળના ચોકને **દોલાખાડી** કહેવાય છે. ડાબીબાજુ નોધણ કુંડ અને સગાળ કુંડ છે. તેની બાજુમાં આણંદજી કલ્યાણની ઓફિસ છે. તેની બાજુમાં પૂજારી અને પહેરીગરો વગેરેને રહેવા માટે ઓરડીઓ છે.

પછી આગળ થોડાં પગથીયાં ચઢતાં જ સામે **વાઘણપોળ** દેખાય છે. બહાર જમણી બાજુ વાઘણનું પૂતળું છે. ભૂતકાળમાં અહીં વાઘ રહેતો હતો. યાત્રા કરવા આવનારને મારી નાખતો હતો. આથી યાત્રા બંધ થઈ ગઈ. એકવાર વીર વિક્રમશી યુવાને તેનો નાશ કર્યો. ત્યારથી ફરી યાત્રા શરૂ થઈ. તેની સ્મૃતિમાં અહીં વાઘનું પૂતળું મૂકવામાં આવ્યું છે. આ પ્રસંગને જણાવતી વીર વિક્રમશીની કથા આ પુસ્તકમાં ૨૩૩મા પેજમાં આપવામાં આવી છે. વાઘણપોળની આગળ જમણા હાથ તરફ શેઠ નરશી કેશવજીની ટૂકમાં જવાનો રસ્તો છે. વાઘણપોળના દરવાજામાં પ્રવેશતાં જ **દાદાની ટૂંક** શરૂ થાય છે. આ ટૂંકના બે વિભાગ છે. પહેલો વિભાગ “વિમલવસહિ” કહેવાય છે. બીજો વિભાગ **હાથી પોળ** કહેવાય છે. વિમલવસહિની બંને બાજુ મંદિરોની શ્રેણિ છે.

વિમલવસહિમાં પેશતાં જ ડાબી બાજુ **શાંતિનાથપ્રભુનું મંદિર** છે. આ મંદિર દમણવાળા શેઠ હીરાચંદ રાયકણે બંધાવેલું છે. અહીં યાત્રાળુઓ બીજું ચૈત્યવંદન કરે છે. શાંતિનાથ મંદિરમાંથી બહાર નીકળતાં ડાબી

તરફ (મંદિરમાં પ્રવેશતાં જમણી તરફ) **ચક્રેશ્વરી, વાઘેશ્વરી** અને **પદ્માવતીદેવી** વગેરેની મૂર્તિઓ છે.

પછી થોડા આગળ વધીએ એટલે **શ્રીનેમિનાથનું** મંદિર આવે છે. શત્રુંજય ઉપરના મંદિરોમાં આ મંદિર કળાનું મૂર્તિમંત ધામ છે. આ ઘણું જૂનું લાગે છે. આ મંદિર મંત્રીવર વિમલશાએ બંધાવ્યું હોય તેમ લાગે છે કારણકે તે ઉપરથી જ આ વિભાગને વિમલવસી કહે છે. ઉપરાંત આબુ ઉપરના વિમલ મંત્રીના મંદિરોના કળામય દૃશ્યો અહીં તાદૃશ જોવા મળે છે. મૂળ નાયક શ્રી સુપાર્શ્વનાથ છે. આ મંદિરના ઘુમટમાં પાવાપુરી, ગિરનાર, રાજગૃહી, સમેતશિખર આદિ તીર્થોના રંગીન ચિત્રો છે.

બાજુના મંદિરના ઘુમટમાં નેમકુમારના જીવનનાં દૃશ્યો એવાં તો સજીવ અને જીવંત છે કે કળાપ્રિય આત્મા નાચી ઉઠે. આ ઘુમટમાં નેમનાથના કલ્યાણકો, નેમનાથના જન્મનાં દૃશ્યો, લગ્નના વરઘોડામાં હાથી, ઊંટ, પાલખી, રથ વગેરે સાથે જાનૈયાઓનો આનંદ, વિનોદ, નાચ, ગાન, લગ્નની તૈયારી, નેમનાથનું પાછા જવું, દીક્ષા અને મોક્ષ તથા સમવસરણની રચના, સાધુ-સાધ્વીઓ અને દેવ–દેવીઓના વંદન વગેરે દૃશ્યો ધ્યાનથી જોવા જેવાં છે. તેના વચ્ચેના ઘુમટમાં એક મસ્તકને પાંચ શરીર છે. જે પાંચ ઈન્દ્રિયોના વિજય માટે મથતો આત્મા હોય તેમ લાગે છે.

નીચેના ભાગમાં નેમનાથની ચોરી સુંદર છે. તેના ઘુમટમાં વર-વધૂને બેસવાના ખાલી બાજોઠ છે. પશુઓનો પોકાર અને યાદવોનો જાન લઈ આવતો સમૂહ તેમજ પાછા ચાલ્યા જતા નેમકુમારનું દૃશ્ય અદ્‌ભુત છે. ઉપરના ખૂણે રાજુલને નિરાશ વદને જોતાં હૃદય ભરાઈ જાય છે.

આ મંદિરની ઉપર ત્રણ ચોમુખજીનાં મંદિરો છે. વચ્ચેમાં આબુ જેવું કળામય કમળ શોભે છે. એક તરફના ઘુમટમાં ૨૪-૨૪ યક્ષો અને યક્ષિણીઓ જીવંત અને રમ્ય દેખાય છે. આ બે ઘુમટોમાં વચ્ચે એકમાં નાગપાશમાં એક મૂર્તિનું બહુજ મનોરમ્ય દૃશ્ય છે. જાણે નેમકુમાર કામનો વિજય મેળવવા મંથન કરી રહ્યા ન હોય ? બીજા ઘુમટમાં આઠ

આકૃતિઓને વીંટળાઈને એક મૂર્તિ અષ્ટસિદ્ધિના પ્રતીકરૂપ દેખાય છે. આ મંદિર કળાનું મૂર્તિભંત પ્રતીક છે.

આ મંદિરને શ્રી નેમિનાથની ચોરીનું કે ભૂલભુલામણીનું મંદિર કહેવામાં આવે છે. આમાં નેમિનાથના લગ્નની ચોરી હોવાથી આ મંદિરને નેમિનાથની ચોરીનું મંદિર કહેવામાં આવે છે. આમાં આબેહૂબ નમિનાથની જાન, પાંચ કલ્યાણકો, ચૌમુખજી અને થાંભલાઓની ગોઠવણી એવી રીતે છે કે જેથી જોનાર ભૂલ-ભૂલામણીમાં પડી જાય. તેથી આ મંદિરને ભૂલ-ભૂલામણીનું મંદિર પણ કહેવામાં આવે છે. તથા આમાં ૧૭૦ જિનોનો પટ છે.

નેમિનાથના મંદિરથી થોડું આગળ જતાં એક ઓરડો છે. તેમાં એક પુરુષ ઊંટ ઉપર સવાર થયેલો છે. એક પુરુષ નીચે ઊભેલો છે. તેની બાજુમાં એક પહેરીગર ઊભેલો છે. લોકો આને **પુણ્ય-પાપની બારી** કહે છે. જે એના નીચેથી નીકળી જાય તે પુણ્યશાળી કહેવાય છે. આથી ઘણા ભદ્રિક યાત્રાળુઓ આની નીચેથી નીકળવાનો પ્રયત્ન કરે છે. પાતળા માણસો નીકળી જાય છે, પણ જાડા માણસો નીકળી શકતા નથી. આ વિષે એક દંતકથા આ પુસ્તકમાં ૨૩૭મા પેજમાં 'પુણ્ય-પાપની બારી' એ શીર્ષકથી આપવામાં આવી છે.

ડાબી બાજુની શ્રેણિમાં છેલ્લું **કુમારપાળનું મંદિર** છે. કુમારપાળનું મંદિર અને હાથીપોળ એ બેની વચ્ચે ડાબીબાજુ એક સાંકડો રસ્તો નીકળે છે. એ રસ્તો સૂર્યકુંડ તરફ જાય છે. કહેવાય છે કે સૂર્ય વિમાનના માલિક ઈંદ્ર આદીશ્વર પ્રભુનાં દર્શન કરવા આવ્યા ત્યારે વિમાનમાંથી અહીં ઊતર્યા હતા. તેથી આ કુંડનું **સૂર્યકુંડ** નામ પડ્યું. આ સૂર્યકુંડ પૂર્વે ઘણા પ્રભાવવાળો હતો. એમાં સ્નાન કરવાથી મહીપાલ રાજાનો કોઢ દૂર થઈ ગયો, અને કુકડો બનેલો ચંદ્રરાજા કુકડો મટીને ચંદ્રરાજા થઈ ગયો. આ પ્રસંગ આ પુસ્તકમાં ૨૨૮મા પેજમાં ''સૂરજકુંડનો પ્રભાવ'' એ શીર્ષકથી આપેલ છે.

આ કુંડની બાજુમાં બીજાં પણ ત્રણ કુંડો છે. વિમલવસહિની બંને બાજુ આવતાં જિનમંદિરો આ પુસ્તકમાં ૧૬૫મા પેજમાં "શત્રુંજયની ભાવયાત્રા" એ પ્રકરણમાં જણાવ્યાં છે. વિમલવસહિના જમણી શ્રેણિના દહેરાસરોમાં સર્વ પ્રથમ **પંચતિર્થીનું મંદિર છે.** તેમાં સમવસરણ, અષ્ટાપદ, સમ્મેતશિખર, મેરુપર્વત અને મૂળનાયક એમ પાંચ વિભાગ હોવાથી આ મંદિર પંચતિર્થી તરીકે ઓળખાય છે. આ મંદિર કેશવજી નાયકે ૧૯૨૮માં બંધાવ્યું છે. તેની સામે નાની દેરીમાં પુંડરીક સ્વામી બિરાજમાન છે. ફક્ત બે મંદિરોની આ ટૂક દશમી ટૂક ગણાય છે.

વિમલવસહિના જમણી શ્રેણિના દહેરાસરોમાં શ્રીપદ્મપ્રભ સ્વામીના મંદિર પછી શ્રી **કવડયક્ષનું મંદિર** છે. કવડયક્ષની વિગત આ પુસ્તકમાં ૨૩૯મા પેજમાં આપી છે.

જમણી બાજુનાં મંદિરોમાં **શ્રી અમીઝરા પાર્શ્વનાથનું મંદિર** નાનું હોવા છતાં દર્શનીય છે. કારણ કે તેમાં બે કળામય હાથીઓ શોભે છે, તથા બહારની ભીંતે એક બાજુ આરસમાં અષ્ટાપદજીનો સુંદર કારીગરીથી બનાવેલો પટ છે, બીજી બાજુ નંદીશ્વરની ભવ્ય રચના છે. તથા આગળ જતાં **ચૌમુખજીનું મંદિર** પણ જોવા લાયક છે. તેમાં ૧૦૦ થાંભલા છે. આથી તેનું બીજુ નામ શતસ્તંભ મંદિર છે.

થાંભલાવાળા ચૌમુખજીના મંદિર બાદ શ્રી પદ્મપ્રભસ્વામીના મંદિર પછી પૂ. આ. **શ્રી ધનેશ્વર સૂરિજીનું મંદિર** છે. આ ધનેશ્વર-સૂરિજીએ ૯ હજાર શ્લોક પ્રમાણ 'શત્રુંજય માહાત્મ્ય' નામના ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથનો પૂ. આ. શ્રી કનકચંદ્રસૂરિ મહારાજે ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે.

આગળ જતાં જમણી બાજુ લીમડાની ડાળની નીચે **વીર વિક્રમશીનો પાળિયો** છે. તેની કથા આ પુસ્તકમાં ૨૩૩મા પેજમાં આપવામાં આવી છે.

હવે આપણે **હાથીપોળમાં** આવ્યા. બંને બાજુ પાષાણના હાથી હોવાથી આ પોળ હાથીપોળ કહેવાય છે.

તેમાં જમણી બાજુ ફૂલવાળા બેસે છે અને ડાબી બાજુ સ્નાનાગાર છે.

હાથીપોળમાંથી પસાર થઈને હવે આપણે **રતનપોળમાં** આવ્યા. તેમાં રત્ન જેવી કિમતી જિનપ્રતિમાઓ શોભી રહી હોવાથી રતનપોળ કહેવાય છે. આમાં મૂળનાયક દાદાશ્રી આદિનાથ બિરાજમાન હોવાથી રતનપોળને દાદાની ટૂંક પણ કહેવાય છે.

રતનપોળમાં પેશતાં જ સામે શ્રી આદિનાથ દાદાનું મંદિર દેખાય છે. એ મંદિરની ચારે તરફ બીજા પણ ઘણાં મંદિરો છે. ત્રણ પ્રદક્ષિણા આપવાથી ક્રમશઃ એ બધાં મંદિરોના દર્શન થઈ જાય છે. ક્રમશઃ એ બધાં મંદિરોનું વર્ણન આ પુસ્તકમાં ૧૬૫મા પેજમાં ''શત્રુંજયની ભાવયાત્રા'' એ પ્રકરણમાં કરવામાં આવ્યું છે. અહીં આપણે એ ત્રણ પ્રદક્ષિણામાં આવતી વિશેષમૂર્તિઓનું અને મંદિરોનું નિરીક્ષણ કરીએ...

## પહેલી પ્રદક્ષિણામાં આવતી વિશેષતાઓ

દાદાની જમણી બાજુથી શરૂ થતી પહેલી પ્રદક્ષિણામાં સર્વ પ્રથમ **સહસ્રકૂટનું મંદિર** છે. સહસ્રકૂટમાં ૧૦૨૪ પ્રતિમા હોય છે. તેની સમજ આ પ્રમાણે છે–

| | |
|---|---|
| પાંચ ભરત પાંચ ઐરાવત એ દશ ક્ષેત્રના ત્રણ કાળની ચોવીસીની | ૭૨૦ પ્રતિમા |
| મહાવિદેહ ક્ષેત્રમાં એકી સાથે થનારા ઉત્કૃષ્ટ જિનોની | ૧૬૦ પ્રતિમા |
| ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના પાંચ પાંચ કલ્યાણકની | ૧૨૦ પ્રતિમા |
| મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનમાં વિહરમાન જિનની | ૨૦ પ્રતિમા |
| ચાર શાશ્વત તીર્થંકરોની | ૪ પ્રતિમા |
| | ૧૦૨૪ પ્રતિમા |

આ મંદિર આગરા નિવાસી ગુમાનસિંહ વગેરે ભાઈઓએ પોતાના પિતા વર્ધમાનની ભાવનાથી બનાવ્યું છે. આની પ્રતિષ્ઠા ઉપાધ્યાય શ્રી વિનય વિ.મ.ની નિશ્રામાં વિ.સં. ૧૭૧૮ જેઠ સુદ ૧૦ના દિવસે થઈ છે.

આગળ જતાં દાદાના દેરાસરની ડાબી બાજુ **૧૪૫૨ ગણધરોનાં પગલાનું મંદિર** છે. વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોના ગણધરો બધા મળીને ૧૪૫૨ થાય છે. આથી અહીં તે ગણધરોના પગલાં છે, અને વધારામાં ચોવીસ તીર્થંકરોનાં પણ પગલાં છે.

અહીંથી આગળ જતાં **શ્રીસીમંધસ્વામીનું મંદિર** આવે છે. હકીકતમાં આ મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિ ઉપર આદિનાથ ભગવાનનો લેખ છે. આમાં તથ્ય શું છે તે તો જ્ઞાની જાણે.

આ મંદિરના રંગમંડપમાં **અંબિકાદેવીની મૂર્તિ** છે. લોકો તેને અમકાદેવી કહે છે. અંબિકા દેવી શ્રી નેમનાથ ભગવાનની અધિષ્ઠાત્રી દેવી છે. આની કથા આ પુસ્તકમાં ૨૪૧મા પેજમાં આપી છે.

શ્રી સીમંધરસ્વામી મંદિરના પૂર્વદિશા તરફના દ્વારની બહાર જમણી બાજુ ગોખલામાં **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** ઉર્ફે શ્રી આત્મારામજીની મૂર્તિ છે. તેમણે પૂર્વે પંજાબમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. પછી સાચો માર્ગ સમજાતાં શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છમાં દીક્ષા લીધી અને પૂ. મણિવિજય મ.ના શિષ્ય આનંદ વિજયજી બન્યા હતા. તેઓ અતિશય જ્ઞાની હતા. દીક્ષા બાદ થોડા જ સમયમાં આચાર્યપદને પામ્યા હતા. સ્થાનકવાસી દીક્ષામાં તેમનું 'આત્મારામજી' નામ હતું. આથી અહીં પણ તેઓ ''આત્મારામજી''નામથી વધારે પ્રસિદ્ધ બન્યા હતા. તેમની પાટપરંપરામાં અનુક્રમે પૂ. આ. શ્રી કમલસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ., પ. પૂ. ઉપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજના શિષ્ય પૂ. આ શ્રી દાનસૂરીશ્વરજી મ,. પૂ. આ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. વગેરે મહાન શાસનપ્રભાવક મહાપુરુષો થયા.

## બીજી પ્રદક્ષિણામાં રહેલી વિશેષતાઓ

બીજી પ્રદક્ષિણામાં સર્વ પ્રથમ **નવા આદિનાથનું મંદિર** છે. આ મંદિર વસ્તુપાલ-તેજપાળે બંધાવ્યું. છે. ગત સદીમાં મૂળનાયક આદીશ્વર ભગવાનની પ્રતિમાની નાશિકા વીજળી પડવાથી ખંડિત થઈ ગઈ. આથી તે મૂર્તિના સ્થાને પધરાવવા નવું બિંબ તૈયાર કરાવીને લાવવામાં આવ્યું. પણ દાદાની મૂર્તિનું ઉત્થાપન કરવા જતાં અધિષ્ઠાયકદેવે નિષેધ કર્યો. પણ સૂરતવાળા તારાચંદ સંઘવીને "ઉદ્ધાર કર્યા વિના ન ઉઠવું" એવું સપનું આવ્યું. આથી મૂળનાયકનું ઉત્થાપન કરવાનું બંધ રહ્યું ને નાકનું ખંડિત ટેરવું રૂપાનું કરાવ્યું. લાવેલા નવા આદીશ્વરને વસ્તુપાળના બંધાવેલા અને ખાલી પડી રહેલા મંદિરમાં પધરાવ્યા. આથી આ મંદિર નવા આદીશ્વરનું મંદિર એમ પ્રસિદ્ધ બન્યું.

આ મંદિરમાં શત્રુંજયનો ૧૫મો ઉદ્ધાર કરાવનાર સમરાશાના પિતાશ્રી દેશલશાના મોટાભાઈ **આશાધર** અને તેમના પત્ની **રત્નશ્રી** એ બેની મૂર્તિઓ સામેના ગોખલામાં છે. તથા બીજા ગોખલામાં શત્રુંજયનો ૧૫મો ઉદ્ધાર કરાવનાર પાટણના **સમરાશા અને તેમના ધર્મપત્ની** એ બેની ઊભી મૂર્તિઓ છે.

બીજી પ્રદક્ષિણામાં આગળ જતાં **સમ્મેતશિખરનું મંદિર** આવે છે. આ મંદિરમાં વર્તમાન ચોવીસીમાં સમ્મેતશીખર ઉપર મોક્ષે ગયેલા ૨૦ તીર્થંકરોની પ્રતિમા અને પગલાં હોવાથી આ મંદિરને સમ્મેતશીખરનું મંદિર કહેવામાં આવે છે.

## ત્રીજી પ્રદક્ષિણામાં રહેલી વિશેષતાઓ

ત્રીજી પ્રદક્ષિણામાં સર્વ પ્રથમ **પાંચભાઈનું દેરાસર** આવે છે. આ મંદિર પાંચ ભાઈઓએ ભેગા મળીને બનાવેલું હોવાથી પાંચભાઈના મંદિર તરીકે પ્રસિદ્ધ બન્યું. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૬૬૭માં થઈ છે.

પછી આગળ જતાં એક દેરીમાં **શ્યામ વર્ણના શ્રીનેમિનાથની**

પ્રતિમાજી છે. આ પ્રતિમાજી અત્યંત મનોહર અને નયનરમ્ય છે. અહીં ઘણા ભાવનાશીલ યાત્રાળુઓ ચૈત્યવંદન કરે છે.

ત્રીજી પ્રદક્ષિણામાં આગળ જતાં **અષ્ટાપદનું મંદિર** આવે છે. આ મંદિરમાં ૨૪ જિનપ્રતિમાઓ છે. અષ્ટાપદ તીર્થમાં ચાર દિશામાં (દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર-પૂર્વ) અનુક્રમે ૪-૮-૧૦-૨ એમ ૨૪ પ્રતિમાજી છે. પણ અહીં આદિનાથ ભગવાનની-૬, ધર્મનાથ ભગવાનની-૬, શાંતિનાથ ભગવાનની-૪, પદ્મપ્રભસ્વામીની-૩, અનંતનાથ ભગવાનની–૨, ચંદ્રપ્રભસ્વામીની–૧, પાર્શ્વનાથ ભગવાનની–૧ અને મહાવીરસ્વામીની–૧, એમ ૨૪ પ્રતિમાઓ છે.

તથા આ મંદિરમાં વીણા વગાડતા રાવણને, નૃત્ય કરતી મંદોદરીને, સૂર્યના કિરણોને પકડીને ઉપર ચડતા શ્રી ગૌતમ સ્વામીને, પગથીયાઓમાં કાયાનું કષ્ટ કરતાં ૧૫૦૦ તાપસોને બતાવ્યા છે.

તથા ગુરુની એક ઊભી મૂર્તિ છે. તે મૂર્તિ આ. શ્રી **હીરસૂરીશ્વરજી**ની કે આ. શ્રી ધનેશ્વરસૂરિજીની હોવી જોઈએ. તે મૂર્તિની સામે આ. શ્રી ચંદ્રસૂરીશ્વરજીની મૂર્તિ છે.

ત્રીજી પ્રદક્ષિણામાં આગળ વધતાં **રાયણવૃક્ષ** અને તેની નીચે આરસની દેરીમાં **આદીશ્વર દાદાનાં પગલાં** છે. શ્રી આદિનાથ ભગવાને ઘેટીના પાગથી પૂર્વ નવાણું (=૬૯, ૮૫, ૪૪૦૦૦૦૦૦૦૦) વાર પધારીને રાયણ વૃક્ષની નીચે સ્થિરતા કરી હતી. તેની સ્મૃતિ નિમિત્તે રાયણવૃક્ષની નીચે દેરીમાં તેમનાં પગલાં સ્થાપન કરવામાં આવ્યા છે. તેની પ્રતિષ્ઠા કરમાશાએ વિ.સં. ૧૫૮૭ વૈશાખ વદ ૬ના દિવસે કરાવી છે.

રાયણવૃક્ષની નીચે આદીશ્વર દાદાના પગલાંની દેરીની જમણી બાજુની ભીંતમાં **મોર અને સર્પની** મૂર્તિઓ છે. તેની નીચે **સિંહ અને હાથીની** મૂર્તિ છે. મોર-સર્પની વિગત આ પ્રમાણે છે–

એક વખત શ્રી શત્રુંજય પર્વત ઉપર જાતિવૈરવાળા મોર અને સર્પને લડતા જોઈને એક જ્ઞાની મુનિએ કહ્યુંઃ અરે ભવ્યો ! તમે બંને પૂર્વભવના વૈરથી જાતિવૈરવાળા તિર્યંચ થયા છો, અને હમણાં આવા શ્રેષ્ઠતીર્થમાં લડાઈ કરીને તો તમે અનેક ભવોમાં દુઃખી થશો. માટે લડો નહિ. આ સાંભળીને બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ દેખાયો. પછી તે બંને ત્યાં જ અનશન કરીને દેવલોકમાં ગયા. આ વિગતને નવકાર છંદમાં નીચે પ્રમાણે કહી છે–

**પરમેષ્ઠી સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર ।**
**પુંડરિકગિરિ પ્રત્યક્ષ પેખ્યો, મણિધરને એક મોર ॥**

સિંહ-હાથીની મૂર્તિ અંગે વિશેષ માહિતી જાણવામાં આવી નથી. આમ છતાં સંભવ છે કે શત્રુંજય પર્વત ઉપર સિંહ શાંતિનાથ ભગવાનના ઉપદેશથી અનશન કરીને સ્વર્ગમાં ગયો છે અને એક ભદ્રિક હાથીએ કાદંબરી અટવીમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા પાર્શ્વનાથ પ્રભુને સૂંઢમાં પાણી લઈને નવરાવ્યા અને ચરણોમાં કમલપુષ્પો ચઢાવ્યાં તે હાથી મરીને દેવ થયો, આ બેની સ્મૃતિરૂપે આ મૂર્તિ હોય. આ બેની વિશેષ માહિતી આ પુસ્તકમાં ૧૪-૧૫મા પેજમાં આપી છે.

રાયણપગલાંની દેરીની ડાબી બાજુની દેરીમાં શ્રી ઋષભદેવની ઊભી પ્રતિમા છે. તેની બંને બાજુ તલવાર લઈને પ્રભુની સેવા કરતા **નમિ-વિનમિની** મૂર્તિઓ છે. નમિ-વિનમની વિગત આ પુસ્તકમાં પ્રસ્તુત 'શત્રુંજયયાત્રા પરિચય' પ્રકરણમાં ૧૩૩મા પેજમાં આપી છે.

તેની બહાર એક દેરીમાં ભરત અને હાથી ઉપર ઊભેલા **બાહુબલીની મૂર્તિ** છે. તે મૂર્તિના નીચેના ભાગમાં બંને બાજુના ભાગમાં પ્રતિબોધ પમાડનાર બ્રાહ્મી અને સુંદરી ઊભેલી છે. તથા એ મૂર્તિની બાજુમાં **ભરતજીની મૂર્તિ** છે. બ્રાહ્મી–સુંદરીએ બાહુબલિને પ્રતિબોધ પમાડ્યાનો પ્રસંગ આ પ્રમાણે છે–

રાજ્ય માટે ભરત-બાહુબલી વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તેમાં ભરત કોઈ પણ રીતે બાહુબલિને જીતી શક્યા નહિ. એથી ભરતે મારી નાખવા બાહુબલિજી ઉપર ચક્ર ફેંક્યું. આ ચક્રની પણ કોઈ અસર ન થઈ. પોતાના ઉપર ચક્ર ફેંકવાના કારણે ગુસ્સે થયેલા બાહુબલિએ ભરતજીને મારવા માટે મુઠી ઉપાડી. મુઠી ઉપાડતાં જ બાહુબલિને પશ્ચાત્તાપ અને વૈરાગ્ય થયો. આથી ઉપાડેલી મુઠીથી પોતાના મસ્તકનો લોચ કરીને દીક્ષા લીધી. પણ પછી અહંકાર આવ્યો કે જો હું હમણાં આદિનાથ પ્રભુ પાસે જઈશ તો મારે દીક્ષિત થયેલા મારા નાના કેવલજ્ઞાની ભાઈઓને વંદન કરવું પડશે. માટે કેવલજ્ઞાન પામીને પછી ભગવાન પાસે જઈશ. આમ વિચારીને વનમાં કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા. ભગવાને આ વિગત જ્ઞાનથી જાણીને બ્રાહ્મી અને સુંદરીને અહંકાર છોડી દેવાનો ઉપદેશ આપવા બાહુબલિ પાસે મોકલી. તેમણે બાહુબલિની પાસે જઈને કહ્યું:

વીરા મોરા ગજ થકી ઉતરો, ગજે કેવલજ્ઞાન ન હોય રે ।

આનો અર્થ આ પ્રમાણે છે– હે મારા વીર ! તમે અહંકારરૂપ હાથી ઉપર બેઠેલા છો. અહંકારરૂપ હાથી ઉપર બેઠેલાને કેવલજ્ઞાન ન થાય. આ ઉપદેશ સાંભળીને બાહુબલિએ અહંકાર છોડી દીધો. ભાઈઓને વંદન કરવા માટે જેટલામાં પગ ઉપાડ્યો તેટલામાં જ કેવલજ્ઞાન થયું.

ત્યારબાદ આગળ વધતાં ડાબી બાજુ એક ગોખલામાં જીવનપર્યંત અખંડ બ્રહ્મચર્યનું પાલન કરનારા **વિજયશેઠ** અને **વિજયા શેઠાણીની** મૂર્તિઓ છે.

કચ્છના વતની વિજયકુમારે વદપક્ષમાં બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો. વિજયા કન્યાએ શુક્લપક્ષમાં બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો. ભવિતવ્યતાના વશથી બંનેના પરસ્પર લગ્ન થયા. એક-બીજાના નિયમની ખબર પડતાં બંનેએ જીનવપર્યંત બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય કર્યો, અને આપણા બ્રહ્મચર્યની બીજાને જાણ થશે ત્યારે આપણે દીક્ષા લઈશું એવો

નિશ્ચય કર્યો. એકવાર જિનદાસ શ્રાવકે વિમલ કેવલીને ૮૪ હજાર સાધુની ભક્તિની ભાવના પૂરી કરવા કહ્યું. કેવલીએ કહ્યું: વિજયશેઠ અને વિજયાશેઠાણીને જમાડવાથી ૮૪ હજાર સાધુની ભક્તિનો લાભ મળે. આથી જિનદાસે તેમની ભક્તિ કરી અને કેવળીએ કહેલી બ્રહ્મચર્યની વાત કહી. આથી બંનેએ દીક્ષા લીધી. તેમના આવા બ્રહ્મચર્યની સ્મૃતિરૂપે અહીં તેમની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

ત્યારબાદ આગળ વધતાં **'ચૌદ રત્ન'નું મંદિર** આવે છે. તેમાં રત્ન જેવી ૧૪ પ્રતિમાઓ હોવાથી તેને ચૌદરત્નનું મંદિર કહેવામાં આવે છે. અથવા બે ભાઈઓએ મૂર્તિની નીચે ચૌદ રત્નો મૂક્યાં હતાં. તેથી પણ ચૌદરત્નનું મંદિર કહેવાય છે.

ચૌદ રત્નના મંદિરની બાજુમાં એક દેરીમાં **શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની** શ્યામવર્ણની નાની પ્રતિમા છે. તે બહુ ચમત્કારિક છે એમ ઘણાનું કહેવું છે. આ વર્ષે અમે કા.સુ.૧૫ના આ પ્રતિમાજીનાં દર્શન કરતા હતા ત્યારે ત્યાં રહેલા પૂજારીએ અમને કહ્યું: અમારા વડિલો અમને કહેતા હતા કે ઘણી વખત અહીં રાત્રિના સમયે વાજાં વાગે છે.

આગળ જતાં **નવી ટૂક** આવે છે. દાદાના દેરાસરની ભીંતે અને આજુ-બાજુમાં રહેલી પ્રતિમાઓને ત્યાંથી ઉત્થાપીને આ નવી ટૂકમાં બિરાજમાન કરવામાં આવી છે. આ નવી ટૂકમાં વચલા ભાગમાં મુખ્ય મંદિર શિખરબદ્ધ બનાવીને ચારે બાજુ ફરતી દેરીઓમાં પ્રતિમાજીઓ પધરાવવામાં આવ્યા છે. આની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૩૨માં અનેક આચાર્યોની નિશ્રામાં થઈ છે.

આ મંદિરની અંદર શ્રી પુંડરીક સ્વામીની પ્રાચીન પ્રતિમા છે. વિદ્યાધરકુલના સંગ્રામ સિદ્ધ મુનિએ શ્રી ઋષભદેવ અને પુંડરીક સ્વામીના ચરણોનું ધ્યાન કરીને અનશન કર્યું હતું. તેમના સમાધિમરણ પછી શ્રેષ્ઠિ રાધેયકના પુત્ર અમ્બેયકે આ પુંડરીક સ્વામીની પ્રતિમાનું સં. ૧૦૬૪માં નિર્માણ કરાવ્યું છે. શત્રુંજય પર સૌથી વધારે પ્રાચીન પ્રતિમા આ જ છે.

આ નવી ટૂકના દર્શન કરી બહાર આવી આગળ ચાલતાં એક ગોખલો આવે છે. તેમાં **૨૪ તીર્થંકરોની માતાઓએ પોતાના તીર્થંકર પુત્રોને ખોળામાં લીધેલા છે.** તેવી આરસની અંદર ઉપસાવેલી કોતરણી કરેલી છે.

ત્યાંથી આગળ ચાલતાં **ગંધારિયાનું દહેરાસર** આવે છે. આ મંદિરનો ઈતિહાસ આ જ ગ્રંથમાં ૨૨૬મા પેજમાં આપ્યો છે. ત્યારબાદ **પુંડરીકસ્વામીનું મંદિર** આવે છે. પુંડરીક સ્વામીની આ મૂર્તિ શત્રુંજયનો સોળમો ઉદ્ધાર કરાવનારા કરમાશાએ વિ.સં. ૧૫૮૭માં ભરાવેલી છે. યાત્રાળુઓ અહીં ચોથું ચૈત્યવંદન કરે છે.

ત્યારબાદ આદીશ્વર દાદાની સમક્ષ પાંચમું ચૈત્યવંદન કરે છે.

## દાદાનો દરબાર

દાદાના દરબારમાં પ્રવેશતાં જ યાત્રિકો દાદાનાં દર્શન માટે પડાપડી કરે છે, અપલક નયનોથી દાદાને જોતા જ રહે છે, દર્શન કરીને આનંદિત બને છે. દાદાનો દરબાર સવારના લગભગ આઠ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી ચતુર્વિધ સંઘથી ભરાયેલો રહે છે. દાદાનાં દર્શન-પૂજનમાં લીન બનેલા યાત્રિકો ભૂખ-તરસ-શ્રમને ભૂલી જાય છે. દાદાની પૂજા માટે શ્રાવક-શ્રાવિકાઓની લાંબી લાઈન લાગે છે. લાઈનમાં ઊભા રહીને પણ દાદાની પૂજા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું એમ વિચારીને પોતાને ધન્ય માને છે.

મૂળ દહેરાસરના ગભારાનો દરવાજો વિશાળ છે. મૂળ દહેરાસરમાં આજુ-બાજુ અનેક પ્રતિમાઓ બિરાજમાન છે. ઉપર પણ ચૌમુખજી બિરાજમાન છે. મૂળ દહેરાસરની બહાર ચારે બાજુ પાંચભાઈનું દહેરાસર, ગંધારિયાનું, સહસ્રકૂટનું અષ્ટાપદજીનું એમ સંખ્યાબંધ દહેરાસરો આવેલાં

છે. બહાર ચોકમાં સ્નાત્રપૂજા, મોટી પૂજા, સંઘમાળનું પરિધાન વગેરે ધર્મકાર્યો થાય છે.

ઘેટીપાગથી યાત્રા કરનાર પહેલું ચૈત્યવંદન જયતળેટીના બદલે ઘેટીપાગના પગલે કરે છે.

ઘણા યાત્રાળુઓ ત્રીજું ચૈત્યવંદન શ્રી આદીશ્વરપ્રભુનું, ચોથું રાયણ પગલાનું અને પાંચમું પુંડરીકસ્વામીનું કરે છે. કારણ કે તેઓ એવો વિચાર કરે છે કે ત્રણ પ્રદક્ષિણા ફરતાં અને ચૈત્યવંદન કરવામાં સમય વીતતાં કદાચ કોઈ વિઘ્ન આવી જાય તો આદીશ્વરપ્રભુનું ચૈત્યવંદન રહી જાય.

# નવટૂકોનો પરિચય

હવે આપણે નવટૂકોનો પરિચય કરીએ.

## પહેલી દાદાજીની ટૂક

આ ટૂકનું વર્ણન પૂર્વે શ્રી શત્રુંજયયાત્રા પરિચય એ પ્રકરણમાં ત્રણ પ્રદક્ષિણાના વર્ણનમાં વિસ્તારથી આવી ગયું છે. આથી અહીં ફરી તેનું વર્ણન કરવામાં આવતું નથી. હવે આપણે બીજી ટૂકનો પરિચય કરીએ.

## બીજી મોતીશા ટૂક

દાદાની ટૂકમાંથી સગાળપોળની બહાર આવ્યા બાદ ઘેટીના રસ્તા તરફ જતાં વચ્ચે જમણી બાજુ એક બારી છે, તેમાંથી મોતીશા શેઠની ટૂકમાં પ્રવેશ કરાય છે. આ ટૂક નલિની ગુલ્મવિમાનના આકારે બનાવેલી છે. આ ટૂક **મોતીશા** શેઠે બંધાવી હોવાથી મોતીશા ટૂક કહેવાય છે. આ મંદિરમાં મૂળ નાયક વગેરેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૯૩માં થઈ છે. શત્રુંજય ઉપર બંધાયેલી ટૂકોમાં સૌથી મોટી ટૂક મોતીશા શેઠની છે. આમા કુલ ૧૬ મંદિરો છે. આ મંદિરોમાં મુખ્ય મંદિર મોતીશા શેઠે બંધાવેલું છે. બાકીના મંદિરો મોતીશા શેઠના જુદા જુદા સંબંધીઓએ બંધાવેલ છે. વચલી બારીમાં નાકે એક ગોખલો કાચનાં બારણાંનો છે. તેમાં **મુક્તિ વિજયજી ઉર્ફે મૂલચંદજી મહારાજની** આબેહૂબ મૂર્તિ પધરાવી છે. તેઓ વીસમી સદીમાં થઈ ગયા. મહાન શાસન પ્રભાવક હતા. તેઓ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મ., મુનિરાજ શ્રીનીતિ વિ. મ. અને આનંદ વિજયજી ઉર્ફે આત્મારામજી મ. ના મોટા ગુરુભાઈ હતા. આ ટૂકમાં શ્રી પુંડરીક સ્વામીના મંડપમાં **મરુદેવીમાતા પોતાના પુત્ર ઋષભને ખોળામાં લઈને બેઠેલા દેખાય છે.** અન્યત્ર જોવા ન મળતું આ દૃશ્ય ખરેખર દર્શનીય છે. મોતીશા શેઠનો પરિચય અને કેવા સંયોગોમાં ટૂક બંધાવી વગેરે વિગત આ પુસ્તકમાં ૨૨૦મા પેજમાં આપી છે.

દાદાનાં દર્શન કરતી શેઠ મોતીશા, તેમનાં ધર્મપત્ની, અને તેમના માતુશ્રી એ ત્રણની મૂર્તિઓ દેરાસરમાં પધરાવેલ છે.

## ત્રીજી બાલાભાઈની ટૂક

આ ટૂક ઘોઘા બંદરના નિવાસી શેઠ દીપચંદ કલ્યાણજીએ બંધાવી છે. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૯૩માં થઈ છે. શેઠ દીપચંદભાઈનું હુલામણું નામ બાલાભાઈ હોવાથી આ ટૂક બાલાભાઈની ટૂક તરીકે ઓળખાય છે. આ શેઠે મુંબઈ-પાયધુનીમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથનું ભવ્ય જિનમંદિર બંધાવ્યું છે. આમાં કુલ છ મંદિરો છે. મુખ્ય ઋષભદેવનું મંદિર બાલાભાઈએ બંધાવ્યું છે અને બાકીના મંદિરો તેમના જુદા જુદા સંબંધીઓએ-પરિચિતોએ બંધાવેલાં છે.

## અદ્‌ભુત દાદા

બાલાભાઈની ટૂકમાંથી પોણોસો પગથિયા ચઢીએ ત્યારે ડાબી બાજુ આદીશ્વરજીની મોટી મૂર્તિ છે. આ મૂર્તિ ૧૮ ફૂટ ઊંચી અને સાડા ચૌદ ફૂટ પહોળી છે. આ પ્રતિમા જ્યાં છે ત્યાં જ ડુંગરમાંથી કોતરેલી છે. લોકો તેને **'અદ્‌ભુત દાદા'** કે **'અદબદ દાદા'** કહે છે. દૌલતાબાદ નિવાસી ધરમદાસ શેઠે આ પ્રતિમા ડુંગરમાંથી કોતરાવીને વિ.સં. ૧૬૮૪માં તેની અંજન-પ્રતિષ્ઠા વિધિ કરાવી છે. આ પ્રતિમાની વર્ષમાં એક જ વાર વૈશાખ વદ-૬ના (વર્ષગાંઠના દિવસે) પ્રક્ષાલપૂજા વગેરે થાય છે. નવ અંગે પૂજા કરવા માટે નિસરણી મૂકવી પડે છે. આ મંદિરની બહાર ડાબી તરફ નજર કરતાં **હસ્તગિરિનાં મંદિરના** દર્શન થાય છે.

ત્યાંથી થોડા ઉપર ચઢીએ ત્યારે એક નાની દેરીમાં **શ્યામ શ્રી શાંતિનાથ** પ્રભુની પ્રતિમા છે. આ વિષે શ્રી સિદ્ધાચલજીના સલોકોમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—

પ્રભુજી આવ્યા માણેકબાઈ મટકો કરી બેશી ગયા રે લોલ ।

આનો અર્થ એ સંભવે છે કે પૂર્વે માણેકબાઈ કોઈ કારણથી રીસાઈને અહીં બેશી ગયા હશે. એ માણેકબાઈ લોકમાં ઘણા પ્રસિદ્ધ હશે. તેથી આ વાત ઘણી પ્રચલિત બની ગઈ હશે.

## ચોથી પ્રેમાભાઈ મોદીની ટૂક

આ ટૂકમાં કુલ સાત મંદિરો છે. એકવાર રાજનગરના ધનાઢ્ય વેપારી મોદી પ્રેમચંદ લવજીએ શ્રી સિદ્ધાચલનો મહાન સંઘ કાઢ્યો. આ વખતે શ્રી શત્રુંજય ઉપર ઊંચાણવાળી ટેકરીનો સપાટ ભાગ જોઈને તેના ઉપર એક ભવ્ય મંદિર બનાવવાની ભાવના થઈ. તેમાં શ્રી આદિનાથનું અને શ્રીપુંડરીક સ્વામીનું મંદિર તેમણે બંધાવ્યું છે. બાકીના મંદિરો જુદી જુદી વ્યક્તિઓએ બંધાવેલાં છે. આની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૪૩ મહા સુદ ૧૧ના દિવસે થયેલી છે.

મૂલનાયકના મંદિરની સામે શ્રી પુંડરીક સ્વામીનું મંદિર અને ૧૪૫૨ ગણધરનાં પગલાં છે. બંને તરફ સહસ્રફણા પાર્શ્વનાથનાં મંદિર છે. તે પ્રતિમાજી અરબી સમુદ્રમાંથી પ્રગટ થયા હતા. તે મંદિરમાં આબૂ જેવી **સુંદર કોતરણીવાળા સાસુ-વહુના બે ગોખલા** છે.

સ્થંભો ઉપર સાસુ-વહુની કથાની **પૂતળીઓ** છે. તેની દંતકથા આ પ્રમાણે છે– વહુએ તીર્થમાં વાપરવા માટે સાસુની પાસે પૈસા માગ્યા. આથી સાસુએ તેના ઉપર ક્રોધ કર્યો. તે વાતમાં પાડોશણે સાસુને ચઢાવી. તેમાં ભારે કલહ થયો. આવા કુસંપથી સાસુના પગે સાપ કરડે છે. વહુના પગે વાંદરો કરડે છે. પાડોશણ દોરડાથી બંધાય છે.

આ દંતકથા આપણને બોધ આપે છે કે સંસારમાં સુખી થવું હોય તો તીર્થમાં ધનનો સદુપયોગ કરવો અને સંપ રાખવો. બીજાની ખોટી પંચાતમાં પડવું નહી.

ગુંબજમાં બે સુંદર દશ્યો છે. એકમાં રાજા દશાર્ણભદ્ર બીજા કોઈએ વંદન ન કર્યું હોય તેવા ઠાઠથી મહાવીર પરમાત્માને વંદન કરવા જાઉં

એવા ગર્વથી મહાવીર પરમાત્માને ઠાઠથી વંદન કરવા જાય છે. બીજા દશ્યમાં તેનો ગર્વ ઉતારવા ઈંદ્ર મહારાજા વિશિષ્ટ ઋદ્ધિ વિકુર્વે છે. આથી દશાર્ણભદ્ર રાજાનો ગર્વ ઉતરી જાય છે અને મહાવીર ભગવાન પાસે દીક્ષાનો સ્વીકાર કરે છે.

મંદિરમાંથી બહાર નીકળ્યા બાદ નીચેના ભાગમાં કુંડ છે. તેની પાસે શેઠની કુલદેવી (માતાજી)ની મૂર્તિ છે.

## પાંચમી હેમાભાઈની ટૂક

આ ટૂકમાં કુલ છ મંદિરો છે. અમદાવાદના નગરશેઠ **શ્રી હેમાભાઈએ** આ ટૂક વિ.સં. ૧૮૮૨માં બંધાવી છે. તેની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી શાંતિસાગરસૂરિની નિશ્રામાં વિ. સં. ૧૮૮૬માં થઈ છે. હેમાભાઈ શાંતિદાસના પ્રપૌત્ર (પુત્રના પૌત્ર) હતા. શાંતિદાસ શેઠ મોગલસમ્રાટ અકબર બાદશાહના માનીતા ઝવેરી હતા.

## છઠ્ઠી ઉજમફઈની ટૂક

આ ટૂકમાં નંદીશ્વર દ્વીપની રચના કરવામાં આવી છે. જૈન ભૂગોલ પ્રમાણે નંદીશ્વર આઠમો દ્વીપ છે. જિનેશ્વર દેવના કલ્યાણકોની ઉજવણી કરીને પાછા ફરતા દેવો નંદીશ્વરદ્વીપમાં અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવે છે. આ નંદીશ્વરદ્વીપ શાશ્વત તીર્થ છે. એ નંદીશ્વર દ્વીપમાં જેવી રચનાથી જિનપ્રતિમાઓ બિરાજમાન છે તેવી જ રચનાથી અહીં પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. આ ટૂક અમદાવાદના નગરશેઠ પ્રેમચંદભાઈની ફઈ **ઉજમબાઈએ** બંધાવી છે. આથી આ ટૂક ઉજમફઈના નામથી પ્રસિદ્ધ બની. આની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૯૩ મહાસુદ ૧૦ના દિવસે થઈ છે. આ ટૂકનું બીજું નામ નંદીશ્વર ટૂક છે.

## સાતમી સાકરવસી ટૂક

આ ટૂક અમદાવાદ નિવાસી **સાકરચંદ પ્રેમચંદે** બંધાવી છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૮૩માં થઈ છે. મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથ છે.

આ ટૂકમાં પાંચ પાંડવોનું મંદિર છે. સહસ્રકૂટનું મંદિર છે. તથા ૧૭૦ જિનો આરસમાં કોતરેલા છે.

સાકરવસી ટૂકમાંથી નીકળી છીપાવસી ટૂકમાં પ્રવેશ કરતાં જમણી બાજુ **શ્રી અજિતનાથ** અને **શાંતિનાથ**ની બે દેરીઓ છે. કહેવાય છે કે આ બે દેરીઓ પહેલાં સામ-સામે હતી. તેથી ચૈત્યવંદન કરતાં પૂંઠ થતી હતી. તેથી નંદિષેણ નામના આચાર્ય મહારાજ હૃદયના શુદ્ધ ભાવથી અજિતશાંતિનું સ્તવન બનાવીને બોલ્યા કે જેથી બંને દેરીઓ જોડે જોડે બની ગઈ.

## આઠમી છીપાવસી ટૂક

આ નાની ટૂક **ભાવસાર ભાઈઓએ** બંધાવી છે. મૂળનાયક આદિનાથ ભગવાન છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૯૧માં થઈ છે.

આ ટૂકમાં **પાંચપાડવો**ની પાંચ ઊભી મૂર્તિઓ દર્શનીય છે. પાસેના ગોખલામાં માતા **કુંતીની મૂર્તિ** છે. તેની સામેના ગોખલામાં સતી **દ્રૌપદીની મૂર્તિ** છે. પાસેના વિભાગ ઉપર રહેલા ધનુર્ધારીઓ જેવી આકૃતિના પૂતળાઓથી આ મંદિરની પ્રાચીનતા સિદ્ધ થાય છે. આ દેરાસર પેથડશાહ મંત્રીએ બંધાવેલ છે. તેની પ્રતિષ્ઠા દલીચંદ કીકાભાઈએ સં. ૧૭૮૮ મા. સુ. ૭ના દિવસે કરાવી છે. પાછળના બીજા મંદિરમાં સહસ્રકૂટનું મંદિર છે. ભીંતના ઓથારે પુરુષાકારે ચૌદ રાજલોકનો પટ આરસમાં કોતરેલો છે. બીજી બાજુ સમવસરણ તથા સિદ્ધચક્રની રચનાવાળો આરસનો પથ્થર ભીંતમાં જડેલો છે.

## નવમી સવા-સોમાની ટૂક

આ ટૂક શત્રુંજય ઉપરની બધી ટૂકોથી અધિક ઊંચી છે. આથી ઘણા દૂરથી પણ આ ટૂકનું શિખર દેખાય છે. આની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૭૫માં વૈ. સુ. ૧૩ના દિવસે થઈ છે. મૂળનાયક શ્રી આદિનાથ છે. આ ટૂકના બે વિભાગ છે. અંદરના વિભાગને મંદિરમાં ચારે દિશામાં

પ્રતિમાજી હોવાથી ચૌમુખજીની ટૂક કહેવાય છે. બહારના ભાગને 'ખરતરવસી' કહેવામાં આવે છે. ચૌમુખજીની ટૂકનું જ બીજું નામ સવા-સોમ ટૂક છે. સવચંદ અને સોમચંદ એ બેની રકમથી આ ટૂક બંધાણી હોવાથી સવા-સોમાની ટૂક કહેવાય છે. આનો પ્રસંગ આ જ ગ્રંથમાં ૨૨૪મા પેજમાં લખવામાં આવ્યો છે.

આ ટૂકની રચનામાં ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. આશ્ચર્યની વાત એ છે કે આ ટૂકની રચના માટે પથ્થર વગેરેને ઊંચકવા માટે વપરાયેલા દોરડાંઓનો ખર્ચ ૮૪ હજાર રૂપિયા થયો હતો.

આ ટૂકમાં પુંડરીક સ્વામીની દેરીની પછી **૨૫૦૦ પગલાંની** દેરી છે. ૨૫૦૦ પગલાની ગણતરી આ પ્રમાણે છે– શ્રી નેમનાથજીની સાથે દીક્ષિત થયેલા ૧૦૦૦ મુનિઓનાં પગલાં, થાવચ્ચપુત્ર અને તેમના શિષ્યોના ૧૦૦૦ પગલાં, શૈલકાચાર્ય અને તેમના શિષ્યોનાં ૫૦૦ પગલાં, આમ ૨૫૦૦ થયાં. શ્રી નેમિનાથ, થાવચ્ચાપુત્ર અને શૈલકાચાર્ય એ ત્રણનાં પગલાં મળીને કુલ ૨૫૦૩ પગલાં છે.

ખરતરવસીમાં **મરુદેવામાતાનું જૂનું મંદિર** છે. તેમાં હાથી ઉપર બેઠેલા મરુદેવામાતા બતાવવામાં આવ્યા છે. મરુદેવામાતા હાથી ઉપર કેવલજ્ઞાન પામીને મોક્ષમાં ગયા એવો ભાવ આ દશ્યમાં બતાવેલ છે.

## નરશી કેશવજીની ટૂક

ખરતરવસીમાંથી નરશી કેશવજીની ટૂકમાં જવાય છે. આ ટૂંકમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામી છે. આ મંદિરના ઉપરના ભાગમાં ત્રણ ચોમુખજી બિરાજે છે. આ ટૂકની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૨૧માં થઈ છે.

આ ટૂકમાંથી બહાર નીકળીને આગળ જતાં જમણા હાથે કોટની અંદર **'અંગારશા'** પીરની કબર છે. આ જાણીને આપણને આશ્ચર્ય થાય કે આવા તીર્થમાં મુસલમાનની કબર કેવી રીતે હોય ? આ વિગતને જણાવતો વૃત્તાંત આ જ પુસ્તકમાં ૨૩૫મા પેજમાં આપવામાં આવ્યો છે.

ત્યારબાદ કોટની બહાર નીકળી નીચે જવા માટે પગથિયાં ઉતરતાં ડાબા હાથે એક દેરીમાં ભીલડીનાં પગલાં છે. ભીલડીએ અહીં સાધના કરી હોવાથી તેની સ્મૃતિમાં આ પગલાં સ્થાપિત કર્યાં છે. નીચે ઉતરતા યાત્રાળુઓ હનુમાન ધારા પાસે આવે છે ત્યાંથી નીચે તળેટીએ જાય છે.

આ રીતે નવ ટૂકોનો પરિચય પૂર્ણ થયો.

# ઘેટીપાગ યાત્રા પરિચય

એક દિવસમાં બે યાત્રા કરનારા મહાનુભાવો બીજી યાત્રા ઘેટી પગથી કરે છે. બીજી યાત્રા કરનારા યાત્રાળુઓ એક યાત્રા કર્યા પછી સગાળ પોળથી બહાર નીકળીને કુંતાસર ચોકમાં આવે છે. ત્યાંથી ડાબી બાજુના રસ્તે ઘેટી પાગ તરફ જાય છે. થોડા આગળ જતાં **કુંતાસરની બારી** (અથવા **ઘેટીની બારી**) આવે છે.

તેમાંથી બહાર નીકળીને નીચે ઉતરતાં લગભગ અર્ધા રસ્તે ડાબી બાજુ એક દેરી અને પરબ આવે છે. દેરીમાં **૨૪ ભગવાનનાં પ્રાચીન પગલાં** છે. ત્યાંથી ઘણું ઉતર્યા પછી **ઘેટી પાગની દેરી** આવે છે.

શ્રી આદીશ્વર ભગવાન પૂર્વ નવાણું વાર ગિરિરાજ ઉપર અહીંથી ચઢ્યાં હતાં. મહામંત્રી ઉદયનના પુત્ર મંત્રી અંબડે વિ. સં. ૧૨૧૩માં શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે આ પાગનું નિર્માણ કરાવ્યું હતું. તેમાં શ્રી ઋષભદેવ ભગવાનનાં પગલાં છે. અહીં બીજી યાત્રાનું પહેલું ચૈત્યવંદન કરવાનું હોય છે.

ઘેટી પગલાની આજુબાજુમાં શ્રી સિદ્ધાચલ શણગાર ટૂક વગેરે અનેક મંદિરો છે.

સિદ્ધાચલ શણગારના મંદિરના ભોંયરામાં **૨૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી આદીશ્વર ભગવાનની મનોહર પ્રતિમા** છે. ત્યાં બધાં દેરાસરોના દર્શન કરીને પાછા ગિરિરાજ ઉપર ચઢવાનું હોય છે. ઉપર ચઢીને દાદાની ટૂકમાં ફરીથી પહેલાંની જેમ શ્રી શાંતિનાથજી આદિની સમક્ષ ચાર ચૈત્યવંદન કરવાનાં હોય છે. પછી નીચે ઉતરતાં બે યાત્રા પૂર્ણ થાય છે.

**સૂચના**– ઘેટીપાગની નીચે આદપુર ગામ છે. ત્યાં એક મંદિર છે. તેમાં **નવાણું ઈંચની શ્રી આદિનાથની મોટી પ્રતિમા** છે. શક્ય હોય તો ત્યાં એકવાર દર્શન કરવા જોઈએ. તેમાં પણ નવાણું યાત્રા કરનારે તો અવશ્ય એકવાર દર્શન કરવા જોઈએ.

**ઘેટીપાગ શબ્દનો અર્થ–** પાગ એટલે ગિરિરાજ ઉપર ચઢવાનો રસ્તો. પૂર્વે ઘેટી ગામથી ગિરિરાજ ઉપર ચઢાતું હતું. એથી ઘેટી પાગ એવું નામ પડ્યું. પણ કાળના પ્રભાવથી હમણાં ઘેટીગામ ઘણું દૂર થઈ ગયું છે. આમ છતાં પૂર્વનો ઘેટીપાગ શબ્દનો પ્રયોગ હમણાં પણ થાય છે.

# શ્રીગિરિરાજની ત્રણ (પરિક્રમા) પ્રદક્ષિણા

ગિરિરાજની દોઢ ગાઉ, છ ગાઉ અને ૧૨ ગાઉ એમ ત્રણ પ્રદક્ષિણા આપી શકાય છે.

## દોઢ ગાઉની પ્રદક્ષિણા

દાદાના દર્શન કરી ચૈત્યવંદન કરી રામપોળની બારીથી નીકળતાં જમણી બાજુ બહારના ભાગમાં સોખરી નામની ટેકરી પાસેના રસ્તે થઈ ઘેટી પાગ જવાનો રસ્તો ઓળંગીને હનુમાન ધાર નજીક એક તલાવડી છે. ત્યાંથી ચૌમુખજીની ટૂક તરફ ચૈત્યવંદન કરી હનુમાન ધાર પાસેથી રામપોળના દરવાજેથી ગઢમાં દાખલ થઈ દાદાનાં દર્શન કરવાથી દોઢ ગાઉની પ્રદક્ષિણા સંપૂર્ણ થાય છે.

## છ ગાઉની પ્રદક્ષિણા

(આ છ ગાઉનો રસ્તો ખૂબજ ઊંચો નીચો ને લાંબો હોવાથી સંભાળીને ચાલવું પડે છે. નહિતર લપસી જવાય છે. આ પ્રથમ સૂચના છે. ફા. સુ. ૧૩ના દિવસે ચતુર્વિધ સંઘ વિશાળ સંખ્યામાં છ ગાઉની યાત્રા કરે છે.)

દાદાનાં દર્શન અને ચૈત્યવંદન કરીને રામપોળની બારીથી નીકળતાં આપણી જમણી બાજુએ સોખરી નામની ટેકરી છે. તેના ઉપર **દેવકીજીના છ પુત્રોની દેરી** છે. તેમનો સંક્ષિપ્ત ઈતિહાસ આ પ્રમાણે છે- વસુદેવની પત્ની દેવકીએ ક્રમશઃ છ પુત્રોને જન્મ આપ્યો. જન્મ થતાં જ હરિણૈગમેષી

દેવે તેમને નાગદત્તની પત્ની સુલસાની પાસે મૂકી દીધા. ત્યાં મોટા થઈને દીક્ષા લીધી. પછી શ્રી નેમિનાથ ભગવાનના મુખથી પોતાનું નિર્વાણ સિદ્ધાચલ ઉપર થવાનું જાણીને અનશન કરીને આ સિદ્ધગિરિ ઉપર મોક્ષે ગયા. આ સ્થળે તેની સ્મૃતિમાં આ છ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી છે. ત્યાં દર્શન કરીને આગળ ચાલતાં અર્ધો ગાઉ ગયા પછી **"ઉલખાજલ"** નામનું સ્થાન આવે છે. અહીં દાદાના ન્હવણનું જલ આવે છે. ડાબી બાજુ અહીં એક નાની દેરીમાં શ્રી આદિનાથ ભગવાનનાં પગલાં છે. ત્યાં દર્શન-ચૈત્યવંદન કરીને આગળ જતાં પોણો ગાઉ પછી **"ચિલ્લણ તલાવડી"** (ચંદન તલાવડી) આવે છે.

અહીં આ સ્થાનમાં શ્રી **અજિતનાથ** ભગવાન અને શ્રી **શાંતિનાથ** ભગવાનનાં પગલાંની બે દેરીઓ છે. તેમાં એવી દંતકથા છે કે શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ પ્રભુ આ સ્થળમાં ચોમાસું રહ્યા હતા. તેની યાદગીરી માટે સામ સામી બે દેરીઓ સ્થાપન કરવામાં આવી હતી. એક વખત નંદિષેણ નામના મુનિ (એક મતે જેઓ નેમિનાથ પ્રભુના સાધુ હતા. બીજા મતે શ્રી મહાવીરના સમયમાં થયા છે) આ ગિરિરાજની યાત્રા કરવા માટે આવ્યા ત્યારે આ બન્ને દેરીઓ સામ સામી હોવાથી એકની સામે બેસીને ચૈત્યવંદન કરે તો બીજાને પૂંઠ થાય. જેથી તેઓએ હૃદયની શુદ્ધ ભાવનાથી એવી રીતે બન્ને પ્રભુના નામની સ્તુતિ કરી કે જેથી આ બન્ને દેરીઓ એક દિશામાં જોડે જોડે થઈ ગઈ.

આ બે દેરીઓ પાસે અત્યંત મહિમાવાળી ચિલ્લણ (ચંદન) તલાવડી, તથા કાઉસ્સગ્ગ કરવા માટેની સિદ્ધ શિલા છે. સિદ્ધગિરિના બીજા સ્થાન કરતાં આ શિલા ઉપર વધારે આત્માઓ સિદ્ધ થયા હોવાથી આ શિલા સિદ્ધશિલા તરીકે ઓળખાય છે. દેરી પાસે ચૈત્યવંદન કરવું અને જ્યાં સિદ્ધ શિલા છે, ત્યાં યથાશક્તિ-૧૦૮-૨૭-૨૧-૯-૮-લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

પછી આગળ બે માઈલ જતાં **ભાડવાનો ડુંગર** આવે છે. આ

શિખર ઉપર **શાંબ** અને **પ્રદ્યુમ્નકુમાર** આદિ ફાગણ સુદિ ૧૩ ના દિવસે સાડા આઠક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા હતા. તેની સ્મૃતિમાં અહીં એક દેરીમાં એક શ્રી આદીશ્વરનાં પગલાંની જોડ તથા શાંબ અને પ્રદ્યુમ્નના બે પગલાંની જોડ, એમ પગલાંની ત્રણ જોડ પ્રતિષ્ઠિત કરેલ છે. ત્યાં ચૈત્યવંદન કરીને એક માઈલ નીચે ઊતરતાં **"સિદ્ધવડ"** (નાની જૂની તળેટી) છે.

આ વડની નીચે અનંત આત્માઓ સિદ્ધ થયા હોવાથી આને સિદ્ધવડ કહેવામાં આવે છે. અહીં વડ નીચે દેરીમાં શ્રી આદિનાથ પ્રભુનાં પગલાં છે. ત્યાં ચૈત્યવંદન કરવું. અહીં છ ગાઉની પ્રદક્ષિણા પૂરી થાય છે.

અત્યાર સુધી તો નજીકમાં રહેલા આદપુર ગામની બહાર ખેતરોમાં યાત્રાળુઓની ભક્તિ કરવા માટે જગ્યા ભાડે લઈને મંડપો બંધાતા હતા. હવે તો જ્યાં છ ગાઉની યાત્રા પૂરી થાય છે ત્યાંની વિશાલ જગ્યા શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ ખરીદી લીધી છે. તેમાં ફાગણ સુદ ૧૩ ના દિવસે પેઢીની હસ્તક જુદા જુદા ગામના સંઘો અને ભાવિક ભક્તો યાત્રાળુઓની ભક્તિ કરવા માટે મંડપ-પાલ બંધાવીને તેમાં જાત જાતની વસ્તુઓ બનાવીને સાધર્મિકોની ભક્તિ કરે છે.

## બાર ગાઉની પ્રદક્ષિણા

શેત્રુંજી નદીનો બંધ બંધાઈ ગયેલો હોવાથી હવે ચોક ગામનો રસ્તો બંધ થઈ ગયો છે. આથી હવે બાર ગાઉની યાત્રા કરવાની ભાવનાવાળાએ તે યાત્રા ટુકડે ટુકડે કરવી પડે છે. તે આ પ્રમાણે છે–

ભાવિક યાત્રાળુ આત્માઓ પાલિતાણામાં દાદાની યાત્રા કરી પાલિતાણાથી નીકળીને ડેમ જાય છે. ત્યાં યાત્રા-દર્શન કરીને કદંબગિરિ જાય છે. ત્યાં નીચે અને ઉપર જિનમંદિરમાં દર્શન પૂજા કરીને પાછા પાલિતાણા આવે છે. પછી અહીંથી હસ્તગિરિ જાય છે. ત્યાં હસ્તગિરિ

ઉપર જૂનાં પગલાં અને નૂતન જિનમંદિરનાં દર્શન પૂજન કરીને પાછા આવતાં પાછળના રસ્તે ઘેટી ગામ આવે છે. ત્યાં દર્શન વગેરે કરીને પાલિતાણા આવે છે. આ રીતે શ્રી શત્રુંજય ગિરિરાજની પ્રદક્ષિણારૂપ બાર ગાઉની યાત્રા થાય છે.

ઉપરની ત્રણે યાત્રાઓમાં દાદાની ટૂકને મધ્યમાં રાખીને પ્રદક્ષિણા ફરવાની હોય છે.

## ગિરિરાજની નવાણું યાત્રા

જૈન શાસનમાં શત્રુંજય તીર્થનો મહિમા ઘણો છે. સર્વ તીર્થોમાં શત્રુંજય તીર્થ મુખ્ય છે. કારણ કે એ તીર્થ પ્રાયઃ શાશ્વત છે. એને કોઈએ બનાવ્યો નથી-અનાદિકાળથી છે. એ તીર્થ તે તે કાળ પ્રમાણે નાનું-મોટું થાય છે, પણ તેનો સર્વથા નાશ કદી થતો નથી. આ તીર્થનો મહિમા બતાવતાં મહાપુરુષોએ કહ્યું છે કે ભાવથી આ તીર્થમાં આવનારા પશુપંખીઓ પણ ત્રીજા ભવે સિદ્ધ થાય છે. તેના એક એક કાંકરે અનંતા જીવોએ કલ્યાણ સાધ્યું છે. ધર્મનાં ૧૫ ક્ષેત્રો છે. તેમાં આ ભરત ક્ષેત્રમાં જ શત્રુંજય તીર્થ છે. ચૌદ (પાંચ મહાવિદેહ, પાંચ ઐરવત અને ચાર ભરત) ક્ષેત્રોમાં એ તીર્થ નથી. આથી આપણે આ ક્ષેત્રમાં જન્મીને આ તીર્થને પામ્યા એ આપણું પ્રબળ પુણ્ય છે. આવું પુણ્ય બીજા ચૌદ ક્ષેત્રમાં જન્મ પામેલા જીવોનું નથી. આથી દરેક શ્રાવકે દર વર્ષે એક વાર તો અવશ્ય એ તીર્થની યાત્રા કરવી જોઈએ. અભવી અને દૂરભવી જીવો આ તીર્થનું દર્શન પણ કરી શકતા નથી. આથી આ તીર્થના દર્શનાદિ કરનાર જીવ ભવ્ય છે એની ખાતરી થાય છે. આથી બીજાં તીર્થોની યાત્રા ન થઈ શકે તો પણ આ તીર્થની યાત્રા તો અવશ્ય દરેક શ્રાવકે કરવી જોઈએ. તથા જીવનમાં એક વાર નવાણું યાત્રા વિધિપૂર્વક કરવી જોઈએ.

આદિનાથ ભગવાન એ તીર્થ ઉપર [1]પૂર્વ નવાણું વાર પધાર્યા હતા. આપણે વર્તમાનમાં પૂર્વ નવાણું વાર યાત્રા કરી શકીએ તેવી શક્યતા જ નથી. પણ શ્રીઋષભદેવસ્વામીએ પૂર્વ નવાણું વાર એ તીર્થની યાત્રા કરી હતી, એના અનુકરણ રૂપે નવાણું વાર યાત્રા તો કરી શકાય. આથી દરેક શ્રાવકે જીવનમાં એકવાર ગિરિરાજની નવાણું યાત્રા અને દરવર્ષે એકવાર યાત્રા તો અવશ્ય કરવી જોઈએ.

## યાત્રામાં ઉપયોગી સૂચનાઓ

(૧) રસ્તામાં કીડી વગેરે જીવ-જંતુ મરે નહિ તે રીતે જયણા પૂર્વક ચાલવું. (૨) સાંસારિક વાતો કે ઠઠ્ઠા-મશ્કરી વગેરે કરવું નહિ. બની શકે તો મનમાં નમસ્કાર મહામંત્ર અથવા શ્રી યુગાદિનાથાય નમઃ કે શ્રી સિદ્ધગિરિવરાય નમઃ ગણતાં જવું. (૩) ગિરિરાજના નીચેથી માંડી ઠેઠ ઉપર સુધીના કોઈપણ ભાગમાં થુંક બળખો લીંટ વગેરે અશુદ્ધ કંઈપણ નાખવું નહીં. તેમજ ઝાડો પેશાબ પણ કરવો નહીં. થુંક વગેરે અશુચિ નાખવાથી મહાન આશાતના થાય છે. (૪) બહેનોએ પોતાના ઋતુકાળના નજીકના દિવસોમાં ગિરિરાજની આશાતના ન થાય તેની ખાસ કાળજી રાખવી. છતાં આશાતના થઈ જાય તો પૂ. ગુરુદેવશ્રી પાસે પ્રાયશ્ચિત્ત લઈ લેવું. (૫) ગિરિરાજ ઉપર ચઢતાં, ઉતરતાં કે ઉપર દહીં, ચવાણું, બીસ્કીટ વગેરે કંઈપણ ન ખાવું. તેમજ બીડી વગેરે ન પીવી. (૬) ભગવાનનાં દર્શન કે પૂજા કરતાં બીજાને અંતરાય ન થાય તેની કાળજી રાખવી. (૭) કષાયોથી દૂર રહેવું, કોઈને કઠોર વચન કહેવું નહિ. કોઈની સાથે ક્લેશ પણ ન કરવો. નહિ તો યાત્રાનું ફળ ઘણું ઘટી જાય. (૮) બ્રહ્મચર્યનું પાલન કરવું. (૯) રેડીયો વગેરે શોખનાં સાધનો યાત્રામાં સાથે રાખવા નહિ.

---

૧. ૮૪ લાખને ૮૪ લાખથી ગુણવાથી એક પૂર્વ થાય. આવા નવાણું પૂર્વની જેટલી સંખ્યા થાય તેટલી વાર શ્રી ઋષભદેવ ભગવાન શ્રી શત્રુંજય તીર્થમાં પધાર્યા હતા. (એક પૂર્વ= ૭૦૫૬૦ અબજ વર્ષ.)

# નવાણું યાત્રાનો વિધિ

(૧) નવાણું યાત્રા કરનારે દરરોજ (જેટલીવાર યાત્રા કરે તેટલીવાર) નીચેનાં પાંચ સ્થળે ચૈત્યવંદન કરવાં.

(૧) ગિરિરાજ સન્મુખ તળેટીએ. (૨) શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરે. (૩) શ્રીરાયણ-પગલાએ. (૪) શ્રી પુંડરીકસ્વામીના દેરાસરે (૫) મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરે.

(૨) ઉપરના પાંચ સ્થળે નવાણું યાત્રા દરમિયાન એક એક વાર સ્નાત્ર ભણાવવું.

(૩) દરરોજ નવકાર મંત્રની ૧૦ બાધી નવકારવાળી ગણવી. એક દિવસમાં બે યાત્રા કરી હોય તો ૨૦ અને ત્રણ યાત્રા કરી હોય તો ૩૦ નવકારવાળી ગણવી. આમ કરવાથી નવાણું યાત્રા પૂર્ણ થતાં એક લાખ નવકાર પૂરા થાય.

(૪) હમેશાં બે વખત પ્રતિક્રમણ, સચિત્તત્યાગ, બ્રહ્મચર્ય પાલન એકાસણું, ભૂમિએ સંથારે શયન-આ નિયમોનું પાલન કરવું.

(૫) હંમેશા દાદાજીના મંદિરને ફરતી ત્રણ પ્રદક્ષિણા આપવી તથા અનુકૂળતાએ એકવાર ૧૦૮ પ્રદક્ષિણા આપવી.

(૬) દરરોજ અષ્ટપ્રકારી પૂજા કરવી.

(૭) હંમેશા નવ સાથીયા કરીને નવ ફળ તથા નવ નૈવેદ્ય મૂકવા.

(૮) "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શત્રુંજય તીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં શ્રી શત્રુંજયતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસગ્ગં" એમ કહી 'વંદણવત્તિયાએ૦' 'અન્નત્થ૦ કહી' નવ લોગસ્સનો કાઉસ્સગ્ગ દરરોજ કરવો.

(૯) નવાણું યાત્રા દરમિયાન ગમે ત્યારે એક વાર ઉપર મુજબ બોલીને ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

(૧૦) શક્તિ હોય તો ચોવિહારો છટ્ઠ કરીને સાત યાત્રા કરવી. ચોવિહાર છઠ્ઠથી સાત યાત્રા કરનાર ત્રીજા ભવે મોક્ષે જાય છે, આ સાત યાત્રા નવાણુમાં ગણી શકાય.

(૧૧) નવ વખત નવટૂકનાં દર્શન કરવાં. દરેક ટૂકમાં મૂલનાયકની પાસે ચૈત્યવંદન કરવું.

(૧૨) અનુકૂળતા હોય તો બાર ગાઉ, છ ગાઉ અને દોઢ ગાઉની પ્રદક્ષિણા કરવી. (જો સામુદાયિક રૂપે પ્રદક્ષિણા થતી હોય તો તેમાં જોડાઈ જવું. અથવા ભોમિયો સાથે રાખીને થઈ શકે તેમ હોય તો તેમ કરવું.)

(૧૩) દરરોજ નીચે મુજબ દુહા બોલીને નવ ખમાસમણાં દેવા.

### શ્રી સિદ્ધાચલના દુહા

**સિદ્ધાચલ** સમરું સદા, સોરઠ દેશ મોઝાર;<br>
મનુષ્યજન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧

**સોરઠ** દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢગિરનાર;<br>
શેત્રુંજી નદી નાહ્યો નહી, એનો એળે ગયો અવતાર. ૨

**શેત્રુંજી** નદીએ નાહીને, મુખ બાંધી મુખ કોશ;<br>
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૩

**એકેકું** ડગલું ભરે, શેત્રુંજા સમો જેહ;<br>
ઋષભ કહે ભવ ક્રોડનાં, કર્મ ખપાવે તેહ. ૪

**શેત્રુંજા** સમો તીરથ નહીં, ઋષભ સમો નહીં દેવ;<br>
ગૌતમ સરીખા ગુરુ નહિ, વળી વળી વંદું તેહ. ૫

**જગમાં** તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;<br>
એક ગઢ ઋષભ સમોસર્યા એક ગઢ નેમિ કુમાર. ૬

**સિદ્ધાચલ** સિદ્ધિ વર્યા, મુનિવર ક્રોડ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવી ભગવંત. ૭

**શત્રુંજયગિરિ**-મંડણો, મરુદેવાનો નંદ;
યુગલાધર્મ નિવારણો, નમો યુગાદિ જિણંદ. ૮

**તન** મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ;
વળી વળી એ ગિરિ વંદતાં, શિવરમણી સંયોગ. ૯

## નવાણું યાત્રાનું ગણણું

આ તીર્થનાં નવાણું નામો છે. રોજ એક એક નામની એક એક નવકારવાળી ગણવી. નામ પહેલાં શ્રી શબ્દ અને નામ પછી 'ગિરિવરાય નમઃ' શબ્દો લગાડીને ગણણું ગણવું. જેમ કે પહેલું નામ 'શત્રુંજય' છે તો 'શ્રી શત્રુંજય ગિરિવરાય નમઃ' એ પ્રમાણે નવકારવાળી ગણવી. બીજું નામ બાહુબળી છે તો 'શ્રી બાહુબળિગિરિવરાય નમઃ' એ પ્રમાણે ગણવું. આ પ્રમાણે બધાં નામો માટે જાણવું.

## શ્રીશત્રુંજયના ૧૦૮ નામો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શત્રુંજય | ૧૩ | શતકૂટ | ૨૫ | મહાપીઠ |
| ૨ | બાહુબળી | ૧૪ | ઢંક | ૨૬ | સુર |
| ૩ | મરુદેવ | ૧૫ | કદંબ | ૨૭ | મહા |
| ૪ | પુંડરીક | ૧૬ | કોડિનિવાસ | ૨૮ | મહાનંદ |
| ૫ | રૈવત | ૧૭ | લોહિત્ય | ૨૯ | કર્મસૂદન |
| ૬ | વિમલ | ૧૮ | તાલધ્વજ | ૩૦ | કૈલાસ |
| ૭ | સિદ્ધરાજ | ૧૯ | પુણ્યરાશિ | ૩૧ | પુષ્પદંત |
| ૮ | ભગીરથ | ૨૦ | મહાબળ | ૩૨ | જયંત |
| ૯ | સિદ્ધક્ષેત્ર | ૨૧ | દઢશક્તિ | ૩૩ | આનંદ |
| ૧૦ | સહસ્રકમલ | ૨૨ | શતપત્ર | ૩૪ | શ્રીપદ |
| ૧૧ | મુક્તિનિલય | ૨૩ | વિજયાનંદ | ૩૫ | હસ્ત |
| ૧૨ | સિદ્ધાચલ | ૨૪ | ભદ્રંકર | ૩૬ | શાશ્વત |

૩૭ ભવ્ય
૩૮ સિદ્ધશેખર
૩૯ મહાજશ
૪૦ માલ્યવંત
૪૧ પૃથ્વીપીઠ
૪૨ દુઃખહર
૪૩ મુક્તિરાજ
૪૪ મણિકાંત
૪૫ મહીધર
૪૬ કંચન
૪૭ આનંદઘર
૪૮ પુણ્યકંદ
૪૯ જયાનંદ
૫૦ પાતાલમૂલ
૫૧ વિભાસ
૫૨ વિશાલ
૫૩ જગતારણ
૫૪ અકલંક
૫૫ અકર્મક
૫૬ મહાતીર્થ
૫૭ હેમ
૫૮ અનંતશક્તિ
૫૯ પુરુષોત્તમ
૬૦ પર્વતરાજ
૬૧ જ્યોતિરૂપ
૬૨ વિલાસભદ્ર
૬૩ સુભદ્ર
૬૪ અજરામર
૬૫ ક્ષેમંકર
૬૬ અમરકેતુ
૬૭ ગુણકંદ
૬૮ સહસ્રપત્ર
૬૯ શિવંકર
૭૦ કર્મક્ષય
૭૧ તમોકંદ
૭૨ રાજરાજેશ્વર
૭૩ ભવતારણ
૭૪ ગજચંદ્ર
૭૫ મહોદય
૭૬ સૂરકાંત
૭૭ અચલ
૭૮ અભિનંદન
૭૯ સુમતિ
૮૦ શ્રેષ્ઠ
૮૧ અભયકંદ
૮૨ ઉજ્જ્વલ
૮૩ મહાપદ્મ
૮૪ વિશ્વાનંદ
૮૫ જયભદ્ર
૮૬ ઈંદ્રપ્રકાશ
૮૭ કપર્દીવાસ
૮૮ મુક્તિનિકેતન
૮૯ કેવલદાયક
૯૦ ચર્ચ
૯૧ અષ્ટોત્તરશતકૂટ
૯૨ સૌંદર્ય
૯૩ યશોધર
૯૪ પ્રીતિમંડન
૯૫ કામદાયી
૯૬ સહજાનંદ
૯૭ મહેંદ્રધ્વજ
૯૮ સર્વાર્થસિદ્ધ
૯૯ પ્રિયંકર
૧૦૦ બ્રહ્મગિરિ
૧૦૧ નન્દિગિરિ
૧૦૨ શ્રીશ્રેયઃપદ
૧૦૩ શ્રીપ્રભોપદ
૧૦૪ સર્વકામદ
૧૦૫ ક્ષિતિમંડલમંડન
૧૦૬ સહસ્રાખ્ય
૧૦૭ તાપસગિરિ
૧૦૮ સ્વર્ણગિરિ.

# શ્રી સિદ્ધાચલની ભાવયાત્રા

આપણે શ્રી શત્રુંજયની યાત્રાનો પરિચય કર્યો. હવે આપણે ભાવથી એકાગ્રચિત્તે શ્રી શત્રુંજયની યાત્રા કરીએ. જેથી થોડા સમયમાં ઘણો લાભ થાય.

અરિહંતના સ્વરૂપને ઓળખી એનાથી ભાવિત બની એના રૂપમાં ખોવાઈ જવાનો તદ્દરૂપ બનવાનો અવસર શંત્રુજય ગિરિરાજની યાત્રાના માધ્યમે મળે છે. તેથી આપણે બીજું બધું ભૂલી જઈને કેવળ યાત્રામય બનીને ભાવથી શત્રુંજયની યાત્રાનો પ્રારંભ કરીએ.

(૧) ધર્મશાળામાંથી નીકળીને રસ્તામાં આવતાં જિનમંદિરોએ ''નમો જિણાણં'' બોલતાં બોલતાં આપણે જય તળેટીએ આવ્યા.

(૨) અહીં સ્તુતિ-ચૈત્યવંદન વગેરે કરીએ.

(૩) સામે લાઈનબંધ અગિયાર દેરીઓમાં ઋષભદેવ વગેરે તીર્થંકરોનાં પગલાંએ નમો જિણાણં.

(૪) ડાબી બાજુ ઓટલા ઉપરની દેરીમાં આદિનાથનાં પગલાંએ નમો જિણાણં.

(૫) જમણી બાજુ ઓટલા ઉપરની દેરીમાં શ્રીપુંડરીક સ્વામીનાં પગલાંએ નમો સિદ્ધાણં.

હવે આપણે ઉપર ચઢવાની શરૂઆત કરીએ.

(૬) ડાબી બાજુએ ગોવિંદજી ખોનાના મંદિરે નમો જિણાણં.

(૭) ડાબી બાજુની દેરીમાં અજિતનાથના પગલાંએ નમો જિણાણં.

(૮) જમણી બાજુની દેરીમાં શ્રી ગૌતમસ્વામીના પગલાંએ નમો સિદ્ધાણં.

(૯) જમણી બાજુની દેરીમાં આદિનાથનાં પગલાંએ નમો જિણાણં.

(૧૦) જમણી બાજુની દેરીમાં શાંતિનાથનાં પગલાંએ નમો જિણાણં.

(૧૧) જમણી બાજુ શ્રી સરસ્વતી દેવીને પ્રણામ.

(૧૨) જમણી બાજુની દેરીમાં શ્રી ધર્મનાથનાં પગલાંએ નમો જિણાણં.
(૧૩) જમણી બાજુની દેરીમાં શ્રી કુંથુનાથનાં પગલાંએ નમો જિણાણં.
(૧૪) જમણી બાજુની દેરીમાં શ્રી નેમિનાથના પગલાંએ નમો જિણાણં.
(૧૫) ડાબી બાજુ આવેલા બાબુના દેરાસરમાં જલમંદિરે નમો જિણાણં.
(૧૬) જલમંદિરની સામે શ્રી ગૌતમસ્વામીને નમો સિદ્ધાણં.
(૧૭) પાછા ફરતાં સહસ્રકૂટ-રત્નમંદિર વગેરે સ્થળે નમો જિણાણં.
(૧૮) બાબુના મંદિરમાં મૂળનાયક આદિનાથને નમો જિણાણં.
(૧૯) બાબુના મંદિરની ભમતીમાં પુંડરીક સ્વામીને નમો સિદ્ધાણં અને તીર્થંકરોને નમો જિણાણં.
(૨૦) બાબુના મંદિરના બહારના ભાગમાં રાયણ પગલાંએ નમો જિણાણં. હવે આપણે બાબુના મંદિરમાંથી શત્રુંજય ઉપર જવાના રસ્તા ઉપર આવ્યા.
(૨૧) બાબુના મંદિરની સામે સમવસરણ મંદિરે નમો જિણાણં.
હવે થોડા આગળ ચાલીને આપણે પહેલા વિસામે આવ્યા.
પછી થોડા આગળ ચાલીને ધોળી પરબના બીજા વિસામે આવ્યા.
(૨૨) ત્યાં જમણી તરફ ભરત મહારાજાના પગલાંએ નમો સિદ્ધાણં.
હવે થોડા આગળ ચાલીને આપણે ઈચ્છાકુંડ પાસે આવ્યા.
(૨૩) ત્યાંથી થોડુંક ચઢતાં, જમણી બાજુની દેરીમાં આદીશ્વર અને નેમિનાથના પગલાંએ નમો જિણાણં.
(૨૪) બાજુમાં નેમિનાથના ગણધર વરદત્તના પગલાંએ નમો સિદ્ધાણં. હવે થોડા ઉપર ચઢીને આપણે લીલીપરબ પાસે ત્રીજા વિસામે આવ્યા.
(૨૫) ત્યાં બાજુમાં આદિનાથના પગલાએ નમો જિણાણં.
હવે આપણે થોડા ઉપર ચઢીને કુમારકુંડ પાસે આવ્યા.

ત્યાંથી થોડુંક આગળ ચાલીને આપણે હિંગળાજના હડા પાસે આવ્યા. ત્યાં ચઢાણ કઠીન છે. ચઢવામાં ઉત્સાહ વધે એ માટે આ વિષે એક દુહો પ્રચલિત બન્યો છે. તે આ પ્રમાણે–

આવ્યો હિંગળાજનો હડો, કેડે હાથ દઈને ચઢો ।
ફૂટ્યો પાપનો ઘડો, બાંધ્યો પુણ્યનો પડો ॥૧॥

થોડુંક આગળ ચાલીને આપણે પરબની પાસે ચોથા વિસામે આવ્યા.

(૨૬) ત્યાં કલિકુંડ પાર્શ્વનાથના પગલાંએ નમો જિણાણં.
થોડું ચાલીને આપણે છાલા કુંડ અને પરબ પાસે આવ્યા. આ પાંચમો વિસામો છે.

(૨૭) છાલાકુંડની સામે ચાર શાશ્વત જિનનાં પગલાંએ નમો જિણાણં.

(૨૮) થોડું આગળ જતાં કિલ્લેબંધીવાળા ભાગમાં શ્રીપૂજ્યની ટૂકમાં આવેલી દેરીમાં પદ્માવતી દેવીના મસ્તકે રહેલા શ્રી પાર્શ્વપ્રભુને નમો જિણાણં.

(૨૯) અને પદ્માવતીદેવીને પ્રણામ.

(૩૦) બીજી દેરીમાં માણિભદ્રજીને પ્રણામ.

(૩૧) ત્યાં આવેલા કુંડને ફરતી દેરીઓમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથના અને આદિનાથના પગલાંએ નમો જિણાણં.
શ્રી ગૌતમસ્વામીના પગલાંએ નમો સિદ્ધાણં.
(કુંડની ચારે બાજુ એક એમ ચાર દેરીઓ છે. તેમાં અનુક્રમે ગોડીજી પાર્શ્વનાથ, આદિનાથ, ગૌતમસ્વામીના અને ધર્મસૂરીશ્વરજીના પગલાં છે.)
અહીંથી આગળ ચાલીને આપણે ચઢાણ પૂરું થાય છે ત્યાં આવ્યા. ત્યાંથી આગળ જતાં જમણી બાજુ ચોતરા ઉપર

(૩૨) દ્રાવિડ, વારિખિલ્લજી, અઈમુત્તામુનિ અને નારદજીની મૂર્તિને નમો સિદ્ધાણં.
થોડું આગળ ચાલીને આપણે હીરાકુંડ પાસે આવ્યા. ત્યાંથી થોડું આગળ ચાલીને આપણે બાવળકુંડ પાસે આવ્યા. ત્યાંથી જરાક આગળ જતાં જમણી બાજુ

(૩૩) ક્રમશઃ રામ, ભરત, થાવચ્ચાપુત્ર, શુકપરિવ્રાજક અને શેલક આચાર્યની મૂર્તિને નમો સિદ્ધાણં. ત્યાંથી થોડું આગળ જતાં–

(૩૪) સુકોસલ મુનિની મૂર્તિને નમો સિદ્ધાણં.
ત્યાંથી થોડું આગળ જતાં ડાબી બાજુ
(૩૫) નમિ-વિનમિના પગલાંએ નમો સિદ્ધાણં.

થોડું આગળ ચાલીને આપણે વડલાવાળા છઠ્ઠા વિસામા પાસે આવ્યા.

(૩૬) ત્યાં દેરીમાં આદિનાથના પગલાંએ નમો જિણાણં.
(૩૭) બાજુમાં રહેલી હનુમાનજીની મૂર્તિને નમો સિદ્ધાણં.
ત્યાંથી આદિનાથની ટૂક તરફ આપણે ચાલીએ.
થોડું આગળ જતાં જમણી તરફ પર્વતમાં કોતરેલી
(૩૮) જાલિ-મયાલિ-ઉવયાલિની મૂર્તિને નમો સિદ્ધાણં.
ત્યાંથી આગળ ચાલીને આપણે રામપોળ પાસે આવ્યા.
(૩૯) રામપોળમાં પ્રવેશતાં સામે આવેલા પાંચશિખરના મંદિરે નમો જિણાણં.
(૪૦) તેની બાજુમાં આવેલા ત્રણ શિખરના મંદિરે નમો જિણાણં.
હવે આપણે સગાળપોળમાં આવ્યા. પછી વાઘણપોળમાં આવ્યા. પછી વિમલવસહિમાં આવ્યાં.
આમાં પ્રવેશતાં જ બંને બાજુએ લાઈનબંધ મંદિરો દેખાય છે. તેમાં ડાબી બાજુએ સર્વ પ્રથમ શ્રીશાંતિનાથનું મંદિર છે. હવે આપણે
(૪૧) શ્રી શાંતિનાથના મંદિરે સ્તુતિ-ચૈત્યવંદન કરીએ.
હવે બહાર નીકળતાં ડાબી તરફ અનુક્રમે–
(૪૨) ચક્રેશ્વરી, વાઘેશ્વરી અને પદ્માવતી દેવીને પ્રણામ.
હવે આપણે વિમલવસહિના બીજાં મંદિરોને ક્રમશઃ વંદન કરીએ.
અહીં બંને બાજુએ મંદિરોની શ્રેણિ છે.
તેમાં પહેલાં ડાબી બાજુની શ્રેણિનાં મંદિરોને ક્રમશઃ વંદન કરીએ.
(૪૩) નેમિનાથની ચોરીની મંદિરમાં ૧૭૦ જિનપટે નમો જિણાણં.
પછી પુણ્ય-પાપની બારી આવે છે. પછી

(૪૪) શ્રી વિમલનાથના મંદિરે નમો જિણાણં.
(૪૫) શ્રી અજિતનાથના મંદિરે નમો જિણાણં.
(૪૬) શ્રી શ્રીસહસ્રફણા પાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૪૭) શ્રી આરસના મંદિરે નમો જિણાણં.
(૪૮) શ્રી ધર્મનાથના મંદિરે નમો જિણાણં.
(૪૯) શ્રી ચંદ્રપ્રભસ્વામીના મંદિરે નમો જણિાણં.
(૫૦) શ્રી પાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૫૧) શ્રી જગતશેઠના મંદિરે નમો જિણાણં.
(૫૨) શ્રી શાંતિનાથના મંદિરે નમો જિણાણં.
(૫૩) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૫૪) શ્રી કુમારપાળના મંદિરે નમો જિણાણં.

હવે આપણે વિમલવસહિના જમણી બાજુના મંદિરોને વંદન કરીએ.

(૫૫) પંચતીર્થીના મંદિરે નમો જિણાણં. (નરશી કેશવજીનું મંદિર.)
(૫૬) શ્રી પુંડરીકસ્વામીના મંદિરે નમો સિદ્ધાણં.
(૫૭) શ્રી પદ્મપ્રભસ્વામીના મંદિરે નમો જિણાણં.
(૫૮) શ્રી કવડયક્ષના મંદિરે પ્રણામ.
(૫૯) શ્રી મહાવીરસ્વામીના મંદિરે નમો જિણાણં.
(૬૦) શ્રી અમીઝરાપાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૬૧) શ્રી ચંદ્રપ્રભસ્વામીના મંદિરે નમો જિણાણં.
(૬૨) શ્રી સંભવનાથના મંદિરે નમો જિણાણં.
(૬૩) શ્રી સંભવનાથના મંદિરે નમો જિણાણં.
(૬૪) શ્રી પાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૬૫) શ્રી ચંદ્રપ્રભસ્વામીના મંદિરે નમો જિણાણં.
(૬૬) શ્રી સંભવનાથના મંદિરે નમો જિણાણં.
(૬૭) શ્રી અજિતનાથના મંદિરે નમો જિણાણં.

(૬૮) શ્રી પાર્શ્વનાથના મંદિરે નમો જિણાણં.
(૬૯) શ્રી આદિનાથના મંદિરે નમો જિણાણં.
(૭૦) શ્રી ધર્મનાથના મંદિરે નમો જિણાણં.
(૭૧) શ્રી મહાવીર સ્વામીના મંદિરે નમો જિણાણં.
(૭૨) શ્રી ચૌમુખજીના મંદિરે ન. જિ. (આમાં સો થાંભલા છે)
(૭૩) શ્રી પદ્મપ્રભસ્વામીના મંદિરે નમો જિણાણં.
(૭૪) શ્રી ધનેશ્વરસૂરિના મંદિરે મત્થએણ વંદામિ.
(૭૫) શ્રી શ્રેયાંસનાથના મંદિરે નમો જિણાણં.
(૭૬) શ્રી સંભવનાથના મંદિરે નમો જિણાણં.
(૭૭) શ્રી સંભવનાથના મંદિરે નમો જિણાણં.
(૭૮) શ્રી ઋષભદેવના મંદિરે નમો જિણાણં.

છેલ્લું મંદિર દિગંબરોનું છે. હવે આપણે હાથીપોળમાં આવ્યા. પછી આપણે રતનપોળમાં આવ્યા.

રતનપોળમાં પેશતાં જ સામે શ્રી આદિનાથ દાદાનું મંદિર દેખાય છે. હવે આપણે શ્રી આદિનાથ દાદાને નમો જિણાણં કહીને ત્રણ પ્રદક્ષિણા આપીએ. પ્રદક્ષિણામાં આવતાં મંદિરોને વંદના કરતા જઈશું.

## પહેલી પ્રદક્ષિણા

૧. સહસ્રકૂટના મંદિરે નમો જિણાણં.
૨. મૂળ મંદિરના બહારના ગોખલાઓમાં નમો જિણાણં.
૩. રાયણપગલાં વગેરે પગલાંએ નમો જિણાણં
૪. ૧૪૫૨ ગણધર ભગવંતના પગલાંના મંદિરે તીર્થંકરોના પગલાંએ નમો જિણાણં અને ગણધરોના પગલાંએ નમો સિદ્ધાણં.
૫. શ્રી સીમંધરસ્વામીના મંદિરે નમો જિણાણં.
૬. શ્રી આત્મારામજી મહારાજની (શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની) મૂર્તિને મત્થએણ વંદામિ. (આ મૂર્તિ મંદિરની બહાર જમણી બાજુ આરસના ગોખલામાં પંચધાતુની બનેલી છે.)

## બીજી પ્રદક્ષિણા

૧. નવા આદીશ્વરના મંદિરે નમો જિણાણં.
૨. ત્યાં દેરીઓમાં આવેલાં પગલાંએ નમો જિણાણં.
૩. ત્યાં સજોડે આશાધરની અને સમરાશાની સજોડે મૂર્તિને પ્રણામ.
૪. સમવસરણના મંદિરે નમો જિણાણં.
૫. સમ્મેતશિખરના મંદિરે નમો જિણાણં.
૬. શ્રી સીમંધરસ્વામીના મંદિરની ઉપર શ્રી ચૌમુખજીના મંદિરે નમો જિણાણં.
૭. શ્રી સહસ્રફણા પાર્શ્વનાથને નમો જિણાણં.

## ત્રીજી પ્રદક્ષિણા

૧. પાંચ ભાઈઓના મંદિરે નમો જિણાણં.
૨. પુંડરીકસ્વામી મંદિરની બાજુની ભીંતે આવેલા મંદિરે નમો જિણાણં.
૩. બજારિયાના મંદિરે નમો જિણાણં.
૪. વિહરમાનમંદિરે નમો જિણાણં.
૫. અષ્ટાપદમંદિરે નમો જિણાણં અને ગુરુમૂર્તિને મત્થએણ વંદામિ.
૬. નમિ-વિનમિ ભરત-બાહુબલિની મૂર્તિને નમો સિદ્ધાણં.
૭. વિજયશેઠ-વિજયા શેઠાણીની મૂર્તિને પ્રણામ.
૮. ચૌદરતનના મંદિરે નમો જિણાણં.
૯. નવીટૂકમાં નમો જિણાણં.
૧૦. બહાર આવી આગળ જતાં ગોખલામાં તીર્થંકરની ૨૪ માતાને પ્રણામ.
૧૧. ગંધારિયાના દહેરાસરે નમો જિણાણં.
૧૨. પુંડરીક સ્વામીના મંદિરે નમો સિદ્ધાણં.

અહીં ત્રણ પ્રદક્ષિણા પૂર્ણ થઈ. હવે આપણે ક્રમશઃ રાયણ પગલા, શ્રી પુંડરીકસ્વામી અને શ્રી આદિનાથ સમક્ષ ચૈત્યવંદન કરીએ.

## હવે આપણે બાકીની ટૂકોની ભાવયાત્રા કરીએ

**મોતીશાની ટૂક :–** આ ટૂકમાં કુલ ૧૬ મંદિર છે, તેમાં મૂળનાયક શ્રી આદિનાથને નમો જિણાણં. ધર્મનાથને નમો જિણાણં. ચૌમુખજીને નમો જિણાણં. બીજા ચોમુખજીને નમો જિણાણં. શ્રી ઋષભદેવને નમો જિણાણં. ચૌમુખજીને નમો જિણાણં. આદિનાથને નમો જિણાણં. પદ્મપ્રભને નમો જિણાણં. પાર્શ્વનાથને નમો જિણાણં. ગણધર પગલાંએ નમો સિદ્ધાણં. સહસ્રકૂટે નમો જિણાણં. સંભવનાથને નમો જિણાણં. સુપાર્શ્વનાથને નમો જિણાણં. મહાવીર સ્વામીને નમો જિણાણં. અને પુંડરીકસ્વામીને નમો સિદ્ધાણં.

**બાલાભાઈની ટૂક–** હવે આપણે બાલાભાઈની ટૂકમાં આવ્યા. (આ ટૂકમાં કૂલ ૬ મંદિર છે.) તેમાં મૂળનાયક શ્રી આદિનાથને નમો જિણાણં. પુંડરીકસ્વામીને નમો સિદ્ધાણં. ચૌમુખજીને નમો જિણાણં. વાસુપૂજ્યસ્વામીને નમો જિણાણં. અજિતનાથને નમો જિણાણં. શાંતિનાથને નમો જિણાણં. અદબદદાદા શ્રી આદિનાથને નમો જિણાણં.

**પ્રેમચંદ મોદીની ટૂક–** (આ ટૂકમાં કુલ ૭ મંદિર છે.) તેમાં મૂળનાયક શ્રી આદિનાથને નમો જિણાણં. પુંડરીક સ્વામીને નમો સિદ્ધાણં. સહસ્રફણા પાર્શ્વનાથને નમો જિણાણં. બીજા સહસ્રફણા પાર્શ્વનાથને નમો જિણાણં. અજિતનાથને નમો જિણાણં. ચંદ્રપ્રભસ્વામીને નમો જિણાણં. બીજા ચંદ્રપ્રભસ્વામીને નમો જિણાણં.

**હેમાભાઈની ટૂક–** (આ ટૂકમાં કુલ ૭ મંદિરો છે.) મૂળનાયક શ્રી અજિતનાથને નમો જિણાણં. આદિનાથને નમો જિણાણં. શ્રી શ્રેયાંસનાથને નમો જિણાણં. શ્રી નેમિનાથને નમો જિણાણં. શ્રી અજિતનાથને નમો જિણાણં. શ્રી પુંડરીકસ્વામીને નમો સિદ્ધાણં.

**ઉજમફઈની ટૂક–** નંદીશ્વર દ્વીપે નમો જિણાણં. શ્રી કુંથુનાથને નમો જિણાણં. શ્રીશાંતિનાથને નમો જિણાણં. શ્રી ચૌમુખજીને નમો જિણાણં. બીજા ચૌમુખજીને નમો જિણાણં.

**સાકળચંદની ટૂક–** મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથને નમો જિણાણં. શ્રી પુંડરીકસ્વામીને નમો સિદ્ધાણં. શ્રી પદ્મપ્રભસ્વામીને નમો જિણાણં. બીજા પદ્મપ્રભસ્વામીને નમો જિણાણં. પાંચ પાંડવોને નમો સિદ્ધાણં. સહસ્રકૂટે નમો જિણાણં. આરસમાં કોતરેલા ૧૭૦ જિનને નમો જિણાણં.

**છીપાવસહિની ટૂક–** મૂળનાયક શ્રી આદિનાથને નમો જિણાણં. શ્રી શ્રેયાંસનાથને નમો જિણાણં. શ્રી નેમિનાથને નમો જિણાણં. શ્રી અજિતનાથને નમો જિણાણં.

**ચૌમુખજી (સવા-સોમા)ની ટૂક–** મૂળનાયક શ્રી આદિનાથને નમો જિણાણં. પુંડરીકસ્વામીને નમો સિદ્ધાણં. શ્રી શાંતિનાથને નમો જિણાણં. બીજા શાંતિનાથને નમો જિણાણં. શ્રી પાર્શ્વનાથને નમો જિણાણં. શ્રી સીમંધરસ્વામીને નમો જિણાણં. શ્રી અજિતનાથને નમો જિણાણં. શ્રી આદિનાથને નમો જિણાણં. ત્રીજા શ્રી શાંતિનાથને નમો જિણાણં. બીજા શ્રી પાર્શ્વનાથને નમો જિણાણં. રાયણ પગલાએ નમો જિણાણં. અને શ્રી ગણધરના પગલાંએ નમો સિદ્ધાણં.

**ખરતરવસહિની ટૂક–** તેમાં રહેલા શ્રી શાંતિનાથને નમો જિણાણં. શ્રી મરુદેવામાતાને નમો સિદ્ધાણં. ચંદ્રપ્રભસ્વામીને નમો જિણાણં. ધર્મનાથને નમો જિણાણં. કુંથુનાથને નમો જિણાણં. અજિતનાથને નમો જિણાણં. બીજા ચંદ્રપ્રભજિનને નમો જિણાણં. ચૌમુખજીને નમો જિણાણં. સુમતિનાથને નમો જિણાણં. સંભવનાથને નમો જિણાણં. અને આદિનાથને નમો જિણાણં.

**નરશી કેશવજીની ટૂક–** મૂળનાયક શ્રી અભિનંદન સ્વામીને નમો જિણાણં.

આ રીતે આપણે શ્રી સિદ્ધાચલજીની ભાવથી યાત્રા કરી.

હવે આપણે જયણાપૂર્વક તળેટીએ આવ્યા.

**બોલો બોલો શ્રી આદીશ્વર ભગવાનકી જય......**

# શ્રી સિદ્ધગિરિજીનાં પાંચ ચૈત્યવંદનો

શ્રી ગિરિરાજની દરેક યાત્રામાં અનુક્રમે તલાટી, શ્રી શાંતિનાથ સ્વામી, રાયણ પગલાં, શ્રી પુંડરીકસ્વામી અને મૂળનાયક આદિનાથ એ પાંચ સમક્ષ ચૈત્યવંદન કરવું. ચૈત્યવંદનનો વિધિ દરરોજ દહેરાસરમાં કરવામાં આવતા ચૈત્યવંદન મુજબ છે. ચૈત્યવંદન, સ્તવન અને થોય નીચે મુજબ કહેવાં.

## (૧) તળેટીએ બોલવાનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વનવાણું ઋષભદેવ, જિહાં ઠવિયા પ્રભુપાય ૨

સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ,
નાભિરાયા કુલ મંડણો, જિનવર કરું પ્રણામ. ૩

(અહીં બીજું પણ કોઈ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન બોલી શકાય.)

## (૧) તળેટીએ બોલવાનું સ્તવન

વિમલાચલ નિતુ વંદીયે, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરુ-ફલ લેવા. વિ. ૧

ઉજ્જવલ જિનગૃહમંડલી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ-વિભ્રમે, આઈ અંબર-ગંગા. વિ. ૨

"કોઈ અનેરું જગ નહીં, એ તીરથ તોલે;"
એમ શ્રીમુખ હરિ આગલે, શ્રી સીમંધર બોલે. વિ. ૩

જે સઘળાં તીરથ કર્યાં, જાત્રા-ફલ કહીએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શત ગણું ફલ લહીએ. વિ. ૪

જન્મ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુ-જસ-વિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિ. ૫

(અહીં આ સિવાય બીજું પણ કોઈ શ્રીશત્રુંજયનું સ્તવન બોલી શકાય.)

## (૧) તળેટીએ બોલવાની સ્તુતિ

પુંડરીકગિરિ મહિમા આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી લહીએ અવિચળ રિદ્ધ;
પંચમી ગતિ પહોંચ્યા મુનિવર કોડાકોડ,
એણે તીરથ આવી કર્મ વિપાક વિછોડ. ૧

## (૨) શ્રી શાંતિનાથ પ્રભુ સામે બોલવાનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુળ નભોમણિ, ભવિજન સુખ કંદો. ૧

મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિખાણ. ૨

ચાલીશ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

(અહીં બીજું પણ કોઈ શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન બોલી શકાય)

## (૨) શ્રી શાંતિનાથ પ્રભુ સમક્ષ બોલવાનું સ્તવન.

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈણ કલિમેં,
હો જિનજી, તું મેરા મનમેં તું મેરા દિલમેં; ધ્યાન ધરું

પલપલમેં સાહેબજી ! તું મેરા૦ ॥૧॥ ભવમાં ભમતાં મેં દરિસન પાયો, આશા પૂરો એક પલમેં હો જિનજી તું મેરા૦ ॥૨॥ નિર્મલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો જિનજી તું મેરા૦ ॥૩॥ મેરો મન તુમ ઉપર લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી તું મેરા૦ ॥૪॥ જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર દિઠોજી દેવ સકલમેં હો જિનજી તું મેરા૦ ॥૫॥

(અહીં બીજું કોઈ પણ શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન બોલી શકાય.)

## (૨) શાંતિનાથ પ્રભુ સમક્ષ બોલવાની સ્તુતિ.

શાંતિ સુહંકર સાહિબો સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું ભવપાર ઉતારે;
વિચરંતા અવનીતલે તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એક તાનથી તિર્યંચને તારે. ॥૧॥

## (૩) રાયણ પગલાં સમક્ષ બોલવાનું ચૈત્યવંદન

વિમલગિરિવર સયલ અઘહર, ભવિકજન મનરંજનો,
નિજ રૂપ ધારી પાપ ટારી, આદિ જિન મદભંજનો;
જગજીવ તારે ભરમ હારે, સયલ અરિદલગંજનો,
પુંડરીક ગિરિવર શ્રૃંગ શોભે, આદિનાથ નિરંજનો. ૧

અજ અમર અચલ આનંદ રૂપી, જન્મ મરણ વિહંડનો,
સુર અસુર ગાવે ભક્તિભાવે, વિમલગિરિ જગમંડનો,
પુંડરીક ગણધર રામ પાંડવ, આદિ લે બહુ મુનિવરા
જિહાં મુક્તિ રામા વર્યા રંગે, કર્મ કંટક સહુ જરા. ૨

કોઈ તીર્થ જગમાં અન્ય નાંહી, વિમલગિરિ સમ તારકં,
દૂરભવિયા જે અભવિયા, સદા દષ્ટિ નિવારકં
એક ત્રીજે પંચમે ભવ વરે, શિવ દુખવારકં,
યહ આશ ધારી શરણ થારી, આતમા હિતકારકં. ૩

## રાયણ પગલાં સમક્ષ બોલવાનું સ્તવન

નીલુડી રાયણ તરુતલે સુણ સુંદરી,
પીલુડા પ્રભુના પાય રે ગુણ મંજરી,
ઉજ્જ્વલ ધ્યાને ધ્યાઈએ સુણ૦ એહીજ મુક્તિ ઉપાય રે ગુણ૦૧

શીતલ છાયાએ બેસીએ સુણ૦ રાતડો કરી મન રંગ રે ગુણ૦
પૂજીએ સોવન ફૂલડે સુણ૦ જેમ હોય પાવન અંગ રે ગુણ૦૨

ખીર ઝરે જેહ ઉપરે સુણ૦ નેહ ધરીને એહ રે ગુણ૦
ત્રીજે ભવે તે શિવ લહે સુણ૦ થાય નિર્મલ દેહ રે ગુણ૦૩

પ્રીત ધરી પ્રદક્ષિણા, સુણ૦ દિએ એહને જે સાર રે ગુણ૦
અભંગ પ્રીતિ હોય જેહને સુણ૦ ભવ ભવ તુમ આધાર રે ગુણ૦૪

કુસુમ પત્ર ફળ મંજરી સુણ૦ શાખા થડ ને મૂલ રે ગુણ૦
દેવતણા વાસા ય છે સુણ૦ તીરથને અનુકૂળ રે ગુણ૦૫

તીરથ ધ્યાન ધરો મુદા સુણ૦ સેવો એહની છાય રે ગુણ૦
જ્ઞાનવિમલ ગુણ ભાખિયો સુણ૦ શત્રુંજય માહાત્મ્યમાંહી રે ગુણ૦૬

## (૩) રાયણ પગલાં સમક્ષ બોલવાની સ્તુતિ

શ્રી શત્રુંજય આદિજિન આવ્યા, પૂર્વ નવાણું વારજી,
અનંત લાભ ઈહાં જિનવર, જાણી સમોસર્યા નિરધારજી,
વિમલગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલ ઈણે ઠામજી,
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, એકસો ને આઠ ગિરિનામજી ॥૧॥

## (૪) શ્રી પુંડરીકસ્વામી સમક્ષ બોલવાનું ચૈત્યવંદન

આદીશ્વર નિજરાયનો, ગણધર ગુણવંત,
પ્રગટ નામ પુંડરીક જાસ, મહીમાંહે મહંત. ૧

પંચ કોડી સાથે મુણીંદ, અણસણ તિહાં કીધ,
શુક્લ ધ્યાન ધ્યાતા, અમૂલ કેવલ તિહાં લીધ. ૨

ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરીક ગિરિ, નામ દાન સુખકંદ. ૩

## (૪) શ્રી પુંડરીકસ્વામી સમક્ષ બોલવાનું સ્તવન

એક દિન પુંડરીક ગણધરુ રે લાલ, પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે,
કહીએ તે ભવ જલ ઉતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે,
એક૦૧

કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિરવાણ જયકારી રે,
તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે.
એક૦૨

ઈમ નિસુણીને ઈહાં આવીયા રે લાલ, ઘાતી કરમ કર્યા દૂર તમ વારી રે,
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ, હુઆ સિદ્ધિ હજુર ભવ વારી રે.
એક૦૩

ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે,
ફલ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે.
એક૦૪

દશ વીશ ત્રીસ ચાલીશ ભલાં રે લાલ, પચાસ પુષ્પની માળ અતિ સારી રે,
નરભવ લાહો લીજીએ રે લાલ, જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે.
એક૦૫

## (૪) શ્રી પુંડરીકસ્વામી સમક્ષ બોલવાની સ્તુતિ.

પુંડરીક મંડન પાય પ્રણમીજે, આદીશ્વર જિનચંદાજી,
નેમ વિના ત્રેવીસ તીર્થંકર, ગિરિ ચઢીયા આણંદાજી,
આગમમાંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાનજિણંદાજી,
ચૈત્રી પૂનમદિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી ૧

## (૫) મૂળનાયક શ્રી આદિનાથ સમક્ષ બોલવાનું ચૈત્યવંદન

વિમલ કેવળ જ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં,
સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧

વિમલ ગિરિવર શૃંગ મંડન, પ્રવર ગુણગણ ભૂધરં,
સુર અસુર કિન્નર કોડિ સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨

કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિનગુણ મનહરં,
નિર્જરાવલી નમે અહોનિશ, નમો આદિ જિનેશ્વરં. ૩

પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડિ પણ મુનિ મનહરં
શ્રી વિમલગિરિવર શૃંગ સિદ્ધા, નમો આદિ જિનેશ્વરં. ૪

નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડિ નંત એ ગિરિવરં,
મુક્તિરમણી વર્યા રંગે, નમો આદિ જિનેશ્વરં. ૫

પાતાલ નર સુરલોકમાંહી, વિમલગિરિવરતો પરં,
નહીં અધિક તીરથ તીર્થપતિ કહે, નમો આદિ જિનેશ્વરં. ૬

ઈમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડન ધ્યાઈયે.
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઈયે. ૭

જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદ સ્થિત જયકરં,
ગિરિરાજસેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

## (૫) મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ સમક્ષ બોલવાનું સ્તવન

દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો દાદા દરિશન દો, કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચડે પલાણે, કોઈ આવે પગપાળે, દાદાને દરબાર. દાદા૦૧. શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે, હું આવું પગપાળે દાદાને દરબાર. દાદા૦૨. કોઈ મૂકે સોના રૂપાં, કોઈ મૂકે મહોર, કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર. દાદા૦૩. શેઠ મૂકે સોના રૂપાં, રાજા મૂકે મહોર, હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર. દાદા૦૪. કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ, કોઈ માગે ચરણોની સેવા, દાદાને દરબાર. દાદા૦૫ પાંગળો માગે કંચન કાયા, આંધળો માંગે આંખ, હું માગું ચરણોની સેવા, દાદાને દરબાર. દાદા૦૬. હીરવિજય ગુરુ હીરલો ને, વીર-વિજય ગુણ ગાય, શત્રુંજયના દર્શન કરતાં આનંદ અપાર. દાદા૦૭

(અહીં બીજું પણ શ્રી આદિનાથ પ્રભુનું સ્તવન બોલી શકાય)

## (૫) મૂળનાયક શ્રી આદિનાથ સમક્ષ બોલવાની સ્તુતિ.

શત્રુંજય મંડન ઋષભ જિણંદ દયાળ,
મરુદેવા નંદન વંદન કરું ત્રણ કાળ,
એ તીરથ જાણી પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર. ૧

(અહીં બીજી કોઈ પણ શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ બોલી શકાય)

# શત્રુંજયનાં ૨૧ ખમાસમણાં

**સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર,**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર.**
અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર,
ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.
કાર્તિક સુદ પૂનમદિને, દશ કોડિપરિવાર,
દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર.
તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકળ પરિવાર,
આદિ દેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર.
એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,
**'શત્રુંજય'** શુકરાજથી જનક વચન બહુમાન. [1]સિદ્ધાચલ૦-૧

**સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર,**
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર
ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ,
પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ.
તિણે કારણ **'પુંડરીક ગિરિ'** નામ થયું વિખ્યાત,
મન વચન કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત. સિદ્ધાચલ૦-૨

**વીસ કોડિશું પાંડવા, મોક્ષે ગયા ઈણે ઠામ,**
એમ અનંત મુક્તે ગયા, **'સિદ્ધક્ષેત્ર'** તીણે નામ. સિદ્ધાચલ૦-૩

**અડસઠ તીરથ નહાવતાં, અંતરંગ ઘડી એક,**
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક.
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠીન મલધામ,
અચળપદે વિમલા થયા, તિણે **'વિમલાચલ'** નામ. સિદ્ધાચલ૦-૪

---

૧. આ દુહો દરેક ખમાસમણના દુહા બોલ્યા પછી બોલવો. પછી ખમાસમણ દેવું.

**પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય,**
સિદ્ધહુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય.
ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક,
તિણે '**સુરગિરિ**' નામે નમું, જ્યાં સુરવાસ અનેક. સિદ્ધાચલ૦-૫

**એંસી યોજન પૃથુલ છે, ઊંચપણે છવીસ,**
મહિમાએ મોટો ગિરિ, '**મહાગિરિ**' નામ નમીશ. સિદ્ધાચલ૦-૬

**ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક,**
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક.
વિપ્રલોક વિષધર સમા, દુખીયા ભૂતલ માન,
દ્રવ્ય લિંગ કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન,
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ,
પુણ્યની રાશિ વધે ઘણી, તેણે '**પુણ્યરાશિ**' નામ. સિદ્ધાચલ૦-૭

**સંયમધર મુનિવર ઘણા, તપ તપતાં એક ધ્યાન,**
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન.
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર,
નામ નમો તેણે આઠમું, '**શ્રીપદ**' ગિરિ નિરધાર. સિદ્ધાચલ૦-૮

**શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ,**
ઈંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ '**ઈંદ્રપ્રકાશ**'. સિદ્ધાચલ૦-૯

**દશ કોડિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર,**
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર.
તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન,
દેતાં લાભ ઘણો હુવે, '**મહાતીર્થ**' અભિધાન. સિદ્ધાચલ૦-૧૦

**પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,**
શત્રુંજય મહાતમ સુણી, નમો '**શાશ્વતગિરિ**' સંત.સિદ્ધાચલ૦-૧૧

**ગૌ નારી બાલક મુનિ, હત્યા ચાર કરનાર,**
જાત્રા કરતાં કાર્તિકી, ન લહે પાપ લગાર.
જે પરદારા લંપટી, ચોરીના કરનાર,
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર,
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે જાત્રા ઈણે ઠામ,
તપ તપતાં પાતિક હણે, તિણે **'દઢશક્તિ'** નામ. સિદ્ધાચલ૦-૧૨

**ભવ ભય પામી નીકળ્યા,થાવચ્ચાસુત જેહ,**
સહસ મુનિશું શિવ વર્યા **'મુક્તિનિલય'** ગિરિ તેહ. સિદ્ધાચલ૦-૧૩

**ચંદા સૂરજ બેઉ જણા, ઊભા ઈણે ગિરિ શૃંગ,**
વધાવીયો વર્ણન કરીને, **'પુષ્પદંત'** ગિરિ રંગ. સિદ્ધાચલ૦-૧૪

**કર્મ કઠણ ભવજલ તરી, ઈહાં પામ્યા શિવસદ્મ,**
પ્રાણી પ્રદ્મ નિરંજની, વંદો ગિરિ **'મહાપદ્મ'**. સિદ્ધાચલ૦-૧૫

**શિવ વહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર,**
મુનિવર બેઠક ભણી, **'પૃથ્વીપીઠ'** મનોહાર.સિદ્ધાચલ૦-૧૬

**શ્રી 'સુભદ્રગિરિ' નમો, ભદ્ર તે મંગલ રૂપ,**
જલ તરુ રજ ગિરિવરતણી, શિષ ચઢાવે ભૂપ. સિદ્ધિાચલ૦-૧૭

**વિદ્યાધર સુર અપ્સરા, નદી શત્રુંજી વિલાસ,**
કરતા હરતા પાપને, ભજીએ ભવિ **'કૈલાસ'**. સિદ્ધાચલ૦-૧૮

**બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર,**
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર.
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ,
નામે **'કદંબગિરિ'** નમો, તો હોય લીલ વિલાસ. સિદ્ધાચલ૦-૧૯

**પાતાળે જસ મૂળ છે, 'ઉજ્જ્વલ' ગિરિનું સાર,**
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોય સંસાર. સિદ્ધાચલ૦-૨૦

**તન મન ધન સુતવલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ,**
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ.
વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ખટ્ માસ,
તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સઘળી આશ.
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ,
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂર્ત સાચ.
સર્વ **'કામદાયક'** નમો, નામ કરી ઓળખાણ,
શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. સિદ્ધાચલ૦-૨૧

# શ્રી શત્રુંજયનાં ૨૧ ખમાસમણાંના અર્થ

**સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર,**
**મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. (૧)**

સોરઠ દેશની અંદર આવેલા શ્રી સિદ્ધાચલને હું યાદ કરું છું. ચોરાશીલાખ જીવયોનિમાં કિંમતી એવા મનુષ્ય ભવને પામીને શ્રી શત્રુંજયને હજારોવાર વંદન કરું છું. (૧)

**અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર,**
**ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. (૨)**

અંગ એટલે શરીર. વસન એટલે વસ્ત્ર. ભૂમિકા એટલે ભૂમિ-જમીન. પૂજોપગરણ એટલે પૂજાનાં ઉપકરણો-વસ્તુઓ. ન્યાય દ્રવ્ય એટલે નીતિથી મેળવેલું ધન. વિધિશુદ્ધતા એટલે પૂજાવિધિની શુદ્ધિ. જેમ જિનમંદિરમાં પ્રભુ પૂજામાટે સાત શુદ્ધિઓ જોઈએ તેમ અહીં પણ શ્રી શત્રુંજયની પૂજા ને આરાધનામાં આ સાત શુદ્ધિઓ જોઈએ. સહુથી પ્રથમ શરીરની શુદ્ધિ, પછી વસ્ત્રની શુદ્ધિ, પછી મનની પવિત્રતા, પછી ભૂમિની પવિત્રતા ને સ્વચ્છતા, પછી પૂજાનાં ઉપકરણો સારાં ને સ્વચ્છ જોઈએ. અહીં વાપરવા માટેનું દ્રવ્ય ન્યાયથી ઉપાર્જન કરેલું જોઈએ. અને છેલ્લે વિધિની શુદ્ધતા એટલે પૂજા વગેરે વિધિપૂર્વક કરવાનું છે. (૨)

**કાર્તિક સુદ પૂનમદિને, દશ કોડિપરવિાર,**
**દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. (૩)**

કાર્તિકસુદિ પૂનમના દિવસે દશક્રોડ સાધુના પરિવાર સાથે દ્રાવિડ અને વારિખિલ્લ આ તીર્થમાં સિદ્ધ થયા છે. (૩)

**તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકળ પરિવાર,**
**આદિ દેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. (૪)**

તે કારણથી કાર્તિકસુદિ પૂનમના દિવસે સકલસંઘ પરિવાર સાથે આદિદેવ જિનેશ્વરની સન્મુખ રહી બહુવાર એટલે કે ૨૧ કે ૧૦૮ વાર ખમાસમણ આપે છે. (૪)

(અન્ય દિવસોમાં શત્રુંજય યાત્રા ન કરનારા પણ ભવ્ય જીવો કાર્તિક સુદ ૧૫ના દિવસે પાલીતાણા જઈને સાક્ષાત્ શત્રુંજયની યાત્રા કરે છે. પાલીતાણા ન જઈ શકનારા ભવ્ય જીવો તે દિવસે જ્યાં શત્રુંજયનો પટ બંધાયો હોય ત્યાં ચતુર્વિધ સંઘરૂપ સકલપરિવારની સાથે આવે છે, અને પટમાં આલેખેલા શત્રુંજયની સન્મુખ રહીને ચૈત્યવંદન કરીને બહુવાર (=૨૧ કે ૧૦૮) ખમાસમણાં આપે છે.)

**એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,**
**'શત્રુંજય' શુકરાજથી જનક વચન બહુમાન. (૫)**

આ ગિરિરાજના મુખ્ય ને પ્રચલિત ૨૧ નામો છે. તેમાં પહેલું "શત્રુંજય" નામ લીધું છે. શુકરાજાનું રાજ્ય જ્યારે જતું રહ્યું હતું ત્યારે પિતા એવા સાધુ મહારાજને શુકરાજાએ પૂછેલ ત્યારે તેઓએ કહ્યું હતું કે તું છ મહિના સુધી શ્રી શત્રુંજયનું ધ્યાન કર. તે પ્રમાણે છ મહિના સુધી ધ્યાન કરતાં પહેલાં તેનો દ્રવ્યશત્રુ નાસી જાય છે, અને પછી પોતાના ભાવ શત્રુઓ-કર્મો પણ નાશ પામે છે. માટે આ ગિરિરાજનું "શ્રી શત્રુંજય" એવું નામ પાડવામાં આવ્યું. જે શત્રુને જીતે તે શત્રુંજય. (૫)

**સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર,**
**લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર. (૬)**

એક વખત શ્રી આદીશ્વર ભગવાન શ્રી સિદ્ધાચલ પર સમવસર્યા. તે વખતે ભગવાને શ્રી પુંડરીકસ્વામી ગણધરને દેવતા અને મનુષ્યોની સભામાં બધાં તીર્થો કરતાં આ તીર્થનો મહિમા સવા લાખ ગણો મોટો છે તેમ કહ્યું. (૬)

**ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ,**
**પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. (૭)**

**તિણે કારણ 'પુંડરીક ગિરિ' નામ થયું વિખ્યાત,**
**મન વચન કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત. (૮)**

ચૈત્રી પૂનમના દિવસે પાંચ ક્રોડ મુનિઓ સાથે એક મહિનાનું અનશન કરી પુંડરીક સ્વામી મુક્તિનિલયમાં=મોક્ષમાં ગયા છે. માટે આ ગિરિનું બીજું નામ શ્રી પુંડરીક ગિરિ પ્રસિદ્ધ થયું. તેથી તે ગિરિને રોજ સવારે ઊઠીને મન-વચન અને કાયાથી વંદન કરવું. (૭-૮)

**વીસ કોડિશું પાંડવા, મોક્ષે ગયા ઈણે ઠામ,**
**એમ અનંત મુક્તે ગયા, 'સિદ્ધક્ષેત્ર' તીણે નામ. (૯)**

પાંચ પાંડવો વીશ ક્રોડ મુનિઓ સાથે આ સ્થાનમાં મોક્ષે ગયા હતા. એ જ રીતે બીજા પણ અનંતા જીવો અહીં મુક્તિએ ગયા છે. માટે તેનું ત્રીજું નામ સિદ્ધક્ષેત્ર થયું. સિદ્ધોનું ક્ષેત્ર તે સિદ્ધક્ષેત્ર. (૯)

**અડસઠ તીરથ નહાવતાં, અંતરંગ ઘડી એક,**
**તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. (૧૦)**

**ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠીન મલધામ,**
**અચળપદે વિમલ થયા, તિણે 'વિમલાચળ' નામ. (૧૧)**

ચંદ્રશેખર વગેરે ઘણા રાજાઓ આત્મશુદ્ધિ માટે દુનિયામાં કહેવાતાં

અડસઠ તીર્થમાં ફર્યા ને નહાયા છતાં શુદ્ધિ ન થઈ. તેથી આ તીર્થે આવીને તુંબડી જેટલા જલથી સ્નાન કરતાં આત્મામાં વિવેક જાગ્યો. અને એક ઘડી એવી આવી ગઈ કે કર્મના મલને ધોઈ નાંખ્યો, અને અચલ (=શાશ્વત)એવા આ પર્વતપર નિર્મલતા પ્રાપ્ત કરી મોક્ષે ગયા. માટે આ તીર્થનું ચોથું નામ વિમલાચલ થયું. અચલ એટલે પર્વત. વિમલ (=નિર્મલ) કરનારું અચલ તે વિમલાચલ. (૧૦-૧૧)

**પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય,**
**સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. (૧૨)**

જગતના બધાય પર્વતોમાં લાખ યોજનના પ્રમાણવાળો સુરગિરિ=મેરુ પર્વત ઊંચો છે. જેના ઉપર ચારે નિકાયના દેવતાઓ તીર્થંકર પરમાત્માનો જન્માભિષેક કરે છે. પરંતુ ત્યાં કોઈ મોક્ષે જતું નથી. ત્યારે આ શત્રુંજયગિરિ સર્વ કર્મનો નાશ કરનાર બને છે. માટે તેનું પાંચમું નામ સુરગિરિ પડ્યું. જેણે સ્નાન કર્યું છે, અર્થાત્ જે શુદ્ધ થયો છે તે સ્નાતક કહેવાય. સ્નાતકપદ એટલે મોક્ષપદ. શત્રુંજય ઉપર સર્વકર્મનો નાશ કરીને મોક્ષપદમાં સિદ્ધ થાય છે. (૧૨)

**ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક,**
**તિણે સુરગિરિ નામે નમું, જ્યાં સુરવાસ અનેક. (૧૩)**

પાંચ મહાવિદેહ, પાંચ ઐરવત, ચાર ભરત એ ચૌદ ક્ષેત્રોમાં શત્રુંજય સમાન કોઈ તીર્થ નથી. તથા આ તીર્થમાં સુરોના=દેવોના અનેક વાસો છે, અર્થાત્ રાત્રિ આદિના સમયે અનેક દેવો અહીં આવીને પ્રભુભક્તિ કરે છે. તેથી 'સુરગિરિ' નામથી હું આ તીર્થને નમું છું. (૧૩)

**એંસી યોજન પૃથુલ છે, ઊંચપણે છવીસ,**
**મહિમાએ મોટો ગિરિ, 'મહાગિરિ' નામ નમીશ. (૧૪)**

અવસર્પિણીના પ્રારંભમાં એટલે કે પહેલા આરામાં શત્રુંજયગિરિ એંશી યોજનના વિસ્તારવાળો અને ૨૬ યોજન ઊંચાઈવાળો છે. વળી આ

ગિરિ મહિમા=પ્રભાવ વડે મોટો છે. તેથી તેનું છઠ્ઠું નામ મહાગિરિ પડ્યું. તેથી હું તે નામથી નમીશ. (૧૪)

**ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક,**
**જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક. (૧૫)**

મુનિવરો તો વંદનિક છે જ. તેમાંય ગણધર ભગવંતો તો આખાય જગતને વંદનિક-પૂજનિક છે. આ વિમલાચલની ભૂમિમાં ઓછું-વત્તું ચારિત્ર પાળનારો હોય તો પણ તે મુનિ પૂજનીય-વંદનીય-નમનીય છે. (૧૫)

**વિપ્રલોક વિષધર સમા, દુખીયા ભૂતલ માન,**
**દ્રવ્ય લિંગ કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. (૧૬)**

વિપ્ર એટલે બ્રાહ્મણ. બ્રાહ્મણો લોકમાં વિષધર=સર્પ સમાન છે. કારણ કે લોકની પાસેથી ધન વગેરે માગે છે, ન આપે તેને શ્રાપ આપવો વગેરે રીતે હેરાન કરે છે. તથા એ બ્રાહ્મણો માગીને જીવન ચલાવતા હોવાથી તેમને ભૂતલ=પૃથ્વી ઉપર દુ:ખીયા માન=જાણ. ચારિત્રના દ્રવ્ય લિંગને=વેશને ધારણ કરનારા ખેતરમાં નાંખેલા ધાન્ય જેવા છે. પણ સંયમ પાળનાર સાધુઓ તો છીપ જેવા છે. (છીપમાં જેમ મોતી પાકે તેમ તેની ભક્તિ અનંતગણુ ફળ આપે.) આ રીતે સંયમીની મુખ્યતા વર્ણવી. (૧૬)

**શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ,**
**પુણ્યની રાશિ વધે ઘણી, તેણે 'પુણ્યરાશિ' નામ. (૧૭)**

શ્રાવકો દાન દેનારા મેઘ જેવા છે. એટલે તેઓ જેવા પાત્રમાં આપે તેવું ફલ મલે. અન્યતીર્થમાં પુણ્યનું કામ કરતાં જેટલો પુણ્યરાશિ વધે તેના કરતાં શત્રુંજયતીર્થમાં પુણ્યનું કામ કરતાં અધિક પુણ્યરાશિ વધે છે. માટે ગિરિરાજનું સાતમું નામ પુણ્યરાશિ પડ્યું. (૧૭)

**સંયમધર મુનિવર ઘણા, તપ તપતાં એક ધ્યાન,**
**કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. (૧૮)**

આ ગિરિરાજને પામીને સંયમ ધારણ કરનારા ઘણા મુનિવરો ગિરિરાજ પર ગિરિરાજનું એકાગ્રતાપૂર્વક ધ્યાન લગાવીને સારી રીતે તપ તપે છે. અને તે ધ્યાન તથા તપના પ્રભાવે સર્વ કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીના નિધાનને પામે છે. (૧૮)

**લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર,**
**નામ નમો તેણે આઠમું, 'શ્રીપદ' ગિરિ નિરધાર. (૧૯)**

વળી જેઓ જગતમાં લોકોને લડાવવા માટે ખૂબજ પ્રસિદ્ધિ પામ્યા છે, તેવા પણ નારદજી અંતે એકાણું લાખ મુનિઓ સાથે આ ગિરિપર નિર્વાણપદને પામ્યા હતા. તેથી આ ગિરિનું આઠમું નામ શ્રીપદગિરિ પડ્યું. શ્રી એટલે લક્ષ્મી. પદ એટલે સ્થાન. શ્રીપદ એટલે લક્ષ્મીનું સ્થાન. (૧૯)

**શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ,**
**ઈંદ્રની આગે વર્ણવ્યો, તેણે એ 'ઈંદ્રપ્રકાશ'. (૨૦)**

મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયમાં અને પુંડરિકગિણી-નગરીમાં બિરાજમાન શ્રી સીમંધર સ્વામીએ આ ગિરિરાજનો અપાર મહિમા ઈન્દ્રની આગળ પ્રકાશિત કર્યો=વર્ણવ્યો. અને તે જગતમાં પ્રસિદ્ધિ પામ્યો. તે કારણથી આ ગિરિરાજનું નવમું નામ ઈન્દ્રપ્રકાશ થયું. (૨૦)

**દશ કોડિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર,**
**જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. (૨૧)**

**તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન,**
**દેતાં લાભ ઘણો હુવે, 'મહાતીર્થ' અભિધાન. (૨૨)**

કોઈ આત્મા શ્રાવકનાં વ્રતોને ધારણ કરનારા એવા દશકરોડ

શ્રાવકોને જમાડે તેનાં કરતાં જૈનધર્મના તીર્થોની યાત્રા કરે તો તેના લાભનો પાર નથી. અને તેનાં કરતાં શ્રી સિદ્ધાચલની ભૂમિમાં એક મુનિને દાન દેતાં ઘણો લાભ થાય છે. માટે આ તીર્થનું દશમું નામ મહાતીર્થ થયું. (૨૧-૨૨)

**પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,**
**શત્રુંજય મહાતમ સુણી, નમો 'શાશ્વતગિરિ' સંત. (૨૩)**

શ્રી શત્રુંજય માહાત્મ્ય નામના ગ્રંથમાં કહ્યું છે કે આ ગિરિ પ્રાયે શાશ્વત છે. અને અનંતા કાલ સુધી રહેવાનો છે. માટે તેનું અગિયારમું નામ શાશ્વતગિરિ છે. શાશ્વત એટલે સદા રહેનાર.

**ગૌ નારી બાલક મુનિ, હત્યા ચાર કરનાર,**
**જાત્રા કરતાં કાર્તિકી, ન લહે પાપ લગાર. (૨૪)**

આ ગિરિરાજના પ્રભાવે ગાય-સ્ત્રી-બાળક અને મુનિ આ ચારની હત્યા કરનારો પાપી પણ કાર્તિકી પૂનમની યાત્રા કરીને પોતાનાં પાપોનો નાશ કરે છે. (૨૪)

**જે પરદારા લંપટી, ચોરીના કરનાર,**
**દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર. (૨૫)**

**ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે જાત્રા ઈણે ઠામ,**
**તપ તપતાં પાતિક હણે, તિણે 'દૃઢશક્તિ' નામ. (૨૬)**

પરસ્ત્રી ગમન કરવું, ચોરી કરવી, દેવના દ્રવ્યની અને ગુરુના દ્રવ્યની ચોરી કરવી, એ બહુ મોટાં પાપો ગણાય છે. આવાં પાપોને કરનાર આત્મા ચૈત્રી તથા કાર્તિકી પૂર્ણિમાની યાત્રા ભાવપૂર્વક તપવડે કરે તો તેનાં પાપો નાશ પામે છે. પાપને ગાળવાની આવી દૃઢ શક્તિ ગિરિરાજની છે. માટે તેનું બારમું નામ દૃઢશક્તિ થયું. (૨૫-૨૬)

**ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ,**
**સહસ મુનિશું શિવ વર્યા 'મુક્તિનિલય' ગિરિ તેહ. (૨૭)**

થાવચ્ચા સાર્થવાહીના પુત્ર ભવના ભયને પામીને સંસારમાંથી નીકળી દીક્ષા લઈ ગુરુ મહારાજના કહેવાથી હજાર મુનિઓ સાથે આ ગિરિરાજ પર આવીને અનશન કરીને ગિરિના પ્રભાવથી મોક્ષને પામ્યા. માટે આ ગિરિનું તેરમું નામ મુક્તિનિલય ગિરિ થયું. (થાવચ્ચાપુત્રનું સંક્ષિપ્તવર્ણન આ પુસ્તકમાં ૧૦૧મા પેજમાં કરવામાં આવ્યું છે.) (૨૭)

**ચંદા સૂરજ બેઉ જણા, ઊભા ઈણે ગિરિ શૃંગ,**
**વધાવીયો વર્ણન કરીને, 'પુષ્પદંત' ગિરિ રંગ. (૨૮)**

ચંદ્ર અને સૂર્ય સાક્ષાત્ આ ગિરિનાં દર્શને આવે છે, અને ત્યાં આકાશમાં રહી ઊભા ઊભા વર્ણન=સ્તુતિ કરે છે, અને પુષ્પોવડે વધાવે છે. માટે આ ગિરિનું ચૌદમું નામ પુષ્પદંત થયું (પુષ્પદંત એ સૂર્ય ચંદ્રનું એક નામ છે.) (૨૮)

**કર્મ કઠણ ભવજલ તરી, ઈહાં પામ્યા શિવસદ્મ,**
**પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ 'મહાપદ્મ'.(૨૯)**

આ તીર્થમાં કઠીન કર્મવાળા પણ જીવો ભવરૂપ જલને તરીને મોક્ષને પામ્યા છે. શિવસદ્મ એટલે મોક્ષનું ઘર. જેવી રીતે પદ્મ જલમાં રહેવા છતાં જલથી નિરંજની=અલિપ્ત રહે છે તેવી રીતે આ ક્ષેત્રમાં ભવ્ય જીવો રાગરૂપી જલથી અલિપ્ત રહે છે. માટે તમે આ ગિરિને મહાપદ્મગિરિ તરીકે ઓળખો. આ તેનું પંદરમું નામ છે. (૨૯)

**શિવ વહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર,**
**મુનિવર બેઠક ભણી, 'પૃથ્વીપીઠ' મનોહાર. (૩૦)**

કવિની એક સુંદર કલ્પના છે કે આત્માને લાગેલાં કર્મોનો નાશ કરી મોક્ષરૂપી સ્ત્રીને પરણવી હોય તો મંડપ-બેઠક વગેરે બધુંજ જોઈએ. તો જ ત્યાં બેસીને મોક્ષે જનાર વરરાજા મોક્ષરૂપી સ્ત્રીને પરણે છે. આથી

જ કહે છે કે શિવ-વહુના વિવાહના મહોત્સવમાં આ ગિરિરાજરૂપી મંડપમાં વરરાજારૂપી મુનિવર ધ્યાનમાં બેઠા છે ને મોક્ષે ગયા છે. તેથી આ ગિરિરાજનું સોળમું પૃથ્વીપીઠ એવું નામ થયું. (૩૦)

**શ્રી 'સુભદ્રગિરિ' નમો, ભદ્ર તે મંગલ રૂપ,**
**જલતરુ રજ ગિરિવરતણી, શિષ ચઢાવે ભૂપ. (૩૧)**

આ ગિરિરાજ પવિત્ર છે. અરે ! તેનું પાણી, તેનાં વૃક્ષો તેની રજકણ વગેરે બધું જ પવિત્ર છે. તેથી તે ભદ્ર અને મંગલ (કલ્યાણ) રૂપ છે. તેથી જ તેની રજને રાજાઓ મસ્તકે ચઢાવે છે. તેથી તેનું સત્તરમું નામ શ્રી સુભદ્રગિરિ પડ્યું. જે અતિશય ભદ્રને (=શુભને) કરે તે સુભદ્ર. (૩૧)

**વિદ્યાધર સુર અપ્સરા, નદી શત્રુંજી વિલાસ,**
**કરતા હરતા પાપને, ભજીએ ભવિ 'કૈલાસ'. (૩૨)**

આ ગિરિરાજને સ્પર્શ કરીને વહેતી શ્રી શત્રુંજય નદી પણ પ્રાણીઓનાં પાપને દૂર કરવાના પ્રભાવવાળી છે. તેથી વિદ્યાધરો, દેવતાઓ અને અપ્સરાઓ આ નદીમાં આવીને પાપનો નાશ કરવા માટે વિલાસ કરે છે, આનંદ-પ્રમોદ કરે છે. તેમ કરતાં તેઓ પોતાનાં પાપને હરણ (દૂર) કરે છે. તેથી આ ગિરિનું અઢારમું નામ કૈલાસગિરિ પાડવામાં આવ્યું છે.

જૈનેતરો કૈલાસ પર્વતને પાપ હરનાર માને છે. જે પાપને હરે તે કૈલાસ. ખરેખર તો શત્રુંજય પર્વત પાપને હરે છે. માટે આ ગિરિનું 'કૈલાસ' એવું નામ છે. (૩૨)

**બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર,**
**તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. (૩૩)**

**પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ,**
**નામે 'કદંબગિરિ' નમો, તો હોય લીલ વિલાસ. (૩૪)**

દરેક ચોવીશીમાં ચોવીશ તીર્થંકરો થાય છે. તેમ ભૂતકાળમાં ગઈ ચોવીશીમાં નિર્વાણી નામના બીજા તીર્થંકરના કદંબ નામના ગણધર હતા. તે ગણધરે પ્રભુને પોતાનું મુક્તિ પામવાનું સ્થાન પૂછ્યું ત્યારે તેમને શ્રી શત્રુંજયનું સ્થાન બતાવ્યું. તેથી તેઓએ આ ગિરિવર પર આવીને અનશન કરી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવ્યો. તેથી તેનું ઓગણીશમું નામ કદંબગિરિ થયું. જો આ રીતે આરાધના કરવામાં આવે તો બાહ્ય અને અભ્યંતર એમ બન્ને રીતે લીલ-વિલાસ=આનંદ મંગલ થાય. (૩૩-૩૪)

**પાતાળે જસ મૂળ છે, 'ઉજ્જ્વલ' ગિરિનું સાર,**
**ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોય સંસાર.(૩૫)**

આ ગિરિરાજનું મૂળ પાતાલમાં ઘણું ઊંડું છે. આ ગિરિને ત્રિકરણયોગે એટલે મન વચન અને કાયાના સુંદર યોગોથી વંદન કરવામાં આવે તો પ્રાણીઓનો સંસાર અલ્પ થઈ જાય, અને તેનો આત્મા ઉજ્જ્વલ બને. માટે આ ગિરિનું વીશમું નામ ઉજ્જ્વલગિરિ પડ્યું છે. (૩૫)

**તન મન ધન સુતવલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ,**
**જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ. (૩૬)**

ભવ્ય પ્રાણીઓને શરીરના સુખની ઈચ્છા હોય, મનના સુખની ઈચ્છા હોય, ધનની ઈચ્છા હોય, પુત્રની ઈચ્છા હોય, પત્નીની ઈચ્છા હોય, સ્વર્ગના સુખની ઈચ્છા હોય કે પછી સાંસારિક ભોગોની ઈચ્છા હોય અથવા બીજી કોઈ પણ ઇચ્છા હોય તે બધી ઈચ્છા આ ગિરિરાજના સેવનથી ફળે છે. અરે ! આ ગિરિના પ્રતાપે મોક્ષ લક્ષ્મીનો સંયોગ પણ થઈ જાય છે. (૩૬)

**વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ખટ્ માસ,**
**તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સઘળી આશ. (૩૭)**

પરમેષ્ઠી (=ઉચ્ચપદે રહેલા) એવા વિમલાચલગિરિનું જો કોઈ

આત્મા સતત (સળંગ) છ મહિના સુધી ધ્યાન ધરે તો તે આત્મામાં અપૂર્વ તેજ વિસ્તરે છે, અને તેની બધી આશાઓ પૂર્ણ થાય છે. (૩૭)

**ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ,**
**ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂર્ત સાચ. (૩૮)**

શાસ્ત્રમાં એવું વચન છે કે આ ગિરિરાજની આરાધના કરતાં પ્રાયે ત્રીજે ભવે મોક્ષ મલે છે. પણ કદાચ કોઈ આત્મા અપૂર્વ ઉલ્લાસથી ઉત્કૃષ્ટ પરિણામમાં આવી જાય તો બે ઘડીમાં પણ તેને સાચે જ મોક્ષ મલે. (૩૮)

**સર્વ 'કામદાયક' નમો, નામ કરી ઓળખાણ,**
**શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. (૩૯)**

માટે આ ગિરિની સર્વકામદાયક એ એકવીશમા નામથી ઓળખાણ કરાવી. માટે તેને નમો (= નમસ્કાર થાઓ). સર્વકામદાયક એટલે સર્વ ઈચ્છાઓને આપનાર=પૂરનાર. આ ગિરિને નમતાં આપણાં કરોડો કલ્યાણો થાય એમ વીરપ્રભુ જણાવે છે. દુહાના રચયિતા વીર વિજયજી મહારાજ પણ એમ જણાવે છે. તેઓ પોતાના નામની આગળ શુભ શબ્દ લગાડે છે. (૩૯)

# શ્રી શત્રુંજય લઘુકલ્પ

**અઈમુત્તા કેવલિણા, કહિઅં સેત્તુંજ તિત્થમાહપ્પં ।**
**નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ ॥૧॥**

હે ભવ્ય જીવો ! અઈમુત્તા (અતિમુક્ત) કેવળીએ નારદમુનિની પાસે શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય કહ્યું છે, તે હું તમને કહું છું, તેને તમે ભાવથી સાંભળો. ૧.

**સેત્તુંજે પુંડરિઓ, સિદ્ધો મુણિકોડીપંચસંજુત્તો ।**
**ચિત્તસ્સ પુણ્ણિમાએ, સો ભણ્ણઈ તેણ પુંડરિઓ. ॥૨॥**

એ શત્રુંજય તીર્થે પુંડરીક ગણધર પાંચ કરોડ મુનિની સાથે ચૈત્ર સુદી પૂનમે સિદ્ધિપદને વર્યા છે, તેથી તે પુંડરિકગિરિ કહેવાય છે. ૨.

**નમિવિનમિ રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણં ।**
**તહ દવિડ-વાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડીઓ ॥૩॥**

નમિ-વિનમિ એ બે વિદ્યાધર રાજાઓ બે કરોડ સાધુ સાથે (ફાગણ સુદી દશમે) ત્યાં સિદ્ધિપદને પામ્યા છે, તેમ જ દ્રાવિડ ને વારિખિલ્લ દશ કરોડ મુનિની સાથે (કાર્તિક સુદી પૂનમે) નિવૃત્ત થયા છે-મોક્ષે ગયા છે. ૩.

**પજ્જુન્ન સંબ પમુહા, અદ્ધુટ્ઠાઓ કુમારકોડીઓ ।**
**તહ પંડવા વિ પંચ ય, સિદ્ધિગયા નારયરિસી ય. ॥૪॥**

શાંબ ને પ્રદ્યમ્ન (કૃષ્ણપુત્ર) વિગેરે સાડા ત્રણ કરોડ કુમારો (ફાગણ સુદી તેરશે ભાડવા ડુંગરે) સિદ્ધિપદને પામ્યા છે, અને પાંચ પાંડવો વીશ કરોડ મુનિ સાથે (આસો સુદી પૂનમે) સિદ્ધિપદને પામ્યા છે, તેમજ નારદમુનિ (એકાણું લાખની સાથે) સિદ્ધિપદને પામ્યા છે. ૪.

**થાવચ્ચા-સુય-સેલગા ય, મુણિણો વિ તહ રામમુણી ।**
**ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તુંજે. ॥૫॥**

થાવચ્ચાપુત્ર (એક હજાર સાથે), શુક પરિવ્રાજકમુનિ (એક હજાર સાથે), સેલગમુનિ (પાંચસો મુનિ સાથે) અને દશરથ રાજાના પુત્ર રામચંદ્ર ને ભરત (ત્રણ કરોડ મુનિની સાથે) શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તેમને હું વંદના કરું છું. ૫.

**અન્નેવિ ખવિયમોહા, ઉસભાઈ વિસાલવંસસંભૂઆ ।**
**જે સિદ્ધા સેત્તુંજે, તં નમહ મુણી અસંખિજ્જા. ॥૬॥**

બીજા પણ ઋષભાદિક વિશાળવંશમાં ઉત્પન્ન થયેલા અને જેમણે મોહને ખપાવ્યો છે એવા અસંખ્યાતા જે જે મુનિઓ શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે, તેમને હે ભવ્યજીવો ! તમે નમસ્કાર કરો. ૬.

**પન્નાસ જોયણાઈ, આસી સેત્તુંજ વિત્થડો મૂલે ।**
**દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અટ્ઠ. ॥૭॥**

આ શત્રુંજય પર્વતનો મૂળમાં વિસ્તાર પચાસ યોજનનો હતો, અને શિખરતળે વિસ્તાર દશ યોજનનો હતો, ઊંચાઈ આઠ યોજન હતી. ૭.

**જં લહઈ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ ।**
**તં લહઈ પયત્તેણં, સેત્તુંજ ગિરિમ્મિ નિવસંતે. ॥૮॥**

જેટલું ફળ અન્ય તીર્થોમાં ઉગ્ર તપ તપવાથી અને શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાથી પ્રયત્ન વડે પામી શકીએ, તેટલું ફળ શત્રુંજય ગિરિમાં માત્ર રહેવાથી (અલ્પપ્રયત્ને) પામી શકીએ. ૮.

**જં કોડીએ પુન્નં, કામિયઆહારભોઈઆ જે ઉ ।**
**તં લહઈ તત્થ પુન્નં, એગોવવાસેણ સેત્તુંજે. ॥૯॥**

જેટલું પુન્ય અન્ય તીર્થે કરોડ મનુષ્યને વાંછિત આહાર આપવાથી (જમાડવાથી) થાય, તેટલું પુન્ય શત્રુંજયે એક ઉપવાસ કરવાથી થાય. ૯.

**જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ ।**
**તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે. ॥૧૦॥**

આ પુંડરીકગિરિને વાંદવાથી જે કોઈ નામમાત્ર તીર્થ સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં છે તે સર્વ તીર્થના દર્શનનું= તેની યાત્રા કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૧૦.

**પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે ।**
**કોડિગુણં ચ અદિટ્ઠે દિટ્ઠે, અણંતયં હોઈ. ॥૧૧॥**

શત્રુંજય સામે જતાં શત્રુંજય દીઠો હોય અથવા દીઠો ન હોય પણ સંઘની ભક્તિ કરતાં ને મુનિને પડિલાભતાં અત્યંત ફળ પ્રાપ્ત થાય છે. અન્યત્ર તેવી ભક્તિ કરવાથી જે ફળ સામાન્યે થાય તે કરતાં કરોડગણું ફળ શત્રુંજય દીઠા વિના પણ ભક્તિ કરવાથી થાય, અને શત્રુંજય દીઠા પછી ભક્તિ કરવાથી તો અનંતગણું ફળ થાય છે. ૧૧.

**કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં ।**
**પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ. ॥૧૨॥**

જે જે તીર્થે મુનિઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, અને મુનિઓ નિર્વાણ પામ્યા છે, તે સર્વ તીર્થની વંદના એક પુંડરીક તીર્થને વંદના કરવાથી થાય છે. ૧૨.

**અટ્ઠાવય-સંમેએ, પાવા-ચંપાઈ ઉજ્જિંતનગે ય ।**
**વંદિત્તા પુન્નફલં, સયગુણં તંપિ પુંડરિએ. ॥૧૩॥**

અષ્ટાપદ (ઋષભદેવની નિર્વાણભૂમિ), સમેતશિખર (વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ), પાવાપુરી (વીર ભગવંતની નિર્વાણભૂમિ) ચંપાપુરી (વાસુપૂજ્ય સ્વામીની નિર્વાણભૂમિ) અને ગિરનાર પર્વત (નેમિનાથની નિર્વાણભૂમિ) એ સર્વ તીર્થને વંદન કરતાં જે પુન્ય ફળ પ્રાપ્ત થાય, તે કરતાં સોગણું ફળ એકલા પુંડરિકગિરિને વંદન કરતાં થાય છે. ૧૩.

**પૂઆકરણે પુન્નં, એગગુણં સયગુણં ચ પડિમાએ ।**
**જિણભવણેણ સહસ્સં, ણંતગુણં પાલણે હોઈ. ॥૧૪॥**

શત્રુંજય ઉપર પૂજા કરવાથી એકગણું પુન્ય, ત્યાં પ્રતિમા પધરાવવાથી સોગણું પુન્ય, જિન પ્રાસાદ (જિનમંદિર) કરાવવાથી હજારગણું પુન્ય અને તે તીર્થનું પાલન-રક્ષણ કરવાથી અનંતગણું પુન્ય થાય છે. ૧૪

**પડિમં ચેઈહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ કુણઈ ।**
**ભુત્તૂણ ભરહવાસં, વસઈ સગ્ગે નિરુવસગ્ગે. ॥૧૫॥**

શત્રુંજય ગિરિ ઉપર પ્રતિમા ભરાવે અથવા ચૈત્યઘર (જિન-મંદિર) કરાવે તે આખા ભરત ક્ષેત્રને (ચક્રવર્તીપણે) ભોગવીને ઉપસર્ગરહિત એવા સ્વર્ગમાં અથવા મોક્ષમાં વસે છે. ૧૫.

**નવકારસહિઅ પોરિસીએ, પુરિમડ્ઢેગાસણં ચ આયામં ।**
**પુંડરિયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તટ્ઠં ॥૧૬॥**

**છટ્ઠટ્ઠમદસમદુવાલસાણં, માસદ્ધમાસખમણાણં ।**
**તિગરણસુદ્ધો લહઈ, સિત્તુંજં સંભરંતો અ. ॥૧૭॥**

પુંડરિકગિરિનું સ્મરણ (ધ્યાન) કરતો છતો ફળનો ઈચ્છુક જે પ્રાણી નવકારસી, પોરિસી, પુરિમઢ્ઢ, એકાસણું, આયંબિલ અને ઉપવાસ કરે છે તેને ત્રિકણશુદ્ધે શત્રુંજયને સંભારવાથી અનુક્રમે, છઠ, અઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, અર્ધમાસ અને માસખમણ કરવા જેટલું ફળ પ્રાપ્ત થાય છે, અર્થાત્ નવકારસીવાળાને છઠ કર્યાનું ફળ મળે છે, પોરિસીવાળાને અઠમ જેટલું, પુરિમઢ્ઢવાળાને ચાર ઉપવાસ જેટલું, એકાસણાવાળાને પાંચ ઉપવાસ જેટલું, આયંબિલવાળાને અર્ધમાસખમણ (૧૫ ઉપવાસ) જેટલું, અને ઉપવાસવાળાને માસખમણ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. ૧૬-૧૭

**છટ્ઠેણં ભત્તેણં, અપાણએણં તુ સત્ત જત્તાઈ ।**
**જો કુણઈ સેત્તુંજે, તઈયભવે લહઈ સો મુક્ખં. ॥૧૮॥**

પાણી વિનાનો (ચોવિહાર) છઠ્ઠ કરીને જે પ્રાણી શત્રુંજયની સાત યાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષ પામે છે. ૧૮.

**અજ્જવિ દીસઈ લોએ, ભત્તં ચઈઊણ પુંડરીયનગે ।**
**સગ્ગે સુહેણ વચ્ચઈ, સીલવિહૂણો વિ હોઊણં ॥૧૯॥**

આજે પણ લોકોમાં દેખાય છે કે, જે પ્રાણી ભાત પાણીનો ત્યાગ કરી પુંડરીકગિરિ ઉપર અનશન કરે છે, તે સદાચાર રહિત હોય તો પણ સુખે સુખે સ્વર્ગમાં જાય છે. ૧૯.

**છત્તં જયં પડાગં, ચામરભિંગાણ થાલદાણેણ ।**
**વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઈ રહદાણા. ॥૨૦॥**

છત્ર, ધ્વજા, પતાકા, ચામર, કળશ અને થાળના દાન વડે કરીને એટલે કે તેટલી વસ્તુ શત્રુંજયે મૂકવાથી પ્રાણી વિદ્યાધર થાય છે, અને રથનું દાન કરવાથી= રથ કરાવીને મૂકવાથી ચક્રવર્તી થાય છે. ૨૦.

**દસ વીસ તીસ ચત્તાલ-પન્નાસા પુપ્ફદામદાણેણ ।**
**લહઈ ચઉત્થછટ્ઠટ્ઠમદસમ દુવાલસ ફલાઈ ॥૨૧॥**

દશ, વીશ, ત્રીસ, ચાળીશ અને પચાસ પુષ્પમાળાના દાનથી એટલે કે તેટલી માળાઓ ચડાવવાથી એક, બે ત્રણ, ચાર અને પાંચ ઉપવાસનું ક્રમશઃ ફળ મળે છે. ૨૧.

**ધૂવે પક્ખુવવાસો, માસક્ખમણં કપૂરધૂવમ્મિ ।**
**કિત્તિયમાસક્ખમણં સાહુપડિલાભિએ લહઈ. ॥૨૨॥**

શત્રુંજય ઉપર કૃષ્ણાગરુ વિગેરેનો ઉત્તમ ધૂપ કરવાથી પક્ષ (૧૫) ઉપવાસનું, બરાસનો ધૂપ કરવાથી માસખમણનું, અને સાધુને પડિલાભવાથી કેટલાએ માસખમણનું પુન્ય થાય છે. ૨૨.

**નવિ તં સુવન્નભૂમિ-ભૂસણદાણેણ અન્નતિત્થેસુ ।**
**જં પાવઈ પુન્નફલં, પૂઆ ન્હવણેણ સિત્તુંજે. ॥૨૩॥**

શત્રુંજય ઉપર માત્ર પૂજા અને ન્હવણ (=અભિષેક) કરવાથી જે પુન્યફળ થાય છે તેટલું પુણ્યફળ અન્ય તીર્થોએ સુવર્ણ, ભૂમિ અને આભૂષણોનું દાન કરવાથી પણ થતું નથી. ૨૩.

**કંતાર-ચોર-સાવય-સમુદ્દ-દારિદ્દ-રોગ-રિઉ-રુદ્દા ।**
**મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરંતિ મણે. ॥૨૪॥**

જે પ્રાણી શત્રુંજય તીર્થને મનમાં ધારણ કરે છે=તેનું ધ્યાન કરે છે તેના વિઘ્ન વિના અટવી, ચોર, શ્વાપદ (=સિંહ, વાઘ વિગેરે જનાવરો), સમુદ્ર, દરિદ્રતા, રોગ, રિપુ અને અગ્નિ વિગેરેના ઉપદ્રવો નાશ પામે છે. ૨૪.

**સારાવલી પયન્નગ-ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ ।**
**જો પઢઈ ગુણઈ નિસુણઈ સો લહઈ સિત્તુંજજત્તફલં. ॥૨૪॥**

સારાવલી પયન્નામાં રહેલી અને શ્રુતધર મહારાજાએ કહેલી આ ગાથાઓને જે ભણે, ગુણે અને સાંભળે તે શત્રુંજયની જાત્રાનું ફળ પામે છે.૨૫.

ઈતિશ્રી શત્રુંજય લઘુકલ્પ ભાષાંતર સંપૂર્ણ.

# श्री शत्रुंजय महातीर्थकल्प

सुअधम्मकित्तिअं तं, तित्थं देविंदवंदिअं थुणिमो ।
पाहुडए विज्जाणं, देसिअमिगवीस नामं जं ॥ १ ॥

विमलगिरि मुत्तिनिलओ, सत्तुंज सिद्धखित्त पुंडरिओ ।
सिरि सिद्धसेहरो सिद्ध, पव्वओ सिद्धराओ अ ॥ २ ॥

बाहुबली मरुदेवो, भगीरहो सहसपत्त सयपत्तो ।
कूडसयो अट्ठुतरो, नगाहिराओ सहसकमलो ॥ ३ ॥

ढंको कोडिनिवासो, लोहिच्चो तालझओ कयंबुत्ति ।
सुरनरमुणिकयनामो, सो विमलगिरी जयउ तित्थं ॥ ४ ॥

શ્રુત સિદ્ધાંતમાં વર્ણવેલ, દેવેંદ્રોથી વંદાયેલા અને વિદ્યાપ્રાભૃત નામના પૂર્વમાં જેનાં ૨૧ નામો કહ્યાં છે તે (પવિત્ર) તીર્થરાજની અમે સ્તવના કરીએ છીએ. ૧.

૧ વિમલગિરિ, ૨ મુક્તિનિલય, ૩ શત્રુંજય, ૪ સિદ્ધક્ષેત્ર, ૫ પુંડરીકગિરિ, ૬ શ્રી સિદ્ધશેખર, ૭ શ્રી સિદ્ધગિરિ, અને ૮ શ્રી સિદ્ધરાજ. ૨.

૯ બાહુબલી, ૧૦ મરુદેવ, ૧૧ ભગીરથ, ૧૨ સહસ્રપત્ર, ૧૩ શતપત્ર, ૧૪ અષ્ટોત્તર શતકૂટ, ૧૫ નગાધિરાજ, ૧૬ સહસ્રકમલ. ૩.

૧૭ ઢંક, ૧૮ કોડિનિવાસ, ૧૯ લોહિત્ય, ૨૦ તાલધ્વજ અને ૨૧ કદંબગિરિ-એ જેનાં ૨૧ નામો દેવો, મનુષ્યો અને મુનિઓએ સ્થાપ્યા છે તે શ્રી વિમલગિરિતીર્થ જયવંત વર્તો. ૪

रयणायर विवरोसहि, रसकुवजुआ सदेवया जत्थ ।
ढंकाई पंचकूडा, सो विमलगिरी जयउ तित्थं ॥ ५ ॥

જેનાં ઢંક વગેરે પાંચ શિખરો દેવતાધિષ્ઠિત છે, અને રત્નની ખાણો, ગુફાઓ, ઔષધીઓ અને રસકુંપિકાઓથી યુક્ત છે તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૫.

जो अरयछ्गंमि असी, सत्तरि सट्ठी पन्नासबारजोअणए ।
सग रयणि वित्थिन्नो, सो विमलगिरी जयउ तित्थं ॥ ६ ॥

जो अट्ठजोयणुच्चो, पन्ना दस जोयणे अ मूलुवरिं ।
वित्थिन्नो रिसहजिणे, सो विमलगिरी जयउ तित्थं ॥ ७ ॥

जहिं रिसहसेणपमुहा, असंखतित्थंकरा समोसरिआ ।
सिद्धा अ सिद्धसेले, सो विमलगिरी जयउ तित्थं ॥ ८ ॥

तह पउमनाहपमुहा, समोसरिस्संति जत्थ भाविजिणा ।
तं सिद्धखित्त नामं, सो विमलगिरी जयउ तित्थं ॥ ९ ॥

सिरिनेमिनाहवज्जा, जत्थ जिणा रिसहपमुह वीरंता ।
तेवीस समोसरिआ, सो विमलगिरी जयउ तित्थं ॥ १० ॥

જે પહેલા આરાથી માંડી છઠ્ઠા આરા સુધીમાં અનુક્રમે ઘટતો ૮૦, ૭૦, ૬૦, ૫૦, ૧૨ યોજન અને ૭ હાથના વિસ્તારવાળો કહ્યો છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૬.

જે શ્રી ઋષભદેવ ભગવાનના વારે આઠ યોજન ઊંચો, ૫૦ યોજન મૂળમાં અને ૧૦ યોજન ઉપર ભાગે વિસ્તીર્ણ હતો તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૭.

જ્યાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસર્યા છે અને શ્રી સિદ્ધશૈલ ઉપર સિદ્ધ થયેલ છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૮.

તેમજ પદ્મનાભ વગેરે ભાવિ તીર્થંકરો જ્યાં આવી સમવસરશે જેથી તેનું સિદ્ધક્ષેત્ર નામ પ્રસિદ્ધ છે એવા શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૯.

વળી જ્યાં શ્રી નેમિનાથ ભગવાન વિના ઋષભદેવથી માંડી વર્ધમાન સ્વામી પર્યંત ૨૩ તીર્થંકરો સમવસર્યા છે, તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૦

मणिरूप कणय पडिमं, जत्थ रिसह चेइअं भरहविहिअं ।
स दुवीसजिणाययणं, सो विमलगिरी जयउ तित्थं ॥ ११ ॥

बाहुबलिणा उ रम्मं, सिरि मरुदेवाइ कारिअं भवणं ।
जत्थ समोसरणजुअं, सो विमलगिरी जयउ तित्थं ॥ १२ ॥

ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढमचक्किपढमसुओ। ।
पढमजिणस्स य पढमो, गणहारी जत्थ पुंडरिओ ॥ १३ ॥

चित्तस्स पुन्निमाए, समणाणं पंचकोडि परियरिओ ।
निम्मलजसपुंडरिअं, सो विमलगिरी जयउ तित्थं ॥ १४ ॥

नमि विनमी खयरिंदा, सह मुणिकोडीहिं दोहिं संजाया ।
जहिं सिद्धसेहरा सइ, सो विमलगिरी जयउ तित्थं ॥ १५ ॥

જ્યાં ભરત ચક્રવર્તીએ કરાવેલું ૨૨ જિનાલય સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય મણિમય, સુવર્ણમય, અને રૂપામય પ્રતિમાઓથી અલંકૃત છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૧૧.

વળી જ્યાં બાહુબલિજીએ શ્રી મરુદેવા માતાનું મંદિર રમણીય અને સમવસરણ યુક્ત કરાવેલું છે તે શ્રી વિમલગિરિરાજ જયવંત વર્તો. ૧૨.

આ અવસર્પિણી કાળમાં જ્યાં સહુથી પ્રથમ ભરત ચક્રવર્તીના પહેલા પુત્ર અને પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર મહારાજ શ્રી પુંડરીકસ્વામી સિદ્ધિપદને પામ્યા છે. ૧૩.

ચૈત્રી પૂર્ણિમાએ પાંચ ક્રોડ મુનિઓથી પરિવરેલા પુંડરીક સ્વામી જ્યાં નિર્મળ મોક્ષપદને પામ્યા છે, નિર્મલયશના કારણે શ્વેત કમળ જેવું તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૪.

નમિ અને વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિ સંઘાતે જ્યાં સિદ્ધિપદને વર્યા છે તે વિમલગિરિરાજ તીર્થ સદા જયવંત વર્તો. ૧૫.

सव्वट्ठसिद्ध पत्थड- अंतरिया पन्नकोडिलक्खुदही ।
सेढीहिं असंखाहिं, चउदस लक्खाइ संखाहिं ॥ १६ ॥

जत्थाइच्चजसाई, सगरंता रिसहवंसज नरिंदा ।
सिद्धिं गया असंखा, सो विमलगिरी जयउ तित्थं ॥ १७ ॥

वासासु चउम्मासं, जत्थ ठिआ अजिअसंतिजिणनाहो ।
बिअ सोल धम्मचक्की, सो विमलगिरी जयउ तित्थं ॥ १८ ॥

दसकोडिसाहुसहिआ,जत्थ दविडवारिखिल्लपमुहनिवा ।
सिद्धा नगाहिराए, जयउ तयं पुंडरियं तित्थं ॥ १९ ॥

जहिं रामाइ तिकोडी, इग नवई नारयाइ मुणि लक्खा ।
जायाओ सिद्धराया, सो विमलगिरी जयउ तित्थं ॥ २० ॥

ચૌદ લાખ મોક્ષે જાય ત્યારે એકાદ સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય એવી રીતે ૫૦ લાખ કરોડ સાગરોપમ સુધી સૂર્યયશાથી માંડીને સગર ચક્રવર્તી પર્યંત ઋષભદેવના વંશના અસંખ્ય પાટ પરંપરામાં થયેલા અસંખ્ય રાજાઓ જ્યાં સિદ્ધિ પદને વર્યા છે, તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૬-૧૭.

જ્યાં બીજા અને સોળમાં ધર્મચક્રવર્તી શ્રી અજિતનાથ અને શાંતિનાથ વર્ષાઋતુમાં ચાતુર્માસ રહ્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૧૮.

દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે રાજાઓ દશક્રોડ સાધુ સંગાથે જે ગિરિરાજ ઉપર સિદ્ધિપદને પામ્યા તે શ્રીપુંડરીક તીર્થ જયવંત વર્તો. ૧૯.

જ્યાં રામચંદ્ર વગેરે ત્રણક્રોડ સાધુઓ અને નારદ આદિ ૯૧ લાખ સાધુઓ સિદ્ધ થયા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૦.

नेमिवयणेण जत्ता-गएण जहिं नंदिसेण गणिवइणा ।
विहिओ अजियसंति थओ, सो विमलगिरी जयउ तित्थं ॥ २१ ॥

पज्जुन्न संब पमुहा, कुमरवरा सड्ढ अट्ठ कोडिजुआ ।
जत्थ सिवं संपत्ता, सो विमलगिरी जयउ तित्थं ॥ २२ ॥

अन्नेवि भरह सेलग, थावच्चासुअ सुआइ अस्संखा ।
जहिं कोडाकोडि सिद्धा, सो विमलगिरी जयउ तित्थं ॥ २३ ॥

अस्संखा उद्धारा, असंखपडिमाउ चेइआसंखा । ।
जहिं जाया जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ २४ ॥

कयजिणपडिमुद्धारा, पंडवा जत्थ विसकोडिजुआ ।
मुत्तिनिलयंमि पत्ता, सो विमलगिरी जयउ तित्थं ॥ २५ ॥

શ્રી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી યાત્રાએ આવેલા નંદિષેણ નામના ગણધરે જ્યાં અજિતશાંતિ સ્તવન કર્યું તે શ્રીવિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૧.

જ્યાં શાંબ અને પ્રદ્યુમ્ન પ્રમુખ શ્રેષ્ઠ કુમારો સાડાઆઠ ક્રોડ મુનિઓ સંગાથે શિવસંપદાને વર્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૨.

વળીભરત,સેલગસૂરિ,થાવચ્ચાપુત્ર,અનેશુકાચાર્યવગેરેઅસંખ્યક્રોડાક્રોડ સાધુઓ સિદ્ધિપદને વર્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૩.

અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય પ્રતિમાઓ અને અસંખ્ય ચૈત્યો જ્યાં થયાં તે શ્રીશત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૨૪.

જેમણે જિનપ્રતિમાઓનો ઉદ્ધાર કર્યો એવા પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિ સંગાથે જ્યાં મુક્તિપદને પામ્યા તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૫.

भरहकराविअ बिंबे, चिल्लतलाई गुहाठिअ नमंतो ।
जहिं होइ एगवयारी, सो विमलगिरी जयउ तित्थं ॥ २६ ॥

दहिफलफलय समीवे, अलक्खदेउलिपरीसरपएसे ।
सिवदारं पिव दारं, जीइ गुहाए विहाडेउं ॥ २७ ॥

अट्ठम तवेण तुट्ठो, कवडी जक्खो जहिं भरह पडिमा ।
वंदावइ जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ २८ ॥

संपइ विक्कम बाहड, हाल पलित्ताम दत्तरायाइ ।
जं उद्धरिहंति तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ २९ ॥

जं कालयसूरि पुरो, सरइ सुदिट्ठी सया विदेहे वि ।
इणमिअ सक्केणुत्तं, तं सत्तुंजय महातित्थं ॥ ३० ॥

જ્યાં ચિલણ તલાવડીની નજદીકમાં રહેલી દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન કરેલી અને ભરતચક્રવર્તીએ કરાવેલી પ્રભુપ્રતિમાને નમસ્કાર કરનાર એકાવતારી થાય છે તે શ્રી વિમલગિરિરાજ તીર્થ જયવંત વર્તો. ૨૬.

દધિફલ (કોઠાનાં) વૃક્ષ સમીપે અને અલખ્ખ દેવડીની નજદીકમાં રહેલી તે દેવતાધિષ્ઠિત ગુફાનું મોક્ષદ્વારના જેવું દ્વાર ઉઘાડીને અટ્ઠમ તપથી તુષ્ટમાન થયેલો કપર્દીયક્ષ જ્યાં ભરતમહારાજે કરાવેલી પ્રભુપ્રતિમાને વંદાવે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો. ૨૭-૨૮.

સંપ્રતિ, વિક્રમ, બાહડ, હાલ, પાદલિપ્ત, આમ અને દત્તરાજા વગેરે જેનો ઉદ્ધાર કરનાર થશે એવા શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો. ૨૯.

મહાવિદેહક્ષેત્રમાં પણ સમ્યગ્દષ્ટિજનો જેનું સદા સ્મરણ કરે છે એવી હકીકત શક્રેન્દ્રે કાલિકસૂરિની પાસે જણાવી છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૦.

जावडबिंबुद्धारे, अणुपमसरमजिअचेइअट्ठाणे ।
जहिं होहि जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ ३१ ॥

मरुदेविसंतिभवणं उद्धरिही जत्थ मेहघोस निवो ।
कक्कि पपुत्तो तं इह, सिरि सत्तुंजय महातित्थं ॥ ३२ ॥

पच्छिम उद्धारकरो, जस्स विमलवाहणो निवो होही ।
दुप्पसह गुरुवएसा, तं सेत्तुंजय महातित्थं ॥ ३३ ॥

वुच्छिन्ने विअ तित्थे, होही पूयजुयमुसहकूडं ।
जा पउमनाहतित्थं, तं सत्तुंजय महातित्थं ॥ ३४ ॥

पायं पावविमुक्का, जत्थ निवासी अ जंति तिरिआ वि ।
सुगईए जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ ३५ ॥

જાવડશાએ કરાવેલા ચૈત્ય ઉદ્ધાર સમયે અજિતનાથ સ્વામીના ચૈત્યની પાસે જ્યાં અનુપમ સરોવર નિર્માણ કરવામાં આવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૧.

જ્યાં કલ્કીરાજાના પુત્રનો પુત્ર મેઘઘોષ રાજા મરુદેવી માતાના તથા શ્રી શાંતિનાથ ભગવાનના મંદિરનો ઉદ્ધાર કરશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયંવત વર્તો. ૩૨.

શ્રી દુપ્પસહસૂરીશ્વરજીના ઉપદેશથી વિમલવાહન રાજા જેનો છેલ્લો ઉદ્ધાર કરાવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૩.

જ્યારે તીર્થનું માન બીલકુલ ઘટી જશે, અર્થાત્ પ્રમાણમાં તે બહુજ અલ્પ રહેશે, અને વર્તમાન મહાવીર ભગવાનના શાસનનો પણ વિચ્છેદ થશે, ત્યારે પણ ભાવિ પદ્મનાભ પ્રભુના શાસન સુધી જેનું ઋષભકૂટ (મુખ્ય શિખર) તો (દેવાદિકથી) પૂજાતું જ રહેશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૪.

જેમાં નિવાસ કરતા તિર્યંચો પણ પ્રાયઃ પાપરહિત થયા છતાં સદ્ગતિ પામે છે એવું શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૫.

जस्स सयाई कप्पे, वक्खाए झाइए सुए सरिए ।
होइ सिवं तइअ भवे, तं सत्तुंजय महातित्थं ॥ ३६ ॥

जलजलणजलहिरणवणहरिकरिविसविसहराइदुट्ठभयं ।
नासइ जंनामसुई, तं सत्तुंजय महातित्थं ॥ ३७ ॥

इय भद्दबाहुरइआ, कप्पा सत्तुंजतित्थमाहप्पं ।
सिरिवयरपहुद्धरिअं, जं पालित्तेण संखेविअं ॥ ३८ ॥

तं जह सुअं थुअं मे, पढंत निसुणंत संभरंताणं ।
सतुंजकप्पसुत्तं, देउ लहुं सतुंजयसिद्धिं ॥ ३९ ॥

જે તીર્થના મુખ્ય કલ્પનું નિરંતર વ્યાખ્યાન, ધ્યાન, શ્રવણ કે સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૬.

જેના નામનું શ્રવણ (કે સ્મરણ) જળ, અગ્નિ, સમુદ્ર, રણ, વન, સિંહ, હાથી, વિષ, અને વિષધર આદિના દુષ્ટ ભયનો નાશ કરે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૭.

શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલા કલ્પમાંથી શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય શ્રી વજ્રસ્વામી મહારાજે ઉદ્ધર્યું અને શ્રીપાદલિપ્ત સૂરિએ તેને સંક્ષેપ્યું. ૩૮.

શત્રુંજય કલ્પસૂત્ર જેવું મેં સાંભળ્યું તેવું જ કહ્યું છે. ભણનાર, સાંભળનાર અને સ્મરણ કરનારને શ્રીશત્રુંજયકલ્પસૂત્ર જલદી શત્રુના જયરૂપ સિદ્ધિને આપો. ૩૯.

# કાર્તિકી પૂનમની મહત્તાનું કારણ

શત્રુંજય તીર્થની કાર્તિકી પૂનમના દિવસે યાત્રા કરવાથી વિશેષ લાભ થાય છે. કારણકે આ દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓની સાથે આ તીર્થ ઉપર મુક્તિ પામ્યા છે. તેનો પ્રસંગ આ પ્રમાણે છે—

શ્રી ઋષભદેવ ભગવાનના સો પુત્રો હતા. તેમાં દ્રવિડ નામે એક પુત્ર હતો. તેના દ્રાવિડ અને વારિખિલ્લ નામે બે પુત્રો હતા. દ્રવિડે મોટા પુત્ર દ્રાવિડને મિથિલાનગરીનું રાજ્ય આપ્યું, અને નાના પુત્ર વારિખિલ્લને એક લાખ ગામો આપ્યા. પછી શ્રી આદીશ્વર ભગવાન પાસે દીક્ષા લીધી. દ્રાવિડ નાનાભાઈને સંપત્તિથી અધિક જોઈને ઈર્ષ્યાથી બળવા લાગ્યો. તેનાથી નાનાભાઈની ઉન્નતિ સહન ન થઈ. આથી તેના ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. વારિખિલ્લને આની ખબર પડતાં તે પણ મોટાભાઈ ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. બંને પરસ્પર દ્વેષભાવવાળા થઈને એક બીજાનું રાજ્ય પડાવી લેવાની તક શોધવા લાગ્યા. વારિખિલ્લે મિથિલા નગરીમાં પોતાનો નિવાસ કર્યો. આથી દ્રાવિડે તેને કહ્યુંઃ તારે મારા નગરમાં રહેવું નહિ. આથી વારિખિલ્લ ગુસ્સામાં આવીને તત્કાલ પોતાના નગરમાં ચાલ્યો ગયો. પણ મોટાભાઈએ કરેલા અપમાનનો બદલો વાળવા સૈન્યસહિત લડવા માટે આવ્યો. નાનો ભાઈ લડવા આવે છે એ સાંભળીને દ્રાવિડ પણ સૈન્ય લઈને નગરની બહાર આવ્યો. બંને વચ્ચે ખૂનખાર લડાઈ થઈ. લગાતાર સાત મહિના સુધી યુદ્ધ ચાલ્યું. તેમાં બંને પક્ષના મળીને દશક્રોડ સુભટોનો નાશ થયો. હાથી, ઘોડા વગેરે પશુઓનો પણ ક્રોડોની સંખ્યામાં વિનાશ થયો.

પછી વર્ષાકાળ આવવાથી લડાઈ બંધ થઈ. વર્ષાકાળ પૂર્ણ થતાં એક વખત દ્રાવિડ ખીલેલી વનરાજીને જોવા મંત્રી આદિ પરિવારસહિત ફરવા નીકળ્યો. વનરાજી જોતાં જોતાં બધા તાપસોના આશ્રમની નજીક આવ્યા.

મંત્રીની પ્રેરણાથી દ્રાવિડ રાજા તાપસોના આશ્રમમાં ગયો. બધાએ તાપસોના કુલપતિને પ્રણામ કર્યા. કુલપતિએ આશીર્વાદ આપ્યા. પછી અનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપ્યો. અત્યારે બંને ભાઈઓ યુદ્ધના મોરચે રહેલા છે એવો કુલપતિને ખ્યાલ હતો. આથી પ્રસંગને અનુરૂપ ઉપદેશ આપતાં કહ્યું કે– "હે રાજન્ ! રાજ્ય નરકને આપનારું છે. આથી રાજ્યલોભથી યુદ્ધ કરવું એ ઉચિત નથી. તેમાં પણ ભાઈ સાથે યુદ્ધ કરવું એ તો તમારા જેવા માટે ઘણું જ અનુચિત ગણાય. તમે યુગાદીશના પૌત્ર છો. તમે તમારા પૂર્વજોનો જરા વિચાર કરો. તમારા દાદાએ રાજ્ય છોડ્યું, પિતાએ પણ રાજ્ય છોડ્યું. જો રાજ્ય અનર્થનું કારણ ન હોત તો તમારા દાદા અને પિતા રાજ્ય શા માટે છોડત ? તમારા દાદાએ અને પિતાએ તણખલાની જેમ રાજ્યનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો અને તમે બે બંધુઓ પૃથ્વીના ટુકડા માટે લડો એ કેટલું શરમ ભરેલું ગણાય !

કુલપતિનો ઉપદેશ દ્રાવિડના હૈયા સુધી ઉતરી ગયો. વિવેકદષ્ટિ ખૂલી ગઈ. આથી પોતાની ભૂલ સમજાઈ ગઈ. હૃદયમાં ભૂલ બદલ ખૂબ પરિતાપ થયો. પ્રતિબોધ પમાડનાર કુલપતિનો ઉપકાર માન્યો. પછી તુરત નાના ભાઈને ખમાવવા માટે ચાલ્યો. મોટાભાઈને એકલા આવતા જોઈને વારિખિલ્લ તેમની સામે આવ્યો, મોટા ભાઈના પગમાં પડ્યો. દ્રાવિડે તેને બે હાથથી ઊભો કરીને સ્નેહથી આલિંગન કર્યું. બંનેની પરસ્પર પ્રેમભરી આંખો મળી. જે આંખોમાંથી અત્યાર સુધી વેરરૂપ અગ્નિના અંગારા વરસતા હતા, તે આંખોમાંથી હવે પ્રેમરૂપ અમૃત વહેવા માંડ્યું. બંનેની આંખોમાં ઝળહળિયાં આવી ગયાં. ત્યાં ઊભેલા રાજપુરુષોની આંખોમાં પણ આ દશ્ય જોઈને ઝળહળિયાં આવી ગયાં. વર્ષો પછી બંને ભાઈઓને લડાઈના સ્થાનમાં પ્રેમથી મળતા જોઈને લોકો વિસ્મય પામ્યા.

રોતાં રોતાં નાનાભાઇએ મોટાભાઇને ક્ષમાની યાચના કરતાં કહ્યું: હે બંધુ ! યુદ્ધ માટે આપની સામે આવીને મેં કુબંધુપણું બતાવ્યું તે બદલ

મને ક્ષમા આપો. મોટાભાઈનું હૈયું ખૂબ ભરાઈ ગયું. બોલવા માગે છે પણ બોલી શકાતું નથી. જેમ તેમ કરીને બોલ્યા : વારિખિલ્લ ! આમાં તારી જરાય ભૂલ નથી. મારી જ ભૂલ છે. હું ઈર્ષ્યાથી તારી ઉન્નતિ સહન કરી શક્યો નહિ. આથી આપણી વચ્ચે વેર થવાનું મૂલ કારણ હું છું. આથી તું મને એની ક્ષમા આપ. તને ખમાવવા માટે જ હું અહીં આવ્યો છું. આમ બંનેએ પરસ્પર દિલથી ક્ષમાપના કરી.

પછી વારિખિલ્લે દ્રાવિડને કહ્યું: હે વડિલબંધુ ! હવે આ બંને રાજ્યનો આપ સ્વીકાર કરો. દ્રાવિડે કહ્યું: અત્યાર સુધી હું અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતો હતો, પણ હવે મને જ્ઞાનરૂપ પ્રકાશ મળી ગયો છે. આથી હવે મારું રાજ્ય પણ મારે જોઈતું નથી તો તું બંને રાજ્યની વાત ક્યાં કરે છે ! મારું મન હવે ત્યાગ માર્ગે જવા ઉત્કંઠિત બન્યું છે. હવે તું જ બંને રાજ્યનો સ્વીકાર કર. વારિખિલ્લ બોલ્યો: તો પછી મારે પણ આ રાજ્યથી સર્યું. જે માર્ગે આપ ચાલવા તૈયાર થયા છો એ જ માર્ગે હું પણ આપની સાથે જ ચાલીશ. પછી બંનેએ પોતપોતાના પુત્રને રાજ્ય આપીને દશ ક્રોડ પુરુષોની સાથે તે કુલપતિની પાસે તાપસ વ્રતનો સ્વીકાર કર્યો. બધા કંદમૂલ વગેરેનો આહાર કરતા હતા. ગંગાનદીમાં સ્નાન કરતા હતા. શ્રી આદિનાથનો જાપ અને ધર્મકથા વગેરેથી દિવસો પસાર કરતા હતા. આ પ્રમાણે લાખ વર્ષ સુધી ત્યાં રહીને સાધના કરી.

એક વખત નમિ-વિનમિના વિદ્યાધર બે શિષ્યો વિદ્યાના બળે આકાશમાં ઊડી ત્યાં આવ્યા. દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે તાપસોએ તેમને પ્રણામ કર્યાં. મુનિઓએ બધાને ધર્મલાભ આપ્યો. પછી દ્રાવિડે પૂછયું: હે ભગવન્ ! આપ ક્યાં પધારી રહ્યા છો ? મુનિઓએ જવાબ આપ્યો: અમે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવા જઈએ છીએ. દ્રાવિડે શત્રુંજય તીર્થનું માહાત્મ્ય પૂછયું એટલે મુનિઓએ તેમને શત્રુંજયનું માહાત્મ્ય જણાવ્યું. શત્રુંજયનું અનુપમ માહાત્મ્ય જાણીને બધા તાપસો તીર્થની યાત્રા કરવા ઉત્કંઠિત બન્યા. આથી બધા તાપસોએ મુનિઓની સાથે શ્રી

શત્રુંજય તરફ ચાલવા માંડ્યું. મુનિઓએ તેમને સાધુધર્મનો ઉપદેશ આપ્યો. આથી તેમણે તાપસવ્રતનો ત્યાગ કરી સાધુઓનાં પાંચમહાવ્રતો સ્વીકાર્યાં.

અનુક્રમે બધા શ્રી શત્રુંજય પાસે આવી પહોંચ્યા. તીર્થને જોઈને બધા ખૂબ હર્ષિત બની ગયા. ત્યાં શ્રી આદિનાથ આદિના બિંબોનાં દર્શન કર્યાં. બધાએ માસખમણ કર્યું. માસખમણના અંતે વિદ્યાધર મુનિઓએ તેમને કહ્યું: આ તીર્થની સેવાથી તમારા બધાનાં અનંતકાળથી એકઠાં થયેલાં બધાં કર્મોનો ક્ષય થઈ જશે. આથી તમે બધા સંયમ-તપમાં તત્પર બનીને અહીં જ રહો. આમ કહીને વિદ્યાધર મુનિઓ બીજે ચાલ્યા ગયા.

દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે દશક્રોડ મુનિઓ ત્યાં રહીને વિવિધ પ્રકારનો તપ વગેરે સાધના કરવા લાગ્યા. અંતે માસખમણ કરીને કાર્તિક સુદ પૂનમના દિવસે નિર્વાણ પામ્યા. ભરતચક્રવર્તીના નિર્વાણ પછી પૂર્વક્રોડ વર્ષો જતાં આમનું નિર્વાણ થયું. આમ કાર્તિક પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થ ઉપર દ્રાવિડ અને વારિખિલ્લ દશ ક્રોડ મુનિઓ સાથે મુક્તિએ ગયા હોવાથી કાર્તિક સુદ પૂનમના દિવસે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાથી વિશેષ લાભ થાય. આ દિવસે તપ વગેરે ધર્મ કરવાથી વિશેષ ફળ મળે.

# ચૈત્રી પૂનમનો મહિમા

શુભભાવથી ચૈત્રી પૂનમની આરાધના કરનાર આત્મા મંગલમાલાને પ્રાપ્ત કરે છે, અને મોક્ષસુખનો ભોક્તા બને છે. શ્રીનંદીશ્વરદ્વીપમાં શાશ્વત જિનબિંબ પૂજવાથી જે પુણ્ય ઉપાર્જન થાય તેથી અધિક પુણ્ય ચૈત્રી પૂર્ણિમાના દિવસે શ્રીશત્રુંજય તીર્થ ઉપર શ્રી ઋષભદેવ ભગવંતની પૂજા-સ્તવના કરવાથી થાય છે. જે મનુષ્ય અન્ય સ્થળે રહ્યા છતાં પણ ચૈત્રી પૂનમના દિવસે શ્રી ઋષભદેવ પ્રભુની અને પુંડરીક સ્વામીની પૂજા કરે છે તે આત્મા દેવગતિને પ્રાપ્ત કરે છે. જો તે જ આત્મા શ્રી વિમલાચલગિરિ ઉપર જઈને પ્રભુની પૂજા કરે તો અનંતગણું પુણ્ય ઉપાર્જન કરે છે. ચૈત્રી પૂનમના દિવસે દાન-શીલ-તપ-જિનપૂજા વગેરે જે ધર્મકાર્ય કરવામાં આવે તે સર્વ ધર્મકાર્ય અનંતગણું ફળ આપનાર થાય છે. જે પ્રાણી શુદ્ધવિધિથી ચૈત્રી પૂનમની આરાધના પોતાના સ્થાને રહીને પણ જો ભાવથી કરે તો પણ તીર્થયાત્રાનું ફળ પામે છે.

એકવાર શ્રી ઋષભસ્વામીને શ્રીપુંડરીક ગણધરે પૂછયું: હે ભગવંત ! મારી મુક્તિ ક્યાં થશે ? પ્રભુજીએ કહ્યું: સૌરાષ્ટ્ર દેશમાં શત્રુંજય પર્વત છે. ત્યાં ગયેલા તમારી અને બીજા ઘણા સાધુઓની કર્મક્ષયથી મુક્તિ થશે. આ પ્રમાણે શ્રી ઋષભદેવનું વચન સાંભળીને શ્રીપુંડરીક ગણધર પાંચ કરોડ સાધુઓ સાથે ચાલ્યા. શ્રી શત્રુંજયગિરિ ઉપર જઈને પાંચ કરોડ સાધુઓ સાથે ધ્યાન અને મૌનમાં તત્પર થયા. ત્યાં બધા અનશન ગ્રહણ કરીને સર્વકર્મ ખપાવીને ચૈત્ર સુદ પૂનમના દિવસે મુક્તિને પામ્યા. તે વખતે ઈંદ્રે ત્યાં આવી પાંચ ક્રોડ મુનિઓ મુક્તિએ ગયા એ નિમિત્તે મહોત્સવ કર્યો, અને શત્રુંજય પર્વતનું 'પુંડરીક' એવું નામ સ્થાપ્યું. પુંડરીક ગણધર જે સ્થાનથી મુક્તિએ ગયા તે સ્થાનમાં ભરતચક્રીએ જિનમંદિર કરાવ્યું. તથા પુંડરીકગણધરની પ્રતિમા સ્થાપિત કરી.

# આસો સુદ પૂનમનો મહિમા

જરાકુમારના મુખથી દ્વારિકાના દાહનો અને કૃષ્ણની સ્થિતિનો વૃત્તાંત સાંભળીને પાંચ પાંડવોને વૈરાગ્ય થયો. આથી પાંડવો દીક્ષા લેવાની ભાવનાવાળા થયા. આથી શ્રીનેમિનાથ ભગવાનના આગમનની રાહ જોવા લાગ્યા. ભગવાને પાંડવોની દીક્ષાની ભાવના જાણીને ચારજ્ઞાનના સ્વામી શ્રીધર્મઘોષસૂરિને પાંડવોને પ્રતિબોધ પમાડવા હસ્તિનાપુર મોકલ્યા. શ્રીધર્મઘોષસૂરિ હસ્તિનાપુર પધાર્યા એટલે પાંડવો વંદના કરવા અને ધર્મોપદેશ સાંભળવા ગયા. આચાર્ય ભગવંતે ધર્મોપદેશ આપ્યો. ઉપદેશના અંતે પાંડવોએ પોતાનો પૂર્વભવ પૂછયો. આચાર્ય ભગવંતે કહ્યુંઃ પૂર્વભવમાં તમે પાંચેય બંધુઓ હતા. ચારિત્ર લઈને સમાધિથી મરીને અનુત્તર દેવ થયા. ત્યાંથી ચ્યવીને હમણાં પાંડુપુત્રો થયા છો. પછી પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપિત કરીને દ્રૌપદી અને કુંતી સહિત પાંડવોએ દીક્ષા લીધી. સંયમની સુંદર આરાધના કરવા લાગ્યા. એકવાર પાંડવોએ ગુરુમહારાજને કહ્યુંઃ જો આપની અનુજ્ઞા હોય તો અમારી શ્રીનેમિનાથપ્રભુને વંદન કરવા જવાની ભાવના છે. ગુરુએ અનુજ્ઞા આપી. પછી પાંડવોએ પૂછ્યુંઃ હમણાં પ્રભુજી ક્યાં બિરાજમાન છે ? ગુરુએ કહ્યુંઃ નિર્વાણ સમયને નજીક જાણીને હમણાં રૈવતક પર્વત ઉપર પધાર્યા છે. પાંડવોએ પ્રભુને વંદન કરવા તે જ દિવસે રૈવતક તરફ વિહાર કર્યો. માસખમણના પારણાના દિવસે હસ્તિકલ્પનગરે આવ્યા. નગરમાં પ્રવેશ કરતી વખતે તેઓ પરસ્પર પ્રીતિથી કહેવા લાગ્યા કે રૈવતક અહીંથી ૧૨ યોજન દૂર છે. આપણે કાલે પ્રાયઃ ત્યાં પહોંચી જઈશું. આથી પારણું આજે ન કરતાં આવતી કાલે પ્રભુજીનાં દર્શન કરીને કરવું એવો અભિગ્રહ લીધો. પછી થોડી જ વારમાં સાંભળ્યું કે પ્રભુજી નિર્વાણ પામ્યા. પછી ત્યાંથી સીધા સિદ્ધાચલ આવીને અનશન સ્વીકાર્યું. આસો સુદ પૂનમના દિવસે સર્વ કર્મનો ક્ષય કરીને વીસ ક્રોડ મુનિઓની સાથે મુક્તિપદને પામ્યા. આ દિવસે કુંતીમાતા પણ મુક્તિપદને પામ્યા. દ્રૌપદી પાંચમા દેવલોકે ગઈ.

# પાલીતાણા નગરની ઉત્પત્તિ

વિક્રમ સંવત્ પ્રમાણે ત્રીજા સૈકામાં આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજી થઇ ગયા. તેઓશ્રીની પાસે આકાશગામિની વિદ્યા હોવાથી તેઓ પ્રતિદિન શ્રીજગચિંતામણિ ચૈત્યવંદન સૂત્રમાં જણાવેલ પાંચ તીર્થોની યાત્રા કરતા હતા. એકવાર તેઓ ઢંકા નગરીમાં આવ્યા. ત્યાં નાગાર્જુન નામે એક ક્ષત્રિય યુવાન તેમના પરિચયમાં આવ્યો. તેણે વર્ષો સુધી મહેનત કરીને સુવર્ણ રસની સિદ્ધિ કરી હતી. આચાર્ય શ્રી પાદલિપ્તસૂરિ પાસે પાદલેપની વિદ્યા છે એમ તેના જાણવામાં આવ્યું, આથી તેણે આચાર્યશ્રી પાદલિપ્ત સૂરિને સુવર્ણરસ આપીને તેમની પાસેથી પાદલેપ વિદ્યા મેળવવાનો વિચાર કર્યો. પોતાના એક શિષ્યને સુવર્ણરસ આપીને તેમની પાસે મોકલ્યો. શિષ્યે શ્રી પાદલિપ્તસૂરિ પાસે જઈને કહ્યુંઃ મારા ગુરુએ વર્ષો સુધી વનસ્પતિઓનો અભ્યાસ કરી સિદ્ધિ મેળવી છે. તેમણે થોડો સુવર્ણ રસ આ શીશીમાં ભરીને આપના માટે ભેટ તરીકે મોકલ્યો છે. આપ તેનો સ્વીકાર કરો. તાંબાની ધાતુ ઉપર આ રસનાં થોડાં ટીપાં નાંખવાથી તાંબાનું સુવર્ણમાં રૂપાંતર થઈ જાય છે. આમ કહીને રસથી ભરેલી શીશી તેણે આચાર્યશ્રીના હાથમાં આપી. આચાર્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો. અહો ! તેનો મારા ઉપર કેટલો બધો સ્નેહ છે ! એમ બોલીને જરા હસ્યા. પછી તે શીશી ભીંતે પછાડીને ભાંગીને ભૂકો કરી નાખ્યો. શિષ્યે કહ્યુંઃ અરે ! આ શું કર્યું ? તમેય કેવા છો ? મારા ગુરુએ કેવા ઉમળકાથી આ રસ આપને મોકલ્યો છે ! આચાર્યશ્રીએ કહ્યુંઃ તું ચિન્તા ન કર, બધું સારું થશે. પછી તેને શ્રાવકો પાસેથી સન્માન પૂર્વક સારું ભોજન અપાવ્યું. પછી જતી વખતે તેને આચાર્યશ્રીએ પોતાના મૂત્રથી ભરેલી એક શીશી આપીને કહ્યુંઃ તારા ગુરુને આ મારી ભેટ આપજે.

શિષ્ય રસ્તામાં વિચારવા લાગ્યોઃ મારા ગુરુ ખરેખર મૂર્ખ લાગે છે, જેથી આની સાથે સ્નેહ રાખે છે. ગુરુ પાસે આવીને તેણે ગુરુને સમગ્ર વૃત્તાંત કહ્યો. પછી આચાર્યશ્રીએ આપેલી શીશી નાગાર્જુનને આપી. તેણે શીશીનું બૂચ ખોલીને જોતાં જ ક્ષાર અને મૂત્રની દુર્ગંધ આવી. આથી ખીજાઈને તે શીશી નજીકના પથ્થર પર ફેંકી દીધી. પેશાબ શિલા ઉપર પડ્યો. પછી ભૂખ લાગવાથી પોતાના શિષ્યને રસોઈ બનાવવા કહ્યું. શિષ્યે તે પથ્થર આગળ અગ્નિ સળગાવ્યો. પથ્થર સાથે અગ્નિનો યોગ થતાં પથ્થર સુવર્ણ બની ગયું. આ જોઈ શિષ્ય તો ભારે વિસ્મય પામ્યો. પછી નાગાર્જુનને વિગત જણાવી. આ વાત નાગાર્જુને જાણી. પછી તે આચાર્યશ્રીની પાસે આવી તેમનાં ચરણમાં પડ્યો. આચાર્યે મીઠો ઠપકો આપતાં કહ્યુંઃ "વત્સ ! જે શ્રમ તેં નશ્વર સુવર્ણ સિદ્ધિ માટે કર્યો તે શ્રમ તેં આત્મા માટે કર્યો હોત તો સારું થાત, તો તું આજે આત્મસામ્રાજ્યનો માલિક બન્યો હોત."

આચાર્યની દિવ્યશક્તિથી આકર્ષાઈને તે તેમની નિત્ય સેવા કરવા લાગ્યો. તે તેમના ચરણનું નિત્ય પ્રક્ષાલન કરતો. આચાર્ય પગે જે લેપ લગાડીને ગગનમાં ઊડતા હતા તે લેપની ૧૦૮ ઔષધિ નાગાર્જુને સુંઘી સુંઘીને પારખી લીધી. એકદા તે ઔષધિઓ જલમાં વાટી પગે લગાડી ઉડવા ગયો. પણ કુકડાની જેમ થોડું ઊડીને પડી જવા લાગ્યો. એ સમયે આચાર્ય બહારથી આવ્યા. તેમણે કહ્યુંઃ "વત્સ ! તારી બુદ્ધિ અને યત્ન યથાર્થ છે. પણ આ ઔષધિઓને ચોખાના ધોવણમાં વાટીને ચોપડવી જોઈએ. બસ, આ ખામી બાકી છે."

નાગાર્જુને પછી તે રીતે કરતાં તરત વિદ્યા સિદ્ધ થઈ. ગુરુની આવી ઉદારતાથી તે ગુરુનો પરમ ભક્ત બન્યો. એ ઉપકારની સ્મૃતિ અર્થે

પાદલિપ્તપુર વસાવ્યું, તેમાં પ્રભુ મહાવીરસ્વામીના મંદિરે ([1]શ્રી પાદલિપ્તસૂરિની) ગુરુમૂર્તિની પણ સ્થાપના કરી.

આ પાદલિપ્તપુર ધીમે ધીમે આબાદીને પામ્યું. દેવલોક સમય સુધી સારામાં સારી જાહોજલાલી રહી.

વિક્રમના દશકમાં સૈકામાં પડતી આવી, ગામ તૂટતાં મારવાડના ખેડગઢ ગામમાંથી ગોહિલ જાતિના રજપુત રાજા આવીને કેટલોક ભાગ નવો વસાવીને રહ્યા. તે પણ કેટલાક કાળે ભાંગ્યું એટલે તેનાથી થોડે દૂર નવું વસાવ્યું, તે પણ ભાંગતાં ફરીથી પાલિતાણા નામથી વસ્યું, જે હાલ વિદ્યમાન છે.

સંવત ૧૫૧૨ ના દુકાળ વખતે હડાળાના શેઠ ખીમા દેદરાણીએ જોઈતું અનાજ પુરૂં પાડેલું, તેથી મહમદશાહે ખુશ થઈને જૈન તીર્થનું રક્ષણ કરવા વચન આપેલું. તેથી મુસલમાનોની ભાંગફોડ હોવા છતાં શ્રી શત્રુંજય તીર્થના મંદિરોને જરાપણ નુકશાની આવી ન હતી. બાદશાહે શ્રી શત્રુંજયના સંઘમાં સહાનુભૂતિ પણ આપી હતી.

## શ્રી શત્રુંજયનો કબજો

પૂજ્ય આચાર્યવર્ય શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી દયાવાન બનેલા દિલ્હીના અકબર બાદશાહે પૂજ્યશ્રીને 'જગદ્ગુરુ'નું માનવંતુ બીરૂદ આપ્યું હતું. વિશેષ મોગલ શહેનશાહતની અંદર ાવેલા શ્રી સિદ્ધાચલજી શત્રુંજય તીર્થ, શ્રી ગિરનારજી તીર્થ, શ્રી શિખરજી વગેરે જૈનતીર્થો ઉપર જૈનોની સ્વતંત્રતાનો તથા યાવત્ચંદ્ર દિવાકરૌ અબાધિત કબજા ભોગવટાનો ખરીતો (દસ્તાવેજ) કરી આપ્યો હતો

૧. શ્રી પાદલિપ્તસૂરિજીએ જ્ઞાનના વારસામાં 'નિર્વાણ કલિકા' તથા 'પ્રશ્ન પ્રકાશ' નામે જ્યોતિષગ્રંથ લખ્યો છે. તેઓ કાળધર્મ પામી બીજા દેવલોકમાં ઇંદ્ર થયા.

અને ફરમાનો શહેનશાહત તાબાના સઘળા મુલકોના સુબાઓને મોકલી આપ્યાં હતાં.

ત્યારબાદ દિલ્હીની ગાદીએ આવેલા જહાંગીર તથા શહાજહાન બાદશાહોએ પણ એ ફરમાનો ફરીથી કરી આપ્યાં હતાં. અમદાવાદના શેઠ શાંતિદાસની શાહી કુટુંબમાં સારી લાગવગ હતી. અકબર બાદશાહ સાથે તેમનો એટલો બધો સંબંધ હતો કે શાહજાદા જહાંગીર શાંતિદાસ શેઠને 'મામા' કહેતો હતો. સં. ૧૬૮૬ માં શહાજહાન બાદશાહે શ્રી શત્રુંજય તીર્થ, શ્રી શંખેશ્વરજી તીર્થ, શ્રી કેસરીયાજી તીર્થ, અમદાવાદ, સુરત, ખંભાત અને રાધનપુરમાં જૈન મંદિરોના કબજા ભોગવટાનો ખરીતો શેઠ શાંતિદાસના નામનો કરી આપ્યો હતો.

શાંતિદાસ શેઠની કાર્યદક્ષતાથી ખુશ થઈને બાદશાહે સં. ૧૭૦૩ માં પાલિતાણા બક્ષીસ આપીને બાદશાહી મહોર સાથે સનંદ કરી આપી હતી. એ સનંદ શાહજહાનના પુત્ર મુરાદબક્ષે તથા તે પછી ઔરંગઝેબે પણ શાંતિદાસ શેઠના પુત્ર લક્ષ્મીદાસ શેઠને તાજી કરી આપી હતી. આ સનંદો આજે પણ મોજુદ છે.

સૌરાષ્ટ્રમાં કાઠીઓનું જોર હતું. સં. ૧૭૦૭ લગભગમાં પાલિતાણા પરગણાની વ્યવસ્થા કરનાર કડવા દોશી મારફત યાત્રાળુઓના જાનમાલની રક્ષાનું કામ ગારીઆધારના ગોહેલોને સોંપાયું હતું. ગોહેલ કાંધાજીના વંશજો શેઠ શાંતિદાસના વારસો વતી શ્રી શત્રુંજય તથા પાલિતાણાનું રક્ષણ કરતા હતા.

ઠાકોર પૃથ્વીરાજજી પાલિતાણામાં રહેવા આવ્યા અને ઠાકોર ઉન્નડજીએ પાલિતાણા પોતાનું કર્યું, તેમનાથી યાત્રાળુઓને કનડગત વધી પડી, તેથી જૈનોએ કાઠીઆવાડના પોલીટીકલ એજન્ટ કેપ્ટન બોર્નવેલ

રૂબરૂ યાત્રાળુઓ સારી રીતે યાત્રા કરી શકે, યાત્રાળુઓનું રક્ષણ થાય તેના બદલામાં દર વર્ષે ઠાકોરને ૪૫૦૦ રૂા. આપવાનું સં. ૧૯૦૦ માં નક્કી કરવામાં આવ્યું હતું.

તે પછી સં. ૧૯૧૯ માં ઠાકોર સુરસિંહજીના સમયમાં રાજ્ય અને જૈન પેઢીના વચ્ચે મુંડકા સંબંધી તકરાર થઈ અને એજન્સીએ સમાધાન કરી આપવા માટે મેજર કીટીંન્જને મૂક્યા. તેમણે દર વર્ષે ૧૦૦૦૦ રૂા. જૈન પેઢીને ઠાકોરને આપવાનું ઠરાવ્યું.

ત્યારપછી ઠાકોર માનસિંહજી વખતે સં. ૧૯૪૨ માં વોટસન સમક્ષ પેઢીએ ચાલીસ વર્ષ સુધી ૧૫૦૦૦ રૂા. દર વર્ષે ઠાકોરને આપવાનું ઠર્યું.

તે પછી સં. ૧૯૭૫માં ઠાકોર બહાદુરસિંહજીને ગાદી મળી. ઠાકોરની હકુમત સ્થાપવાને માટે ઠાકોરના પ્રધાન ચીમનલાલે, કુંડોનો ગાળો કાઢવા બાબત ગિરિરાજ ઉપર પાટીયાં મુકવા સંબંધી, ગઢની રીપેરીંગ વગેરેમાં કનડગતો શરૂ કરી અને સં. ૧૯૮૨ માં પેઢીનો કરાર પુરો થતો હતો એટલે તેણે યાત્રાળુ પાસેથી માથા દીઠ બે રૂપિયા લેવાની અથવા પેઢી દર વર્ષે બે લાખ રૂપિયા આપે એવી અરજી પોલીટિકલ એજન્ટને કરી. જૈનોએ આ રકમ આપવા માટે વાંધો ઉઠાવ્યો, તેથી ઓનરરી મીનીસ્ટર વોટસને જૈનોએ પાંત્રીસ વર્ષ સુધી દર વર્ષે એક લાખ રૂપિયા ઠાકોરને આપવા એવો ચૂકાદો જાહેર કર્યો. તેની સામે જૈનોએ 'ચુકાદો ગેરવ્યાજબી છે' એમ જાહેર કર્યું, અને ગિરિરાજની સ્વતંત્રતા પાછી સ્થાપિત ન થાય ત્યાં સુધી જૈન સંઘોએ 'યાત્રા ત્યાગ' નો નિર્ણય કર્યો.

જૈનો યાત્રાએ આવતા બંધ થયા. ૧૯૮૪ માં હિન્દના વાઈસરોયે

એક રાઉન્ડટેબલ કોન્ફરન્સ બોલાવી. જૈન સંઘના પ્રતિનિધિઓ અને ઠાકોર વગેરે ભેગા થયા અને સમાધાન કરાવ્યું તેમાં જૈનોએ પાંત્રી વર્ષ સુધી દર વર્ષે રૂા. ૬0000 આપવા એમ નક્કી કરવામાં આવ્યું.

સં. ૨00૩ માં ભારત સ્વતંત્ર થયું અને સૌરાષ્ટ્ર સરકારે રૂા. ૬0000નો મુંડકાવેરો માફ કર્યો. પહાડની માલિકી સરકારની અને ઉપર જવાનો માર્ગ, કુંડો, વિસામા, દેરીઓ, શ્રીપુંજની ટુંક અને ગઢની અંદરની માલિકી જૈનસંઘની રહી.

('શ્રી ગિરિરાજ સ્પર્શના'માંથી સાભાર ઉદ્ધૃત.)

## શ્રી મોતીશા ટૂકની વિગત

વિક્રમની ઓગણીસમી શતાબ્દીની આ વાત છે. પ્રાચીન સ્તંભન (=ખંભાત) તીર્થમાં ધાર્મિક સંસ્કારોથી યુક્ત શેઠ અમીચંદ સાકરચંદનો જન્મ થયો હતો. તેઓશ્રી વિ. સં. ૧૮૧૪માં તેર વર્ષની ઉંમરે મુંબઈ આવ્યા. તેમની રૂપાબાઈ પત્નીની કુક્ષિથી અનુક્રમે નેમચંદભાઈ, મોતીચંદભાઈ અને દેવચંદભાઈનો જન્મ થયો તેમાં મોતીચંદભાઈ સમય જતાં જૈન જગતમાં મોતીશા શેઠ તરીકે પ્રસિદ્ધ થયા. શેઠ મોતીશાના વહાણો ચીન અને જાપાન સુધી સફર કરતાં. વ્યાપારી કુનેહને લઇ તેમણે પુણ્યબળે અઢળક ધન મેળવેલું. એકવાર એમનું એક કીંમતી વહાણ ચીન તરફ ગયેલું. તે વહાણમાં સરકારને વહેમ પડ્યો કે તેમાં દાણચોરીનો માલ છે. પાછળ સરકારે બોટ મૂકી. મોતીશાને ખબર પડી. તેમણે સંકલ્પ કર્યો કે જો વહાણ બચી જાય તો તેની ઉપજ મારે શત્રુંજય પર વાપરવી. વહાણ બચી ગયું. તેમાં બાર લાખનો નફો થયો.

શેઠે શત્રુંજયનો સંઘ કાઢ્યો. ગિરિરાજ પર આવ્યા. ભાવોલ્લાસ વધ્યો. મંદિર બંધાવવાની ભાવના જાગી. પણ અહીં તો મંદિરોની

હારમાળામાં ક્યાંય જગ્યા બાકી ન હતી. એવામાં એમની નજર કુંતાસરની ખીણ પર પડી. એમણે વિચાર્યું: અહો ! જો આ ખીણ પુરાય અને એના પર મંદિર રચાય તો યાત્રિકોને ફરવું ન પડે. ભયંકર દેખાવ મટી જાય અને બન્ને શિખર એક થઈ જાય. પણ આ ખીણ ઘણી જ ઊંડી હતી.

એમણે પોતાનો વિચાર પોતાના સ્નેહી મિત્ર અમદાવાદના નગરશેઠ હેમાભાઈને કહ્યો. હેમાભાઈ હસી પડ્યા. બોલ્યા: "મોતીશા ! ચોથા આરામાં મોટા મંત્રીઓ અને રાજાઓ આ ખીણ પુરાવી શક્યા નથી. એમાં નજર કરતાં તમ્મર આવે એવી ભયંકર ખીણ છે. તમારું ગજું નહિ." મોતીશા હસ્યા અને બોલ્યા- "હેમાભાઈ ! ધર્મપસાયે આજે મારી એવી શક્તિ છે કે મારી મુંબઈની વખારોની સાકર આમાં ઠાલવું તો પણ આ ખીણ પુરાઈ જાય." અને ખરેખર ! તેમણે આ ભગીરથ કાર્ય ચાર વર્ષની મહેનત બાદ પૂર્ણ કર્યું. એમાં પથ્થર ચઢાવતાં ૮૦ હજારના તો દોરડા થયાં હતાં, બીજો ખર્ચ કેટલો આવ્યો હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે. ખીણની જગ્યાએ સુંદર મેદાન જોઈને શેઠનું ગુલાબી સ્વપ્ન સાકાર થવાની અણી પર આવ્યું. એમણે જ્યોતિષીને બોલાવી મંદિર માટે ખાતમુહૂર્ત પૂછ્યું. તેણે કહ્યું: "શેઠ ! જો આ મુહૂર્તમાં કાર્ય કરાવશો તો પ્રતિષ્ઠા તમારા હાથે નહિ થાય. માટે હમણાં થોડો વિલંબ કરો."

ધર્મના કામમાં ઢીલ ન કરવી એમ માનીને શેઠે તે વાત ન માની અને બીજે દિવસે ખાતમુહૂર્ત કરાવ્યું.

"નલિની ગુલ્મ" વિમાનના આકારે મંદિરો તૈયાર થવા લાગ્યાં. શેઠનાં ધર્મપત્ની દિવાળીબેનનો પરમ હર્ષ માતો નથી. તેમના મિત્ર હઠીભાઈ, દીવાન અમરચંદ દમણિયા, મામા પ્રતાપમલ પણ બાજુમાં પોતાનાં મંદિરો બંધાવી રહ્યા હતા. શૂન્યમાંથી નવસર્જન ચાલતું હતું. ૭ વર્ષે આ કાર્ય પૂર્ણ થયું. ૧૧૦૦ સલાટો અને ૩ હજાર મજૂરોએ રાત-દિવસ કામ કર્યું હતું.

એક બાજુ મંદિરો પૂર્ણ થયાં. "દેવવિમાન" શા એ ભવ્ય મંદિરોની

રોનક આંખોને ઠારે તેવી બની. મોતીશાના હર્ષનો પાર ન હતો. માત્ર પ્રતિષ્ઠાનું મુહૂર્ત જ બાકી હતું. અને અચાનક તેમનો (વિ.સં. ૧૮૯૨ના ભા. સુ. ૧ના) દેહવિલય થયો.

ક્ષણભર તેમનો જ્યેષ્ઠ પુત્ર ખીમચંદ દિગ્મૂઢ બની ગયો. ખાતમુહૂર્ત સમયે કહેલ જ્યોતિષીના શબ્દો સાચા પડ્યા. શાસ્ત્રમાં મુહૂર્તનો પણ પ્રભાવ છે.

ખીમચંદને પિતાના શબ્દો યાદ આવ્યા- "ખીમચંદ ! પ્રતિષ્ઠા એવી કરાવજે કે મારી ધર્મકીર્તિ, લક્ષ્મી અને કુળ અમર બની જાય, સાર્થક બની જાય." તરત તેણે મન દૃઢ કર્યું. સ્વસ્થ બન્યો અને થોડા સમય બાદ પ્રતિષ્ઠાનું મુહૂર્ત કઢાવ્યું. તે વિ. સં. ૧૮૯૩ના પોષ વદ ૧ નું આવ્યું.

એ જ પ્રમાણે ખીમચંદશેઠે ધામધૂમપૂર્વક શત્રુંજયનો સંઘ કાઢ્યો. સંઘમાં ૪૦ તો સંઘવીઓ હતા. ખીમચંદ શેઠે પ્રતિષ્ઠામાં અઢળક દ્રવ્ય વાપર્યું. ૧૮ દિવસ સમગ્ર પાલીતાણા નગરનું જમણ કરાવ્યું. દરરોજનો જમણનો ખર્ચ ૪૦ હજારનો હતો. એ રીતે ૪૦ દેરીઓથી દીપતું એ મંદિર શુભમુહૂર્તે પ્રતિષ્ઠાને પામ્યું.

આજે પણ એક કલામય મંદિર, કુંતાસર તળાવ અને કુળદેવી વિદ્યમાન છે. પ્રતિષ્ઠા બાદ ૧ વર્ષે દિવાળીબેન પણ સ્વર્ગવાસી બન્યા. જાણે ગોરવગાથા શેઠને કહેવા ગયાં.

આ આખી ટૂકમાં આજે ૧૬ મંદિરો અને ૧૨૩ નાની દેરીઓ છે. મૂલમંદિરમાં પ્રભુ સન્મુખ ગોખમાં શેઠ-શેઠાણીની હસ્તદ્વય અંજલિબદ્ધ મૂર્તિઓ શોભી રહેલ છે.

આ મંદિરના નાના દ્વારથી જતાં જમણી બાજુ કાચના દ્વારવાળા ગોખમાં પૂજ્ય મુક્તિવિજયજી (મૂલચંદજી) મહારાજની મૂર્તિ શોભાયમાન છે.

## સંઘ જમણ

શેઠ મોતીશાના પુત્ર ખીમચંદ શેઠ સંઘ સહિત આવ્યા ત્યારે અમદાવાદથી પ્રેમાભાઈ શેઠ તથા જુદી જુદી ટૂકોના મંદિરોની મૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે બાવન સંઘ એકઠા થયા હતા. લલિતસાગરને તીરે એક નગર વસી ગયું હતું. પુરબાઈની ધર્મશાળા હાલ છે ત્યાં એક ચોતરા ઉપર સંઘવીની બેઠક ગોઠવવામાં આવી હતી, તથા સંઘવીની હાજરી જાણવા વાવટો ચડાવી રાખવાની સુંદર વ્યવસ્થા કરી હતી. સાંજના દરેક સંઘવી અહીં મળતા હતા ને બીજા દિવસના જમણનો આદેશ અહીં અપાતો.

એક દિવસ રાત્રિનો સમય હતો. ધીમે ધીમે સંઘવીઓ તથા આગેવાનો આવવા લાગ્યા. બીજા દિવસના જમણ માટે કોને આદેશ આપવો તેની વાતો ચાલતી હતી. આદેશ આપનાર જુદા જુદા ગૃહસ્થોને પૂછતો હતો. એક મારવાડી ડોશીમા સામાન્ય કપડામાં એક બાજુ બેઠા હતાં, જમણના આદેશની વાત સાંભળીને ચમક્યાં.

‘ ભાઈ ! શેનો આદેશ આપો છો ? ’

‘ માડી ! આવતી કાલના જમણનો ’

‘ભાઈ ! મને એ લ્હાવો લેવા દ્યોને ! મારી ભાવના પૂરી થશે ?’

‘ પણ માડી ! આતો આવતીકાલના જમણવારની વાત છે. તે કંઈ આરતી-મંગળદિવાની બોલી નથી. સમજ્યા માડી ! ’

‘ભાઈ ! સમજું છું ! મારાં એવાં ભાગ્ય નથી કે સંઘસમુદાય મારું આંગણું પાવન કરે ને પ્રસાદી ચાખે ? ’

‘પણ ડોશીમા ! જાણો છો આ જમણમાં કેટલું ખર્ચ આવશે ?’

‘ ગગા ! ઈતો હું શું જાણું ! પણ જે થાય તે ખરું ! તેની શીદ ફીકર કરવી ! ભલેને લાખ થાય ! ’

આ સાંભળી સંઘવીઓ અને આગેવાનો સ્તબ્ધ થઈ ગયા. ડોશીના દેદાર જોતાં તેની આટલી બધી શક્તિ જણાતી નહોતી.

' માતાજી ! એટલા બધા રૂપીઆ જોઈશે, કે ન પૂછો વાત, એ ક્યાંથી કાઢશો ? '

' ગગા ! કેટલા બધા રૂપીઆ તારે જોઈએ ? લે માંડ ગણવા ને માંડ ઉપાડવા. ' કહીને પાસેની ગોદડીનો ગાભો ચીરી તેમાંથી સોનામહોરનો વરસાદ વરસાવ્યો. બધા આશ્ચર્ય-ચકિત થઈ ગયા અને ધન્ય ધન્ય બોલવા લાગ્યા.

બીજે દિવસે તે મારવાડી ડોશીમાનું જ જમણ થયું, અને ડોશીમાની શ્રદ્ધાની વાત પાલીતાણાના બચ્ચા બચ્ચાના મુખે ગવાવા લાગી.

## સવા સોમાની ટૂકની વિગત

સૌરાષ્ટ્રમાં વણથલી નામે ગામમાં ધર્મિષ્ઠ નીતિવાન સવચંદ શેઠ રહેતા હતા. તેમનો વેપાર અને પ્રતિષ્ઠા ઘણી વિશાલ હતી. તે નાણાંની ધીરધાર કરતા તેમ જ પેઢીની ઊંચી પ્રતિષ્ઠાને લઇ લોકો તેમને ત્યાં નાણાં અનામત પણ મૂકતા.

આ તો વેપારી આલમ છે. પ્રતિષ્ઠા ઉપર તો એમની કમાણી હોય. સવચંદ શેઠની કીર્તિ વધતી જતી જોઇ એક ઈર્ષ્યાળુ વેપારીએ એક ગિરાસદારને ભંભેર્યો. "સવચંદ શેઠ ખોટમાં છે. તમારી રકમ મળે તેમ લાગતું નથી."

ગિરાસદારને ફાળ પડી. તેણે ૧ લાખ રૂા. શેઠની પેઢીમાં અનામત મૂક્યા હતા. તે તરત પેઢીમાં આવ્યો. શેઠને કહ્યું: શેઠ ! મારે કુમાર સાથે મનદુઃખ થયું છે. તેને તરત લાખ રૂા. આપવા પડે તેમ છે, માટે રૂપિયા આપો." આ રીતે બહાનું કાઢી રકમ પાછી માંગી.

સવચંદશેઠ પણ એ સમયે થોડી મુંઝવણમાં પડ્યા. એ સમયે એટલી રકમ પેઢીમાં રોકડ ન હતી. જો કે લાખો રૂપિયાનો માલ પરદેશ ફરતો હતો. પણ વહાણ હજુ આવ્યાં ન હતાં. ઉઘરાણી જલદી પતે તેમ ન હતી. સમય કપરો હતો. એમાં પોતાની પ્રતિષ્ઠાનો સવાલ હતો. તરત શેઠ વિચાર કરી અમદાવાદના સોમચંદ શેઠ ઉપર એક લાખ રૂા. ની હૂંડી લખવા બેઠા, હુંડી લખતાં પોતાની પ્રતિષ્ઠા રહેશે કે નહિ એ વિચારે હાથ સહેજ ધ્રુજ્યો. આંખમાંથી બે આંસુ ખર્યા, અને અક્ષર પર પડ્યાં. હૂંડી લખીને આપી પણ હૃદયમાં પારાવર મુંઝવણ હતી.

આ ગિરાસદાર હુંડી લઈને અમદાવાદ આવ્યો. સોમચંદ શેઠને તે હુંડી આપી. શેઠે મુનિમને સવચંદશેઠનું ખાતું કાઢવા કહ્યું. મુનિમે આખો ચોપડો તપાસ્યો. ''સવચંદશેઠનું ખાતું અહીં નથી.'' આખરે મુનિમે પરસેવો લુછતાં કહ્યું.

ગિરાસદારને પણ શરીરે પરસેવો વળી ગયો. તેની શંકા મજબૂત બની. એ સમયે શેઠની દૃષ્ટિ હૂંડીના આંસુથી ખરડાયેલા અક્ષરો પર પડી. તે સમજી ગયા. ''અહો ! કોઇ ખાનદાન પ્રતિષ્ઠિત વેપારીએ પોતાની આબરૂ સાચવવા મારા પર વિશ્વાસ મૂકી આ હૂંડી લખી લાગે છે.''

તુરત શેઠે હુકમ કર્યો: ''મુનિમજી! હમણાં ખાતું ન જડે તો પછી જોઇ લેવાશે. તમો મારા નામે એક લાખ રૂા. લખી હૂંડી સ્વીકારી લો.''

ગિરાસદારને નાણાં મળી ગયાં. તે રાજી થઈને પોતાને ગામ આવ્યો. તેને ભંભેરનાર ઈર્ષાળુ વેપારીના હાથ હેઠા પડ્યા. સવચંદ શેઠની પ્રતિષ્ઠાને ચાર ચાંદ લાગી ગયા. થોડા દિવસ બાદ સવચંદ શેઠનાં વહાણ આવી ગયાં. રકમ પણ છૂટી થઇ ગઇ. તે તરત સવા લાખ રૂપિયા લઈને અમદાવાદ સોમચંદશેઠને ત્યાં ગયાં. પેઢીમાં જઇને ગાદી પર બેઠા. અને સોમચંદશેઠના પગ પાસે રૂપિયાની થેલી મૂકી હાથ જોડી બોલ્યા: ''શેઠ ! આ આપની રકમ વ્યાજ સહિત લઈ લો. આપે મારી ખરા સમયે આબરૂ સાચવી છે.'' ને પોતાની બધી વાત કરી.

સોમચંદ શેઠે કહ્યુંઃ અરે શેઠ ! એમાં મેં શું વધુ કર્યું છે ? એ તો મારી ફરજ બજાવી છે. એક વેપારી બીજા વેપારીની શાખ રાખે તેમાં તો વેપારી આલમની શાખ છે. આ રૂપિયા મારા નામે લખાઇ ગયા છે. હવે તે ન લેવાય.'' સવચંદ શેઠ ગળગળા થઇ ગયા.

રૂપિયા આપવા ઘણો આગ્રહ કર્યો. પણ એમણે તે રૂપિયા ન જ લીધા. આખરે તે રૂપિયામાં બીજા લાખ ઉમેરી શત્રુંજય પર એક સુંદર ટૂક બંધાવી. તે મંદિરને 'સવા સોમાની ટૂક' નામે લોકો ઓળખે છે. એ ટૂક તે બન્ને વિશિષ્ટ વેપારીની ધાર્મિક ગૌરવગાથા આજે પણ ગાઈ રહી છે, અને આવા ઉદાર બનવાની પ્રેરણા આપી રહી છે.

## રામજી ગંધારિયા મંદિર

ત્રીજી પ્રદક્ષિણામાં શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજીની ટૂકનું જે દેરાસર છે તેને રામજીગંધારના ચૌમુખજી કહેવાય છે. આની પાછળ એક ઈતિહાસ છે. રામજી નામના એક શ્રાવક ગંધારમાં વસતા હતા. પૂજ્યપાદ જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મહારાજના તેઓ પરમ ભક્ત હતા. શાસનના રાગી હતા. વિ. સં. ૧૬૫૦ માં જેઠ મહિનાની આસપાસ જ્યારે પૂજ્યપાદ જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી મહારાજ શ્રી સિદ્ધગિરિરાજની યાત્રા કરવા પધાર્યા ત્યારે ગુજરાત-રાજસ્થાન વગેરે પ્રદેશોમાંથી મોટા મોટા ગામના ૭૨ સંઘો પૂજ્યપાદ જગદ્ગુરુશ્રીની સાથે યાત્રા કરવા આવ્યા હતા. તેમાં ગંધારથી પણ સંઘ આવેલો, જેમાં આ રામજી શ્રાવક પણ આવ્યા હતા. પૂજ્યપાદ આચાર્ય મહારાજે દાદાના દર્શન કરીને પુંડરીક સ્વામીજીના ચૈત્યની પાસેના ચોગાનમાં દેશના આપી, અને તેમાં ઘણા શ્રાવક-શ્રાવિકાઓએ ચોથું વ્રત વગેરે વ્રતો સ્વીકાર્યાં હતાં. તે વખતે પૂજ્યપાદ સૂરિજીએ રામજી શ્રાવકને કહ્યું કે

તમારે વ્રત લેવાનો અવસર છે. તમે પહેલાં કહ્યું હતું કે એક સંતાન થયા પછી વ્રત લઈશું. એવું મારા જાણવામાં આવ્યું છે કે તમારે સંતાન છે. તો હવે શું વાર છે ? આ સંભળીને તુરત રામજી શ્રાવક તૈયાર થયા, અને ગુરુમહારાજના વરદ હસ્તે વ્રત લીધું. તે વખતે તેમના પત્નીની ઉમર બાવીસ વર્ષની હતી. આવા મહાન સુકૃતની અનુમોદના અને સ્મૃતિ નિમિત્તે એ સ્થળે આ શ્રી શાંતિનાથ ભગવાનના ચોમુખજી પધરાવ્યા છે. આ આખી વાત શ્રી ઋષભદાસ કવિએ શ્રી હીરસૂરિજી રાસમાં આ પ્રમાણે વર્ણવી છે :

### ઢાળ : ૮૨ મી : ચોપાઈ

'પાઠે પુંડરિક દેહરાં જાય, તિહાં કણે ભાખે ધર્મ કથા ય.....૧
આવ્યો સંઘ પછિ ગાંધાર, રામજી સમો નહિ કો દાતાર
તેણે હીરને વાંદ્યા ધસી, હીરે વચન કહ્યું તસ હસી. ૪
વચન સાંભરે છે કે કહું ? હુએ સંતાન તો શીલવ્રત ગ્રહું,
હવું જણાવ છે તો તુમ્હ તણે, સ્યુ કરું જુ ગુરુ હીરો ભણે. ૫
રામજી નામ હુંઓ હોંશીયાર, કિહાં પામવો શેત્રુંજો સાર,
હીર સરિખો ગુરુ કિંહા મળે, મરુદેશમાં સુરતરુ ફલે. ૬
કર જોડી શિર નીચું કરે, ચોથું વ્રત તિહાં ઉચ્ચરે,
બાવીસ વરસની નારી સાથિ, લેતી વ્રત નરની સંઘાતય. ૭
તે દેખી બૂઝિયા નરનારી, ઘણે વ્રત લીધાં તિણે હારિ,
ઓચ્છવ-મોહચ્છવ થાય ત્યાંહિ, વીર નિ જિમ રાજગૃહી માંહિ. ૮'

# સૂરજ કુંડનો પ્રભાવ

આભાપુરીના રાજા વીરસેનને ચંદ્રકુમાર નામનો પુત્ર હતો. પણ અપરમાતા વીરમતીએ વિદ્વેષના કારણે સ્ત્રીચરિત્રથી કુકડો બનાવી દીધો. એકવાર ચંદ્રકુમારની બીજી પત્ની પ્રેમલાલચ્છી કુકડો બનેલા પતિને લઈને વિમળાચળની યાત્રા કરવા આવી. યાત્રા કરી સૂરજકુંડ પાસે શીતળ જળ અને શીતળ પવનનો આનંદ લેવા બેઠી. કુકડાને એકાએક પૂર્વજન્મ યાદ આવ્યો, "અહો ! તિર્યંચ અવસ્થામાં સોળ સોળ વર્ષ થઈ ગયાં. ક્યાં મારી ગુણાવલી ? ક્યાં મારું રાજ્ય ? ક્યાં મારાં સજ્જન ? અરે ! માતા પોતે જ વેરણ બની. અહા ! નટો સાથે દેશદેશાંતર ફર્યો. છેવટે પ્રેમલાલચ્છી મળી. પણ તેની સાથે રાત-દિવસ રહેવા છતાં કેવો વિયોગ ? આ જિંદગીનો શો અર્થ ? તિર્યંચપણામાં ક્યાં સુધી રહેવું ? કોની માતા, કોની પત્ની, કોનું રાજ્ય ? આમ વિચારી તેણે એકદમ સૂર્યકુંડમાં ઝંપાપાત કર્યો. પ્રેમલા ગભરાઇ ગઇ. તે બોલી ઊઠી–અરે ! આ શું કર્યું ? અરેરે ! હું ક્યાં જાઉં ? શું કરું ? એમ કરતાં તે પણ કૂદી પડી. કુકડાને પકડવા જતાં અપરમાતાએ બાંધેલો જીર્ણ દોરો હાથમાં આવતાં તૂટી ગયો અને આશ્ચર્ય વચ્ચે કુકડો મનુષ્યત્વને પામ્યો. બન્ને તરવામાં કુશળ હોવાથી બહાર નીકળ્યા. એક બીજાને ઓળખ્યા અને આનંદ આનંદ પ્રસરી રહ્યો. સૂરજકુંડનો આ પ્રભાવ હજારો યાત્રિકોએ જાણ્યો અને ચંદરાજાને જોવા માટે માનવમેદની ઉભરાઇ ગઇ."

પ્રેમલાલચ્છીની ભાવનાથી ચંદરાજાએ તીર્થાધિરાજ શ્રી આદીશ્વર ભગવાનની પૂજા બહુ ભક્તિભાવથી કરી.

ધન્ય ધન્ય સુરજકુંડ જળ, કલિમલ મલ હરનાર,
દીધો ચંદ જાણી ફરી, માનવનો અવતાર.

આ સુરજકુંડના પવિત્ર જળનો પ્રભાવ અલૌકિક છે. પાપરૂપી મળને દૂર કરનાર તરીકે તે પ્રસિદ્ધ છે. તેના પ્રભાવથી પક્ષી બનેલા ચંદરાજા મનુષ્યપણું પામ્યા.

એ પવિત્ર જળની અંજલિ સૌ યાત્રિકોને પાવન કરે છે.

# શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી

ગિરિરાજ શ્રીશત્રુંજયના આશરે ચારસો વર્ષ પહેલાના [1]વહીવટ સંબંધી જે છૂટીછવાઈ અને આછી-પાતળી વિગતો મળે છે, તે ઉપરથી કંઈક એવું તારણ નીકળી શકે છે કે, જે વખતે જે શહેર ગુજરાતનું પાટનગર હોવાનું ગૌરવ ધરાવતું હતું, તે વખતે મોટે ભાગે એ શહેરનો શ્રીસંઘ શ્રીશત્રુંજય તીર્થનો વહીવટ સંભાળવાની જવાબદારી વહન કરતો હતો. અને આ તીર્થનો વહીવટ સંભાળવો એ મોટા પુણ્યનું તથા ગૌરવનું નિમિત્ત લેખાતું હતું. એટલે જેમના ઉપર આ જવાબદારી આવી પડતી હતી, તેઓ ખૂબ ઉલ્લાસથી એને પૂરી કરતા હતા.

### પાટણ અને ધોળકાના સંઘનો વહીવટ

આ રીતે સોલંકી કાળમાં શ્રીશત્રુંજય તીર્થનો વહીવટ તે વખતના ગુજરાત પાટનગર અણહિલવાડ પાટણના સંઘના હાથમાં હતો. જ્યારે વાઘેલા રાજ્યશાસનમાં મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળના સમયમાં પાટણના બદલે ધવલક્કપુર (વર્તમાન ધોળકા) ગુજરાતની રાજધાની બન્યું ત્યારે, આ મહાતીર્થનો વહીવટ દોળકાના સંઘે-ખાસ કરીને મંત્રી વસ્તુપાલ તેજપાલની બંધુ બેલડીએ સંભાળ્યો હોય એવો અણસાર સાહિત્યમાંથી (પુરાતનપ્રબંધસંગ્રહ પૃ. ૬૪માં સુચવાયેલ એક કથા ઉપરથી) મળે છે.

### ફરી પાછો પાટણ સંઘનો, તથા ત્રણ શહેરનો વહીવટ

ત્યાર પછી વળી પાછી ગુજરાતની રાજધાની ધોળકાના બદલે પાટણમાં ફેરવાઈ, એટલે સ્વાભાવિક રીતે જ, આ તીર્થનો વહીવટ પણ પાટણના સંઘના હાથમાં ગયો. પણ આવી સ્થિતિ શ્રેષ્ઠી સમરાશા ઓસવાળે વિ.સં. ૧૩૭૧માં કરાવેલ શ્રી શત્રુંજય તીર્થના પંદરમા ઉદ્ધાર પછી થોડાક દાયકાઓ સુધી જ ચાલુ રહી હતી, અને ત્યારપછીના અરાજકતાના

---

૧. 'શ્રીતીર્થાધિરાજ શત્રુંજય ઉપર થયેલ પ્રતિષ્ઠાના અહેવાલ' પુસ્તકમાં આપ્યા પ્રમાણે આણંદજી કલ્યાણજી પેઢીનો અધિકાર આપ્યો છે.

સમયમાં, પાટનગર પાટણની અને એના જૈનસંઘની સ્થિતિ ડામા-ડોળ અને નબળી થઈ ત્યારે, આચાર્ય શ્રીવિજયરાજસૂરિજીની સલાહ પ્રમાણે, શ્રીશત્રુંજય તીર્થનો વહીવટ સંભાળવાની જવાબદારી પાટણ, ખંભાત અને રાધનપુરના સંઘોના મોવડીઓએ સંયુક્તપણે સ્વીકારી હતી.

અમદાવાદ શ્રીસંઘનો વહીવટ

આવી સ્થિતિ કેટલાં વર્ષ ચાલુ રહી, એની ચોક્કસ વિગતો મળતી નથી, પણ એટલું લાગે છે કે, શ્રેષ્ઠી કર્માશાએ શ્રીશત્રુંજય તીર્થનો સોળમો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૫૮૭ માં કરાવ્યો, તે પછી કેટલાક દાયકા બાદ, આ તીર્થનો વહીવટ, તે વખતના ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરના હાથમાં આવી ગયો હોવો જોઈએ. તે વખતના કેવળ અમદાવાદના જૈન સંઘના જ નહિ પણ સમસ્ત જૈન સંઘના એક બાહોશ, વગદાર, ધર્મનિષ્ઠ, પ્રભાવશાળી અને સમર્થ મોવડી નગરશેઠ શ્રેષ્ઠીવર્ય શાંતિદાસ ઝવેરીની રાહબરી નીચે આ તીર્થનો વહીવટ સુવ્યવસ્થિત થયાની વાતની સાક્ષી છે. એમણે અમદાવાદના ઓસવાળ વંશના બે ભાઈઓ શ્રેષ્ઠી રતન અને શ્રેષ્ઠી સૂરાને સાથે રાખીને, વિ.સં. ૧૭૦૭ની સાલમાં, પાલીતાણાના દરબાર ગોહેલ કાંધાજી સાથે જૈન સંઘવતી, શ્રી શત્રુંજય મહાતીર્થ અને એના યાત્રિકોના રખોપાનો સૌથી પહેલો કરાર કર્યો હતો, એ બીના પણ સાક્ષી પૂરે છે.

## પેઢીની પ્રાચીનતા

આ પછી આ તીર્થનો વહીવટ ઉત્તરોત્તર અમદાવાદના શ્રીસંઘના હાથમાં સ્થિર અને વ્યવસ્થિત થતો ગયો અને સમય જતાં, એ વહીવટ, ભારતભરના સમસ્ત શ્રીસંઘવતી, અમદાવાદમાં રહેલી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના નામથી થવા લાગ્યો. સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી આ પેઢીનું નામકરણ કોણે, ક્યારે અને ક્યાં કર્યું હશે, એની આધારભૂત માહિતીનો ઉપલબ્ધ થતી નથી, પણ શત્રુંજય તીર્થના વિ.સં. ૧૭૮૭ની સાલના એક ચોપડામાં 'શ્રી આણંદજી કલ્યાણજી, રાજનગર'ના નામનું ખાતું મળે છે, તેથી બે વાત જાણી શકાય છે. પહેલી વાત એ છે કે શરૂઆતમાં અમદાવાદના શ્રીસંઘની પેઢીનું નામ

આણંદજી કલ્યાણજી રાખવામાં આવ્યું હશે, અને બીજી વાત એ કે, આગળ જતાં, શ્રીશત્રુંજય તીર્થનો કારભાર પણ આ પેઢીના નામથી ચાલુ કરવામાં આવ્યો હશે. આપણા શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું નામ કેટલું બધું લોકપ્રિય બન્યું છે, તે એ હકીકત ઉપરથી જાણી શકાય છે કે, ગુજરાત, સૌરાષ્ટ્રના એવાં પણ કેટલાંક શહેરો છે કે જ્યાંના શ્રીસંઘની પેઢીનું નામ શેઠ આણંદજી કલ્યાણજી રાખવામાં આવ્યું ચે, છતાં એ અમદાવાદ પાલિતાણાની આ જ નામની પેઢી સાથે સંકળાયેલ નથી. પેઢીનું આ નામ કોઈ વ્યક્તિ-વિશેષના નામ ઉપરથી નહીં પણ 'આણંદ' અને 'કલ્યાણ' જેવા બે મંગલસૂચક શબ્દોના જોડાણથી પાડવામાં આવ્યું હશે. તે સુવિદિત છે. શ્રીસંઘનું નામ અને કામ તો હંમેશા આનંદ અને કલ્યાણને જ કરનારું હોય, એવો એનો ભાવ છે.

પાલિતાણાના ચોપડામાં મળતાં ઉપર્યુક્ત ઉલ્લેખ ઉપરથી બીજી વાત એ જાણવા મળે છે કે, આ પેઢી વિ.સં. ૧૭૮૭ પહેલા ગમે ત્યારે સ્થપાયેલી હોવી જોઈએ. એટલે એ આશરે અઢીસો વર્ષ જેટલી જૂની તો છે જ, એને કદાચ એનાથી પણ કેટલીક વધુ પ્રાચીન માની શકાય. આ રીતે અઢીસો વર્ષ જેટલી જૂની પેઢીની કાર્યશક્તિને સમયનો ઘસારો ન લાગે અને ઉલટું, સમયના વહેવા સાથે એ વધુ કાર્યક્ષમ બનતી રહે અને પોતાના કાર્યક્ષેત્રનો પણ ઉત્તરોત્તર વિકાસ કરતી રહે, એ બીના એ વાતનો સ્પષ્ટ ખ્યાલ આપે છે કે, એના પાયામાં શ્રીસંઘની ભાવનાનાં અને સંચાલકોની કર્તવ્યનિષ્ઠાનાં કેવાં ખમીરદાર ખાતર પ્રાણી સિંચાતાં રહ્યાં છે !

## અમદાવાદ શ્રીસંઘની કામગિરિ

એક રીતે કહેવું હોય તો એમ જરૂર કહી શકાય કે, અમદાવાદના શ્રીસંઘે શત્રુંજય તીર્થનો વહીવટ સંભાળી લીધા પછી એ બાબતમાં એને પીછેહઠ કરવાનો ક્યારેય અવસર આવ્યો નથી. આજે પણ આ તીર્થનો વહીવટ અમદાવાદના શ્રીસંઘના મોવડીઓ જ સંભાળે છે. કારણ કે આશરે એકાદ સૈકા પહેલાં (સને ૧૮૮૦ની સાલમાં) પેઢીનું પહેલું બંધારણ

ઘડાયું ત્યારથી તે છેક આજ સુધી, બંધારણમાં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે, પેઢીનો બધો વહીવટ કારોબાર, અમદાવાદના શ્રીસંઘમાંથી પસંદ કરવામાં આવેલ. નવ વહીવટદાર ટ્રસ્ટીઓ જ ચલાવે છે, તેમ પેઢીના સંચાલન માટેની અમદાવાદના મોવડીઓની સતત ચિંતા અને અખંડિત કામગિરિ અમદાવાદના શ્રીસંઘને માટે પણ ગૌરવરૂપ બની રહે એવી છે.

## પેઢીનું બંધારણ

પેઢીનું બંધારણ સને ૧૮૮૦ માં દેશભરના સંઘોના પ્રતિનિધિઓને નિમંત્રણ આપીને, અમદાવાદમાં નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈના અધ્યક્ષપદે ઘડવામાં આવ્યું. એમાં નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને એમના વારસોએ બજાવેલી શ્રીસંઘની તથા શ્રીશત્રુંજય તીર્થની સેવા પ્રત્યે શ્રીસંઘની કૃતજ્ઞતાની લાગણી દર્શાવવા માટે, પેઢીનું પ્રમુખપદ એમના વારસ જ શોભાવે એવું નક્કી કરવામાં આવ્યું હતું. પેઢીના પ્રમુખ શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સમસ્તના પ્રમુખ ગણાય છે, તેથી આ પદ વિશેષ ગૌરવભર્યું લેખાય છે. આ બંધારણમાં ૩૨ વર્ષ બાદ, સને ૧૯૧૨માં નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણિભાઈના પ્રમુખપદે, કેટલાક જરૂરી ફેરફાર કરવામાં આવ્યા હતા, પણ એ વખતે પણ પેઢીનું એટલે કે સકળ શ્રીસંઘનું પ્રમુખપદ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરીના વંશજને આપવાની આ કલમ ચાલુ રાખવામાં આવી હતી.

પેઢીના બંધારણમાં છેલ્લે છેલ્લે સને ૧૯૬૯ની સાલમાં ફેરફાર કરીને, શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના અધ્યક્ષપણા નીચે, નિયમાવલી ઘડવામાં આવી ત્યારે, પ્રમુખપદ અંગેની કલમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફેરફાર પ્રમાણએ હવે પેઢીનું પ્રમુખપદ નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વંશજના બદલે પેઢીના વહીવટદાર ટ્રસ્ટીઓમાંના એક શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજ હોય એવો હક એમને સોંપવામાં આવ્યો છે. આ ફેરફારમાં પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય કસ્તુરભાઈ લાલભાઈ તથા પેઢીના સંચાલક મહાનુભાવોની સમયજ્ઞતા તથા દૂરંદેશીનું પ્રતિબિંબ પડે છે, એ કહેવાની જરૂરી નથી.

(શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શનમાંથી સાભાર ઉદ્ધૃત)

## ભાતાખાતું

તળેટીની નજીકમાં ભાતાખાતું આવેલું છે. અહીં વર્ષોથી શ્રીશત્રુંજય ઉપર યાત્રા કરીને નીચે ઉતરતા યાત્રાળુઓને ભાતું આપવામાં આવે છે. દરરોજ જુદા જુદા શ્રાવકો યાત્રાળુઓને ભાતું આપવાનો લાભ લે છે. આની વ્યવસ્થા આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.

## વીર વિક્રમશી

પાલિતાણા શહેરમાં ભાવસાર જ્ઞાતિનો વિક્રમશી નામનો એક યુવાન પોતાના ભાઈ ને ભાભી સાથે રહેતો હતો.

ઉનાળાના દિવસોમાં એક વખત વિક્રમશી પોતાનાં કપડાં ધોઈને હાથમાં ધોકો અને કપડાં લઈને મધ્યાહ્નના સમયે ઘેર આવ્યો. ભૂખ પણ લાગી હતી, તેથી પગ ધોઈને રસોડામાં જમવા માટે ગયો. પણ રસોઈને વાર હતી, તેથી તેણે ગુસ્સામાં ભાભીને કહ્યું કે બપોર થઈ ગયો છતાં હજુ પણ રસોઈ કરી નથી ? મારે શું ખાવું ? ઘેર બેઠાં બેઠાં આટલુંયે થતું નથી ?

આવા શબ્દો સાંભળીને ભાભીએ કહ્યું કે રસોઈને થોડી વાર લાગી એમાં આટલો બધો ગુસ્સો કોના ઉપર કરો છો ? હજુ તો તમારા ભાઈ જ કમાય છે, અને તમારે ઠીક છે બેઠાં બેઠાં તાગડધિન્ના કરવા છે ! બહુ બળ હોય તો શ્રી સિદ્ધાચલની બંધ થયેલી યાત્રા ખુલ્લી કરાવો ને ? સિંહને (? વાઘને) મારો તો ખરા શૂરવીર જાણું.

ભાભીનું મહેણું સાંભળતાં જ ધોકો હાથમાં લઈને ચાલી નીકળ્યો, અને પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી સિંહને મારી ન નાખું ત્યાં સુધી ઘરમાં પગ ન મૂકવો.

તળેટી પાસે આવીને મિત્રોની વિદાય લીધી, અને કહ્યું કે ઉપર જઈને સિંહને મારીને ઘંટ વગાડું તો જાણજો કે સિંહને માર્યો છે. નહિતર મને મરી ગયેલો જાણજો.

વિક્રમશી ગિરિરાજ ચઢતો ચઢતો સિંહને શોધવા લાગ્યો. એક ઝાડ નીચે સિંહ સૂતેલો હતો. આ યુવાને વિચાર કર્યો કે સૂતેલાને કેમ મરાય ?

એટલે અવાજ કરીને સિંહને જગાડ્યો. સિંહ જેવો ઊંચું જોવા જાય છે, તેવો જ હાથમાં રહેલા ધોકાનો એવો જોરદાર ફટકો લગાવ્યો કે સિંહ તરફડિયાં ખાતો નીચે પડી ગયો અને બેભાન થઈ ગયો.

વિક્રમશી સિંહને મરી ગયેલો જાણી ઘંટ વગાડવા માટે દોડ્યો. અને જેવો ઘંટ વગાડવા જાય છે તેટલામાં પાછળથી આવીને સિંહે ઝાપટ મારી ને વિક્રમશી નીચે પડી ગયો. પણ સિંહની ખોપરી તૂટી ગયેલી હોવાથી તે ત્યાં જ મરણ પામ્યો. પછી વિક્રમશીને થયું કે સિંહને તો માર્યો પણ ઘંટ કેવી રીતે વગાડવો ? બધી શક્તિ એકઠી કરી ઘા ઉપર કપડાની મજબૂત ગાંઠ બાંધી દીધી. ને ઊભો થઈ ધીમે ધીમે જોરથી ઘંટ વગાડવા લાગ્યો.

ઉપર આવીને થોડેક દૂર રહીને રાહ જોતા લોકો ઘંટનો અવાજ સાંભળીને નજીક દોડી આવ્યા. આવીને જુએ છે તો એક બાજુ સિંહ મરેલો પડ્યો છે, અને બીજી બાજુ વિક્રમશીનો મરેલો દેહ પડ્યો છે. પોતાના પ્રાણનો ભોગ આપીને પણ યાત્રા ખુલ્લી કરી. આથી લોકોએ લીંબડાના ઝાડ નીચે આ વિક્રમશીનો પાળિયો પથ્થરમાં બનાવરાવ્યો. ઉપર યાત્રા કરવા જાવ ત્યારે જો જો કે તે પાળિયો આજે પણ ઊભો છે.

તે દિવસથી એ દરવાજો અને પોળનું નામ વાઘણ પોળ પડ્યું. શ્રી શત્રુંજયના પાંચ દરવાજામાં આ ત્રીજો દરવાજો છે, જેને શિલ્પની ભાષામાં સિંહદ્વાર કહેવાય છે.

## હિંગલાજનો હડો

અંબિકા દેવી હિંગલાજની મૂર્તિ સ્વરૂપે છે એવી દંત કથા છે.

હિંગુલ નામનો રાક્ષસ ગિરિરાજ ઉપર ચડતા યાત્રાળુઓને ઉપદ્રવ કરતો હતો. આથી કોઈક તપસ્વી સંત પુરુષે તપ અને ધ્યાનના પ્રભાવે

અંબિકા દેવીને પ્રત્યક્ષ કરીને કહ્યું કે આ હિંગુલ રાક્ષસ યાત્રાળુઓને હેરાન કરે છે. તેને તું દૂર કર, જેથી યાત્રાળુઓ સુખેથી યાત્રા કરી શકે. તેથી તે અંબિકા દેવીએ રાક્ષસ સાથે યુદ્ધ કરીને તેનો પરાભવ કર્યો. યાવત્ (લગભગ) તેને મૃત્યુની અવસ્થાએ પહોંચાડ્યો. ત્યારે રાક્ષસે દેવીના પગમાં પડીને વિનંતી કરી કે મારી એક પ્રાર્થના સ્વીકારો. આજથી તમે મારા નામે ઓળખાવ. અને આ તીર્થક્ષેત્રમાં મારા નામની સ્થાપના થાય એવું કંઈક કરો. હવે હું કદીપણ કોઈનેય પીડા નહિ કરું. તેથી દેવીએ તેની વિનંતિ માન્ય રાખી. તે પછી તે રાક્ષસ અદશ્ય થયો. (મૃત્યુ પામ્યો)

પછી અંબિકા દેવીએ પોતાના ભક્તોને જણાવ્યું કે હવે મને હિંગલાજ દેવીના નામથી ઓળખજો. ત્યારથી અંબિકાદેવી અહીં શ્રી સિદ્ધાચલની ટેકરી ઉપર અધિષ્ઠાત્રી દેવી થઈને રહ્યાં અને હિંગલાજ માતા તરીકે પૂજાયા. તેથી આ ટેકરીપરનું સ્થાન હિંગલાજ માતાના હડા તરીકે પ્રસિદ્ધ થયું છે.

## અંગારશા પીરની કથા

આ વાત આ પ્રમાણે બનેલી છે. કરમના ખેલ છે. વિચિત્રતાની ખાણ એનું નામ જ સંસાર. કલ્પનાશક્તિ જ્યાં અટકી જાય ત્યાંથી કર્મશક્તિ શરૂ થાય. પાટણ (ઉ.ગુ.)માં મુસ્લિમ સૂબાનું રાજ્ય ચાલે. સત્તા, યુવાની ને અવિવેક આ ત્રણ મળે અને તરખાટ ન મચાવે તો જ આશ્ચર્ય ! સૂબો યુવાન, મદઘેલો, રૂપ પાછળ પાગલ, જ્યાં આંખને આંજે તેવું રૂપ જોયું નથી ને તેને પોતાનું કર્યું નથી ! માત્ર સૌંદર્યપ્રેમી હોય તે તો હરણની આંખ, શીંગડાં, રેશમ જેવી રૂંવાટી ને આછી આછી ટપકી જોઈને ખુશખુશ થઈ જાય. પણ શિકારી ? શિકારી તો તેને એ રીતે રહેવા જ ન દે, રહેંસી નાખે, પીંખી નાખે ત્યારે જ તેને જંપ વળે. પાટણની

પાસે કુણઘેર નામે ગામ, જે ગામ આજે હયાત છે. ત્યાં દશા શ્રીમાળી જૈન શ્રાવક વસે, ભાણસી સોની તેનું નામ, કોડાઈ તેની પત્ની. બંનેને ધર્મનો ભારે રાગ, નિત્ય દેવદર્શન પછી જ પાણી ખપે એવા નિયમ પાળે. કોડાઈનું રૂપ એવું કે ઘેર આવેલા મહેમાનને લોકો દેખાડવા લઈ જાય. આ રૂપના વખાણ પાટણના એ સૂબા શેરસાહ ચિકથાએ સાંભળ્યા, અને સાંભળતાં જ તેનું મન તલપાપડ થયું. સત્તા તો હતી જ. પ્રજા તો બિચારી અને રાંક, શું બોલે ? કોડાઈ પાટણ ભેગી થઇ ગઇ. અબળાનું બળ હાર્યું, પણ મનમાંથી ધર્મ ખસતો નથી. નિત્ય-સવારે બંધબારણે ભગવાન ઋષભદેવનાં દર્શન-વંદન-પૂજન ચાલે છે. કો'કે સૂબાના કાન ભંભેર્યા, કે કોડાઈ કામણ કરે છે. સૂબો તે જ વખતે પહોંચ્યો, બારણાં ખોલીને ગયો, કોડાઇ છેડાઇ પડી, આ શું ?..... આટલો વખત પણ મારો નહીં ! સૂબાએ પૂછયું: શું કરે છે ? કોડાઇ કહે: ભગવાનને ભજું છું. કોણ છે આ ભગવાન ? ક્યાં રહે છે ? કોડાઇ કહે કે, ભગવાનનું ઋષભદેવ નામ છે, રહે છે પાલિતાણા-શત્રુંજય પર્વતના શિખરે. એક દિવસે સૂબાને ધૂન ચડી, ચાલો પાલિતાણા. થોડા માણસો સાથે ઉપડ્યા. બે જણા પોતે, એક-બે ચોકીયાતો, રસાલો અને સાથે એક ઓલીયો અંગારસા. કાફલો પહોંચ્યો પાલિતાણા. તૈયાર થઇને આવ્યા દાદા ઋષભદેવના દરબારમાં. સૂબો દાદાના રૂપને જોઇને ઓવારી ગયો. આફરિન પોકારી ગયો. રાજીપો પ્રગટ કરવા સોનામહોરનો થાળ મંગાવ્યો. અંગારસા આ બધું જોતો હતો. તે અત્યાર સુધી શાંત હતો. પણ સોનામહોરનો થાળ જોઈને અંગારસાની આંખે અંગારા વરસવા લાગ્યા. તે આ સાંખી શક્યો નહિ. સૂબા ઉપર રોષ ચડ્યો. પણ તેને શું કહેવાય ? એટલે સીધો કૂદ્યો ભગવાન ઋષભદેવ તરફ. તીક્ષ્ણ હથિયારનો ઘા કર્યો. વાતાવરણમાં હાહાકાર મચી ગયો. ઘા કરતાં તો કર્યો, પણ વળતાં હૈયામાં ભય, ગભરાટ અને પીડાની શૂળ ભોંકાઈ ગઇ. તે તો ત્યાંથી નાઠો-ભાગ્યો. જ્યાં જવાય ત્યાં આડેધડ. પથરા ઠેકતો ઠેકતો ક્યાંક પગ મૂકવા ગયો ને પગ ના ઠર્યો, ગભરાટમાં જ ગબડ્યો અને ત્યાં ને ત્યાં જ એના રામ

રમી ગયાં. ક્ષણવારમાં જ આ બધું બની ગયું. સૂબો તો અવાક્ બની ગયો ! કોડાઈનાં આંસુ સુકાતાં નથી, બધા પૂતળાં જેવા જડ !!! આકાશમાં ગડગડાટ ! શત્રુંજયના રક્ષક કપર્દી પાસે નત મસ્તકે ઊભેલો દેવ વિનવે છે, કરગરે છે, મને આ તીર્થનું રખોપું સોંપો. કપર્દીનો ક્રોધ હજી શાંત નથી થયો. કહે કે, હમણાં તો તું જ ધારદાર હથિયાર લઈને દોડ્યો'તો અને હવે રખોપું માંગે છે ? તું જ અંગારસા છો ને ? અંગારસા કહે, હા, માફ કરો-માફ કરો. હવે આ પીડા સહેવાતી નથી. આ રખોપું મળશે તો જ મને સાંત્વન મળશે. મને મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવા દ્યો. મુસલમાનના આક્રમણોની સામે ઢાલ બનીને ખડો રહીશ. એકલે હાથે હૂમલા ખાળીશ. આટલી કૃપા કરો !!! કપર્દી યક્ષે એને આ જવાબદારી સોંપી, અને અંગારસાએ ત્યાં સ્થાન જમાવ્યું. એ સ્થાન તે અંગારસા પીરની દરગાહ. હાલ, એટલે જ જ્યારે જ્યારે સંઘ આવે ત્યારે ત્યારે એ રક્ષકનું ઉચિત સન્માન કરવાની પરંપરા ચાલે છે. આ તેનો ઈતિહાસ છે..... આ તેની કથા છે.....

## પુણ્ય-પાપની બારી

સાંઢણી, તેની ઉપર બેઠેલા શેઠ, તેની નીચે દોરડું લઈને ઊભેલો રબારી, આ બધું શું છે ? અહીં આ બધાનું પ્રયોજન શું છે ? આ શિલ્પની પાછળ એક ઈતિહાસ છૂપાયો છે. પુણ્ય-પાપની બારીથી ઓળખાતા સ્થાનમાં એક સાંઢણી છે. તેની ઉપર એક શેઠ બેઠેલો છે. તેની નીચે દોરડું પકડીને ઊભેલો એક પુરુષ છે. આ શિલ્પની પાછળ એક ઈતિહાસ છુપાયેલો છે.

વાત આમ બની હતી : આજથી લગભગ ૮૦૦ વર્ષ પહેલાંની વાત છે. અણહિલપુર પાટણમાં ઘીવટો છે, ત્યાં મણિયાતી પાડો છે, તેમાં શેઠ કામાશા નામના શ્રાવક વસે. તેમને પરિવારમાં ત્રણ પુત્ર અને એક

પુત્રી. તે ત્રણ પુત્રમાં એકનું નામ પ્રતાપદાસ. પ્રતાપદાસ બાળ બ્રહ્મચારી પુરુષ હતા. બીજા ભાઈઓનો પરિવાર હતો. તેમનો વંશ આજે પણ હયાત છે. આખું કુટુંબ ધર્મના રંગથી રંગાયેલું હતું. ગમે તે કારણ હોય, શેઠ પ્રતાપદાસ શ્રી વાસુપૂજ્યસ્વામીજીની ખૂબ ભક્તિ કરતા.

તપસ્વી પણ ખરા. શ્રી સિદ્ધગિરિરાજ પ્રત્યે તેમના હૃદયમાં અતિશય ભક્તિ-બહુમાન. કાર્તિકી-ચૈત્રી પૂર્ણિમાની યાત્રા અવશ્ય કરે. અને તે પણ કાર્તિક સુદિ ૧૩-૧૪ અને પૂનમનો ચોવિહારો અઠમ કરવાપૂર્વક કરે. વાત તો એવી છે કે સુદિ ૧૪ નું ચોમાસી પ્રતિક્રમણ કરીને ઊંટડી ઉપર નીકળે. ઊંટડી અને રબારી તૈયાર હોય. પાટણ પાસેના ખારી વાવડી ગામના જ આ રબારી. પવનવેગી ઊંટડી સાથે હાજર હોય. બીજે દિવસે બાર વાગ્યા પહેલાં-પહેલાં તો દાદાના દરબારમાં હાજર થઈ જાય. આ સિલસિલો વર્ષો સુધી એક પણ વર્ષના ખાંચા વિના ચાલુ રહ્યો. દર કાર્તિક પૂર્ણિમા, ચોમાસી પ્રતિક્રમણ, ચોવિહારો અઠમ, ગિરિરાજની યાત્રા..... તેમાં એક વાર એવું બન્યું કે, ચોમાસામાં વરસાદ થયેલો નહીં, ને આસો-કારતકમાં જ ઉનાળા જેવા તડકા પડવા લાગ્યા. પ્રતાપદાસને ચોવિહારો અઠમ આકરો લાગ્યો. પણ જાત્રા કરવી તે કરવી. નીકળ્યા તો ખરાં, પણ વલભીપુર પહોંચતાં-પહોંચતાં તો ભારે તાપ, તરસ ને થાકે ઘેરી લીધા. માંડ માંડ ગિરિરાજ પહોંચ્યા, પણ આગળ ઉપર જઈ ન શક્યા. તળેટીમાં જ..... ગિરિરાજનાં ચરણે અને આદીશ્વર દાદાનાં શરણે એક સાથે ત્રણે (શેઠ, સાંઢણી અને રબારી)નો કાળધર્મ થયો. સ્વર્ગવાસ થયો. ત્રણેનું જીવન ધન્ય બન્યું. મૃત્યુ ઉત્સવ બન્યું. સકળ સંઘે આ ત્રણે ઉત્તમ જીવોની ત્રિવિધે અનુમોદના કરી, અને કાળનો કાટ ન લાગે તેવું કામ કરીને અમર બની ગયેલાની કાયમી અનુમોદના થતી રહે તે માટે શ્રી સંઘે આ શિલ્પ રચીને ચિરસ્મરણીય સ્મારક કર્યું. આ ત્રણે ધન્ય આત્માનાં દર્શન ત્યાં થાય છે. આમ તો આ સાંઢણી, શેઠ અને રબારી પાસે કોણ જાય ? એટલે પૂર્વપુરુષોએ આને પુણ્ય-પાપની બારીનું સુંદર- તમામ બાળજીવોને

આકર્ષણ જાગે તેવું- રૂપ આપી દીધું ! અને આમે ય વાત સાચી જ છે ને ! શુભ મન-વચન-કાયાથી ગિરિરાજની યાત્રા એ પુણ્યની બારી છે. અને અશુભ મન-વચન અને કાયાથી થયેલી યાત્રા તો પાપની બારી બની જાય ! કેવી સુંદર ઐતિહાસિક કથા આ શિલ્પમાં કંડારી છે !

# કવડ (કપર્દી) યક્ષ

ક્ષિતિપુર નગરમાં કુવિંદ નામે વણકર હતો. તે મદ્ય-માંસનું ભક્ષણ કરતો હતો. કોઈવાર અચાનક તેને આર્ય વજસ્વામીનો યોગ થઈ ગયો. શ્રી આર્ય વજસ્વામીએ આ જીવ ઉપદેશને લાયક છે એ જાણીને તેને સંકેત પચ્ચક્ખાણનું મહત્ત્વ સમજાવ્યું. આ સંકેત પચ્ચક્ખાણ એક અથવા ત્રણ નવકાર ગણીને પારવું. ત્યારબાદ ભોજન કરીને ફરી સંકેત પચ્ચક્ખાણ ધારવાથી ભોજન સિવાયનો સર્વકાળ આહારની વિરતિમાં જાય છે. માટે સતત વિરતિમાં રહેવા ઈચ્છતા સાધકે સંકેત પચ્ચક્ખાણ પ્રતિદિન વારંવાર કરવું જોઈએ. કુવિંદવણકરને ગંઠિસહિયં નામનું સંકેત પચ્ચક્ખાણ કરવા પ્રેરણા કરતાં આર્યશ્રી વજસ્વામીએ કહ્યું કે, જે મનુષ્યો નવકાર ગણીને ગંઠિયસહિયં પચ્ચક્ખાણ પારે છે=ગાંઠ છોડે છે, તેઓ કપડાંની ગાંઠ છોડવા સાથે કર્મરૂપી ગાંઠ પણ છોડે છે.

વણકરે ગંઠિયસહિયં પચ્ચક્ખાણ ધારવાનો નિયમ કર્યો. જીવનપર્યંત એ પચ્ચક્ખાણનું બરોબર પાલન કર્યું. અંતિમ સમયે સમાધિપૂર્વક મૃત્યુ પામીને કપર્દી નામે યક્ષ થયો.

આ દરમિયાન આર્યશ્રી વજસ્વામીની નિશ્રામાં ચતુર્વિધ સંઘે શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે પ્રયાણ કર્યું. શત્રુંજય ગિરિરાજ ઉપર રહેલા કોઈ મિથ્યાદૃષ્ટિ દેવે માર્ગમાં સંઘને ઉપસર્ગ કર્યો. સકળ સંઘને દિગ્મૂઢ કરી દીધો. તેથી સંઘને અત્યારે આપણે કઈ દિશામાં જવું તેનું પણ ભાન

ન રહ્યું. દેવે મહાવિકટ અને લાંબા પર્વત વિકુર્વીને જવાનો માર્ગ સર્વથા બંધ કરી દીધો. શ્રી વજ્રસ્વામીએ શાસનદેવતાનું સ્મરણ કર્યું. આ તરફ કપર્દીયક્ષે ઉત્પન્ન થઈને તુરત ઉપયોગ મૂક્યો કે, મેં પૂર્વભવમાં શું પુણ્ય કર્યું કે જેથી અહીં ઉત્પન્ન થયો ? અવધિજ્ઞાનથી જાણ્યું કે ગુરુએ આપેલા ગંઠિસહિયં પચ્ચક્ખાણના પ્રભાવથી હું અહીં ઉત્પન્ન થયો છું. પછી તુરત પૂર્વ ભવનું વણકરનું રૂપ લઈને ગુરુને વંદન કરવા માટે આવ્યો. ગુરુને વંદન કરીને તેણે પૂછયુંઃ હે ગુરુદેવ ! આપ મને ઓળખો છો ? ગુરુ દશપૂર્વના જાણકાર હોવાથી જ્ઞાનથી તેનો પૂર્વભવનો વૃત્તાંત જાણીને તેને કહ્યો. કપર્દી યક્ષે પોતાને કલ્યાણના માર્ગે વાળવા બદલ ગુરુનો ઉપકાર માન્યો. પછી ગુરુને વિનંતી કરી કે, કામ-સેવા ફરમાવો. ગુરુએ કહ્યું: કોઇ દુષ્ટ દેવે સંઘ ઉપર ઉપદ્રવ કર્યો છે તેને દૂર કર. કપર્દીયક્ષે દુષ્ટ દેવને જીતીને સિદ્ધગિરિ પરથી નીચે પાડી દીધો. પછી તે દૂર નાસી ગયો. ઉપસર્ગ રહિત બનેલા સંઘની સાથે શ્રી વજ્રસ્વામી ઉત્સવ પૂર્વક સિદ્ધગિરિ ઉપર આવ્યા. પછી તેમણે કપર્દીયક્ષને સિદ્ધિગિરિ પર્વતના અધિષ્ઠાયક તરીકે સ્થાપ્યો. માટે જ સિદ્ધિગિરિ ઉપર વાઘણપોળમાં પ્રવેશીને શ્રી શાંતિનાથ ભગવાનના મંદિર તરફ જતાં જમણાં હાથે કપર્દી યક્ષની પ્રતિમા સ્થાપવામાં આવી છે. શ્રી શત્રુંજયના ચૈત્યવંદનમાં પણ કહ્યું છે કે—

સૂરજકુંડ સોહામણો, કવડજક્ષ અભિરામ ।
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ ॥

# અંબિકા દેવી

સૌરાષ્ટ્ર દેશમાં કોડિનારનામે ગામ છે. તેમાં સોમભટ નામનો બ્રાહ્મણ રહે છે. તેની અંબિકા નામની પત્ની છે. સોમભટ મિથ્યાત્વી હતો અને અંબિકા ઉત્તમ શ્રાવિકા હતી. એકવાર બે મુનિ માસખમણના પારણે મધ્યાહ્ન વેળાએ સોમભટના ઘરે ભિક્ષા માટે પધાર્યા. મુનિઓને જોઈને અંબિકા અત્યંત આનંદિત બની. 'પધારો' એમ બોલીને મુનિઓનું સ્વાગત કર્યું. પછી ઘરમાં વિદ્યમાન ખાવાની બધી વસ્તુઓનું નામ દઈને વહોરવાની વિનંતી કરી. મુનિઓ વહોરીને ધર્મલાભ આપીને ગયા. મુનિઓ અંબિકાના ઘરમાંથી ગયા, પણ અંબિકાના હૃદયમાંથી ગયા નહિ.

પાડોશણને આની ખબર પડી. તેણે બહાર ગયેલી અંબિકાની સાસુ ઘરે આવી ત્યારે આ વિગત જણાવી. આથી સાસુ ગુસ્સે થઈને બોલી: હે વહુ ! બ્રાહ્મણને ભોજન કરાવ્યા પહેલાં તે મુનિઓને કેમ આપ્યું ? ક્રોધી સાસુ અને પાપિણી પાડોશણની વચ્ચે ઊભી રહેલી અંબિકા ધ્રુજવા લાગી. એટલામાં સોમભટ બ્રાહ્મણોને જમાડવા માટે પોતાના ઘરે લઈ આવ્યો. માતાએ તેને આ વાત કરી. આથી તેણે પણ અંબિકાનો ઘણો તિરસ્કાર કર્યો, અને ઘરમાંથી કાઢી મૂકી.

આથી અંબિકા પોતાના અંબર અને સંભર નામના બે બાળકોને લઈને જલદી ઘરમાંથી નીકળી ગઈ. એક પુત્રને કેડે ઉપાડીને અને બીજાને હાથમાં પકડીને મનમાં શ્રીનેમિનાથ ભગવાનનું સ્મરણ કરતી તે ચાલવા લાગી. થોડે દૂર ગયા પછી એક બાળક તૃષા લાગવાથી રડવા લાગ્યો અને પાણી પાણી બોલવા લાગ્યો. બીજા બાળકે ભૂખ લાગવાથી હે માતા ! મને ખાવાનું આપ એમ કહ્યું. આવી સ્થિતિમાં અંબિકાની એક આંખમાંથી શ્રાવણ અને બીજી આંખમાંથી ભાદરવો વહેવા લાગ્યો. આવી સ્થિતિમાં પણ તે કોઈનો દોષ વિચારતી નથી, પોતાના કર્મનો જ દોષ વિચારે છે. બાળકને પાણી આપવા માટે આજુ-બાજુ જલસ્થાનનું નિરીક્ષણ

કરતાં તેણે આંબાના વૃક્ષોથી વીંટળાયેલું એક સરોવર જોયું. ત્યાં જઈને બંને બાળકોને આંબાનાં ફળો ખાવા માટે આપ્યા અને સરોવરનું પાણી પીવડાવ્યું.

આ તરફ સોમભટના ઘરે દાનના પ્રભાવથી બધાં વાસણો સુવર્ણના થઈ ગયાં. આ જોઈને અંબિકાની સાસુને પશ્ચાત્તાપ થયો. મેં અપરાધ વિના જ અંબિકાને કાઢી મૂકી એ ખોટું કર્યું. પછી તેણે પુત્ર સોમભટને કહ્યું: તું જલદી જા અને અંબિકાને પાછી લઇ આવ. આથી સોમભટ અંબિકાના પગલે પગલે દોડતો ચાલવા લાગ્યો.

ઘણું ગયા પછી દૂરથી આગળ જતી અંબિકાને જોઇ. જોરથી તેણે કહ્યું: હે અંબિકા ! ઊભી રહે. અવાજ સાંભળીને અંબિકાએ મુખ ફેરવીને જોયું તો પોતાના પતિને જોયો. તેણીએ વિચાર્યું: મને ઘરમાંથી કાઢી મૂકી એટલાથી સંતોષ થયો નથી, તેથી હવે મને મારવા માટે આવે છે. એ મને ક્રૂરતાથી મારી નાખે અને મને અસમાધિ થાય તો મારો પરલોક બગડે. આથી તે આવે તે પહેલાં જ શ્રી નેમિનાથપ્રભુનું સ્મરણ કરતી હું કૂવામાં ઝંપલાવીને સમાધિથી પ્રાણનો ત્યાગ કરું. જેથી મારી સદ્ગતિ થાય. આ પ્રમાણે નિર્ણય કરીને બંને પુત્રો સહિત શ્રીનેમિનાથનું ધ્યાન કરતી તેણીએ નજીકમાં રહેલા કૂવામાં ઝંપાપાત કર્યો. ઉતાવળથી આવતા અને થોડે દૂર રહેલા સોમભટે આ જોયું. કૂવા પાસે આવીને જોયું તો ત્રણેની લાશ પાણીમાં તરતી હતી. આથી તેણે વિચાર્યું: પ્રાણપ્રિયા પત્ની અને વહાલા પુત્રો વિના હું જીવી શકું તેમ નથી. આથી મારે પણ આપઘાત કરવો એ જ ઉચિત છે. આમ વિચારીને તેણે પણ કૂવામાં ઝંપાપાત કર્યો.

અંબિકા દેવીરૂપે ઉત્પન્ન થઇ. સોમભટ દેવ થયો. પણ અંબિકાનાં વાઘ વાહનરૂપે થયો. જ્યારે શ્રીનેમિનાથ ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારે અંબિકા દેવીને શ્રીનેમિનાથના શાસનની અધિષ્ઠાયિકા દેવી સ્થાપી.

# શત્રુંજયા નદીનો મહિમા

એક વખતે ભરતનરેશ્વર અને શક્રેન્દ્ર એક આસન ઉપર બેસી પરસ્પર કથામૃતના રસમાં પ્રીતિપૂર્વક મગ્ન થઈને રહેલા હતા. તે સમયે કુલીન સ્ત્રીના જેવી સુંદર શત્રુંજયી નદી ભરત ચક્રવર્તીની દૃષ્ટિએ પડી. તે સરિતાને મોટા દ્રહના આવર્ત્ત (જલભમરી) રૂપ નાભિ હતી, વિકસ્વર કમલરૂપ મુખ હતું. કિનારા (કાંઠા) રૂપ જઘનભાગથી તે રમણીય હતી, મધ્યમાં રહેલાં અંતર્દ્વીપ (બેટ) રૂપ સ્તન હતા, ફરતા અનેક હંસોરૂપ ઉજ્જ્વલ વસ્ત્રો હતાં, તાડવૃક્ષરૂપ કેશવેણી હતી, વૃક્ષોની ઘટાથી સૂર્યને પણ જોતી નહોતી, વળી શુભ કરનારી, પવિત્ર સંગવાળી, પૂર્વસાગરરૂપ પતિ સાથે મળેલી, તરંગરૂપ ત્રિવલ્લીવાળી, ચકોર પક્ષીરૂપ નેત્રને ધારણ કરનારી અને શુભ ભૂભૃત (નદી પક્ષે પર્વત અને સ્ત્રી પક્ષે રાજા)થી ઉત્પન્ન થયેલી હતી. તે નદી ચકોર, ચાસ, ચક્રવાક, હંસ અને સારસ પક્ષીઓથી શોભતી હતી. તેનાં તરંગોવડે કમળો ચપલ થતાં હતાં, તેથી તેમાં ભમરીઓનું સંગીત થતું હતું. વિમલગિરિનાં બન્ને શિખરોની મધ્યમાં મર્યાદાની જેમ મળેલી પવિત્ર શત્રુંજયી નદીને જોઈ ભરતનરેશ્વરે શક્રેન્દ્રને પૂછ્યું કે– 'આ કઈ નદી છે ?' જવાબમાં ઈન્દ્રે કહ્યું: 'હે ચક્રવર્તી ! આ શત્રુંજયા નામે નદી છે, અને શત્રુંજયગિરિરાજના આશ્રયથી લોકમાં આ નદી ગંગાથી પણ અધિક ફલ આપનારી છે. આ નદીના દ્રહોનું જો માહાત્મ્ય જુદું જુદું કહેવામાં આવે તો તેનું યથાર્થ વર્ણન કરવામાં ખરેખર બૃહસ્પતિને પણ સો વર્ષ ચાલ્યાં જાય. પૂર્વે ગઈ ચોવીશીમાં કેવલજ્ઞાની નામે પ્રથમ તીર્થંકર થઈ ગયા છે, તેમને સ્નાત્ર મહોત્સવ કરવાને માટે ઈશાનપતિએ ગંગાનદી પ્રગટ કરી હતી. તે વૈતાઢ્ય પર્વતથી માંડીને આ પૃથ્વીની અંદર ગુપ્તરૂપે વહેતી હતી. પછી કેટલાક કાલ બાદ તે નદી શત્રુંજયગિરિની પાસે પ્રગટ થવાથી-આવવાથી તે શત્રુંજયાના નામે પ્રસિદ્ધ થયેલ છે. જેના જલસ્પર્શથી કાંતિ, કીર્ત્તિ, લક્ષ્મી, બુદ્ધિ ધૃતિ, પુષ્ટિ તેમજ સમાધિ પ્રાપ્ત થાય છે, અને સિદ્ધિઓ વશ થાય છે. હંસ, સારસ અને

ચક્રવાક વગેરે જે પક્ષીઓ તેનાં જલનો સ્પર્શ કરે છે, તે પક્ષીઓને પણ પાપના મળ સ્પર્શ કરતા નથી. તે નદીના જલમાં ઉત્પન્ન થયેલી કમલિનીઓ 'અમારું ઉર્ધ્વગમન થશે અને તમારું અધઃપતન થશે' એમ વિકસ્વર પોતાના કમલરૂપ મુખદ્વારા સ્વર્ગગંગામાં રહેલી કમલિની અપ્સરાઓને જાણે કહેતી હોય તેમ હસે છે. આ સરિતાની મૃત્તિકા વિલેપન કરવાથી અંગના મોટા રોગોને હણે છે, અને કાદંબ જાતની ઔષધિ સાથે અગ્નિમાં ધમવાથી તે માટી સુવર્ણરૂપ થઈ જાય છે. તે આ પવિત્ર નદીના તીરનાં વૃક્ષોનાં ફળનો જે સ્વાદ લે છે, અને છ માસ સુધી આ નદીનું જેઓ જલ પીએ છે, તે લોકો વાત, પિત્ત અને કુષ્ટાદિક રોગોનો ક્રીડામાત્રમાં નાશ કરી પોતાનું શરીર તપેલા સુવર્ણ જેવું કાંતિયુક્ત કરે છે. જેના જળમાં સ્નાન કરવાથી શરીર(આત્મા)માંથી પાપ પણ ચાલ્યાં જાય, તો ઔષધથી સાધ્ય એવા વાત-પિત્તાદિકની તો શી વાત કરવી ? સ્પર્શમાત્રથી સર્વપાપને હરનારી આ શત્રુંજયા નદી પ્રાણીઓને સર્વ તીર્થના ફળની પ્રાપ્તિ કરાવવામાં સમર્થ બાંહેધરીરૂપ છે. (શ્રી શત્રુંજય માહાત્મ્ય ગુજરાતી ભાષાંતર પૃષ્ઠ ૧૩૮માંથી સાભાર ઉદ્ધૃત)

સમાપ્ત








BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106